# જોડાક્ષર વિચાર



મુનિશ્રી હિતવિજયજી

અર્હં નમ :

આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-રવિચન્દ્રસૂરિસદ્ગુરુભ્યો નમઃ

જૈનં જયતિ શાસનમ્

# જોડાક્ષર વિચાર

શાળા – મહાશાળા, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અધ્યયન - અધ્યાપનમાં
અત્યંત ઉપયોગી અવશ્ય વસાવવા યોગ્ય પહેલ-વહેલું પ્રકાશન


: લેખક :

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ
સ્વ૦ પ.પૂ.આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના
પટ્ટપ્રભાવક સમાધિનિષ્ઠ નીડર વક્તા સ્વ. પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**



: પ્રકાશક :

**સ્વ૦ મૂળીબહેન અંબાલાલ રતનચંદ ખંભાતવાળા**

C/O., બી.એ. શાહ ઍન્ડ બ્રધર્સ

૭૬, ઝવેરી બજાર,

મુંબઈ - ૪૦૦ ૦૦૨

JODAKSHAR VICHAR

By Pujya Muni Shree Hitvijayaji


પ્રથમ આવૃત્તિ

નકલ ૩,૦૦૦

મૂલ્ય રૂ. ૧૨૫

વીર સંવત ૨૫૧૯, વિક્રમ સંવત ૨૦૪૯, ઈ. સ. ૧૯૯૩



સર્વ હક્ક સ્વાધીન

આ પુસ્તકના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે. તેમની લેખિત પરવાનગી સિવાય આ પુસ્તકની કોઈ પણ બાબતનો પ્રસિદ્ધિ માટે ઉપયોગ કરવો નહિ.

© લેખક, ૧૯૯૩



મુખ્ય પ્રાપ્તિસ્થાન

- **વોરા બ્રધર્સ,** ૩૬૨, હાજા પટેલની પોળનું નાકું, વીરભદ્ર હનુમાનવાળા મેડા ઉપર, ટંકશાળ પાસે, કાળુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ટે.નં. ૪૯૦૭૪૮ (ઘર)
- **નવજીવન પ્રકાશન મંદિર,** પો. નવજીવન, અમદાવાદ-૧૪, ટે.નં. ૪૪૭૬૩૫
- **રોહિતકુમાર ગોપાલકૃષ્ણ મોદી,** ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી, ૧૯૬-બી, ગીરગામ, ગાયવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪, ટે.નં ૩૫૪૩૩૨, ૩૮૬ ૩૪૦૫



**(અન્ય પ્રાપ્તિસ્થાનો માટે જુઓ પા. ૧૯૩)**



મુદ્રક

જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# સાદર સમર્પણ

જે પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુભગવંતોના પ્રભાવે આ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું છે અને જેમના પ્રતાપે આ સંયોજના કરવા સમર્થ બન્યો છું એ ગુરુભગવંતોના કરકમળમાં જ આ કૃતિ અર્પણ કરી કૃતજ્ઞભાવ વ્યક્ત કરવા સિવાય હું વિશેષ કાંઈ જ કરી રહ્યો નથી.



પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાળ ગચ્છાધિપતિ

**સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ બાદ આપશ્રીનો વાત્સલ્યભાવ અવિરત મળતો રહ્યો, એની સ્મૃતિ અવિસ્મરણીય છે. આપશ્રીના પ્રતાપે જ શ્રી જિનાજ્ઞાપાલનની દૃઢતાને પામી શક્યો છું. સ્વચ્છંદતાની આંધીમાં પણ સુદેવ-સુગુરુની આજ્ઞાને અધીન રહેવાનું સામર્થ્ય પામી શક્યો છું. આપશ્રીના એ ઉપકારનો બદલો કોટિ ઉપાયે પણ વાળી શકાય તેમ નથી.

**–શિષ્યાણુ હિતવિજય**



જેઓશ્રી ગુજરાતી ભાષાના સરળ અને સચોટ પ્રવચનકાર હતા, વર્ષોનાં વર્ષોથી જેમની પ્રવચનકળા અદ્વિતીય રહી હતી, એ પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાળગચ્છાધિપતિ, સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા આ મહાપુરુષના પ્રભાવક પટ્ટધરરત્ન મારા પરમોપકારી ગુરુદેવ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજનો જ એ પ્રભાવ છે કે આ 'જોડાક્ષર વિચાર' પુસ્તકનું સુયોગ્ય રીતે સંયોજન કરવા હું શક્તિસંપન્ન બન્યો છું.





પરમોપકારી વિદ્વદ્વર્ય સ્વ. પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

પૂ. ગુરુદેવશ્રી, આપના જીવન-કવનમાં રવિ જેવું તેજ અને ચન્દ્ર જેવું શીતલત્વ હતું. ખરેખર આપ સાચા અર્થમાં રવિચન્દ્રસૂરીશ્વરજી હતા. આપે સંસારની ગિરિગર્તામાં આથડતા મારા જેવા ઘણાને હસ્તાવલંબન આપીને સંયમપંથના ગિરિશિખરે ચડાવ્યા. આપશ્રીનો એ ઉપકાર અવિસ્મરણીય છે. ઉપકારના એ ઋણભારથી કાંઈક મુક્ત બનવા આ કલ્યાણકારી કૃતિના પ્રકાશન પ્રસંગે થતી ઉપકારસ્મૃતિ મારા જીવનને ધન્ય બનાવનારી છે.



પરમોપકારી, વિદ્વદ્વર્ય, સ્વ. પ.પૂ.

**પંન્યાસપ્રવર શ્રી કાન્તિવિજયજી ગણિવર**

મારાં ધાર્મિક સૂત્રોનાં અને ગુજરાતી ભાષાનાં વિશુદ્ધ ઉચ્ચારણોના વિષયમાં આપશ્રીનો ઉપકાર હું કદી પણ વીસરી શકું તેમ નથી. સંયમજીવનની સુંદર તાલીમ પણ આપશ્રીની કૃપાથી જ પામી શક્યો છું. આપશ્રીએ મારા જીવનને ધન્ય બનાવ્યું છે.

### સ્વ. પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક જિનશાસનના સફળ સુકાની
### સુવિશાળગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
## અણનમ-યશસ્વી-તેજસ્વી જીવનની
## એક આછેરી ઝલક
### લેખક: વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ભારતવર્ષનો ઈતિહાસ બોલે છે કે આ દેશમાં ભૂતકાળમાં એવા અનેક સંત પુરુષો થઈ ગયા છે કે જેઓ સત્ય અને સિદ્ધાંતની સામે ઊભા થયેલા અનેક ઝંઝાવાતોની સામે પહાડની જેમ અણનમ રહ્યા હોય ! આપણા સદ્ભાગ્યે વર્તમાનમાં પણ એવી કોઈ કોઈ વિરલ વિભૂતિનાં દર્શન આપણને થાય છે. એમાંની હજી હમણાં જ વિદાય થયેલી એક વિભૂતિ છે—પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, કે જેઓ સકલાગમરહસ્યવેદી પરમગીતાર્થ સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર હતા.

લોખંડી મનોબળ ધરાવતા એ મહાપુરુષ જે અનેકાનેક વિરલ વિશેષતાઓ ધરાવતા હતા, એમાંની એક નજરે ચડી આવે એવી વિશેષતા હતી —તેઓશ્રીની સત્યના પક્ષે પહાડ જેવી અડગતા. તેઓશ્રીના જીવનમાં ડગલે ને પગલે અનેક ઝંઝાવાતો જાગ્યા, પરન્તુ એ બધા ઝંઝાવાતો વચ્ચે આગમના અભય કવચને વરેલા એ મહાપુરુષ જીવનના અંત સુધી જે રીતે અડગ-અણનમ-અડોલ રહ્યા, તેનાથી વર્તમાનયુગના જૈન ઈતિહાસમાં કેટલાંય પ્રભાવશાળી પૃષ્ઠો ઉમેરાયાં. વાયુની ગતિ સાથે સહજમાં આમતેમ ડોલાયમાન થઈ જવાની તાસીર ધરાવતા આ યુગમાં આવી અડોલતાનું દર્શન અહોભાવ જગાડ્યા વિના રહેતું નથી.

વિક્રમની ૧૯૫૨ની સાલમાં જન્મેલા એ મહાપુરુષે ૧૭ વર્ષની યુવાન વયે વિ.સં.૧૯૬૯માં સંયમજીવન સ્વીકાર્યું. નવ દાયકાનું દીર્ઘ જીવન ધરાવતા એ મહાપુરુષના શાસનસમર્પિત સિદ્ધાંતનિષ્ઠ ધન્યતમ જીવનનું એક વિહંગાવલોકન કરી લઈએ. વિ.સં. ૧૯૫૨થી ૨૦૪૭ સુધીના ૯૬ વર્ષના સમયસાગરના કિનારે ઊભા રહીને પૂજ્યશ્રીનાં જીવન અને કવનને નિહાળવાનો પ્રયાસ કરીશું તો તેઓશ્રીના જીવનને એક દીવાદાંડી સાથે સરખાવ્યા સિવાય રહી શકાશે નહિ. સ્વયં જ્યોતિ સ્વરૂપ રહીને જગતમાં અજવાળાં પાથરવાનું બેવડું પુણ્યકાર્ય એ મહાપુરુષ જે રીતે કરતા રહ્યા તે જોતાં સાગરની દીવાદાંડી કરતાં એ દીવાદાંડીની ઉપયોગિતા ને ઉપકારકતા અનેક ગણી વધુ જણાયા વિના નહિ રહે.

સત્તર વર્ષની ઊગતી યુવાનવયે એ મહાપુરુષે સંયમજીવનનો સ્વીકાર કર્યો અને ગુરુકૃપાથી બીજા જ વર્ષે વ્યાખ્યાનની પાટ સંભાળવાની જવાબદારી તેમના શિરે આવી. સમકિતની ગુજરાતી સજ્ઝાયનો આધાર લઈને તેઓશ્રીએ શરૂ કરેલી પ્રવચનધારા અપૂર્વ ગુરુકૃપાથી અલ્પ સમયમાં જ શ્રોતાઓમાં અદ્‌ભુત આકર્ષણ જમાવનારી બની ગઈ. વ્યાખ્યાનની પાટે બેઠા પછી તેઓશ્રીની વાણીનો પ્રવાહ એવો વેગ ધારણ કરતો કે તેનાથી ભલભલા પાષાણહૃદય શ્રોતાઓનાં હૈયાં પણ હચમચી જતાં. તેમને સાક્ષાત્ સરસ્વતીનું વરદાન મળ્યું હોય એવો તે વખતે આભાસ થતો. જે વિષય ઉપર તેઓશ્રી બોલે તે વિષયનો ઉપદેશ શ્રોતાઓનાં હૈયામાં આરપાર ઊતરી જાય એવી અસરકારક અને હૃદયસ્પર્શી તેમની વાણીના પ્રભાવે હજારો લોકો વ્યસનોના ત્યાગી બનવા લાગ્યા અને અમદાવાદની નામાંકિત હોટેલોના વકરામાં ધરખમ ઓટ આવી ગઈ. દુનિયાના મોજશોખ અને રંગરાગમાં રંગાયેલા અનેક આત્માઓ સંયમના માર્ગે વળવા લાગ્યા. એક તરફ આમ બની રહ્યું હતું તો બીજી તરફ તેઓશ્રીની વૈરાગ્યમય વાણીથી અકળાઈ ઊઠેલો અમુક સંસારરસિક વર્ગ તેઓશ્રીનો પ્રબળ વિરોધી બની રહ્યો હતો. તેઓશ્રીની સન્માર્ગદેશના સામે અવરોધો ઊભા કરી તેમને હંફાવવા માટે તે વર્ગ અનેક ઉપાયો યોજવા લાગ્યો. મિથ્યા આરોપો ઊભા કરી તેમને અદાલતમાં ખેંચી જવા સુધીના પ્રયત્નો પણ તે વર્ગે કર્યા. તેમના એવા પ્રયત્નોના કારણે મુંબઈ, અમદાવાદ, ખંભાત વગેરે સ્થળે પૂજ્યશ્રીને અદાલતના આંગણે અનેક વખત જવું પડ્યું. પરન્તુ તે દરેક પ્રસંગે તેઓશ્રી પોતાની સત્યનિષ્ઠાના પ્રભાવે સાધુતાની શાન વધારીને અને નિર્દોષ પુરવાર થઈને જ બહાર આવ્યા.

ગુજરાતી ભાષાના સમર્થ પ્રવચનકાર તરીકે ખૂબ જ નાની ઉંમરથી જગમશહૂર બનેલા એવા એમના પુણ્યનો પ્રભાવ ખૂબ જ વિશિષ્ટ હતો. એથી 'રામ ત્યાં અયોધ્યા'ની કહેવત ચરિતાર્થ કરતાં એમનાં પગલાં જંગલમાં પડતાં તોય ત્યાં મંગલ સર્જાઈ જતું. ડૉ. રાજેન્દ્રપ્રસાદ, શ્રી જવાહરલાલ નહેરુ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વગેરે પ્રસિદ્ધ રાજકીય નેતાઓ એમની આગવી પ્રતિભાથી પ્રભાવિત થયા હતા. એ ઈતિહાસ ઘણો રોમાંચક છે. વિચારોમાં મતભેદ હોવા છતાં ગાંધીજી પણ એમનાથી પ્રભાવિત થયા હતા. આ ભૂતકાલીન ઈતિહાસથી આજના ઘણા લોકો અપરિચિત છે.

જૈન સંઘોને તો આચાર્યશ્રીએ ઘણું ઘણું આપ્યું જ હતું. સાથોસાથ અજૈનોને આપવામાં પણ તેઓશ્રી એટલા જ ઉદાર રહ્યા હતા. 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' આ પ્રવચનમાળા એમની અનોખી ભેટ ગણી શકાય. અમદાવાદમાં

ભદ્રકાળી માતાના મંદિરે થતા બોકડાના વધની બંધી અને ત્યાં 'અહિંસા પરમો ધર્મ:'ની સ્થાપના તથા અનેક રાજ્યો, નગરો અને ગામોમાં જાહેર પ્રવચનો: આ બધું સર્વજનોપકારી તેઓશ્રીનું પ્રદાન મૂલ્યાતીત છે. જૈનોનું પણ એક રોમાંચક રામાયણ છે, એની જે જાણ જગતને અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં વિ. સં. ૨૦૦૭ની સાલમાં થયેલાં એમનાં રવિવારીય જાહેર પ્રવચનો અને એ પ્રવચનોનાં વિસ્તૃત સાર-સંકલનોને સોમવારે જ પ્રકાશિત કરનારાં તે વખતનાં અમદાવાદનાં 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' જેવાં દૈનિકો દ્વારા થવા પામી, એની સુવાસ આજે પણ એટલી જ તાજી છે.

પૂ. આચાર્યદેવશ્રીનાં પ્રવચનોમાં આગમનો અર્ક તો નિચોવાયેલો જોવા મળતો જ, તદુપરાંત સંસ્કૃતિ અને ક્યારેક રાજકીય વાતાવરણ અંગે પણ માર્ગદર્શક પરિપક્વ વિચારો સાંભળવા મળતા. રાજકારણથી તદ્દન અલિપ્ત રહેવા છતાં પ્રસંગ આવ્યે રાજ્યકર્તાઓને કે રાજકીય નેતાઓને, તેમની શેહમાં જરાય તણાયા વિના, સાચી અને સ્પષ્ટ વાતો તેઓશ્રી જણાવ્યા વિના રહેતા નહીં. પોતાના દિલ્હીના ચાતુર્માસ વખતે તેઓશ્રીએ તે સમયના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને વડા-પ્રધાન શ્રી નહેરુ સાથેની વાતચીતમાં દેશની તત્કાલીન બગડતી પરિસ્થિતિની હકીકતો તરફ ધ્યાન દોર્યું હતું અને તે બંને નેતાઓએ મુક્ત મને તેઓશ્રીની સાથે તત્કાલીન પ્રશ્નો અંગે ચર્ચાવિચારણા કરી હતી.

પૂ. આચાર્યદેવશ્રી ઉપર પૂ. ગુરુદેવોની અજોડ કૃપાદૃષ્ટિ અને અપૂર્વ વાત્સલ્યધારા વરસતી હતી. જેવી તેઓશ્રીની પ્રતિભા હતી, એવી જ તેઓશ્રીની પુણ્યાઈ પણ હતી. એ પ્રતિભા અને પુણ્યાઈ પરસ્પર સ્પર્ધા કરતી જણાતી. અંગત જીવનની નાની-મોટી બાબતો અંગે સઘળું જતું કરવા માટે તેઓશ્રી જેટલા ઉદાર હતા તેટલા જ સિદ્ધાંતના પ્રશ્ને સહેજ પણ નમતું નહિ જોખવામાં અડગ હતા. ૭૯ વર્ષના સંયમપર્યાય અને ૫૬ વર્ષના સૂરિપદપર્યાયને ધરાવતા આ મહાપુરુષે ૯૬ વર્ષની વૃદ્ધવય સુધી પણ સંઘ-સમાજમાં જાગેલા નાનામોટા અનેક પ્રશ્નો પરત્વે શાસ્ત્રાનુસારી સ્પષ્ટ માર્ગદર્શન આપવાનું ઉત્તરદાયિત્વ અપ્રમત્તપણે અદા કર્યું હતું. તેઓશ્રીનાં મંતવ્યો ભાવિપ્રજા માટે દસ્તાવેજી પુરાવા બનવાની ક્ષમતા ધરાવે છે.

જૈનસંઘોમાં ગામડે ગામડે અને ઘરે ઘરે તેમજ અજૈન જગતમાં પણ 'રામવિજયજી'ના હુલામણા નામથી પ્રસિદ્ધિને પામેલા, શતાધિક શિષ્યોનું ગુરુત્વ અને હજાર જેટલાં સાધુ-સાધ્વીજીઓનું નેતૃત્વ શોભાવનારા, જિનશાસનના શણગાર સ્વ.પ. પૂ. આચાર્યદેવનાં ચરણોમાં કોટિ કોટિ વંદન!

# પ્રકાશકીય

વર્તમાનમાં ઘણા લોકો એમ બોલતા-માનતા થઈ ગયા છે કે આપણે જે કાંઈ લખીએ-બોલીએ તે સામાને સમજાઈ જાય એટલું જ બસ છે. એમાં વળી હ્રસ્વ-દીર્ઘનો કે અક્ષર-જોડાક્ષરનો વિચાર કરવાની અને વ્યાકરણના અટપટા નિયમોનાં ચૂંથણાં ચૂંથવાની શી જરૂર છે? થોડોઘણો ભેદ લખવામાં જણાય છે, પણ બોલવામાં તો હ્રસ્વ-દીર્ઘ આદિનો ખાસ કોઈ ભેદ કળાતો નથી. આમ કહીને લખવામાંય આવી ભેદરેખા પ્રત્યે અરુચિ દર્શાવતો વર્ગ વધી રહ્યો છે, ત્યારે આ જાતનું પ્રકાશન જોઈને ઘણાને નવાઈ લાગે અથવા તો નિરર્થક શાબ્દિક ચૂંથણાં જેવો આ પ્રયત્ન લાગે એ સ્વાભાવિક છે. પરન્તુ આપણા શાસ્ત્રકારોએ વ્યાકરણનું જે મહત્ત્વ દર્શાવ્યું છે અને એનાથી મળતાં ફળનો જે મહિમા ગાયો છે એનો ખ્યાલ કરવામાં આવે તો ચોક્કસપણે એમ લાગ્યા વિના રહે નહિ કે કાંઈ પણ લખવા-બોલવામાં ડગલે ને પગલે વ્યાકરણના નિયમોનો ઉપયોગ કર્યા વિના ચાલે જ નહિ.

**व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति।**
**अर्थात् तत्त्वज्ञानं, तत्त्वज्ञानात् परं श्रेयः॥**

વ્યાકરણનો મહિમા બતાવતા આ સંસ્કૃત સુભાષિતનો ભાવાર્થ એવો છે કે વ્યાકરણથી પદની સિદ્ધિ થાય છે, પદની સિદ્ધિ દ્વારા અર્થનો નિર્ણય કરી શકાય છે, અર્થના નિર્ણય દ્વારા તત્ત્વનો નિશ્ચય કરી શકાય છે અને તત્ત્વના નિશ્ચયથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે.

શાસ્ત્રકારો આ રીતે વ્યાકરણનો સંબંધ છેક મોક્ષપ્રાપ્તિ સાથે જોડી આપે છે. આ જાણ્યા પછી વ્યાકરણનું મહત્ત્વ આપોઆપ સમજાઈ ગયા વિના રહેશે નહિ. પછી વ્યાકરણના એક મહત્ત્વના અંગભૂત જોડાક્ષરોના વિષયમાં વિચાર કરવાની અને એને અંગે કાંઈક જાણવા-સમજવાની ઇચ્છા પેદા થયા વિના પણ નહિ જ રહે.

આવી જિજ્ઞાસાનું જાગરણ થાય અને જાગ્રત જિજ્ઞાસાની તૃપ્તિ થાય, એ તૃપ્તિ દ્વારા તત્ત્વની અને છેવટે મોક્ષની પ્રાપ્તિ થાય એ જ આ **'જોડાક્ષરવિચાર'** પુસ્તકના પ્રકાશન પાછળનું ધ્યેય છે.

જોડાક્ષરના વિષયમાં આવી વિશદ છણાવટ કરતાં આવાં પુસ્તકો જૈન અને અજૈન જગતમાં ઘણાં ઓછાં છે.

આ પુસ્તકના પ્રકાશન પાછળ પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજે ઉઠાવેલો પરિશ્રમ, લીધેલી કાળજી વગેરેનો ખ્યાલ આ પુસ્તકનું સૂક્ષ્મ અવલોકન કરનારને

તો આવવાનો જ છે; પરન્તુ વિહંગાવલોકન કરનારને પણ આવ્યા વિના રહેવાનો નથી. આ ખ્યાલને વધુ સુદઢ કરવા વિદ્વાનોએ આ ગ્રન્થને આવકારતાં જે હર્ષવચનો વ્યક્ત કર્યાં છે, એનું વાચન પણ ઠીક ઠીક ઉપયોગી થઈ પડશે.

આ પુસ્તક સંબંધી સર્વ કાર્યોમાં નિ:સ્વાર્થભાવે સૌથી મોટો ફાળો વડોદરા નિવાસી વિદ્વદ્વર્ય ડૉ. અરુણોદય ન. જાનીનો છે, તેની અમે સવિશેષ હર્ષ સાથે નોંધ લઈએ છીએ.

તદુપરાંત કોઈ પણ જાતના બદલાથી નિરપેક્ષ રહીને, માત્ર સેવા અને સમ્યગ્જ્ઞાન પ્રસારની ભાવનાથી પ્રેરાઈને આ પુસ્તકના પ્રકાશન, પ્રચાર, વિતરણ આદિ અનેકવિધ કાર્યોમાં શ્રી ગોપાલકૃષ્ણ મોદી, પ્રા. રતિલાલ સાં. નાયક, પ્રિ. નટવરલાલ યાજ્ઞિક, શ્રી રતિલાલ બોરીસાગર વગેરે વિદ્વાનો, શ્રી નિમિષ મ. કાપડિયા તથા શ્રી આશિષ સુબોધભાઈ શાહ વગેરે યુવાનો, વોરા બ્રધર્સવાળા શ્રી જયસુખભાઈ, શ્રી જશુભાઈ અને શ્રી મીનેશભાઈ તથા અન્ય સેવાભાવી સજ્જનો તરફથી પ્રાપ્ત થયેલા સહકારની કૃતજ્ઞભાવે નોંધ લેતાં અમે ખૂબ હર્ષ અનુભવીએ છીએ.

સુવિશુદ્ધ અને સુંદર છાપકામ માટે સુપ્રસિદ્ધ નવજીવન મુદ્રણાલયના મૅનેજિંગ ડિરેક્ટર વિદ્વદ્વર્ય શ્રી જિતેન્દ્ર દેસાઈ તથા પ્રેસસ્ટાફના પણ અમે આભારી છીએ, જેમણે મુદ્રણકાર્યમાં અંગત રસ લઈને 'જોડાક્ષર-વિચાર'ને સુવિશુદ્ધ અને સુંદર બનાવવામાં સમય-શક્તિનો ઘણો મોટો ભોગ આપ્યો છે.

શ્રી જિતેન્દ્ર દેસાઈની ભલામણથી શ્રી મયૂરભાઈ શાહ, શ્રી રમેશભાઈ પટેલ, આર્ટિસ્ટ શ્રી દિલીપભાઈ પઢિયાર તથા શ્રી દીપકભાઈ ઠાકરે આ પુસ્તકને વિશુદ્ધતમ અને સુંદર બનાવવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે, તેની નોંધ લેતાં પણ અમે હર્ષ અનુભવીએ છીએ.

જોડાક્ષર વિષયક આ અજોડ પ્રકાશન મુમુક્ષુઓનાં કરકમળમાં મૂકતાં આજે અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

— પ્રકાશક

ગુજરાતીભાષા અંગે પાયાનું જ્ઞાન આપતા અને પહેલવહેલા જ પ્રકાશિત થતા, જૈનમુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબ દ્વારા લખાયેલા 'જોડાક્ષર-વિચાર' નામના અમૂલ્ય પુસ્તકના મુદ્રણમાં માધ્યમ બનવા બદલ નવજીવન મુદ્રણાલય ગૌરવ અનુભવે છે.

જિતેન્દ્ર દેસાઈ
નવજીવન મુદ્રણાલય

# લેખકનું મનોગત

આ ચરાચર જગતની તમામ વસ્તુઓ સતત પરિવર્તનશીલ છે. અનેક મુખો દ્વારા ઉચ્ચારાતી ભાષા એમાંથી બાકાત કેમ રહી શકે? ભાષા પણ સતત પરિવર્તનશીલ છે, લખવા-બોલવામાં થતી ભૂલ, તેમ જ દેશના જુદા જુદા ભાગમાં વસતા લોકોની ઉચ્ચારણની જુદી જુદી ઢબ વગેરે તેનાં કારણો છે. તેમાં લિપિ એ ઉચ્ચારણની ભૂલને રોકવામાં અને સુધારવામાં સહાયક બનનારું તત્ત્વ છે, કારણ કે લિખિત સ્વરૂપમાં ભાષાની શુદ્ધિનો આગ્રહ સવિશેષ રાખવામાં આવે છે. આ રીતે લિપિ એ પરિવર્તનને રોકનારું પ્રબળ કારણ બને છે. આમ છતાં લિપિ પણ ક્યારેક ભાષાપરિવર્તનનું પ્રેરક બળ બની જાય છે.

લિપિ એટલે ભાષાનાં ઉચ્ચારણોને લિખિત સ્વરૂપમાં બતાવનારા સંકેતોની કાલ્પનિક રચના. લિખિત ધ્વનિસંકેતોની દૃષ્ટિએ આપણી દેવનાગરી લિપિ જગતની શ્રેષ્ઠ લિપિ છે. જગતમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, મરાઠી વગેરે અનેક ભાષાઓ આ દેવનાગરી લિપિમાં જ લખાય છે.

લિપિના સર્વ સંકેતો પરસ્પર ભિન્ન સ્વરૂપવાળા ન હોય કે જોડાક્ષરોના જોડાણ આદિની વ્યવસ્થા સુસ્પષ્ટ ન હોય અથવા અક્ષરોના મરોડોનો અને જોડાણનો અભ્યાસ સારી રીતે કરવામાં આવ્યો ન હોય ત્યારે વાચનમાં ગોટાળા થાય છે; દા૦ત૦, **'ઘ'** અને **'ધ'** જેવા અક્ષરો તેમ જ **'દ્ય'** જેવા અને જેની આદિમાં **'ક'** હોય એવા જોડાક્ષરો; જેમ કે, **'વિદ્યાર્થી'**નું **'વિધ્યાર્થી'** અને **'ભક્તિ'**નું **'ભકિત'** વગેરે.

ઉચ્ચારણમાં ગોટાળો થાય એવી લિપિવ્યવસ્થા અને મહદંશે પોતાની અજ્ઞાનદશાના કારણે ભાષક જ્યારે વાંચવામાં ગોટાળો કરે છે ત્યારે તે શબ્દનું ખોટું અર્થાત્ બદલાયેલું ઉચ્ચારણ ભાષામાં પ્રવેશે છે અને એની પાસેથી સાંભળીને શીખનારા બીજા ભાષકો એ ખોટા ઉચ્ચારણને અપનાવી લઈને એને પ્રચલિત બનાવી દે છે. પરિણામે ભાષાપરિવર્તન ઉદ્ભવે છે; દા૦ત૦, **'મેધા'**નું **'મેઘા'** અને **'દૃષ્ટિ'**નું **'દ્રષ્ટિ'** વગેરે.

લિપિના મહત્ત્વના અંગભૂત જોડાક્ષરોના વિષયમાં સંસારત્યાગી અને આત્મહિતૈષી જિજ્ઞાસુઓને તેમ જ શ્રી જિનાગમ લખનારા લહિયાઓને કાંઈક જાણવા-સમજવા મળે, તેઓ જોડાક્ષરોને સાચી રીતે ઓળખી શકે, સાચી રીતે લખી શકે અને સાચી રીતે બોલી શકે તે માટે મેં મારી અતિ અલ્પ સમજ મુજબ, મને મારી ક્ષતિઓ તેમ જ કાંઈક નવું જાણવા મળે એવા શુભાશયથી જોડાક્ષરોના વિષયમાં પ્રકાશ પાડવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

જોડાક્ષરોના વિષયમાં પૂર્વે પ્રગટ થયેલું કોઈ પુસ્તક મળી આવે તો આ વિષયની રજૂઆત નિર્દોષપણે વધુ સારી રીતે થઈ શકે એવી ભાવનાથી એવું પુસ્તક કે અન્ય સાહિત્ય મેળવવા માટે કરેલા પ્રયત્નો સફળ થયા નથી. નિરાધારપણે જ મારે આ વિષયની રજૂઆત કરવી પડી છે. આમ છતાં મુખ્યતયા દેવગુરુની કૃપાથી તેમ જ સંસ્કૃત વ્યાકરણના આધારે કરેલા ચિંતનથી અને વિદ્વાનોના સાથસહકારથી આવા ગહન વિષયની પણ સરળ શૈલીમાં યોગ્ય રીતે રજૂઆત કરવાનો જે પ્રયત્ન કરી શકાયો છે એનો આનંદ છે.

જોડાક્ષરોના વિષયમાં લગભગ ત્રણ વર્ષ પર્યંત કરેલા સખત પરિશ્રમના ફળસ્વરૂપે આ રજૂઆત થવા પામી છે. અત્યન્ત આદરસહિત મારે કહેવું જોઈએ કે મારા આ કાર્યમાં મને પ.પૂ. પરમશાસનપ્રભાવક ગચ્છાધિપતિ દાદાગુરુદેવ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની કૃપા ઉપરાંત અનેક વિદ્વાન મુનિવરોનો અને અનેક સુપ્રસિદ્ધ વિદ્વાનોનો નિઃસ્વાર્થભાવે ખૂબ જ સુંદર સહકાર સાંપડ્યો છે. તેમાંના મોટા ભાગના વિદ્વાનોનાં નામ આ પુસ્તકની ટિપ્પણીમાં તેમનાં મૂલ્યવાન મંતવ્યો સાથે અપાયાં છે અને બાકીનાં નામો પણ અન્યત્ર પ્રગટ કર્યાં છે.

નાદુરસ્ત તબિયત છતાંય વડોદરાનિવાસી વિદ્વદ્‌શિરોમણિ **ડૉ. અરુણોદય ન. જાની** તરફથી જરાય થાક્યા, કંટાળ્યા કે સ્વાર્થમાં લપટાયા વિના વખતોવખત મને અપાયેલાં માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહકાર મારા સ્મૃતિપટમાં જીવનપર્યંત અંકાયેલાં રહેશે.

સાહિત્યક્ષેત્રે ખ્યાતનામ વિદ્વદ્વર્ય પ્રા. રતિલાલ સાં. નાયક તથા વિદ્વદ્વર્ય શ્રી ગોપાલકૃષ્ણ મોદી, પ્રા. જયંત ન. રાવળ, શ્રી રસિકલાલ અ. શાહ પણ નિઃસ્વાર્થભાવે મારા આ કાર્યમાં મને અનેક રીતે સહાયક બન્યા છે.

જોડાક્ષરોને સાચી અને સારી રીતે સમજાવવામાં આવે, તેનાં વિશુદ્ધ ઉચ્ચારણો શીખવવામાં આવે તેમ જ સુલેખન દ્વારા એમાં જોડાયેલા અક્ષરો, એનો ક્રમ અને એના મરોડ વગેરે સમજાવવામાં આવે તો હમણાં હમણાં જોડાક્ષરો લખવા-બોલવાના વિષયમાં જે અશુદ્ધપણાની છાપ વરતાય છે તે દૂર થાય, ધાર્મિકસૂત્રાદિનાં ઉચ્ચારણો શુદ્ધ થાય તેમ જ આપણી માતૃભાષા પણ શુદ્ધ રીતે લખાતી-બોલાતી થાય. '**વિદ્યાર્થી**'ના સ્થાને '**વિધ્યાર્થી**', '**ઉદ્યોગ**'ના સ્થાને '**ઉધ્યોગ**' અને '**દ્વાર**'ના સ્થાને '**ધ્વાર**' લખવા-બોલવા જેવી ગરબડ ન થાય.

સાદી અને સરળ ભાષા સ્વભાવગત હોવાથી મેં મારા લખાણમાં શબ્દોનો આડંબર જરાસરખો પણ કર્યો નથી. સામાન્ય બુદ્ધિવાળાને અર્થ સમજવામાં

મુશ્કેલી પડે એવા ભારેખમ અને અપ્રચલિત શબ્દોનો પ્રયોગ કરવાનું લગભગ ટાળ્યું જ છે. મેં ભાષાને એવી સરળ રાખવાનો પ્રયત્ન કર્યો છે કે એક અતિ-સામાન્ય જ્ઞાન ધરાવનાર માણસને પણ વાંચતાંની સાથે જ કહેવાનો ભાવ સમજાઈ જાય. સંયુક્તાક્ષર અને જોડાક્ષર આ બે શબ્દોમાંથી સામાન્યજન સમજી શકે એવો જોડાક્ષર શબ્દ જ પસંદ કર્યો છે અને આખાય પુસ્તકમાં સર્વત્ર એનો જ પ્રયોગ કર્યો છે.

આ પુસ્તકમાં ગુજરાતી લિપિના જોડાક્ષરોને જ મુખ્યત્વે નજર સમક્ષ રાખીને ચર્ચાવિચારણા કરવામાં આવેલી છે. વિષયની સુસ્પષ્ટતાને ખાતર ક્વચિત્ થયેલી પુનરુક્તિ ક્ષમ્ય ગણવી જ રહી.

ગુજરાતીમાં પ્રચલિત બનેલા અંગ્રેજી શબ્દો ક્યાંક ક્યાંક ઉદાહરણરૂપે આપ્યા છે.

સામાન્યતયા તો બાળકો માટેનાં પ્રાથમિક પુસ્તકોમાં જ ઘરનો **'ઘ'**, દરવાજાનો **'દ'** વગેરે લખવું યોગ્ય ગણાય. જોડાક્ષરવિષયક આ પુસ્તક બાળકો માટે નથી. છતાંય **'ઘ-ધ'**, **'ઘ-ઘ'**, **'દ-દ'** જેવા વર્ણોમાં ક્યાંય ગેરસમજ ન થાય એવા આશયથી આ લેખમાં ઘરનો **'ઘ'** વગેરે લખવામાં આવ્યું છે, જે વિદ્વદ્વર્ગને અયોગ્ય લાગે, ખૂંચેખટકે તો પણ ક્ષમ્ય ગણવાલાયક છે.

જોડાક્ષરવિષયક આ લખાણ તૈયાર કરતી વખતે ચર્ચાવિચારણા માટે અનેક વિદ્વાનો જોડે પત્રવ્યવહાર થયો હતો. પ્રત્યુત્તર રૂપે પ્રાપ્ત થયેલા પત્રો દ્વારા તેમનાં જે મૂલ્યવાન મંતવ્યો જાણવા મળ્યાં તે બધાં તેમનાં જ નામે આ પુસ્તકમાં ટિપ્પણી રૂપે સામેલ કર્યાં છે.

સુવિધા ખાતર વિષયની રજૂઆત અનેક પ્રકરણો પાડીને કરવામાં આવી છે. પ્રકરણ સંબંધી ટિપ્પણીઓ પાછળ પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે.

અનેક વિદ્વાનોનાં વિદ્વત્તાપૂર્ણ મંતવ્યોથી આ પુસ્તકની ટિપ્પણી અત્યંત મૂલ્યવતી બની છે અને એ મૂલ્યવતી ટિપ્પણીના કારણે આ પુસ્તકનું મહત્ત્વ પણ અનેક ગણું વધી જવા પામ્યું છે.

આ પુસ્તકનું મોટા ભાગનું આખરી લેખનકાર્ય વિ. સં. ૨૦૪૬માં ગોધાવી (સાણંદ) ઉપાશ્રયના શાંત વાતાવરણમાં નિરંતરાયપણે થયું છે અને એ જ સાલના અમદાવાદ મણિનગરના ચાતુર્માસમાં સહવર્તી મુનિશ્રી જિનરક્ષિતવિજયજી તથા મુનિશ્રી જયરક્ષિતવિજયજીની અનેક પ્રકારની સહાયથી સારી રીતે સમાપ્ત થયું છે.

મુદ્રણ માટે તૈયાર કરવામાં આવેલી આ લખાણની છેવટની નકલ પૂ. આચાર્યદેવ શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી, પૂ. આચાર્યદેવશ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી, મુ. શ્રી જયસુંદરવિજયજી, ડૉ. અરુણોદય ન. જાની, ડૉ. ઈશ્વરલાલ ર. દવે,

ડૉ. વસંતભાઈ ગિ. પરીખ, પ્રા. જયંત કોઠારી, પ્રા. રતિલાલ સાં. નાયક, શ્રી ગોપાલકૃષ્ણ મોદી, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી નવલભાઈ લ. જોશી, શ્રી રસિકલાલ અ. શાહ વગેરે વિદ્વાનોએ ઝીણવટથી તપાસીને જે ઉપયોગી સૂચનો કર્યાં છે તેથી આ લેખ અત્યંત શુદ્ધિ-વૃદ્ધિને પામ્યો છે. વિદ્વદ્વર્ય મુનિશ્રી જયસુંદરવિજયજી મારા આ કાર્યમાં મને અનેક રીતે સહાયક બન્યા છે.

આ પુસ્તકનું લખાણ ઘણી કાળજી રાખીને તૈયાર કરવા છતાં છદ્મસ્થપણું (પૂર્ણ જ્ઞાનનો અભાવ), પ્રમાદ આદિ કારણો વિદ્યમાન હોવાથી ક્ષતિઓ ન જ રહે એ કદી બનવાજોગ નથી. તેથી આ પુસ્તકનું વાચન-મનન-અધ્યયન કરતી વખતે જે ઝીણામાં ઝીણી ક્ષતિ સુજ્ઞજનોના જોવા-જાણવામાં આવે એના પ્રત્યે તેઓ મારું ધ્યાન દોરે એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. વિનમ્રભાવે એ ક્ષતિઓનો સત્કાર અને એનું સન્માન કરવા ઉપરાંત આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિમાં હું એનું નિવારણ કરવાની ભાવના રાખું છું.

આ પુસ્તકનું અધ્યયન, કર્મરૂપી પંજરમાં પુરાયેલા સ્વપરના આતમહંસને કર્મપંજર તોડીને મુક્ત બનવામાં ને શાશ્વત સુખના ભોક્તા બનવામાં સહાયક બને એવી સદાની અને એકની એક તીવ્ર ઝંખના પ્રાન્તે પ્રગટ કર્યા વિના મારાથી રહી શકાતું નથી.

વિ.સં. ૨૦૪૮, જ્ઞાનપંચમી
વિજય દાનસૂરિજ્ઞાનમંદિર,
કાળુપુર, અમદાવાદ-૧

સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી
રવિચન્દ્રસૂરીશ્વરશિષ્યાણુ
**હિતવિજય**

કેટલાંક ગુજરાતી બીબાંના અભાવે શિરોરેખાવાળા દેવનાગરી બીબાં ક્યાંક ક્યાંક વાપરવાં પડ્યાં છે. તે દોષને વિદ્વાનો ક્ષમ્ય ગણે.

# શબ્દ-શુદ્ધિથી શિવ-સમૃદ્ધિ

**'अमन्त्रम् अक्षरं नास्ति।'** કોઈ અક્ષર એવો નથી કે જે મન્ત્ર જેવો મહિમા ધરાવતો ન હોય. **અક્ષરમાં રહેલા મન્ત્રત્વને પ્રગટ કરવા માટે અક્ષરનું શુદ્ધ લેખન અને ઉચ્ચારણ આવશ્યક ગણાય છે.** ઉચ્ચારણની શુદ્ધતા શુદ્ધ લેખન પર આધારિત હોવાથી સૌપ્રથમ શુદ્ધ લેખનની ચીવટ જાળવવી જોઈએ. લેખનશુદ્ધિના પ્રતાપે ઉચ્ચારણશુદ્ધિ પણ આત્મસાત્ થઈ જાય.

વ્યાકરણ પ્રત્યે હંમેશાં અરુચિ ધરાવનારા લોકોનો એક વર્ગ કહે છે કે શબ્દનાં આવાં ચૂંથણાં ચૂંથવાનો શો અર્થ છે? આપણે જે બોલીએ એના અર્થનો સામાને ખ્યાલ આવી જાય એટલું જ બસ છે. કેટલાક શબ્દો સામાન્ય રીતે ઉચ્ચારણમાં સમાન જણાતા હોવા છતાં જોડણીભેદે અર્થનો અસામાન્ય ફરક પડી જતો હોય છે; દા૦ત૦, સંસ્કૃત ભાષાનો સાપવાચક **'અહિ'** શબ્દ અને ગુજરાતી ભાષાનો સ્થાનવાચક **'અહીં'** શબ્દ. બંનેમાં ઉચ્ચારણભેદ સામાન્ય છે, પણ અર્થનો ભેદ અસામાન્ય છે. અર્થના આવા અસામાન્ય ભેદનો ખ્યાલ જેને હોય તેના જ ઉચ્ચારણમાં ભેદ પ્રગટ થાય. **'અહિ-અહીં'** જેવા શબ્દો તો ભાષામાં અગણિત છે. તેમાંના થોડાક મહત્ત્વના શબ્દોની સૂચિ નીચે મુજબ તારવી શકાય :

| | |
|---|---|
| અકસ્માત્ = એકાએક | અકસ્માત = અણધાર્યો બનાવ |
| અલિ = ભમરો | અલી = સ્ત્રીસંબોધન |
| અંગુર = નવી ચામડી | અંગૂર = લીલી દ્રાક્ષ |
| આખુ = ઉંદર | આખું = સંપૂર્ણ |
| આહુત = હોમેલું | આહૂત = બોલાવેલું |
| ઉરુ = વિશાળ | ઊરુ = જાંઘ |
| કંસારિ = કૃષ્ણ | કંસારી = એક જીવડું |
| કુચ = સ્તન | કૂચ = લશ્કરનું પ્રયાણ |
| કુજન = ખરાબ માણસ | કૂજન = મધુર ગાન |
| ગુણ = જાતિસ્વભાવ | ગૂણ = કોથળો |
| દિન = દિવસ | દીન = ગરીબ |

આ સૂચિને જેટલી લંબાવવી હોય તેટલી લંબાવી શકાય. પરન્તુ આનો સાર-સંક્ષેપ એ જ છે કે અર્થાન્તર નિપજાવવામાં જોડણીભેદ અગત્યનો ભાગ ભજવે છે.

આ સંદર્ભમાં જોડાક્ષરની વિચારણાના વિષયમાં પાયાનું જ્ઞાન આપતું જે પ્રકાશન લાંબા સમયથી અપેક્ષિત હતું, એની પૂર્તિ મોડી મોડી પણ ખૂબ જ સુંદર રીતે થયાનો સંતોષ લઈ શકાય એવા આ **'જોડાક્ષરવિચાર'**ને વધાવવા સ્વાગતના શબ્દો જડતા નથી. આ વિષયમાં મુનિરાજશ્રી હિતવિજયજીનાં ચિંતન, મનન, લેખનને જૈન જગતમાં પણ એકમેવ અને અદ્વિતીય કહીને બિરદાવ્યા વિના ચાલે એમ નથી.

વ્યાકરણને એટલે કે શબ્દશુદ્ધિને પરંપરાએ શિવ-સમૃદ્ધિનું કારણ જણાવતાં સુભાષિતો સાહિત્યમાં મોજૂદ છે. વ્યાકરણથી પદની સિદ્ધિ, પદની સિદ્ધિથી અર્થનો નિર્ણય, અર્થના નિર્ણયથી તત્ત્વજ્ઞાન અને તત્ત્વજ્ઞાનથી મોક્ષફળ. આમ જોડાક્ષર આદિની વિચારણા પણ અંતે તો વ્યાકરણનું જ એક અંગ હોવાથી આ **'જોડાક્ષર-વિચાર'**ને સૌ કોઈ અંતે તત્ત્વજ્ઞાન દ્વારા મોક્ષપ્રાપ્તિના હેતુભૂત બનાવે એ જ કલ્યાણ કામના.

અમદાવાદ — **આચાર્ય પૂર્ણચન્દ્રસૂરિ**

૧-૭-૧૯૯૨, અષાઢ સુદ ૧

રેખાંકનો : ખોડીદાસ પરમાર



**'લોકસંસ્કૃતિમાં પશુઓ'**
**(લેખક : જોરાવરસિંહ જાદવ)ના સૌજન્યથી**

# એક મહાન કૃતિ

લેખનકળા સૌપ્રથમ ક્યારે અને કોણે પ્રવર્તાવી એ બાબતમાં હાલના વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે, પરન્તુ શ્રી જિનશાસનમાં તો સર્વસમ્મત હકીકત છે કે આ અવસર્પિણીકાળમાં લેખનકળા સૌપ્રથમ રાજા ઋષભદેવે પ્રવર્તાવી હતી.

લેખનકાર્યમાં ઉપયોગી એવી ૧૮ લિપિઓનો ઉલ્લેખ શ્રી જિનાગમોમાં ઠેકઠેકાણે થયેલો જોવા મળે છે. મોટા ભાગના પ્રાચીન જૈન શિલાલેખો બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા મળતા હોવાથી એવું અનુમાન થઈ શકે છે કે ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી પછી પણ જૈનાચાર્યો વગેરે દ્વારા મોટા ભાગનું લેખનકાર્ય બ્રાહ્મી લિપિમાં જ થતું હશે. આમ છતાં જિનાગમો જ્યારે સર્વપ્રથમ પુસ્તકારૂઢ થયા ત્યારે તેનું લેખન બ્રાહ્મી અને દેવનાગરી આ બેમાંથી કઈ લિપિમાં થયું તેને અંગેનો કોઈ સ્પષ્ટ સંકેત જોવા મળ્યો નથી. જૈન જ્ઞાનભંડારોમાંથી ઉપલબ્ધ શાસ્ત્રપ્રતો પણ આજે તો પ્રાય: દેવનાગરી લિપિમાં લખાયેલી જોવા મળે છે. શાસ્ત્રોમાં બીજી અનેક લિપિઓનો ઉલ્લેખ હોવા છતાં કમનસીબે એમાંની એકેયનું ઉદાહરણ સાથે વિવરણ કોઈ પણ ટીકાગ્રન્થમાં વર્તમાનમાં ઉપલબ્ધ નથી, તેથી એ બધી લિપિઓ જોડાક્ષરો વડે અલંકૃત હતી કે નહિ તે જાણી શકાતું નથી.

વર્તમાનમાં દેશવિદેશમાં પ્રચલિત એવી લિપિઓમાંથી અંગ્રેજી વગેરે લિપિઓમાં જોડાક્ષરોનું પ્રચલન નથી, જ્યારે દેવનાગરી, ગુજરાતી વગેરે લિપિઓમાં સંયુક્તાક્ષર તરીકે વપરાતો ન હોય એવો વ્યંજનાક્ષર ભાગ્યે જ હશે.

આથી દેવનાગરી અને ગુજરાતી લિપિમાં લેખન, ટંકન, મુદ્રણ આદિ કાર્ય કરનારાઓને લિપિજ્ઞાન અંતર્ગત જોડાક્ષરોનું પણ સ્પષ્ટ જ્ઞાન હોવું અત્યન્ત જરૂરી બની જાય છે.

લેખક-વાચકને દેવનાગરી જોડાક્ષરોના પરિપક્વજ્ઞાનના અભાવે જેની પાઠસંહિતામાં ગરબડ થતી હોય એવી પ્રાચીન હસ્તપ્રતો ઘણી ઉપલબ્ધ છે. **'च्छ'** અને **'त्थ'** આ બે જોડાક્ષરો એનાં ખાસ ઉદાહરણરૂપ છે. પ્રાચીનકાળમાં આ બંને જોડાક્ષરોમાં એટલું બધું સામ્ય હતું કે જેના કારણે ક્યારેક **'स्वच्छ'**-ને બદલે **'स्वस्थ'** (સત્થ) અને **'स्वस्थ'**(સત્થ)ને બદલે **'स्वच्छ'** વંચાતું હતું તેથી અર્થમાં પણ ગરબડ થતી હતી.

વર્તમાનમાં જોડાક્ષરોનાં પ્રચલિત સ્વરૂપો જો કે મોટા ભાગે એકબીજાથી જુદાં પડી જાય છે તોપણ તેમાં જોડાયેલા અક્ષરોના ક્રમ વગેરેનું પરિપક્વ જ્ઞાન નહિ હોવાથી વાચન-લેખનમાં ઠીક ઠીક ભૂલો થતી જોવા મળે છે.

દા૦ત૦, **બ્રાહ્મણ, બ્રહ્મ** વગેરે શબ્દોમાં હકીકતમાં **'હ્ + મ'**નો જોડાક્ષર છે, આમ છતાં મોટા ભાગના લોકો તેને **'મ્ + હ'**નો જોડાક્ષર માની **બ્રામ્હણ, બ્રમ્હ** એમ લખે-બોલે છે. એવી જ રીતે **'સહસ્ર'** (=હજાર) શબ્દમાં **'સ્ + ર'**નો જોડાક્ષર હોવા છતાં, લેખકો, ભાષકો અને મુદ્રકો તેને **'સ્ + ત્ + ર'**નો જોડાક્ષર માની **'સહસ્ત્ર'** એમ લખે છે, બોલે છે અને છાપે છે. સ્પષ્ટ ભેદજ્ઞાનના અભાવે **'ક્ + લ'**ના જોડાક્ષરને પણ **'લ્ + ક'**નો જોડાક્ષર માની લેવામાં આવે છે, તેથી ક્યારેક **'શુક્લધ્યાન'**ને બદલે **'શુલ્કધ્યાન'** એમ બોલાતું પણ સંભળાય છે. જોડાક્ષરોનાં લેખન-ઉચ્ચારણ અને મુદ્રણ સંબંધી આ બધી અશુદ્ધિઓના નિવારણ માટે જોડાક્ષરમાં જોડાયેલા અક્ષરોના ક્રમનું અને વૈવિધ્યનું પરિપક્વ જ્ઞાન હોવું જરૂરી છે. એટલું જ નહિ તદ્‌વિષયક ગ્રન્થની પણ ઉપલબ્ધિ હોવી જોઈએ.

હર્ષની વાત એ છે કે જોડાક્ષરવિષયક સ્પષ્ટ માર્ગદર્શન આપનાર **'જોડાક્ષર વિચાર'** નામનો આ ગ્રન્થ સુવ્યવસ્થિત સંકલન સાથે પ્રથમ વાર જ પ્રગટ થઈ રહ્યો છે. ભાષાકીય ક્ષેત્રે આ એક ઘણી મોટી ઉપલબ્ધિ છે.

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ સાહેબે ઘણી કાળજી અને ઘણા પરિશ્રમપૂર્વક આ ગ્રન્થ તૈયાર કર્યો છે. મહત્ત્વના જોડાક્ષરો ઉપર તેઓશ્રીએ સુંદર મીમાંસા પ્રસ્તુત કરી છે. કયા કયા વ્યંજનો સાથે કયા કયા વ્યંજનો પૂર્વોત્તરભાવે કે ઊર્ધ્વઅધોભાવે કઈ કઈ રીતે જોડાય છે, તેની વિસ્તૃત છણાવટ આ ગ્રન્થમાં જોવા મળે છે. જોડાક્ષરોનું વર્ગીકરણ, બે અક્ષરના જોડાક્ષરો, ત્રણ અક્ષરના જોડાક્ષરો તથા રેફવિષયક જ્ઞાન સૂક્ષ્મતાથી ભરપૂર છે. ઘણો ઉપયોગી એવો 'વ્યંજનસંયોગસૂચક કોઠો' પણ તેઓશ્રીએ ઘણી મહેનતે તૈયાર કર્યો છે. ઘણા બધા સાક્ષરોએ તેમના આ પ્રશંસનીય કાર્યને હર્ષથી વધાવ્યું છે, એટલું જ નહિ એને સમૃદ્ધ બનાવવામાં પણ કીમતી ફાળો આપ્યો છે અને પ્રમાણિત કર્યું છે તે ઓછા આનંદનો વિષય નથી.

આદર સહિત આ ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી જોડાક્ષરોનાં સુવિશુદ્ધ લેખન-ઉચ્ચારણ દ્વારા આત્મકલ્યાણના અર્થી સૌ કોઈ શ્રીમતી સરસ્વતી-શ્રુતદેવતાને અર્ઘ્ય અર્પણ કરો એ જ મંગલ કામના.

કોઈમ્બતુર
અષાડ સુદ ૯ **જયસુંદરવિજય**
વિ. સં. ૨૦૪૬

# મંગલારંભે ભાવભર્યું સ્વાગત

પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબનો મને ઘણાં વર્ષોથી પરિચય છે. દશેક વર્ષ પહેલાં તેઓશ્રી દ્વારા સંપાદિત **'ધનંજય નામમાલા સાર્થ'** નામનું પુસ્તક મને મળ્યું હતું. મેં તેનું સાદ્યંત સૂક્ષ્માવલોકન કરી તેમાંની ક્ષતિઓ પ્રત્યે પત્ર દ્વારા તેઓશ્રીનું ધ્યાન દોર્યું હતું.

આવા પત્રો પ્રત્યે લેખકો અને સંપાદકોનો અભિગમ સ્વાનુભવથી ત્રણ પ્રકારનો જણાયો છે : (૧) પત્ર મળ્યો જ નથી એવો ભાવ મનમાં રાખી ક્ષતિઓની ઉપેક્ષા કરવી. (૨) ક્ષતિઓનો સહર્ષ સ્વીકાર કરવાને બદલે બચાવ કરવાનો પ્રયત્ન કરવો. (૩) ક્ષતિઓ બતાવનાર પ્રત્યે આદરભાવથી આભારની લાગણી વ્યક્ત કરવી.

મોહના સામ્રાજ્યવાળા આ સંસારમાં ત્રીજા પ્રકારના સ્વભાવવાળા લેખકો અને સંપાદકોની સંખ્યા અલ્પ હોય એ સ્વાભાવિક છે. સંસારથી પર, સ્વાર્થ-વિમુખ અને પરોપકાર-તત્પર એવા મુનિઓમાં આવો ગુણ જોવા મળે એ પણ સ્વાભાવિક જ છે.

મારા પત્રના પ્રત્યુત્તરરૂપે મને મુનિશ્રી તરફથી મળેલા પત્રમાં નિખાલસ હૃદયથી ક્ષતિઓનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. પોતાની ક્ષતિઓ જાણવા મળી તે બદલ હર્ષ વ્યક્ત કરવામાં આવ્યો હતો, એટલું જ નહિ ભાવિકાળ માટે પણ ક્ષતિઓ જાણવાની ઇંતેજારી બતાવવામાં આવી હતી.

તેઓશ્રીનો આ ગુણ મારા હૃદયને આકર્ષી ગયો. પછી તો જેમ-જેમ પરિચય વધતો ગયો તેમ-તેમ ઉભયપક્ષે ઉત્તરોત્તર હૃદયમાં સદ્‌ભાવ પણ વૃદ્ધિ પામતો ગયો.

સમય જતાં મુનિશ્રીનું **'શબ્દો બનાવવાની રીત અને સરળ શબ્દકોશ'** નામનું બીજું ઉપયોગી પુસ્તક પ્રગટ થયું અને ત્યાર પછી હાલમાં **'જોડાક્ષરવિચાર'** નામનું આ ત્રીજું અતિ ઉપયોગી પુસ્તક પણ પ્રગટ થઈ રહ્યું છે, તે પ્રસંગે એની પ્રસ્તાવના લખવાનું આમંત્રણ આપીને પૂજ્યશ્રીએ મને ઉપકૃત અને ગૌરવાન્વિત કર્યો છે.

મારે આદર સહિત હકીકત રૂપે કહેવું જોઈએ કે મુનિશ્રી પોતાનો ગ્રંથ ક્ષતિરહિત, આદર્શ અને સર્વગ્રાહ્ય બને એ જોવાની ધગશ ધરાવે છે. એ ધગશને કારણે જ તેઓશ્રીએ પોતાના લેખનનો મુસદ્દો( Draft ) અનેક વિદ્વાનોને મોકલી તેમનાં સૂચનોને આવકાર્યાં છે અને સાદર સ્વીકાર્યાં છે.

**"તમે તમારા અભ્યાસપૂર્ણ વિચારોરૂપી એરણ ઉપર ચડાવી, હથોડા મારી આ ગ્રન્થને મઠારશો અને આકરી કસોટીમાંથી પસાર કરી એને વિશુદ્ધ બનાવશો."**

તેઓશ્રીના પત્રની આ પંક્તિ વાંચીને વિદ્વાનોએ પણ નિઃશંકપણે ક્ષતિઓ જણાવી છે અને વિવિધ સૂચનો પણ કર્યાં છે.

કવિ કાલિદાસે પણ કહ્યું છે કે, ''हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा।'' અર્થાત્ સુવર્ણ જ્યારે અગ્નિમાં પડે છે, ત્યારે જ તેની વિશુદ્ધિ કે અશુદ્ધિ જણાય છે.

મુનિશ્રીએ અનેક ખ્યાતનામ ધુરંધર વિદ્વાનોને પોતાના લેખની હસ્તપ્રત મોકલી, તેમના અભિપ્રાયો મંગાવી, ગ્રાહ્યાગ્રાહ્યતાનો ઊહાપોહ કરી જે કાંઈ યોગ્ય લાગ્યું તે, તે તે વિદ્વાનોનાં નામે જ ટિપ્પણી રૂપે રજૂ કર્યું છે.

ગ્રંથને નિર્દોષ બનાવવાની મુનિશ્રીની ધગશને લીધે જ એનું પ્રકાશન વિલંબમાં પડ્યું હતું. હવે આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને પ્રગટ થઈ રહેલો આ ગ્રંથ ઘણી વિશુદ્ધ સ્થિતિને પામેલો ઠરશે એમ હું ચોક્કસપણે માનું છું.

**ભાષામાં જોડાક્ષરોનું મહત્ત્વ**

સંસ્કૃત અને તેના દ્વારા રચાયેલી અન્ય ભાષાઓમાં જોડાક્ષરો ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. મહર્ષિ પાણિનિએ જોડાક્ષર માટે સંયોગ શબ્દ પ્રયોજ્યો છે. 'हलोनन्तराः संयोगः।' એ એને અંગેનું સૂત્ર છે. 'अज्भिरव्यवहिता हलः संयोगसंज्ञाः स्युः।' જે વ્યંજનો વચ્ચે સ્વરોનું વ્યવધાન હોતું નથી એટલે કે સ્વર વગરના બે કે બેથી વધુ વ્યંજનો જોડાય છે ત્યારે સંયોગ અર્થાત્ જોડાક્ષર થાય છે. આ એનો અર્થ છે.

જોડાક્ષરમાં રહેલા વ્યંજનોનો ક્રમ, જોડાયેલા વ્યંજનોને લખવાની સાચી પદ્ધતિ વગેરે જાણવું જરૂરી ગણાય. આટલી જાણ હોય તો જ તેનું સાચું ઉચ્ચારણ શક્ય બને. વેદો અને શાસ્ત્રોમાં ઉચ્ચારણશુદ્ધિને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પાણિનીય શિક્ષા કહે છે કે, ''मन्त्रो हीनः स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थमाह।स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात्॥'' અર્થાત્ મન્ત્રનું ઉચ્ચારણ કરતી વખતે તેના ઉદાત્ત, અનુદાત્ત કે સ્વરિત સ્વરના ઉચ્ચારણમાં ભૂલ ન થવી જોઈએ. એવી ભૂલ થાય તો તે મન્ત્ર વાણી ન રહેતાં વજ્ર બની તેના પ્રયોક્તાનો નાશ કરે છે; જેમ કે, 'ઈન્દ્રશત્રુઃ' આ શબ્દમાં સાચી રીતે ઉત્તરપદમાં ઉદાત્ત સ્વરનું ઉચ્ચારણ કરવાને બદલે ત્વષ્ટાએ ભૂલથી પૂર્વપદમાં ઉદાત્ત સ્વર ઉચ્ચાર્યો તેથી 'ઈન્દ્રને મારનાર' એવા અર્થને બદલે 'ઈન્દ્રને હાથે મરનાર' એવો અર્થ થયો. એથી ઈન્દ્રના હાથે મરનાર વૃત્રાસુર ઉત્પન્ન થયો.

આજે આપણી ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષા જેવું સ્વરમહત્ત્વ રહ્યું નથી તેથી સ્વરના ફેરફારથી અર્થના ફેરફારની વાત સમજવી મુશ્કેલ બને. અર્થના

ફેરફારની વાત સહેલાઈથી સમજી શકાય તે માટે વર્ણના ઉચ્ચારણમાં થતા અપરાધને કારણે અર્થના ફેરફારનો દાખલો લઈએ. '**ળ**' કે '**લ**' વર્ણનું શુદ્ધ ઉચ્ચારણ કરવા અસમર્થ વ્યક્તિ, ''સારું થયું તમે રસ્તામાં જ મળી ગયા, નહિ તો મારે તમારે ઘરે મળવા આવવું પડત.'' આ વાક્યમાં 'મળી' અને 'મળવા' શબ્દમાં રહેલા '**ળ**'ને બદલે '**ર**' બોલે તો, ''સારું થયું તમે રસ્તામાં જ મરી ગયા, નહિ તો મારે તમારે ઘરે મરવા આવવું પડત.'' આવું વાક્ય બને તેથી કેવો અનર્થ થાય તે સમજાવવું પડે તેમ નથી.

જોડાક્ષરોની બાબતમાં કયો વર્ણ કયા વર્ણની સાથે જોડાયો છે, તેનું સ્પષ્ટ જ્ઞાન ન હોય તો શબ્દનું ખોટું ઉચ્ચારણ કેવી રીતે પ્રચાર પામી જાય છે તેનું ઉદાહરણ સંસ્કૃત ભાષાનો 'યાચ્ઞા' શબ્દ છે. 'યાચ્' ધાતુ પરથી 'માગણી' અર્થમાં જેમ 'યાચના' શબ્દ બને છે તેમ તે જ 'યાચ્' ધાતુને 'નઙ્' (=ન) પ્રત્યય લગાડી યાચ્ + ન = યાચ્ + ઞ = યાચ્ + ઞ + ટાપ્ (=આ) = (માગણી અર્થમાં) 'યાચ્ઞા' શબ્દ બને છે. પણ સામાન્ય રીતે 'ચઞ્ચલ' વગેરે શબ્દોમાં 'ઞ' અનુનાસિક વર્ણને પ્રથમ આવતો જોઈને લોકો ભ્રાન્તિથી 'યાચ્ઞા'ને બદલે 'યાઞ્ચા' એવું ખોટું લખે-બોલે છે. મરાઠીમાં 'ત્યાંચા' જેવા શબ્દપ્રયોગને લીધે 'યાચ્ઞા'ને પણ 'યાઞ્ચા' એવા ખોટા રૂપે સ્વીકારી લેવાની ભૂલ મહારાષ્ટ્રિયન વિદ્વાનો વિશેષ પ્રમાણમાં કરે છે.

'યજ્ઞ' શબ્દમાં પણ 'યજ્' ધાતુને 'નઙ્' (=ન) પ્રત્યય લાગી યજ્+ન = યજ્+ઞ = યજ્ઞ શબ્દ બને છે. 'જ્+ઞ'ના સંયોગ માટે 'જ્ઞ'ને બદલે 'જ્ઞ' અને 'ક્+ષ'ના સંયોગ માટે 'ક્ષ'ને બદલે 'ક્ષ' એવા વિશિષ્ટ જોડાક્ષરો દેવનાગરી લિપિમાં પ્રચલિત થયા છે. કાલક્રમે 'જ્ઞ' જોડાક્ષર 'જ્+ઞ'ના સંયોગથી બનેલો છે એ હકીકત પણ ધ્યાન બહાર ચાલી જવાથી 'જ્ઞ'ના ઉચ્ચારણમાં વિકૃતિ આવી, જેથી 'યજ્ઞ' શબ્દ ગુજરાતીમાં 'યગ્ન્ય', હિન્દીમાં 'યગ્ય' અને મરાઠીમાં 'યદ્ન્ય' એમ ખોટી રીતે બોલાતો થઈ ગયો.

જોડાક્ષરોની સર્વાંગીણ શાસ્ત્રીય ચર્ચા કરતું પુસ્તક ગુજરાતીમાં આજ સુધી ઉપલબ્ધ ન હતું. પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબે આ ખોટ દૂર કરી આ ક્ષેત્રમાં એક અગત્યનું મહામૂલું પ્રદાન કર્યું છે.

આ પુસ્તકમાં આઠ પ્રકરણોમાં સ્વર-વ્યંજનના ભેદની સ્પષ્ટતા કરી, જોડાક્ષરોનું વર્ગીકરણ, વ્યાકરણદષ્ટિએ વિશ્લેષણ, જોડાક્ષરોમાં રેફનું સ્થાન, અનુસ્વાર અને અનુનાસિકનો ભેદ, '**શૃ-શ્રૃ**'નો ભેદ, '**દ્ર-દૃ**'નો ભેદ ઈત્યાદિ વિષયોની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. વળી પરિશિષ્ટમાં 'સાચું-ખોટું' વગેરે ઉપયોગી વિભાગો પણ આપવામાં આવ્યા છે.

જોડાક્ષરો વિશેની સંપૂર્ણ અને શાસ્ત્રીય છણાવટ કરતું આ પુસ્તક ગુજરાતી ભાષામાં અતિ મહત્ત્વનું પ્રદાન ગણાશે એમાં મને જરાય શંકા નથી.

**મારું તો વિનમ્ર સૂચન છે કે આ પુસ્તકને પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમમાં ફરજિયાત રૂપે સમાવિષ્ટ કરવું જોઈએ, જેથી પ્રાથમિક શિક્ષકો આ વિષયને સારી રીતે સમજી પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને જોડાક્ષર વિષયક શુદ્ધ લેખન-ઉચ્ચારણ શીખવી શકે.**

પ્રસ્તુત પુસ્તક જોડાક્ષરોનાં શુદ્ધ લેખન-ઉચ્ચારણ પ્રત્યે ધ્યાન દોરનારું હોવાથી ગુજરાતીભાષાભાષી પ્રત્યેક વ્યક્તિ માટે અભ્યાસ કરવા યોગ્ય છે. ઉચ્ચારણશુદ્ધિ અને પોતાના વિચારોની સાચી અભિવ્યક્તિ ઉપરાંત શુદ્ધ ઉચ્ચારણનું આધ્યાત્મિક મહત્ત્વ બતાવતાં મહર્ષિ પતંજલિ વ્યાકરણ મહાભાષ્યમાં સ્પષ્ટ લખે છે કે, "एकः शब्दः सम्यग् ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति।" અર્થાત્ એક જ શબ્દ જો વ્યાકરણદષ્ટિથી સારી રીતે જાણી લીધો હોય અને શુદ્ધ ઉચ્ચારણ દ્વારા તથા શુદ્ધ જોડણી દ્વારા તેનો સાચો પ્રયોગ કરવામાં આવે તો તે શબ્દ તેના પ્રયોક્તાને સ્વર્ગલોકમાં કામધેનુની માફક તેની સર્વકામનાઓને પૂર્ણ કરનાર બને છે.

પ્રસ્તુત પુસ્તકને શક્ય તેટલું નિર્દોષ બનાવવાની પૂ. મુનિશ્રીની ચીવટ અને ધગશ ધન્યવાદને પાત્ર છે. **અનેક વિદ્વાનોની ચર્ચા-વિચારણારૂપી અગ્નિમાં તપીને સુવિશુદ્ધ બનેલો આ ગ્રન્થ સુવર્ણ સમાન છે. આ ગ્રન્થનું અને તેના લેખકનું ભારોભાર સુવર્ણ (સુ+વર્ણ)થી સન્માન કરવું જોઈએ એમ હું માનું છું.**

આજે રાજા-મહારાજાઓ રહ્યા નથી. રહ્યા હોત તો રાજા કુમારપાળે કલિકાલ-સર્વજ્ઞ પૂ. શ્રી હેમચન્દ્રાચાર્યના 'હૈમશબ્દાનુશાસન'ને સોનાની અંબાડીમાં પધરાવી હાથી ઉપર ફેરવી તેનું ગૌરવ કર્યું હતું, તેને મળતું સૌભાગ્ય આ ગ્રન્થ આજે પણ પ્રાપ્ત કરી શક્યો હોત.

"सुवर्णत्वं तु वर्णानां सम्यगुच्चारणे स्थितम्। वर्णज्ञानमतः शास्त्रे मुनिभिः श्लाघ्यतेऽनिशम्।
"शुद्धोच्चारणतः सम्यक् शब्दब्रह्म प्रसीदति॥ शब्दब्रह्मणि संतुष्टे परब्रह्माप्यवाप्यते।"

**અર્થ:** વર્ણનું જ્યારે સાચું ઉચ્ચારણ કરાય છે ત્યારે તે વર્ણ સુ-વર્ણ (સારો વર્ણ અને સોના જેવો કીમતી વર્ણ) બને છે. તેથી ઋષિમુનિઓ વર્ણજ્ઞાનની હંમેશાં પ્રશંસા કરે છે. શબ્દોના શુદ્ધ ઉચ્ચારણથી શબ્દબ્રહ્મ પ્રસન્ન થાય છે અને શબ્દબ્રહ્મ પ્રસન્ન થતાં પરબ્રહ્મ પણ પ્રસન્ન થાય છે.

વડોદરા, ૨૭-૪-૧૯૯૦ **ડૉ. અરુણોદય નટવરલાલ જાની**

# પ્રવેશે આવકાર

ગુજરાતમાં મુદ્રણયન્ત્રોના આગમનકાળથી વર્ષો પર્યન્ત મુદ્રણવ્યવસાય પારસીઓ અને વણિકોના હાથમાં રહ્યો હતો. ભાષા, વ્યાકરણ અને ઉચ્ચારણવિષયક તેમનું જ્ઞાન સીમિત હતું, જેના ફળસ્વરૂપે સામાન્યજનસમાજમાં ઉચ્ચારણની શુદ્ધિ પરત્વેનું ઔદાસીન્ય વધ્યું. તે એટલે સુધી કે ધર્મગ્રન્થો અને મન્ત્રાક્ષરોનું ઉચ્ચારણ પણ અશુદ્ધ થવા લાગ્યું. એવા સમયે વિદ્વદ્વર્ગમાં લિપિસુધારણાની ચળવળનો પ્રારંભ થયો. જેની સહાયથી મુદ્રણાલયોમાં મુદ્રણ થતું હતું, તે ધાતુનાં બીબાંની સંખ્યા ઘટાડવા અંગેની વિચારણા થઈ, જેના પરિણામે હલન્ત ચિહ્નનો અને અનુસ્વારનો ઉપયોગ વધ્યો. તેથી ગુજરાતી પ્રજાના ઉચ્ચારણમાં જે અશુદ્ધિઓ હતી તે દૃઢ બની.

ભાષા વિષયક આવી અસહ્ય પરિસ્થિતિના નિવારણ માટે સાક્ષરવર્ગ અને શિક્ષકવર્ગે આગળ આવવું જરૂરી હતું, પરન્તુ દુર્ભાગ્યે તેમ બની શક્યું નહિ, ત્યારે સદૈવ સ્વોપકાર અને પરોપકારમાં તત્પર એવા સાધુવર્ગમાંથી લેખન-ઉચ્ચારણવિષયક અશુદ્ધિને દૂર કરવામાં સહાયક એવા **'જોડાક્ષરવિચાર'** નામના પ્રશસ્ય પુસ્તકની પ્રાપ્તિ થઈ રહી છે, તે અવશ્ય આનંદદાયક અને ઉત્સાહવર્ધક છે.

વર્ષોનાં ચિંતન, મનન અને વિચારવિનિમય દ્વારા એક વિદ્યાવ્યાસંગી મુનિશ્રીએ યોજેલો **'જોડાક્ષરવિચાર'** નામનો આ ગ્રન્થ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવા સાથે ગુજરાતી વાચકવર્ગને માતૃભાષાના વિશુદ્ધ ઉચ્ચારણમાં સહાયક બનશે એવો મારો વિનમ્ર અભિપ્રાય છે.

આ ગ્રન્થનું પ્રત્યેક પ્રકરણ સૂક્ષ્મદૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. તેમાં વ્યાકરણશાસ્ત્રના નિયમો પરત્વેની નિષ્ઠાનાં દર્શન થાય છે. જોડાક્ષર કોને કહેવાય, જોડાક્ષરની યોગ્ય રચના કેવી રીતે થાય, શુદ્ધ ઉચ્ચારણ કેવી રીતે થાય, વાચકને તેનો સ્પષ્ટ બોધ કેમ થાય, ભાષામાં તેની આવશ્યકતા શી છે, પરંપરાથી પ્રાપ્ત થયેલાં તેનાં સ્વરૂપો તેમ જ વચ્ચેના કાળમાં પ્રવેશેલી અશુદ્ધિઓ—આવી અનેક ઉપયોગી બાબતોની વિચારણા આ પુસ્તકમાં સરળ ભાષામાં કરવામાં આવી છે.

કોઈ એક વ્યક્તિના આ મનસ્વી વિચારો નથી. લિપિ, ઉચ્ચારણ અને મુદ્રણ વિષયક શાસ્ત્રવિશારદોનાં મૂલ્યવાન મંતવ્યો અહીં ટાંકવામાં આવ્યાં છે. માન્યતામાં મતભેદ હોઈ શકે, કિન્તુ તે પ્રામાણિક હોવા જોઈએ. પ્રામાણિક મતભેદોની નોંધ લેવામાં અહીં જરાય સંકુચિત માનસનાં દર્શન થતાં નથી.

શિક્ષકવર્ગ કુશળ હોવો જોઈએ અને પોતાના વિષયને ઊંડાણથી જાણવાનો એને રસ હોવો જોઈએ. પરન્તુ દુર્ભાગ્યે આજે એવું જોવા મળતું નથી. પરિણામે આપણાં બાળકોને પ્રારંભથી જ અશુદ્ધ ઉચ્ચારણના સંસ્કારો પડે છે. આ અનિષ્ટને રોકવા-ટાળવાની બાબતમાં રાજ્યશાસનની નહિ, પરંતુ ધર્મશાસનની અપેક્ષા હતી. સદ્ભાગ્યે આજે એ સાંપડી છે. તે માટે ગુજરાતની પ્રજા સાધુસમાજની ઋણી છે.

સંભવ છે કે વિદ્વાનોને આ ગ્રન્થમાં કરેલાં વિધાનો ખામીભર્યાં લાગે, સુધારા-વધારાને પાત્ર લાગે, કારણ કે આ પ્રકારની ચર્ચાવિચારણાનો અંત કદાપિ આવતો નથી. પરન્તુ જોડાક્ષરોની સંખ્યામાં ઘટાડો કરી લેખન-ઉચ્ચારણમાં અશુદ્ધિ લાવવા માટેના પ્રયત્નને હવે કોઈ અવકાશ નથી, કેમ કે આધુનિક યન્ત્રો, કોઈ પણ લિપિમાં ભલે ગમે તેટલી મોટી સંખ્યામાં અક્ષરો હોય તોપણ તેને સમાવવા સક્ષમ છે.

આપણી લિપિને વ્યવસ્થિત કરવાનું કામ આપણે પોતે જ કરવાનું છે. પરદેશી વિદ્વાનો આ કાર્યમાં લેશમાત્ર સહાય કરી શકે તેમ નથી, કારણ કે તેમને આપણી લિપિઓનું શાસ્ત્રીયજ્ઞાન નથી, તેમ જ તેમને આપણી લિપિઓ અને ભાષાઓ પ્રત્યે આદર પણ નથી.

અંગ્રેજી શાસનકાળ પૂર્વે ગુજરાતીમાં ફારસી તથા અરબી ભાષાના અનેક શબ્દો પ્રવેશ્યા છે. વળી દૈનંદિન બોલચાલના વ્યવહારમાં વપરાઈને અત્યંત રૂઢ પણ થયેલા છે. પરિણામે તળ ગુજરાતી શબ્દોનો ઉપયોગ ઘટ્યો છે અથવા તેનું વિસ્મરણ થયું છે. આજકાલ આપણે મોહવશ અંગ્રેજી ભાષાના શબ્દોનો ઘણી વાર તો એનો સ્પષ્ટાર્થ સમજ્યા વિના પણ છૂટથી ઉપયોગ કરવા લાગ્યા છીએ. આપણું આ માનસ બદલાય, માતૃભાષા પ્રત્યે આપણા હૃદયમાં આદરભાવ પેદા થાય, જોડાક્ષરોની વિશુદ્ધિ થવા સાથે ભાષાના પુનરુત્થાનમાં સહાયક બળ પ્રાપ્ત થાય એવી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના.

મુંબઈ

૧૫-૫-૧૯૯૦

ગોપાલકૃષ્ણ મોદી

# 'જોડાક્ષરવિચાર' એક શકવર્તી લિપિગ્રંથ

જૂની ગુજરાતી ભાષામાં પૂ. શ્રી હેમચન્દ્રાચાર્યે વ્યાકરણ વિષયક એક બહુમૂલ્ય ગ્રન્થની રચના કરી. તે વખતના ગુર્જરનરેશ સિદ્ધરાજે હાથીની અંબાડીએ ચડાવી એ ગ્રન્થનું વિરલ સન્માન કર્યું. ગુજરાતી ભાષામાં એ પછી વ્યાકરણ અંગે ચર્ચાઓ થતી રહી અને સંસ્કૃત ભાષા-આધારિત નાનામોટા વ્યાકરણગ્રન્થ રચાતા રહ્યા. એમાં અર્વાચીન ગુજરાતીનું સ્વ. કમળાશંકર ત્રિવેદીનું 'બૃહદ વ્યાકરણ' આપણે માટે પાયાનો ગ્રન્થ બની રહ્યો. એ પછી શ્રી કે. કા. શાસ્ત્રી, સ્વ. મનસુખલાલ ઝવેરી, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. યોગેન્દ્ર વ્યાસ ઇત્યાદિએ વ્યાકરણ વિષયક પુસ્તકો રચ્યાં છે. આ બધાં પુસ્તકોમાં કોણ જાણે કેમ પણ લિપિ વિષયક ચર્ચા અપર્યાપ્ત રહી જવા પામી હતી; તે તરફ પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબ જેવા ધર્મવિદનું ધ્યાન દોરાયું. એમણે એની પાછળ તપશ્ચર્યાની જેમ પાંચ વર્ષ સંશોધનાત્મક વિચારણા કરી, તદ્‌વિષયક તજ્જ્ઞો જોડે રૂબરૂ અને પત્રથી ચર્ચા કરી, એક એવા શકવર્તી ને સંશોધનાત્મક ગ્રન્થની રચના કરી છે જેમાં લિપિ અંગે આમૂલ શોધ-તપાસ થવા પામી છે. સાથે પૂ. મુનિશ્રીએ નાગરી લિપિને ટાઇપરાઇટર, મુદ્રણ, ઑફસેટ છપાઈ સુધ્ધાં અને હાથલખાણમાં શુદ્ધ મરોડથી કેવી રીતે લખી શકાય એના આકૃતિબદ્ધ આલેખો આપી-એમાં પણ જેમાં આપણી વધુમાં વધુ ભૂલો થાય છે તે જોડાક્ષર યાને સંયુક્તાક્ષરનું નિશ્ચિત સ્વરૂપ-બંધારણ ઘડવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ખોટા મરોડથી કયાં ને કેવા દોષ સર્જાય છે એની વિગતે ચર્ચા પણ કરી છે.

શ્રી હેમચન્દ્રાચાર્યનો **'સિદ્ધહેમવ્યાકરણ'** ગ્રન્થ એક જૈન વિદ્વાનની જૂની ગુજરાતીને મળેલ અમૂલ્ય દેણગી સમાન હતો, તો બીજા આધુનિક જૈન મુનિનો લિપિ અંગે સૂક્ષ્મ વિચારણાવાળો આ **'જોડાક્ષરવિચાર'** ગ્રન્થ અર્વાચીન ગુજરાતી માટે એટલો જ બહુમૂલ્ય પ્રદાનસ્વરૂપ છે. ગુજરાતી ભાષા લખતી વખતે લખાણમાં જે ચીવટ જોઈએ તે સચવાતી નથી અને હવા કે ખોરાકમાં જેમ પ્રદૂષણ સર્જાય છે એમ લખાણમાં તેમ જ મુદ્રણમાં પણ પ્રદૂષણ વધે છે તેની સામે યોગ્ય રીતે જ એક પવિત્ર મુનિશ્રીના હાથે ધર્મદંડ ઊંચકાયો છે. લિપિમાં હવે પછી લખવા કે છાપવામાં સ્વેચ્છાચારનો હક કોઈને પણ રહેવો ન જોઈએ.

અમદાવાદ, ૨૯-૪-૧૯૯૦ **પ્રા. રતિલાલ સાં. નાયક**

## 'જોડાક્ષર-વિચાર' લેખ જોઈને પ્રસન્નતા અનુભવનારા વિદ્વાનોની નામાવલિ

૧. **શ્રી કે. કા. શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ, મહોપાધ્યાય, શુદ્ધાદ્વૈતાલંકાર, ગુજરાતીના માનાર્હ અધ્યાપક અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક : ભો. જે. વિદ્યાલય, અમદાવાદ
૨. **ડૉ. હરિવલ્લભ ભાયાણી,** એમ.એ., પીએચ.ડી., નિવૃત્ત પ્રાધ્યાપક : ભાષાવિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. **ડૉ. અરુણોદય ન. જાની,** એમ.એ, પીએચ.ડી, ડિ.લિટ્., નિવૃત્ત નિયામક : ઑરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ (પ્રાચ્ય વિદ્યામંદિર) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા (વિશેષ પરિચય માટે જુઓ પાનું ૧૭૮)
૪. **ડૉ. રમણલાલ ચી. શાહ,** એમ.એ., પીએચ.ડી., નિવૃત્ત અધ્યક્ષ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ. જૈન સાહિત્ય સમારોહના સંયોજક, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ 'પ્રબુદ્ધ જીવન'ના માનદ તંત્રીશ્રી તથા ફાર્બસ ગુજરાતી સભાના ભૂતપૂર્વ પ્રમુખ
૫. **ડૉ. ઈશ્વરલાલ ર. દવે,** એમ.એ., પીએચ.ડી., નિવૃત્ત અધ્યાપક અને અધ્યક્ષ : ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૬. **ડૉ. પ્ર. રા. તેરૈયા,** એમ.એ., પીએચ.ડી., નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ : ગુજરાતી ભાષા સાહિત્યભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૭. **ડૉ. જનકભાઈ જે. દવે,** એમ.એ., એમ.એડ્., પીએચ.ડી., ગુજરાતીના પ્રાધ્યાપક : શ્રી પી. ડી. માલવિયા ગ્રૅજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ
૮. **ડૉ. વસંતભાઈ પરીખ,** એમ.એ., પીએચ.ડી., પ્રાધ્યાપક અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ : તથા પીએચ.ડીના માર્ગદર્શક પ્રતાપરાય આર્ટ્સ ઍન્ડ કમાણી સાયન્સ કૉલેજ, અમરેલી
૯. **ડૉ. વિજય શાસ્ત્રી,** એમ.એ., પીએચ.ડી., ગુજરાતીના અધ્યાપક : એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત
૧૦. **ડૉ. વિનોદબાળા પ્રા. જાની,** એમ.એ., પીએચ.ડી., પ્રાધ્યાપિકા : સંસ્કૃત વિભાગ, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ
૧૧. **પ્રા. જયંત કોઠારી,** એમ.એ., નિવૃત્ત પ્રાધ્યાપક : જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૨. **પ્રા. રતિલાલ સાં. નાયક,** એમ.એ., એસ.ટી.સી., નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ : ગુજરાતી વિભાગ, ભવન્સ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ. સભ્યપદ : ગુજરાતી સાહિત્ય પરિષદ જોડણી ફેરવિચાર સમિતિ, સલાહકાર સમિતિ. સભ્યપદ : આકાશવાણી, અમદાવાદ. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિદ્યમાન ગુજરાતી સાહિત્યકારોનો કોશ તૈયાર કરનાર.
૧૩. **પ્રા. જયંત ન. રાવળ,** એમ.એ., પીએચ.ડી., નિવૃત્ત આચાર્ય : શ્રીમતી જે. જે. કુંડલિયા આર્ટ્સ ઍન્ડ (અંગ્રેજી માધ્યમ) કૉમર્સ કૉલેજ, રાજકોટ
૧૪. **પ્રા. જાદવભાઈ તુ. પટેલ (રશ્મિભિક્ષુ),** એમ.એ., બી.એડ્., હિન્દી કોવિદ, ગુજરાતી સાહિત્ય દીક્ષા, હિન્દીના અધ્યાપક : આર્ટ્સ કૉલેજ, સાવરકુંડલા

૨૧. પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, વ્યાકરણતીર્થ, અધ્યક્ષ : જૈન સાહિત્ય વિકાસ મંડળ સંશોધન કાર્ય, અમદાવાદ. સંપાદક : 'શબ્દરત્નમહોદધિ' દ્વિતીયાવૃત્તિ કોશગ્રન્થ, પ્રકાશક : શ્રી વિજયનીતિસૂરીશ્વર પુસ્તકાલય, અમદાવાદ

૨૨. **શ્રી નટવરલાલ એસ. યાજ્ઞિક,** એમ.એ., નિવૃત્ત આચાર્ય : પાલનપુર કૉલેજ, પાલનપુર

૨૩. **શ્રી રતિલાલ બોરીસાગર,** એમ.એ., બી.એડ્., પીએચ.ડી., ઍકેડેમિક સેક્રેટરી (ભાષાઓ) : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૨૪. **શ્રી કેશવલાલ વિ. શાસ્ત્રી,** વેદાન્તાચાર્ય અને વ્યાકરણશાસ્ત્રી, સાહિત્યરત્ન, શિક્ષણવિશારદ, નિવૃત્ત અધ્યાપક : શ્રી વિરાણી વિવિધલક્ષી વિદ્યાલય, રાજકોટ

૨૫. **શ્રી ક્રાન્તિકુમાર જે. જોશી,** એમ.એ., એમ.એડ્., નિવૃત્ત આચાર્ય : શ્રી પી. ડી. માલવિયા ગ્રૅજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ

૨૬. **શ્રી રસિકલાલ અ. શાહ,** એમ.એસસી., બી.એડ્., વિજ્ઞાન-ગણિત વિભાગના અધ્યક્ષ અને અધ્યાપક, નિવૃત્ત આચાર્ય : કમાણી ફૉરવર્ડ હાઈસ્કૂલ, અમરેલી

૧૯. **પ્રા. ડી. એલ. રાવળ,** એમ. એ., એમ. એડ્, નિવૃત્ત અધ્યાપક : કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ (ઉ. ગુ.)

૨૦. **શ્રી ગોપાલકૃષ્ણ મોદી,** મુદ્રણવ્યવસાયના ૫૦ વર્ષના અનુભવી, વિદ્વદ્વર્ગશિરોમણિ, ભૂતપૂર્વ ભાગીદાર : ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી, મુંબઈ

૨૧. **પં. અંબાલાલ પ્રેમચંદ શાહ,** વ્યાકરણતીર્થ, અધ્યક્ષ : જૈન સાહિત્ય વિકાસ મંડળ સંશોધન કાર્ય, અમદાવાદ. સંપાદક : 'શબ્દરત્નમહોદધિ' દ્વિતીયાવૃત્તિ કોશગ્રન્થ, પ્રકાશક : શ્રી વિજયનીતિસૂરીશ્વર પુસ્તકાલય, અમદાવાદ

૨૨. **શ્રી નટવરલાલ એસ. યાજ્ઞિક,** એમ.એ., નિવૃત્ત આચાર્ય : પાલનપુર કૉલેજ, પાલનપુર

૨૩. **શ્રી રતિલાલ બોરીસાગર,** એમ.એ., બી.એડ્., પીએચ.ડી., ઍકેડેમિક સેક્રેટરી (ભાષાઓ) : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૨૪. **શ્રી કેશવલાલ વિ. શાસ્ત્રી,** વેદાન્તાચાર્ય અને વ્યાકરણશાસ્ત્રી, સાહિત્યરત્ન, શિક્ષણવિશારદ, નિવૃત્ત અધ્યાપક : શ્રી વિરાણી વિવિધલક્ષી વિદ્યાલય, રાજકોટ

૨૫. **શ્રી ક્રાન્તિકુમાર જે. જોશી,** એમ.એ., એમ.એડ્., નિવૃત્ત આચાર્ય : શ્રી પી. ડી. માલવિયા ગ્રૅજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ

૨૬. **શ્રી રસિકલાલ અ. શાહ,** એમ.એસસી., બી.એડ્., વિજ્ઞાન-ગણિત વિભાગના અધ્યક્ષ અને અધ્યાપક, નિવૃત્ત આચાર્ય : કમાણી ફૉરવર્ડ હાઈસ્કૂલ, અમરેલી

૨૭. **શ્રી વિજુભાઈ એસ. શાહ,** બી.એ., બી.એડ્., એસ. ટી. સી., એચ. એસ. એસ. નિવૃત્ત આચાર્ય : શેઠ બી. એમ. હાઈસ્કૂલ, પાટણ (ઉ. ગુ.) સભ્ય : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ: ગૂજરાત યુનિવર્સિટી તથા રાજ્યશિક્ષણ સલાહકાર પરિષદ

૨૮. **શ્રી નવલભાઈ લ. જોશી,** બી.એ., બી.એડ્., એસ.ટી.સી., એચ.એસ.એસ., નિવૃત્ત અધ્યાપક અને ભાષા વિભાગના અધ્યક્ષ : કમાણી ફૉરવર્ડ હાઈસ્કૂલ, અમરેલી

૨૯. **શ્રી જે. સી. બુચ,** બી.એ., એસ.ટી.સી., બી.ટી., નિવૃત્ત અધ્યાપક : જૂનાગઢ હાઈસ્કૂલ, જૂનાગઢ

૩૦. **શ્રી શાંતિલાલ પટેલ,** એમ.એ., બી.એડ્. આચાર્ય : એમ. કે. એમ. હાઈસ્કૂલ, મહુધા

# સુકૃતના સાથી

| રૂ. | નામ |
| --- | --- |
| ૩,૦૦૦/૦૦ | સ્વ. પૂ. દાદીમા મૂળીબહેન અંબાલાલ રતનચંદના અગણિત ઉપકારોની સ્મૃતિ નિમિત્તે અને સ્વપરઆત્મશ્રેયાર્થે હ. ઉપેન્દ્રકુમાર તારાચંદભાઈ તથા દિનેશકુમાર તારાચંદભાઈ (ખંભાતવાળા) મુંબઈ |
| ૨,૫૦૧/૦૦ | આત્મશ્રેયાર્થે શ્રી શાહ ખાતે, અમદાવાદ |
| ૨,૫૦૧/૦૦ | સ્વ. શ્રીમતી તારામતીબહેનના આત્મશ્રેયાર્થે હ. સૂર્યવદનભાઈ ઝવેરી, મુંબઈ |
| ૨,૫૦૦/૦૦ | શાહ યશવંતકુમાર કાન્તિલાલ ઘીવાળા, રાજકોટ. |
| ૨,૦૦૦/૦૦ | શાહ તારાચંદ અંબાલાલ (મુંબઈ) ખંભાતવાળાના વિ. સં. ૨૦૪૫ના ફાગણ શુદિ ૪ને શનિવારના શુભદિને સર્વપાપનાશક, દુર્ગતિવારક, શિવસુખદાયક શ્રી નમસ્કાર મહામંત્રના એક કરોડ જાપની જિનાજ્ઞાનુસાર આનંદમય આરાધનાની નિર્વિઘ્ન પૂર્ણાહુતિની અનુમોદના નિમિત્તે અ. સૌ. તારામતી તારાચંદ તરફથી |
| ૨,૦૦૦/૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી, પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી ગણિવરના સદુપદેશથી |
| ૧,૦૦૧/૦૦ | હીરાલાલ નગીનદાસ ગાંધી (ખંભાતવાળા) અમદાવાદ |
| ૧,૦૦૧/૦૦ | શાહ વિનોદચંદ્ર નગીનદાસ હ. અનિલકુમાર - મહુધા |
| ૧,૦૦૧/૦૦ | શ્રીમતી વસુમતીબહેન રાજેન્દ્રભાઈ શાહ - સુરત |
| ૧,૦૦૧/૦૦ | શ્રીમતી જ્યોતિકાબહેન દિનેશભાઈ કપાસી - અમદાવાદ |
| ૧,૦૦૦/૦૦ | સ્વ. કાન્તિલાલ (નંદુભાઈ) લહેરચંદ (પાટણ)ના સમ્યગ્જ્ઞાનમય આધ્યાત્મિક જીવનની અનુમોદનાર્થે |
| ૧,૦૦૦/૦૦ | શાહ ચૂનીલાલ મૂળચંદ દાઠાવાળા પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવરના સદુપદેશથી |
| ૫૦૧/૦૦ | શાહ ચંદ્રકાન્ત નગીનદાસ (શિહોરવાળા) નવસારી |
| ૫૦૧/૦૦ | સ્વ. શાહ પોપટલાલ ગોકળદાસના આત્મશ્રેયાર્થે હ. પ્રવીણભાઈ - અમદાવાદ |
| ૫૦૧/૦૦ | માણેકલાલ મંગળદાસ ઘીવાળા - અમદાવાદ |
| ૫૦૧/૦૦. | મહેતા મુક્તિલાલ ભૂરાલાલ (રાધનપુરવાળા) સુરત |
| ૫૦૧/૦૦ | ઝોટા જયેન્દ્રભાઈ હીરાલાલ (રાધનપુરવાળા) મુંબઈ |
| ૫૦૧/૦૦ | અજિતકુમાર એમ. શાહ, અમદાવાદ |
| ૫૦૧/૦૦ | ભરતકુમાર આર. દોશી, અમદાવાદ |
| ૫૦૦/૦૦ | વોરા કાન્તિલાલ ચતુરભાઈ (ધામાવાળા) અમદાવાદ |
| ૫૦૦/૦૦ | શ્રી જયનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, વાપી - પૂ. મુનિરાજશ્રી કુલભૂષણવિજયજી મહારાજ સાહેબના સદુપદેશથી |
| ૪૦૦/૦૦ | શ્રી મહાવીર બુકબાઈન્ડિંગ વર્ક્સ (ટંકશાળની પોળ, કાળુપુર) અમદાવાદ |
| ૩૦૧/૦૦ | શાહ શાંતિલાલ દલીચંદ (શિહોરવાળા) ભાવનગર |
| ૨૫૧/૦૦ | શાહ વિજયચંદ્ર છોટાલાલ, નડિયાદ. શાહ રસિકલાલ ગોપાળજી, માટુંગા. શાહ ભરતકુમાર રસિકલાલ, માટુંગા. આત્મશ્રેયાર્થે એક સદ્‌ગૃહસ્થ તરફથી. શાહ સુભાષચંદ્ર શરચ્ચંદ્ર, મુંબઈ. સંઘવી જયપાલ મણિલાલ, અમદાવાદ. પૂ. પિતાશ્રી સ્વ. મણિલાલભાઈના આત્મશ્રેયાર્થે. વોરા ગીરધરલાલ વેણીલાલ, અમદાવાદ. શ્રી મુકુંદભાઈ ચોકસી. સુરત. |

૨૫૦/૦૦ એસ. ટી. શાહ, અમદાવાદ. કે. એસ. શાહ, અમદાવાદ. સૌમિલ એસ. શાહ, અમદાવાદ. સાહિલ સૌમિલભાઈ શાહ, અમદાવાદ. અ. સૌ. શારદાબહેન ચંદુલાલ (બાંધણીવાળા) અમદાવાદ. શાહ રતિલાલ સુંદરજી વકીલ, અમરેલી

૨૦૧/૦૦ શાહ રસિકલાલ અમૃતલાલ, અમરેલી. શાહ રાજેશકુમાર ચીમનલાલ, વડોદરા. સ્વ. અ. સૌ. તારામતી જયંતીલાલ ગાંધી, વડોદરા. ગાંધી મોહનલાલ માનચંદ (કડીવાળા) મીઠાપુર. ભંડારી રૂપકુંવરબહેન શુકનરાજજી (સોજતવાળા) અમદાવાદ. શાહ રાયચંદ દલીચંદ (શિહોરવાળા) સાવરકુંડલા. શાહ વિમલેશભાઈ સુબોધચંદ્ર હ. વિજયભાઈ, અમદાવાદ. સ્વ. જશોદાબહેનના આત્મશ્રેયાર્થે હ. વિજયભાઈ, અમદાવાદ. સ્વ. સવિતાબહેન કાન્તિલાલ હ. વિજયભાઈ, અમદાવાદ

૧૫૧/૦૦ શાહ રાજેન્દ્રકુમાર રમણલાલ (કપડવંજવાળા) અમદાવાદ

૧૦૧/૦૦ શાહ શાંતિલાલ સુંદરજી (અમરેલીવાળા) માટુંગા. આર. ટી. શાહ, ભાવનગર. શાહ હંસાબહેન પ્રવીણચંદ્ર, ઘાટકોપર. કાન્તિલાલ ગણેશભાઈ શેઠ, સાન્તાક્રુઝ. શાહ નયનાબહેન દિનેશચંદ્ર, ઉધના. વિનોદ કે. શાહ, વાપી. સુમેરમલજી સુખરાજજી બાફના. નટવરલાલ પી. ગાંધી, વડોદરા. શાહ અશોકકુમાર શાંતિલાલ (રામપુરાવાળા) વડોદરા. શાહ રસિકલાલ મણિલાલ, વડોદરા. શાહ અમૃતલાલ મનસુખલાલ (સુંદરિયાણાવાળા) વીરમગામ. ધીરજલાલ તથા જયેન્દ્રભાઈ (શાહ રમણલાલ નાથજીભાઈ) બાલાસિનોર. સરોજબહેન રમણલાલ ચંદુલાલ સપરિવાર, બાલાસિનોર. ઝવેરી ચંદ્રકાન્ત ચીમનલાલ, બોરસદ. શાહ રવિકાન્ત સોમચંદભાઈ, બોરસદ. શાહ રમણલાલ અમૃતલાલ, બોરસદ. શાહ રજનીકાન્ત કેશવલાલ, બોરસદ. શાહ અંબાલાલ પ્રેમચંદ (મણિનગર) અમદાવાદ. આત્મશ્રેયાર્થે એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. આશિષ, અમદાવાદ. શાહ હસમુખલાલ શાંતિલાલ (મણિનગર) અમદાવાદ. શાહ અજયભાઈ લાલભાઈ, અમદાવાદ. શાહ જયંતીલાલ વાડીલાલ, અમદાવાદ. શાહ હીરાલાલ જાદવજીભાઈ, અમદાવાદ. ભંડારી માણકરાજજી પ્રસન્નરાજજી (સોજતવાળા) અમદાવાદ. શાહ સુમેરમલજી ધનરાજજી પેનવાળા, અમદાવાદ. શાહ અનિલકુમાર પોપટલાલ, અમદાવાદ. *શિંઘી ટ્રેડર્સ, અમદાવાદ. પારેખ જયંતીલાલ ધનજીભાઈ* (મોટા ભમોદરાવાળા) અમદાવાદ. શાહ ચીનુભાઈ મોહનલાલ, અમદાવાદ. આર. સી. વોરા (લીંબડીવાળા) અમદાવાદ. શાહ ભૂપેન્દ્રકુમાર શામજીભાઈ (શિહોરવાળા) અમદાવાદ. સ્વ. શાંતાબહેન રતિલાલ, સાણંદ. હ. રતિલાલ અમૃતલાલ પરિવાર. સ્વ. મહેતા ચિનુભાઈ ધનજીભાઈ હ. હસમુખભાઈ, સાણંદ. શ્રીમતી કંચનબહેન ભીખાભાઈ શાહ, અમરેલી. શ્રીમતી ઊર્મિલા રસિકલાલ શાહ, અમરેલી. ચિ. સ્વાતિ શાહ C/o. રસિકભાઈ શાહ, અમરેલી. શ્રી બાપુલાલ પરસોત્તમદાસ રામદેવપુત્ર, અમરેલી. ડૉ. શ્રી ઈન્દુકુમાર જે. કોટડિયા, અમરેલી.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ-૧ | **સ્વર અને વ્યંજન** | ૧ થી ૬ |
| | ૦ સ્વર અને વ્યંજનનું ઉચ્ચારણ | ૨ |
| | ૦ સ્વરની સહાય વિના વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકે ? | ૩ |
| | ૦ હલન્ત કોને કહેવાય | ૫ |
| પ્રકરણ-૨ | **જોડાક્ષરોનું વર્ગીકરણ અને સંયોજન** | ૭ થી ૨૩ |
| | ૦ જોડાક્ષર કોને કહેવાય | ૭ |
| | ૦ જોડાક્ષરોનું વર્ગીકરણ | ૭ |
| | ૦ પાયાનો સિદ્ધાંત | ૮ |
| | ૦ દંડ અને કાનો | ૧૦ |
| | ૦ દેવનાગરી લિપિ કોને કહેવાય | ૧૩ |
| | ૦ જોડાક્ષરોમાં અક્ષરોનું સંયોજન | ૧૪ |
| પ્રકરણ-૩ | **જોડાક્ષરોનું વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ - ૧** | ૨૪ થી ૬૧ |
| | ૦ બે અક્ષરવાળા જોડાક્ષરો | ૨૪ |
| | ૦ વ્યંજન 'ર્'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ | ૨૪ |
| | ૦ વ્યંજન 'શ'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ | ૨૫ |
| | ૦ વ્યંજન 'હ'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ | ૨૫ |
| | ૦ 'દ'યુક્ત જોડાક્ષરો | ૨૬ |
| | ૦ જોડાક્ષરોની ઓળખ | ૨૬ |
| | ૦ જોડાક્ષરોમાં અક્ષરોના જોડાણનો ક્રમ | ૨૭ |
| | ૦ 'દ્+ધ' અને 'દ્+ધ'ના જોડાણનો તફાવત | ૩૩ |
| | ૦ શેષ જોડાક્ષરો | ૩૯ |
| | ૦ 'શ'યુક્ત જોડાક્ષરો | ૪૫ |
| | ૦ 'હ'યુક્ત જોડાક્ષરો | ૪૮ |

o 'હ્મ'-'હ્ય'ની વિશેષતા ૫૦
o 'ક્ક' અને 'ક્ત' ૫૩
o 'ષ્ટ' અને 'ષ્ઠ' ૫૪
o 'દ્ધ' અને 'દ્ધ' ૫૪
o 'દ્વ' અને 'દ્વ' ૫૭
o 'દ્ય' અને 'દ્ય' ૫૯
o 'દ્ય' અને 'દ્ય' ૬૧

**પ્રકરણ-૪ જોડાક્ષરોનું વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ-૨ ૬૨ થી ૮૫**
o ત્રણ અક્ષરવાળા જોડાક્ષરો ૬૨
o 'સ્ર' અને 'સ્ત્ર' ૭૮
o ચાર અક્ષરવાળા જોડાક્ષરો ૮૦
o પાંચ અક્ષરવાળા જોડાક્ષરો ૮૫

**પ્રકરણ-૫ જોડાક્ષરોમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ રેફનું સ્થાન ૮૬ થી ૯૨**
o રેફ કોને કહેવાય ૮૬
o લેખન અને ઉચ્ચારણમાં શીર્ષસ્થ (પૂર્વાર્ધ) રેફની સ્થિતિ ૮૭
o લેખનમાં શીર્ષસ્થ રેફનું સ્થાન ૮૯
o અનુસ્વાર સાથે રેફ ૮૯
o અંગ્રેજી શબ્દોમાં રેફ લખવા અંગે મતભેદ ૮૯
o 'નિર્ઋતિ' અને 'કલૃપ્ત'માં સંયોગની વિશિષ્ટતા ૯૧

**પ્રકરણ-૬ અનુસ્વાર અને અનુનાસિક ૯૩ થી ૯૫**
o અનુસ્વારનું ઉચ્ચારણ ૯૩
o લેખનમાં અનુસ્વારનું સ્થાન ૯૪

**પ્રકરણ-૭ અક્ષર અને જોડાક્ષર ૯૬ થી ૧૦૩**
o ॐ (ઓમ્) જોડાક્ષર કે અક્ષર ? ૯૬

| | | |
|---|---|---|
| | ० 'શૃ' અને 'શ્રૃ'નો ભેદ | ૯૮ |
| | ० 'દ્‌ - દ - દ્દ - દ્ધ - દૃ'ના ભેદ | ૯૯ |
| | ० 'ઘ - ધ - ઘ'ના ભેદ | ૧૦૧ |
| | ० 'દ્ર' અને 'દ્ર'નો ભેદ | ૧૦૨ |
| **પ્રકરણ-૮** | **કેટલુંક વિશેષ** | **૧૦૪ થી ૧૨૬** |
| | ० ઉચ્ચારણશુદ્ધિ | ૧૦૪ |
| | ० ઉચ્ચારણપદ્ધતિ | ૧૦૫ |
| | ० લેખનદોષ | ૧૦૬ |
| | ० મુદ્રણદોષ | ૧૦૭ |
| | ० અક્ષરોના મરોડો | ૧૦૯ |
| | ० જોડાક્ષરો : અશુદ્ધ અને શુદ્ધ | ૧૧૦ |
| | ० બીબાં : અશાસ્ત્રીય અને શાસ્ત્રીય | ૧૧૨ |
| | ० અક્ષરોનાં અને જોડાક્ષરોનાં અયોગ્ય બીબાં | ૧૧૫ |
| | ० અક્ષરોનાં અને જોડાક્ષરોનાં યોગ્ય બીબાં | ૧૧૭ |
| | ० સાચું અને ખોટું | ૧૧૮ |
| | ० વ્યંજનસંયોગસૂચક કોઠો | ૧૨૨ |
| **પરિશિષ્ટ** | **ટિપ્પણી વગેરે** | **૧૨૭ થી ૧૯૩** |
| | ० ટિપ્પણી પ્રકરણ-૧ | ૧૨૭ થી ૧૩૧ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૨ | ૧૩૨ થી ૧૪૦ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૩ | ૧૪૧ થી ૧૫૫ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૪ | ૧૫૬ થી ૧૫૮ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૫ | ૧૫૯ થી ૧૬૧ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૬ | ૧૬૨ થી ૧૬૬ |
| | ० ટિપ્પણી પ્રકરણ-૭ | ૧૬૭ XXXXX |
| | ० ટિપ્પણી પ્રકરણ-૮ | ૧૬૮ થી ૧૬૯ |
| | ० કેટલાક જોડાક્ષરોનાં બીબાંની છાપ | ૧૭૦ |
| | ० દેવનાગરીમાં જોડાક્ષરોની વિભાવના | ૧૭૪ |
| | ० ડૉ. અ. ન. જાનીનો સંક્ષિપ્ત પરિચય | ૧૭૮ |
| | ० 'જોડાક્ષરવિચાર' પુસ્તક અંગે ભાષાવિશારદોના અભિપ્રાય | ૧૭૯ |
| | ० પ્રાપ્તિસ્થાન | ૧૯૩ |

## મુખશોભા : વાણીવિશુદ્ધિ

૧. केयूरा न विभूषयन्ति पुरुषं, हारा न चन्द्रोज्ज्वला,
न स्नानं न विलेपनं न कुसुमं, नालङ्कृता मूर्धजाः।
वाण्येका समलङ्करोति पुरुषं, या संस्कृता धार्यते,
क्षीयन्ते खलु भूषणानि सततं, वाग्भूषणं भूषणम्॥

**અર્થ:** કેયૂરો (બાજુબંધો) કે ચન્દ્ર જેવા ઉજ્જ્વળ હારો પુરુષને શોભાવતા નથી. સ્નાન ચંદનાદિકનું વિલેપન અને પુષ્પો તથા અલંકૃત કરેલા કેશ પણ પુરુષને શોભાવતા નથી.

સંસ્કૃતા વાણી એટલે વ્યાકરણાદિ દોષરહિત વાણી. આવી વાણી જ તેના બોલનાર પુરુષને અલંકૃત કરે છે - શોભાવે છે.

બીજાં આભૂષણો તો સતત નાશ પામનારાં છે; (નાશ નહિ પામનારું) વાણીરૂપી ભૂષણ જ પુરુષનું સાચું ભૂણષ છે.

---

૨. यद्यपि बहुनाधीषे तथापि, पठ पुत्र! व्याकरणम्।
स्वजनः श्वजनो मा भूत्, सकलं शकलं सकृच्छकृत्॥

**અર્થ:** હે પુત્ર, તારે બહુ ન ભણવું હોય તો ભલે, પણ તું વ્યાકરણ તો (અવશ્ય) ભણ; જેથી **સ્વજન** (સગાંવહાલાં) - **'શ્વજન'** (કૂતરું) ન થાય, **સકલ** (બધું) - **'શકલ'** (ટુકડો) ન થાય અને **સકૃત્** (એકવાર) **'શકૃત્'** (છાણ) ન થાય.

**ભાવાર્થ:** વ્યાકરણ ભણવાથી જોડણીની તથા ઉચ્ચારણની ભૂલો ન થાય અને તેથી થતા અર્થના અનર્થ પણ ન થાય.

(આ શ્લોકમાં 'સ'ને બદલે 'શ' બોલનાર પર કટાક્ષ છે.)

---

૩. अर्थसत्यं यथा वाच्यं, शब्दसत्यं तथैव हि।
शब्दानृतं च हातव्यं, अर्थानृतवदेव च॥

— कुमारिल भट्ट (तन्त्रवार्त्तिक)

**અર્થ:** જેમ શબ્દાર્થ સાચો કહેવો (ઉપલક્ષણથી લખવો) જોઈએ, તેમ શબ્દ પણ સાચો જ બોલવો (અને લખવો) જોઈએ. જેમ ખોટો અર્થ તજવા યોગ્ય છે, તેમ ખોટો શબ્દ પણ તજવા યોગ્ય છે.

**ભાવાર્થ:** ખોટો અર્થ કરવો નહિ અને ખોટો શબ્દ લખવો-બોલવો નહિ.

---

૪. न चैक एव प्रकारो मुखशोभायाः संस्थानं रमणीयता लावण्यं चेति।
स्त्रीविषयं ह्येतत्। विदुषां पुनः पद-वाक्य-न्यायोद्गारि मुखं शोभते॥

— कुमारिल भट्ट (तन्त्रवार्तिक)

**અર્થ:** સંસ્થાન (અવયવોની સપ્રમાણતા), રમણીયતા ને લાવણ્ય (મુખને શોભાવનાર છે.) મુખની શોભાનો આ એક જ પ્રકાર નથી (બીજો પણ છે.) મુખની શોભાનો આ પ્રકાર સ્ત્રીઓમાં જોવા મળે છે. જ્યારે વિદ્વાનોનું મુખ (બીજા પ્રકારે અર્થાત્) શુદ્ધપદ, શુદ્ધવાક્ય અને તર્કસુસંગત વાણી બોલવાથી શોભે છે.

**ભાવાર્થ:** માત્ર સુંદર ચહેરો સૌંદર્યનું પ્રતીક નથી. ચહેરો સુંદર હોય, પણ વાણી અશુદ્ધ (તેમ જ ખરાબ-અહિતકર) હોય તો ચહેરાનું સૌંદર્ય વ્યર્થ છે. વાણી શુદ્ધ (તેમ જ સુંદર-હિતકર) હોય તો ઉપર્યુક્ત સૌંદર્ય વિના પણ મુખ શોભી ઊઠે છે.

# જોડાક્ષરોની અનુક્રમણિકા


| જોડાક્ષર | પાનું | જોડાક્ષર | પાનું | જોડાક્ષર | પાનું |
|---|---|---|---|---|---|
| ૧. દ્ગ | ૨૮ | ૧૮. ર્ક | ૪૩ | ૩૫. ર્દ્ગ | ૭૦ |
| ૨. દ્દ | ૨૯ | ૧૯. ત્ન | ૪૪ | ૩૬. ર્દ્ધ | ૭૧ |
| ૩. દ્ધ | ૩૦ | ૨૦. શ્ચ | ૪૫ | ૩૭. દ્ધ્ય | ૭૨ |
| ૪. દ્ઘ | ૩૨ | ૨૧. શ્ન | ૪૬ | ૩૮. ચ્છ્વ | ૭૩ |
| ૫. દ્બ | ૩૩ | ૨૨. શ્ર | ૪૬ | ૩૯. ન્ત્ર | ૭૪ |
| ૬. દ્ભ | ૩૪ | ૨૩. સ્ર | ૪૭ | ૪૦. ર્દ્ય | ૭૫ |
| ૭. દ્મ | ૩૫ | ૨૪. હ્ણ | ૪૯ | ૪૧. ષ્ટ્ર | ૭૬ |
| ૮. દ્ય | ૩૬ | ૨૫. હ્મ | ૫૦ | ૪૨. સ્ત્ર | ૭૭ |
| ૯. દ્વ | ૩૭ | ૨૬. હ્ય | ૫૦ | ૪૩. ર્દ્ધ્ર | ૮૦ |
| ૧૦. દ્ર | ૩૮ | ૨૭. હ્લ | ૫૧ | ૪૪. ર્ષ્ટ્ય | ૮૧ |
| ૧૧. ઙ્ઠ | ૩૯ | ૨૮. હ્વ | ૫૧ | ૪૫. ર્ષ્ણ્ય | ૮૩ |
| ૧૨. ક્ષ | ૪૦ | ૨૯. ઙ્ય | ૫૨ | ૪૬. ર્ક્ષ્ય | ૮૪ |
| ૧૩. જ્ઞ | ૪૦ | ૩૦. ગ્ય | ૬૨ | ૪૭. ર્ત્સ્ન્ય | ૮૫ |
| ૧૪. ઞ | ૪૧ | ૩૧. ધ્ય | ૬૪ | | |
| ૧૫. ઙ | ૪૨ | ૩૨. શ્ચ્ય | ૬૫ | . અક્ષર | પાનું |
| ૧૬. ત્ત | ૪૨ | ૩૩. ઙ્ક્ય | ૬૭ | ૧. ઽ | ૯૬ |
| ૧૭. ત્ર | ૪૨ | ૩૪. ઙ્ક્ષ | ૬૯ | ૨. શૃ | ૯૭ |

**तुलसी तळसी जाता, मुकुन्दोपि मकन्दताम्।**
**गुर्जराणां मुखं भ्रष्टं, शिवोपि शवतां गतः॥**

અર્થ : જે મુખ દ્વારા **'તુલસી' 'તળસી'** બન્યું, **'મુકુન્દ'** પણ **'મકન્દપણાને'** પામ્યા અને **'શિવ'** (પરમેશ્વર) પણ **'શવતા'** (શબતા-મડદાપણું)ને પામ્યા તે ગુર્જરોનું (ગુજરાતીઓનું) મુખ (ઉચ્ચારણ) ભ્રષ્ટ છે.

ભાવાર્થ : ગુજરાતીઓ **'શિવલાલ'**નું **'શવલાલ'** કે **'શવજી'** કરીને બોલે છે. અર્થાત્ અશુદ્ધ ઉચ્ચારણ કરવા વડે **'શિવ'**નું **'શવ'** કરી નાખે છે. **'વ-બ'**નો અભેદ હોવાથી **'શવ'**નું **'શબ'** થાય છે. **'શબ'**નો અર્થ **'મડદું'** થાય છે.

કહેવાનો ભાવ એ છે કે શબ્દમાં રહેલા કોઈ એકાદ અક્ષરના ઉચ્ચારણમાં નજીવો ફેરફાર થઈ જાય છે, તો પણ ઘણીવાર સારા અથવા ઈષ્ટ અર્થને બતાવનાર શબ્દ પણ, ખરાબ અથવા અનિષ્ટ અર્થને બતાવનાર બની જાય છે.

ઉચ્ચારણ વિષયક પ્રમાદના પરિણામે **'તુલસીદાસ'**નું **'તળસીદાસ'** અને **'મુકુન્દ'**નું **'મકન્દ'** બોલાય ત્યારે તે અશુદ્ધ ઉચ્ચારણ વિબુધજનોનાં હૃદયને સંતાપ પમાડનાર બને છે.

અહીં વાત ભલે માત્ર ગુજરાતીઓને ઉદ્દેશીને કરવામાં આવી હોય, પરન્તુ ગુર્જરદેશના લોકો જ અશુદ્ધ ભાષા બોલે છે અને બાકીના બધા જ દેશના લોકો શુદ્ધ ભાષા બોલે છે, એમ કહેવાનો આશય નથી. કારણ કે અશુદ્ધ ભાષા તો ભલે ઓછેવત્તે અંશે પણ સર્વ દેશના લોકો બોલે જ છે.

મરાઠીમાં **'વર'**ને **'નવરો'** કહે છે. તેથી મરાઠીઓ માટે પણ **'महाराष्ट्रमुखं भ्रष्टं, वरो नवरतां गतः।'** વગેરે બોલાય છે.

આથી હકીકતમાં આ વાત સર્વ દેશના લોકોને લાગુ પડે જ છે.



# ૧ સ્વર અને વ્યંજન

સૌ પ્રથમ તો અક્ષર કોને કહેવાય અને જોડાક્ષર કોને કહેવાય એ સમજવું જરૂરી છે.

અક્ષરોના સ્વર અને વ્યંજન એવા બે મુખ્ય ભેદ છે :

૧. **સ્વર: અ - આ - ઇ - ઈ - ઉ - ઊ - ઋ - ૠ - ઌ - ૡ - એ - ઐ - ઓ - ઔ (-અં - અઃ)** આ ૧૪ (૧૬) અક્ષરોને સ્વર કહે છે. (જુઓ ટિપ્પણી પાનું ૧૩૦)

**'અં - અઃ'** આમાં એક અનુસ્વાર છે અને બીજો વિસર્ગ છે. હકીકતમાં આ બે સ્વર નથી. પરન્તુ સુખેથી ઉચ્ચારણ થઈ શકે તે માટે તેની પૂર્વમાં (આગળ) **'અ'** સ્વર જોડાય છે. સ્વરો તો ચૌદ જ છે.

૨. **વ્યંજન:**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ | (ક વર્ગ) |
| ચ | છ | જ | ઝ | ઞ | (ચ વર્ગ) |
| ટ | ઠ | ડ | ઢ | ણ | (ટ વર્ગ) |
| ત | થ | દ | ધ | ન | (ત વર્ગ) |
| પ | ફ | બ | ભ | મ | (પ વર્ગ) |
| ય | ર | લ | વ | | |
| શ | ષ | સ | હ | | |
| ળ | ક્ષ | જ્ઞ | | | |

આ ૩૬ અક્ષરોને વ્યંજન કહે છે. તે ઉચ્ચારણને માંટે ખોડાના (હલ્‌સૂચક) ચિહ્ન વગર આખા જ આપ્યા છે. (ટિ. પા. ૧૨૭)

**'ક્ષ'** અને **'જ્ઞ'** આ બે હકીકતમાં જોડાક્ષર છે, પણ ગુજરાતીમાં લિપિ પૂરતા મૂળાક્ષર તરીકે ગણાય છે.

સ્વર અને વ્યંજન મળી આ પ્રમાણે કુલ ૫૨ (બાવન) અક્ષરો છે. (જુઓ પાનું ૧૩૧)

## સ્વર અને વ્યંજનનું ઉચ્ચારણ

સ્વરો એકલા બોલી શકાય છે, જ્યારે વ્યંજનો સ્વરની સહાયથી જ બોલી શકાય છે; અર્થાત્ વ્યંજનમાં **'અ'**થી **'ઔ'** સુધીનો કોઈ પણ એક સ્વર ઉમેરાય ત્યારે જ તે બોલી શકાય છે. કોઈ પણ એક સ્વરની સહાય વિના વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકતું જ નથી. શબ્દમાં વ્યંજનની આગળ કે પાછળ કોઈ પણ એક સ્વર રહેલો હોય ત્યારે જ તેનું ઉચ્ચારણ શક્ય બને છે; દા૦ ત૦, **સ્વ, વ્ય** — આ બંનેમાં ખોડા (અડધા) વ્યંજનોની પાછળ (અ) સ્વર રહેલો છે, માટે જ **'સ્ - વ્'** અને **'વ્ - ય્'** વ્યંજનનું ઉચ્ચારણ શક્ય બન્યું છે.

**ધિક્, છટ્** — આ બંનેમાં ખોડા (અડધા) વ્યંજનોની આગળ **(ઇ અને અ)** સ્વર રહેલો છે, માટે જ **'ક્'** અને **'ટ્'** વ્યંજનનું ઉચ્ચારણ શક્ય બન્યું છે.

ડૉ. ઈશ્વરલાલ ર. દવેના જણાવવા પ્રમાણે સ્વર અને વ્યંજનની નવી વ્યાખ્યા આ પ્રમાણે છે : ''કોઈ પણ વર્ણના ઉચ્ચારણ વખતે શ્વાસવાયુના નિર્ગમન સમયે મુખવિવરમાં ક્યાંક અવરોધ ઊભો થાય ત્યારે વ્યંજનનું ઉચ્ચારણ થાય અને કોઈ પણ જાતનો અવરોધ ન થાય, જીભનો ક્યાંય સ્પર્શ ન થાય, માત્ર હલનચલન થાય ત્યારે સ્વરનું ઉચ્ચારણ થાય.''

## અડધો (ખોડો) અક્ષર

કોઈ પણ સ્વર ભળ્યા વિનાના એકલા વ્યંજનને ગુજરાતી ભાષામાં અડધો કે ખોડો અક્ષર કહેવાય છે; દા૦ ત૦, **'ક્ - ખ્ - ગ્ - ઘ્'** વગેરે.

## આખો અક્ષર

કોઈ પણ એક સ્વર ભળેલા વ્યંજનને આખો અક્ષર કહેવાય છે; દા૦ ત૦, **ક્ + અ = ક, ક્ + આ = કા, ક્ + ઇ = કિ, ક્ + ઈ = કી** વગેરે.

## સ્વરયુક્ત વ્યંજનાક્ષર

એકલા વ્યંજનની સાથે **'અ'**થી **'ઔ'** સુધીનો કોઈ પણ એક સ્વર ભળીને બનેલા અક્ષરને 'સ્વરયુક્ત વ્યંજનાક્ષર' કહેવાય છે, પણ તેને જોડાક્ષર કહેવાતો નથી; દા૦ ત૦, **ક્ + અ = ક, ક્ + ઋ = કૃ, ક્ + ઔ = કૌ** વગેરે.

## સન્ધ્યક્ષર

**અ કે આ + ઇ કે ઈ = એ। અ કે આ + એ = ઐ।**

**અ કે આ + ઉ કે ઊ = ઓ। અ કે આ + ઓ = ઔ।**

આવી રીતે બે સ્વર મળીને બનેલા **'એ - ઐ - ઓ - ઔ'** આ ચારને સન્ધ્યક્ષર કહેવાય છે, પણ જોડાક્ષર કહેવાતા નથી.

## સ્વરની સહાય વિના વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકે?

### ખોડાનું ચિહ્ન:

સ્વરની સહાય વિના વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકતું જ નથી. તેથી જ માહેશ્વર સૂત્રોમાં **'હ્ય્વ્ર્ટ્'** એમ નહિ લખતાં **'હયવરટ્'** એમ લખાય છે. ભટ્ટોજિ દીક્ષિત તેથી જ ખુલાસો કરે છે કે, 'હકારાદિષ્વકારઃ ઉચ્ચારણાર્થઃ। હયવરટ્।' આ સૂત્રમાં હકાર વગેરેમાં જે અકાર છે તે ઉચ્ચારણને માટે છે. લિપિમાં આ અકાર મોટે ભાગે દંડથી સૂચવાય છે; દા૦ ત૦, **'ક-ખ-ગ-ઘ'** આમાં રહેલો દંડ અકારસૂચક છે.

લિપિના આ વર્ણોને જ્યારે સ્વરરહિતપણે બોલવાના હોય છે, ત્યારે તેના અકારસૂચક દંડની નીચે છેદસૂચક અથવા રદબાતલસૂચક '્' આવું ખોડાનું ચિહ્ન કરાય છે. આ ચિહ્ન તે તે વર્ણોમાંથી (તેના ઉચ્ચારણને સૂચવનારા) **'અ'** સ્વરને કાઢી નાખે છે. તેથી **'વાગ્, ભગવાન્, સરિત્'** વગેરે શબ્દો **'હલન્ત'** (વ્યંજનાંત) કહેવાય છે અને તેમાંના સ્વરરહિત **'ગ્-ન્-ત્'** અક્ષરો ખોડા કહેવાય છે. કારણ કે તેનો દંડરૂપી પગ હલ્સૂચક ચિહ્નોએ કાઢી નાખ્યો છે, અથવા ભાંગી નાખ્યો છે. આમ આ હલ્સૂચક ચિહ્ન વર્ણોને ખોડા બનાવતું હોવાથી **'હલ્સૂચક'** (ખોડાનું) ચિહ્ન એવી તેની પ્રસિદ્ધિ થઈ.

## 'વ્યંજન' શબ્દની વ્યુત્પત્તિ

વ્યજ્યતે સ્વરેણ (ન સ્વયં) ઈતિ વ્યઞ્જનમ્। અર્થ: જે સ્વરની મદદથી જ વ્યક્ત થાય છે (જાતે એકલો વ્યક્ત થઈ શક્તો નથી) તે વ્યંજન છે. વ્યંજન શબ્દની આ વ્યુત્પત્તિ દ્વારા જ એ વાતનું સ્પષ્ટીકરણ થઈ જાય છે કે વ્યંજનની વ્યક્તિ અર્થાત્ ઉચ્ચારણ માટે તેની પૂર્વમાં (દા૦ત૦, '**વાક્**') કે પછી (દા૦ત૦, '**પ્રાણ**') સ્વર જરૂરી છે જ. અર્થાત્ આગળ કે પાછળ એક વ્યંજન (દા૦ત૦, '**ક્**') કે સંયુક્ત (બે-ત્રણ વગેરે) વ્યંજન (દા૦ત૦, '**વ્ય**', '**ન્ત્ય**') બોલવા માટે સ્વરની સહાય સ્વીકારવી જ પડે છે.

'**પ્રવીણ**'માં રહેલા જોડાક્ષર '**પ્ર**'માં '**પ્ + ર્**' એ સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઉત્તરવર્તી (પાછળ રહેલા) '**અ**' સ્વરની સહાય વિના શક્ય જ નથી.

'**પ્રાણ**'માં રહેલા જોડાક્ષર '**પ્રા**'માં '**પ્ + ર્**' એ સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઉત્તરવર્તી '**આ**' સ્વરની સહાય વિના શક્ય જ નથી.

'**ક્રૂર**'માં રહેલા જોડાક્ષર '**ક્રૂ**'માં '**ક્ + ર્**' એ સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઉત્તરવર્તી '**ઊ**' સ્વરની સહાય વિના શક્ય જ નથી.

'**ગ્લાન**'માં રહેલા જોડાક્ષર '**ગ્લા**'માં '**ગ્ + લ્**' એ સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઉત્તરવર્તી '**આ**' સ્વરની સહાય વિના શક્ય જ નથી.

'**દ્રવ્ય**'માં રહેલા જોડાક્ષર '**દ્ર**' અને '**વ્ય**'માં અનુક્રમે '**દ્ + ર્**' અને '**વ્ + ય્**' આ બંને સંયુક્ત વ્યંજનોનું ઉચ્ચારણ ઉત્તરવર્તી (બંને જોડાક્ષરમાં પાછળ રહેલા) '**અ**' સ્વરની સહાય વિના શક્ય જ નથી.

એવી જ રીતે '**જગત્**', '**પૃથક્**' વગેરે શબ્દોમાં પણ '**ત્-ક્**'ની પૂર્વના ગકાર-થકારમાં રહેલા '**અ**' સ્વરની સહાય વિના અન્ત્ય '**ત્-ક્**'નું ઉચ્ચારણ શક્ય જ નથી.

જેમ '**ક્-ખ્-ગ્-ઘ્**' આદિ એકલા વ્યંજનોનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના થઈ શકતું નથી, તેમ '**પ્ર્ - ક્ર્ - ગ્લ્ - વ્ય્ - ન્ત્ય્ - ત્સ્ય્**' વગેરે સંયુક્ત વ્યંજનોનું ઉચ્ચારણ પણ આગળ કે પાછળ રહેલા '**અ**'થી '**ઔ**' સુધીના કોઈ પણ એક સ્વરની સહાય વિના થઈ શકતું જ નથી.

જેમ કોઈ એક (અસંયુક્ત) વ્યંજન સ્વરની સહાયથી જ બોલી શકાય છે તેમ બે-ત્રણ વગેરે સંયુક્ત વ્યંજનો પણ આગળ કે પાછળ *રહેલા કોઈ એક સ્વરની સહાયથી જ બોલી શકાય છે.*

કેટલાકની એવી માન્યતા જણાય છે કે, 'કોઈ એક વ્યંજનનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના થઈ શકતું નથી એ વાત બરાબર છે, પરન્તુ **'પ્રેમ - પ્રાણ - ગ્લાન - ક્રૂર - અન્ત્ય - મત્સ્ય'** આદિ શબ્દોમાં રહેલા સંયુક્ત વ્યંજનોનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના થઈ શકે છે.' પરન્તુ તેમની આ વાત સમજવી કઠિન છે. કારણ કે **'પ્રેમ'** આદિ શબ્દોમાં પણ **'એ-આ-ઊ'** આદિ સ્વરો તો રહેલા જ છે. તે શબ્દોમાં રહેલા તે તે સ્વરોને કાઢી નાખીને જો તે શબ્દોનું ઉચ્ચારણ કરી બતાવવામાં આવે તો જ તેમની એ વાત માન્ય બની શકે. પણ એ શક્ય જ નથી. વળી વ્યાકરણદૃષ્ટિએ પણ એમની વાત સિદ્ધ થઈ શકતી નથી. માટે આગળ કે પાછળ કોઈ પણ એક સ્વરની સહાય વિના અસંયુક્ત કે સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકતું નથી એમ જકારપૂર્વક જ કહેવું પડે છે.

## હલન્ત કોને કહેવાય

**'અજન્ત' અને 'હલન્ત' :**

વૈયાકરણ પાણિનિ મુનિએ પોતાના વ્યાકરણમાં સ્વરો માટે **'અચ્'** અને વ્યંજન માટે **'હલ્'** એવી સંજ્ઞાઓ વાપરી છે. એ સંજ્ઞાઓની પાછળ (નીચે કૌંસમાં બતાવ્યા પ્રમાણે) **'અન્ત'** શબ્દ જોડવાથી (અચ્ + અન્ત = અજ્ + અન્ત = અજન્ત, હલ્ + અન્ત = હલન્ત) **'અજન્ત'** અને **'હલન્ત'** એવા બે શબ્દો બને છે.

૧. **અજન્ત='અચ્'** છે અન્તમાં જેને એવા શબ્દો અર્થાત્ જે શબ્દોના અન્તે સ્વર હોય એવા શબ્દોને **'અજન્ત'** કહેવાય છે; દા૦ ત૦, **દેવ, ગિરિ, ગુરુ, પિતૃ,** ગો વગેરે.

૨. **હલન્ત='હલ્'** છે અન્તમાં જેને એવા શબ્દો અર્થાત્ જે શબ્દોના અન્તે વ્યંજન હોય એવા શબ્દોને **'હલન્ત'** કહેવાય છે; દા૦ ત૦, **વાચ્, ભૂભૃત્, કરિન્, ધનુષ્** વગેરે.

**'હલન્ત'** શબ્દની **'હલ્'** છે અન્તમાં જેને (એવો શબ્દ) એવી વ્યુત્પત્તિ હોવા છતાં હવે મુદ્રણાલયોમાં ઘણી વાર આખા શબ્દને બદલે તેમાંના એક જ ખોડા અક્ષર માટે પણ **'હલન્ત'** શબ્દપ્રયોગ કરવાની રૂઢિ પડી ગઈ છે.

દા૦ ત૦, બીબાં ગોઠવનારને સૂચના આપતી વખતે એમ કહેવામાં આવે છે કે **'જગત્'** શબ્દમાં **'ત'** આખો નહીં, પણ **'હલન્ત'** જોઈએ.

ખોડાના '્' આ ચિહ્નને **'હલન્ત'** કહેવું બરાબર નથી. એને **'હલ્સૂચક'** કહેવું યોગ્ય છે, કારણ કે તે દંડસૂચિત સ્વરને રદ કરીને વર્ણ **'હલ્'** છે એમ સૂચવે છે.

**'અજન્ત'** (સ્વરાન્ત) શબ્દને **'હલન્ત'** (વ્યંજનાન્ત) કરનાર આ (ખોડાના) ચિહ્નને લક્ષણાથી **'હલન્ત'** (ચિહ્ન) પણ કહી શકાય.



# ૨ જોડાક્ષરોનું વર્ગીકરણ અને સંયોજન

**જોડાક્ષર કોને કહેવાય :**

બે વ્યંજનોની વચ્ચે કોઈ સ્વર ન હોય ત્યારે બંને વ્યંજનો પરસ્પર જોડાઈ જાય છે. આવી રીતે જોડાઈ ગયેલા વ્યંજનાક્ષરોને સંયુક્તાક્ષર અથવા જોડાક્ષર કહેવાય છે; દા૦ત૦, **ટ્ઠ, દ્મ, મ્લ, લ્ય, શ્ન, સ્સ** *વગેરે.*

બે કે બેથી વધુ વ્યંજનો જોડાઈને બનેલા અક્ષરોના સમૂહને જ જોડાક્ષર કહેવાય છે; દા૦ત૦, **ખ્ત (પુખ્ત), વ્ર (વ્રજ), સ્ત (પ્રશસ્ત), ચ્છ્વ (ઉચ્છ્વાસ), ત્સ્ય (મત્સ્ય), ન્ત્ય (અન્ત્ય)** વગેરે.

## જોડાક્ષરોનું વર્ગીકરણ

**૧. સીધી લીટીમાં અક્ષરોના જોડાણથી બનતા જોડાક્ષરો—**
**ગ્ય** (યોગ્ય), **ચ્છ** (સ્વચ્છ), **ત્વ** (મમત્વ), **ન્મ** (જન્મ), **ન્ત્ય** (દન્ત્ય) વગેરે.

**૨. ઉપર-નીચે અક્ષરોના જોડાણથી બનતા જોડાક્ષરો—**
**ડ્ડ** (ઉડ્ડયન), **દ્વ** (દ્વાર), **દ્મ** (પદ્મ), **દ્દ** (ઉદ્દેશ), **દ્ધ** (શુદ્ધ), **દ્ય** (વૈદ્ય) વગેરે.

**૩. એક જ વર્ગના** (સજાતીય) **અક્ષરો જોડાઈને બનતા જોડાક્ષરો—**
**ક્ક** (અક્કલ), **ચ્છ** (ગચ્છ), **જ્ઝ** (સજ્ઝાય), **ત્ન** (રત્ન), **મ્પ** (સમ્પ) વગેરે.

**૪. જુદાજુદા વર્ગના** (વિજાતીય) **અક્ષરો જોડાઈને બનતા જોડાક્ષરો-**
**ક્ય** (વાક્ય), **ત્મ** (આત્મા), **દ્વ** (દ્વન્દ્વ), **મ્ય** (રમ્ય), **વ્ર** (વ્રત), **શ્ન** (પ્રશ્ન) વગેરે.

**૫. એક જ અક્ષર બેવડાઈને જોડાવાથી બનતા જોડાક્ષરો—**
**ગ્ગ** (ફુગ્ગો), **ચ્ચ** (ઉચ્ચ), **ઠ્ઠ** (લઠ્ઠ), **ત્ત** (પિત્ત), **દ્દ** (મુદ્દલ), **લ્લ** (મલ્લ), **ન્ન** (અન્ન) વગેરે.

**૬. જેમાં બંને અક્ષરોની મૂળ આકૃતિ પૂર્ણપણે સચવાઈ છે એવા જોડાક્ષરો—**

**ક્ત** (ભક્ત), **ગ્ય** (ભાગ્ય), **ચ્છ** (કચ્છ), **મ્લ** (અમ્લ), **ભ્ય** (સભ્ય), **સ્વ** (સ્વર્ગ), **હ્લ** (પ્રહ્લાદ) વગેરે.

**૭. જેમાં બેમાંથી એક અક્ષરની મૂળ આકૃતિ પૂર્ણપણે અને બીજા અક્ષરની મૂળ આકૃતિ આંશિક રીતે સચવાઈ છે એવા જોડાક્ષરો—**

**ત્ત** (અત્તર), **ક્ર** (ક્રમ), **ર્ક** (તર્ક), **શ્ચ** (નિશ્ચય) વગેરે.

**૮. જેમાં બંને અક્ષરોની મૂળ આકૃતિ બિલકુલ સચવાઈ નથી એવા જોડાક્ષરો—**

**ક્ષ** (પક્ષ), **જ્ઞ** (યજ્ઞ, જ્ઞાન)

**क्** + **ष** = **ક્ષ,** ज् + ञ = **જ્ઞ**—આ બે જ જોડાક્ષરો એવા છે કે જેમાં જોડાયેલા અક્ષરોની મૂળ આકૃતિ બિલકુલ સચવાઈ નથી.

## પાયાનો સિદ્ધાંત

ગુજરાતી લિપિના વ્યંજનો જોડાણની દૃષ્ટિએ નીચે પ્રમાણે આઠ વિભાગમાં વહેંચાઈ જાય છે :

**૧. ખ - ગ - ઘ - ચ - ઞ - ણ - ત - થ - ધ - ન - પ - બ - ભ - મ - ય - લ - વ - શ - ષ - સ - ળ - ક્ષ - જ્ઞ**

આ ૨૩ વ્યંજનોને અંતે 'ા' આવી ઊભી લીટી આવે છે અને તેને દંડ કહે છે. અંતે દંડવાળા આ વ્યંજનોની પાછળ 'ર' સિવાયના બીજા વ્યંજનો જોડાય છે ત્યારે પૂર્વમાં રહેલા આ વ્યંજનોના દંડને કાઢી નાખવામાં આવે છે; દા૦ત૦, **દિવ્** + **ય** = **દિવ્ય, દિગ્** + **ગજ** = **દિગ્ગજ, ફળ્** + **યું** = **ફળ્યું, ભક્ષ્** + **ય** = **ભક્ષ્ય** પરન્તુ **નમ્ર, તીવ્ર, વિપ્ર** વગેરેમાં દંડ રહે છે. (ટિ. પા.૧૪૯)

૨. ઙ - છ - ઝ - ટ - ઠ - ડ - ઢ

આ ૭ વ્યંજનોની પાછળ બીજા વ્યંજનો જોડાય છે ત્યારે પૂર્વમાં રહેલા આ વ્યંજનોને હાલની પદ્ધતિ પ્રમાણે ઘણું કરીને ખોડા લખવામાં આવે છે અથવા ('ઝ' સિવાય) પછીના વ્યંજનોને તેની નીચે જોડવામાં આવે છે. આ ઉપર-નીચે જોડીને લખવાની પદ્ધતિ શાસ્ત્રશુદ્ધ છે; દા૦ત૦, **અઙ્ગ - અઙ્ગ, ઉચ્છ્વાસ - ઉચ્છ્વાસ, ટટ્ટુ - ટટ્ટુ, ઉડ્ડયન - ઉડ્ડયન** વગેરે.

૩. ક - ફ

આ બે વ્યંજનો વચમાં '—' આવી આડી લીટીવાળા છે. એને દંડ (તીરછો દંડ) કહે છે. પછીના વ્યંજનો મધ્યમાં રહેલા આના દંડની સાથે જોડીને લખાય છે; દા૦ત૦, **ક્વ, ક્લ, ક્ક, ક્ત, ફ્લ** વગેરે. અપવાદ ફ્ + ર = ફ્ર

૪. જ

આ વ્યંજનની પાછળ બીજા વ્યંજનને જોડતી વખતે તેને છેડે રહેલી ઊંચે જતી (જ←) કૌંસમાં તીરથી બતાવેલી લીટીને નાની કરવામાં આવે છે અથવા આ આખા અક્ષરને નાનો કરવામાં આવે છે;

દા૦ત૦, **ઉજ્જ્વળ, રાજ્ય, જ્વાળા**
**ઉજ્જ્વળ, રાજ્ય, જ્વાળા**

૫. દ

(ગુજરાતી લિપિનો 'દ' દંડરહિત હોવાથી) આ વ્યંજનની પાછળ બીજા વ્યંજનોને જોડવા માટે સુગમતા ખાતર દેવનાગરી લિપિનો આવો (દંડવાળો) 'द' શિરોરેખા કાઢીને સ્વીકારાયો છે. (તેનો ઉપરનો શિરોરેખા સાથે લટકાવવાનો દંડ ગોળાકાર થઈ ગયો છે.) પછીના વ્યંજનો તેની નીચેના ભાગમાં રહેલા અકારસૂચક દંડ સાથે જોડાય છે; દા૦.ત૦, દ્ + ધ = **દ્ધ**, દ્ + મ = **દ્મ**
દ્ + ય = **દ્ય**, દ્ + ર = **દ્ર** વગેરે.

૬. ર

આ વ્યંજનની પાછળ બીજા વ્યંજનોને જોડતી વખતે તેની આકૃતિ આવી ' C ' અંગ્રેજીના મૂળાક્ષર 'સી' જેવી કરવામાં આવે છે.

તેને **'રેફ'** કહે છે અને તેને પછીના વર્ણના માથે મૂકવામાં આવે છે. ઉપરના અક્ષરનું ઉચ્ચારણ પહેલું થાય અને નીચેના અક્ષરનું ઉચ્ચારણ પછી થાય એ નિયમ પ્રમાણે રેફનું ઉચ્ચારણ પહેલું થશે; દા૦ત૦, **ધર્મ, કર્મ, વર્ય, ચર્ચા, મર્ત્ય, હર્મ્ય** વગેરે.

૭. **હ**

આ વ્યંજનની પાછળ બીજા વ્યંજનોને તેની બિલકુલ નીચે નહિ પણ વચમાં જોડવામાં આવે છે; દા૦ત૦, **હ્ + મ = હ્મ, હ્ + વ = હ્વ, હ્ + ય = હ્ય, હ્ + ર = હ્ર** વગેરે.

૮. **ળ**

આ વ્યંજનની પાછળ માત્ર **'ય'** જ જોડાય છે. **'ય'** જોડતી વખતે અંતે રહેલા દંડને કાઢી નાખવામાં આવે છે; દા૦ત૦, **મળ્યું, ગળ્યું, ફળ્યું** વગેરે.

******************

## દંડ અને કાનો

**'ન', 'મ'** વગેરે અક્ષરોમાં અંતે જે 'l' આવી ઊભી લીટી હોય છે તે અકારવાચક છે. સંસ્કૃતમાં તેને **'દંડ'** કહે છે. શ્લોકાર્ધના અંતે '।' આવો એક દંડ અને પૂર્ણ શ્લોકના અંતે '॥' આવા બે દંડ મુકાય છે. તેથી દંડ શબ્દ યોગ્ય જ છે. એ દંડાની જેમ ઊભો રહેતો હોવાથી એની **'દંડ'** એવી અન્વર્થક સંજ્ઞા છે. હિન્દીમાં એને **'ખડી પાઈ'** કહે છે. એમાં પણ **'ઊભો પાદ'** એવો જ ભાવ છે.

દંડ પછીની ઊભી લીટીને **'કાનો'** કહેવાય છે. કર્ણ ઉપરથી કાન અને કાન ઉપરથી **'કાનો'** શબ્દ બનેલો છે. જેમ મુખની પડખે કાન હોય તેમ અક્ષરની પડખે કાનો હોય. દંડ પછીની **'આ'** સ્વરસૂચક ઊભી લીટી તે **કાનો.**

દંડ અકારવાચક છે અને કાનો આકારવાચક છે. દંડ અને કાનાનો આ મહત્ત્વનો ભેદ અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

**ન** ← આને (અકારવાચક) દંડ કહે છે.

**ના** ← આને (આકારવાચક) **કાનો** કહે છે.

**ન્** + **અ** = **ન** આ પ્રમાણે દંડ અકારસૂચક છે. માટે જ દંડની નીચે આડી લીટીરૂપ '્' આવું રદ-બાતલસૂચક ચિહ્ન (જેને હલ્સૂચક કહે છે) કરીને તેને **'અ'** સ્વરરહિત બતાવાય છે; દા૦ ત૦, **'ન્'**, **'મ્'** વગેરે.

**'ના'**માં બીજો દંડ અર્થાત્ કાનો હકીકતમાં આકારવાચક નથી. **'ન'**માં રહેલો પ્રથમ દંડ જેમ અકારવાચક છે, તેમ બીજો દંડ જેની સંજ્ઞા (કર્ણ = કાનની જેમ બાજુમાં રહેતો હોવાથી) **'કાનો'** છે, તે પણ અકારવાચક જ છે. એથી (દંડ=**અ**, કાનો=**અ**; **અ+અ=આ**) **ન્+અ+અ=ન્+આ='ના'** થાય છે.

ગુજરાતીમાં બાળકોને **'ન'**ને કાનો **'ના'** એમ શીખવાય છે, અર્થાત્ કાનાને **'આ'** ગણાવાય છે તે શિક્ષણની સરળતા ખાતર છે.

અક્ષરને વર્ણ કહે છે. કેટલાક વર્ણો અંતે દંડવાળા છે, કેટલાક વર્ણો મધ્યમાં દંડવાળા છે, કેટલાક વર્ણો અર્ધ-દંડવાળા છે અને કેટલાક વર્ણો દંડરહિત છે.

જે વર્ણોના અંતે દંડ આવતો હોય તે વર્ણો અન્ત્યદંડવાળા કહેવાય છે. તેમાં પૂર્ણદંડ હોવાથી તે પૂર્ણદંડવાળા પણ કહેવાય છે.

જે વર્ણોના મધ્યભાગમાં દંડ હોય તે વર્ણો મધ્યદંડવાળા કહેવાય છે.

જે વર્ણોનો દંડ ટૂંકો કે અર્ધો હોય તે વર્ણો અર્ધદંડવાળા કહેવાય છે. અને જે વર્ણોમાં દંડ બિલકુલ ન હોય તે વર્ણો દંડરહિત (અદંડ) કહેવાય છે.

**'क - ख - ग - घ - च - ज - झ - ञ - ण - त - थ - ध - न - प - फ - ब - भ - म - य - व - श - ष - स - क्ष - ज्ञ'**

આ ૨૫ વર્ણો દેવનાગરી લિપિમાં પૂર્ણદંડવાળા છે. એમાંના 'क - फ' સિવાયના ૨૩ વર્ણો અન્ત્યદંડવાળા છે.

**'क - फ'** આ બે વર્ણો પૂર્ણદંડવાળા પણ છે અને દંડ મધ્યમાં રહેતો હોવાથી મધ્યદંડવાળા પણ છે. દેવનાગરીમાં 'क - फ' આમ આડા લખાતા હોવાથી તેનો દંડ ઊભો રહે છે. ગુજરાતીમાં આ બંને વર્ણો **'ક - ફ'** આમ ઊભા લખાય છે અને ઊભા લખતી વખતે પણ તેનો દંડ તો મધ્યમાં જ રહે છે, પરન્તુ તે ઊભાને બદલે આડો થઈ જાય છે. તેથી ગુજરાતીમાં આ બે વર્ણોને મધ્યદંડવાળા પણ કહેવાય અને તિર્યક્ અથવા તીરછા દંડવાળા પણ કહી શકાય.

**'ङ - छ - ट - ठ - ड - ढ - द - ल - ह - ळ'** આ ૧૦ વર્ણો દેવનાગરી લિપિમાં અર્ધદંડવાળા છે. આમાં દંડ ટૂંકો છે. અને તે શિરોરેખા સાથે જોડાયેલો છે, તેથી તે શીર્ષદંડવાળા પણ કહેવાય છે.

**'द्व'**ના ઉપર-નીચેના બંને છેડે દંડ હોવાથી તેને દ્વિદંડ પણ કહી શકાય.

દેવનાગરી લિપિમાં દંડરહિત વર્ણો નથી.

**'ખ - ગ - ઘ - ચ - ઞ - ણ - ત - થ - ધ - ન- પ - બ - ભ - મ - ય - લ - વ - શ - ષ - સ - ળ - ક્ષ - જ્ઞ'** આ ૨૩ વર્ણો ગુજરાતી લિપિમાં પૂર્ણદંડવાળા અથવા અન્ત્યદંડવાળા છે.

દેવનાગરીમાં 'ङ - छ' આદિ ૧૦ વર્ણોમાં શિરોરેખા નીચે અડધો દંડ હોવાથી તે અર્ધદંડવાળા કહેવાય છે. પરન્તુ ગુજરાતીમાં અર્ધદંડવાળા વર્ણો સમજવા અઘરા છે. વાસ્તવમાં દેવનાગરી પ્રમાણે ગુજરાતીમાં પણ **'ઙ - ટ - ઠ - ડ - ઢ'** આ પાંચ વર્ણો અર્ધદંડવાળા વર્ણોની કક્ષાના છે, પણ આપણી લિપિમાં વર્તુળાકાર(ગોળાકાર)નો સારી રીતે ઉપયોગ થવાથી આ પાંચ વર્ણોના ટૂંકા દંડવાળા ભાગને વર્તુળાકાર આપી દેવામાં આવ્યો છે. માટે ગુજરાતીમાં આ પાંચ વર્ણોનો દંડ દેખાતો નથી.

ગુજરાતીમાં **'ર - દ - હ'** આ ત્રણ વર્ણો અદંડ ગણવા યોગ્ય છે. **'ર'**નો દંડ ભારતીય લિપિઓમાં ક્યાંય દેખાતો નથી, તેથી સદંતર દંડરહિત વર્ણ તો હકીકતમાં **'ર'** એક જ છે. દંડ વગરનો

દેખાતો ગુજરાતી લિપિનો 'દ' દેવનાગરી લિપિના ઉપર-નીચે બંને છેડે દંડવાળા 'द' ઉપરથી જ બનેલો છે. પરન્તુ બંને છેડાનો દંડવાળો ભાગ ગોળાકાર થઈ જવાથી તેમાં દંડ રહ્યો નથી. દેવનાગરીના 'ह'←ને તીરથી બતાવેલા મધ્યસ્થાને ટૂંકો દંડ છે, તે તેનો અર્ધદંડ છે. તે અકારસૂચક હોવાથી અન્ય વર્ણો ત્યાં જ જોડાય છે. પરન્તુ ગુજરાતી લિપિના 'હ'માં તે દંડવાળો ભાગ ગોળાકાર થઈ જવાથી ગુજરાતી લિપિનો 'હ' દંડરહિત બની ગયો છે.

ગુજરાતીમાં 'ક - જ - ઝ - ફ' આ ચાર વર્ણોમાં અન્ય પૂર્ણદંડવાળા વર્ણોની જેમ પૂર્ણદંડ રહેતો નથી.

દેવનાગરીનો અર્ધદંડવાળો 'ल' ગુજરાતીમાં પૂર્ણદંડવાળો અથવા અન્ત્યદંડવાળો (લ) બની જાય છે.

દેવનાગરી લિપિનો 'झ' આવો છે. તેના ઉપરથી ગુજરાતી લિપિનો આવો 'ઝ' બનેલો છે. મતાંતરે તે આવા 'भ' ઉપરથી બનેલો છે. આવો 'भ' હિન્દીમાં વપરાય છે.

તાલવ્ય 'શ્'નું ઊંધા ચોગડા જેવું '૪' આ વૈકલ્પિક સ્વરૂપ દંડ વગરનું છે. તેની સાથે ' ૮ ' આવા ચિહ્નરૂપે 'ऋ'ને અને '⁄' આવા ચિહ્નરૂપે 'ર' (રેફ)ને જોડવા માટે '૪'ને દંડ આપવો પડે છે; જેમ કે, શ્ + ऋ = ૪ + ૮ = શ્ + ૮ = 'શૃ'; શ્ + ર = ૪ + ⁄ = શ્ + ⁄ = 'શ્ર'

## દેવનાગરી લિપિ કોને કહેવાય

'अ - आ - इ - ई; क - ख - ग - घ - ङ' આ દેવનાગરી લિપિ છે. અર્થાત્ શિરોરેખાવાળા આ વર્ણો દેવનાગરી લિપિના છે. ટૂંકમાં એને નાગરી લિપિ પણ કહે છે.

સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, મરાઠી વગેરે અનેક ભારતીય ભાષાઓ દેવનાગરી લિપિમાં લખાય છે.

# જોડાક્ષરોમાં અક્ષરોનું સંયોજન

જોડાક્ષરોમાં અક્ષરોનું જોડાણ અક્ષરોને પરસ્પર જોડવાથી તેમજ નીચે બતાવેલી બીજી પણ અનેક રીતે થાય છે અથવા સૂચવાય છે.

૧. અક્ષરોનાં સંયોજન(જોડાણ)ના વિષયમાં મહત્ત્વના નિયમો માટે જુઓ 'પાયાનો સિદ્ધાંત' પા. ૮.

૨. **ક - ખ - ગ - ઘ - ચ - ણ - ત - થ - ધ - ન - પ - ફ - બ - ભ - મ - ય - લ - વ - શ - ષ - સ** આ ૨૧ અક્ષરો બીજા અક્ષરોની સાથે ઘણું કરીને સીધી લીટીમાં જોડાય છે; જેમ કે, **અક્કલ, પુખ્ત, સ્વચ્છ, વિષણ્ણ, શ્યામ, રમ્ય, પલ્લવ** વગેરે.

૩. પૂર્વનો અડધો અક્ષર ઘણું કરીને ઉત્તરમાં રહેલા અક્ષરના મધ્યભાગ સાથે જોડાય છે; જેમ કે, **રાજ્ય, મત્સ્ય, તત્ત્વ, હિસ્સો, બ્યાન, સમ્પ** વગેરે.

૪. હાલમાં અન્ત્યદંડિત સિવાયના પૂર્વવર્તી અક્ષરોને ક્યારેક ખોડા લખીને પણ ઉત્તરવર્તી અક્ષરો સાથે જોડાયેલા સૂચવાય છે; જેમકે, **ઉચ્છ્વાસ, ઉદ્ધાર, ઉદ્ઘાટન, છ્યાસી, તજ્જ્ઞ, પક્વ, લડ્ડુ, શુક્લ,** વગેરે. પરન્તુ આ પદ્ધતિ ઉચ્ચારણદોષપ્રેરક હોવાથી તજવા યોગ્ય છે.

ખોડાનું (હલ્સૂચક) ચિહ્ન ખાસ કરીને શબ્દના અંતે રહેલા અક્ષરો માટે વપરાય છે, પણ શબ્દના આદિમાં કે મધ્યમાં રહેલા અક્ષરો માટે તે વપરાતું નથી. આ સામાન્ય નિયમ હંમેશાં ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૫. **'શક્તિ, ભક્તિ, યુક્તિ, મુક્તિ, રુક્મિ, સક્થિ, વૃક્ણિન્'** વગેરે શબ્દોમાં હ્રસ્વ **'ઈ'**ના **'િ'** આવા ચિહ્નના ઉપરના જમણી બાજુએ ઢળતા છેડાને, અંતે રહેલા **'ત'** વગેરે અક્ષરના દંડ સુધી લંબાવીને પણ વિકલ્પે **'ક્+ત'** આદિનો સંયોગ (જોડાણ) સૂચવાય છે; જેમ કે, **'શકિત, ભકિત, યુકિત, મુકિત, રુકિમ, સકિથ, વૃકિણન્'** વગેરે.

'ક્ + ત'નો જોડાક્ષર મુદ્રણમાં સ્પષ્ટ આવતો નથી. આધુનિક યન્ત્રોમાં 'ક્ + ત'ના જોડાક્ષરની સ્પષ્ટતા માટે વિસ્તારિત (લંબાવેલા) ' િ' (હ્રસ્વ 'ઈ' ચિહ્ન)ની યોજના થઈ છે, તે ઈષ્ટ અને ઉચિતતર છે.

૬. અગ્નિ, દિગ્વિજય, બુદ્ધિ, ભક્તિ, મલ્લિ, રશ્મિ વગેરે શબ્દો આમ જ લખાય. પણ અગનિ - અગ્નિ, દિગવિજય - દિગ્વિજય, બુદ્ધિ, ભક્તિ, મલલિ - મલ્લિ, રશમિ - રશ્મિ એમ લખાય નહીં. એમ લખવું તે અશાસ્ત્રીય છે, કારણ કે સ્વરચિહ્નો આખા અક્ષરને લગાડવાનાં હોય છે અને જોડાક્ષર એક જ અક્ષર ગણાય છે. જોડાક્ષરમાં વચ્ચે 'ઈ'('િ') સ્વરનું આંતરું ન હોવું જોઈએ.

૭. 'ક - ફ' આ બે મધ્યવર્તી દંડવાળા અક્ષરોની ઉત્તરમાં રથના 'ર' સિવાયના બીજા અક્ષરોને જોડતી વખતે 'ક - ફ'ની (ક←) કૌંસમાં તીરથી બતાવેલી મધ્યરેખા(દંડ)ના આગળના છેડાને પછીના અક્ષર સાથે જોડાયેલો રખાય છે; જેમ કે, **અક્કલ, ભક્ત, શુક્લ, ફ્લાવર, ફ્લાઇટ** વગેરે. પરન્તુ **ક્રમ, ક્રિયા; ફ્રૂટ, ફ્રૉક, ફ્રાન્સ** વગેરે. આમાં 'ર'નું '/' આવું ચિહ્ન 'ક - ફ'ની પાછલી બાજુએ આડી મધ્યરેખા (દંડ) સાથે જોડાય છે. 'ર'નું ચિહ્ન 'ફ'માં નીચેની ગાંઠ સાથે પણ જોડાય છે; જેમ કે, **ફ્રી, ફ્રિજ, આફ્રિકા** વગેરે.

૮. દેવનાગરી લિપિના વચમાં દંડવાળા 'क - फ' સાથે પછીના અક્ષરો શાસ્ત્રીય પદ્ધતિ મુજબ દંડના નીચેના છેડા સાથે જોડાય છે; જેમ કે, **क्र, क्र, क्ल, क्क, क्र** (જેનું રૂપાંતર क्त - त्त છે) વગેરે.

૯. ગુજરાતીમાં 'ક - ઙ - છ - ટ - ઠ - ડ - ઢ - ફ' વગેરે અક્ષરોની સાથેના બીજા અક્ષરોના જોડાણમાં કાંઈક મુશ્કેલી જણાવાથી પૂર્વવર્તી તે અક્ષરોને ખોડા લખીને પછીના અક્ષર સાથે તેનો સંયોગ સૂચવનારી પદ્ધતિ સ્વીકારવામાં આવી છે; જેમ કે, **પક્્વ, અઙ્ગ, છ્યાસી, ઉચ્છ્વાસ, લિફ્ટ** વગેરે.

૧૦. ગુજરાતીમાં 'ક - છ - જ - ઝ - ફ'ને અડધા બતાવવાનું કાંઈક અગવડભર્યું હોવાથી ક્યારેક કદ નાનું બનાવીને પણ તે અક્ષરોને અડધા સૂચવાય છે; જેમ કે, ક (આખો), ક (અડધો) રક્ત;

છ (આખો), છ (અડધો) ઉચ્છ્વાસ; જ (આખો), જ (અડધો) ઉજ્જ્વલ; ઝ (આખો), ઝ (અડધો) કન્ઝ્યુમર; દાઝ્યું; **ફ (આખો)**, ફ (અડધો), કર્ફ્યુ, બાફ્યું વગેરે.

૧૧. '**ઙ્ - ઞ્**' આ બે અનુનાસિક વ્યંજનો કોઈ પણ શબ્દમાં આખા અક્ષર તરીકે વપરાતા નથી. તે જોડાક્ષરમાં અડધા અક્ષર તરીકે જ વપરાય છે; જેમ કે, **રઙ્ક, અઙ્ગ, સઙ્ઘ; ચઞ્ચળ, અઞ્જલિ, ઝઞ્ઝાવાત** વગેરે.

ઉચ્ચારણની સ્પષ્ટતા માટે જોડાક્ષરમાં આ બંને અનુનાસિકનો ઉપયોગ જરૂરી છે.

૧૨. 'ઙ - ટ - ઠ - ડ - ઢ' વગેરે જે અક્ષરોનું મૂળ સ્વરૂપ નીચેથી ગોળ વળાંકવાળું છે, તે જોડાક્ષરમાં પૂર્વાક્ષર તરીકે હોય અને જોડાણ ઉપર-નીચેનું હોય ત્યારે દેવનાગરી લિપિમાં જેમ ઉપરનો અક્ષર આખો દેખાતો હોવા છતાં અડધો છે અને નીચેનો અક્ષર આખો છે એમ સમજાવ્યું છે, તેમ ગુજરાતીમાં પણ સમજી લેવાનું છે; જેમ કે, **ઙ્ક, ડ્ઘ, ટ્ટ, ડ્વ, છ્વ** વગેરે.

૧૩. '**ટ - ઠ - ડ - ઢ**' આ ચાર અક્ષરોને પરસ્પર ઉપર-નીચે જોડતી વખતે સુવિધા ખાતર નીચેના અક્ષરના (ટ←) કૌંસમાં તીરથી બતાવેલા ટોચના ભાગને સહેજ ટૂંકાવવામાં આવે છે; જેમ કે, **ટ્ટ, ટ્ઠ, ડ્ડ, ડ્ઢ**

૧૪. હાલની પદ્ધતિ મુજબ '**ટ - ઠ - ડ - ઢ**' આ ચાર અક્ષરો સાથે બીજા અક્ષરોને ઉપર-નીચે અને સીધી લીટીમાં એમ બંને રીતે જોડીને લખાય છે; જેમ કે, **પટ્ટ - પટ્ટ, લઠ્ઠ - લઠ્ઠ, ઉડ્ડયન - ઉડ્ડયન, બુઢ્ઢો - બુઢ્ઢો** વગેરે.

૧૫. વર્તમાનમાં '**ટ્ + ય**' = '**ટ્ય**' આમ સીધી લીટીમાં જોડીને લખાય છે. પરન્તુ પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાં દેવનાગરી લિપિમાં '**ટ્**'ની સાથે '**ય**' 'ट्य' આમ ઉપર-નીચે જોડીને લખાયેલો પણ જોવા મળે છે; જેમ કે, नाट्य વગેરે.

ટ ←૧ દંડ
ય ←૨ દંડ

‘ટ્ + ય’નું ઉપર-નીચેનું જોડાણ બંને અક્ષરોનો દંડ તીરથી બતાવ્યા મુજબ સીધી લીટીમાં રહે તે રીતે થવું જોઈએ.

૧૬. **‘ટ્ + ય’ અને ‘ય્ + ય’** જોડીને લખવાના હોય ત્યારે ખૂબ કાળજી રાખવી જરૂરી છે.

‘ટ્ + ય’ને ‘ટ્ય’ આમ (‘ટ’ને ખોડાના ચિહ્નવાળો કરીને) સીધી લીટીમાં જોડીને લખતી વખતે તે ય્ + ય = ‘ય્ય’ના જોડાણની ભ્રાન્તિ કરાવનાર ન બની જાય તે માટે તેને ‘ય’ની નાભિ સાથે જોડ્યા વિના જ લખવો જોઈએ; જેમ કે, **નાટ્ય, અકાટ્ય** વગેરે.

‘ય્ + ય’ના જોડાણમાં પૂર્વવર્તી (આગળ રહેલા) દંડરહિત ‘ય’ના અંતિમ છેડાને (___ય્ય) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ ઉત્તરવર્તી (પાછળ રહેલા) ‘ય’ની નાભિ સાથે બરાબર જોડી દેવો જોઈએ; જેમ કે, **ન્યાય્ય**

‘ટ્ + ય’ અને ‘ય્ + ય’ના જોડાણની બાબતમાં આ એક મહત્ત્વનો ભેદ છે અને તે અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

‘ટ્ + ય’નું જોડાણ જ્યારે સીધી લીટીમાં કરવાનું હોય ત્યારે ‘ટ’ને ખોડાના ચિહ્ન વગરનો રાખીને ઉત્તરમાં (તેની પછી) ચાંચિયો ‘્ય’ મૂકીને ‘ટ’ને અડધો કે ખોડો સૂચવવાનો પ્રયત્ન કરવાથી વાચકને ‘ટ્ + ય’ને બદલે ‘ય્ + ય’ના જોડાણની ભ્રાન્તિ થવાનો સંભવ રહે છે. કારણ કે ચાંચિયો ‘્ય’ જોડાણસૂચક છે, એ વાત મોટા ભાગના લોકો જાણતા નથી. માટે એવું જોડાણ ઇચ્છવા યોગ્ય નથી.

૧૭. ગુજરાતી લિપિના દંડરહિત ‘દ’ની સાથે બીજા અક્ષરોને જોડવામાં મુશ્કેલી જણાવાથી દેવનાગરી લિપિના દંડવાળા ‘द’ને શિરોરેખા કાઢીને જોડાક્ષર પૂરતો એના સંપૂર્ણ સ્વરૂપમાં સ્વીકારી લેવામાં આવ્યો છે. પરન્તુ ઉપરના દંડવાળા ભાગને વર્તુળાકાર આપી દેવામાં આવ્યો છે; જેમ કે, **‘द’**

ગુજરાતીમાં ખાસ કરીને **'દ - ધ - મ - ય - ર - વ'** આ ૬ અક્ષરો દેવનાગરી લિપિના 'द'ની સાથે ઉપર-નીચે જોડાય છે; જેમ કે, **મુદ્ગલ, શુદ્ધ, પદ્મ, વૈદ્ય, દ્રાક્ષ, દ્વેષ** વગેરે.

બાકીના અક્ષરો હાલની પદ્ધતિ મુજબ ઘણું કરીને ગુજરાતી લિપિના 'દ'ને ખોડાના ચિહ્નવાળો કરીને તેની સાથે સીધી લીટીમાં લખાય છે; જેમ કે, **ઉદ્ગાર, ઉદ્ઘાટન, ઉદ્ગમ, ઉદ્બોધન, ઉદ્ભવ, ઉદ્ભિન્ન** વગેરે.

૧૮. **'ય'**ની પૂર્વના અડધા અક્ષરના છેડાને **'ય'**ની નાભિ સાથે જ જોડવો જોઈએ; જેમ કે, **એકલવ્ય, અન્ત્ય, માન્ય, રમ્ય, રાજ્ય** વગેરે.

વર્તમાનમાં **'જ'** અને દંડરહિત **'વ'**ના છેડાને **'ય'**ની નાભિ સાથે જોડવાને બદલે ખોટી રીતે **'ય'**ના મુખ સાથે જોડવામાં આવે છે; જેમ કે, **રાજ્ય, વ્યાપાર, કાવ્ય** વગેરે.

જોડાણની આ પદ્ધતિ અશાસ્ત્રીય હોવાથી સુધારણાને પાત્ર છે.

ઉત્તરવર્તી (પાછળ રહેલા) પૂર્ણ **'ય'**નું પૂર્વવર્તી (આગળ રહેલા) **'ક - છ - ટ - ઠ - ડ - ઢ - ફ'** સાથે (સીધી લીટીમાં) જોડાણ સૂચવવા માટે **'ય'**નો પ્રારંભનો અર્થાત્ મુખનો ભાગ પૂર્વના **'ક'** વગેરે અક્ષરોને કાંઈક સ્પર્શે તેવી રીતે લખાય છે; જેમ કે, **ક્ય, છ્ય, ટ્ય** વગેરે.

અથવા મુદ્રણાલયની પદ્ધતિ પ્રમાણે (→**ય**) કૌંસમાં તીરથી બતાવેલું **'ય'**નું મુખ લંબાવીને અર્થાત્ ચાંચ કાઢીને (ય) એ ચાંચને પૂર્વવર્તી **'ક - ટ - ઠ - ડ - ઢ'**ની ટોચ સાથે અને **'છ'**ના છેડે રહેલા મીંડા સાથે જોડવામાં આવે છે. ક્યારેક **'ય'**ની ચાંચને **'ક - ફ'**ના દંડ સાથે પણ જોડવામાં આવે છે : આવી રીતે **'ય'**નું જોડાણ થાય છે, ત્યારે પૂર્વવર્તી **'ક'** આદિ અક્ષરોની નીચે ખોડાનું ચિહ્ન કરવાની જરૂર રહેતી નથી; જેમ કે, **ક્યારે, મટ્યું, કઠ્યું, જડ્યું, મઢ્યું, પૂછ્યું, છ્યાસી** વગેરે.

ચાંચિયો અર્થાત્ ચાંચ કાઢેલો **'ય'** જોડાણ સૂચક છે આ વાત માત્ર વિદ્વદ્વર્ગમાં જાણીતી છે. સામાન્યજનસમાજમાં એનો પ્રચાર નથી.

આથી પૂર્વવર્તી 'ક' આદિ અક્ષરો સાથેના 'ય'ના જોડાણની આ પદ્ધતિ બહુ જ ઓછા લોકો પારખી શકે એવી છે.

૧૯. **નમ્ર, વિપ્ર** વગેરેમાં વાસ્તવમાં **'મ-પ'** દંડસહિત નથી, પણ **'મ્+ર'** અને **'પ્+ર'**ના **'મ્ર', 'પ્ર'** આવા જોડાક્ષર છે. લખવાની ઝડપ વગેરે કારણસર કાળક્રમે 'ર'નો આકાર બદલાઈને '૨' આવો ઓછા વળાંકવાળો થયો. (પ્રાચીન ઘણા ગ્રન્થોમાં '૨' આવો જોવા મળે છે.) પરિવર્તન ચાલુ રહેતાં છેવટે એનો આકાર '્ર' આવો બિલકુલ વળાંક વગરનો થયો. એટલે **'મ્+ર'** અને **'પ્+ર'**નો જોડાક્ષર અનુક્રમે **મ્ + ૨ = મ્ + ્ર = 'મ્ર', પ્ + ૨ = પ્ + ્ર = 'પ્ર'** થયો. એથી હવે આપણને એવો ભાસ થાય છે કે **'મ-પ'** વગેરેમાં **'મ-પ'** વગેરે દંડ-સહિત (આખા) લખાય છે અને આખા 'ર'ના સ્થાને '્ર' આવું ચિહ્ન જોડવામાં આવે છે.

૨૦. **'ખ - ગ - ઘ'** વગેરે અન્ત્યદંડવાળા વર્ણો તેમજ **'ક - જ - દ - ફ - હ'**ની ઉત્તરમાં (પછી) રથનો **'ર'** તેના '્ર' આવા ચિહ્ન રૂપે અર્થાત્ એક પાંખિયાથી **'ખ્ર - ગ્ર - ઘ્ર - ત્ર - પ્ર- લ્ર - વ્ર - સ્ર - ક્ર - જ્ર - દ્ર (દ્ર) - ફ્ર (ફ્ર) - હ્ર'** આવી રીતે જોડાય છે.

પરન્તુ **'છ - ટ - ઠ - ડ - ઢ'** આ પાંચ વર્ણો (અક્ષરો) સાથે **'ર'**નું જોડાણ **'છ્ર - ટ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર'** આવી રીતે એક પાંખિયાથી નહિ, પરન્તુ **'છ્ર - ટ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર'** આમ બે પાંખિયાંથી જ થાય છે.

ગુજરાતીમાં રથનો **'ર'** (આખો) તેના '્ર' આવા એક પાંખિયાવાળા ચિહ્નથી દેવનાગરી-ગુજરાતી બંને લિપિના 'द-દ'ની સાથે જોડાય છે; જેમ કે, **द्रव - દ્રવ, द्राक्ष - દ્રાક્ષ, द्रुम - દ્રુમ, द्रोण - દ્રોણ, द्रोह - દ્રોહ, द्रमक - દ્રમક, द्रावण - દ્રાવણ, द्राविड - દ્રાવિડ, द्रुपद - દ્રુપદ** વગેરે.

વર્તમાનમાં મુદ્રકોની સુવિધા ખાતર **'ર'**ના એક પાંખિયાવાળા ચિહ્નને **'વ'**ના નીચલા વળાંક સાથે **'વ્ર'** આવી રીતે જોડીને બીબાં બનાવાય છે. તેમાં '્ર' આ ચિહ્નનો મોટો ભાગ **'વ'**ના વળાંક સાથે ભળી

જાય છે. બહાર તો ધારીને જોવાનો પ્રયત્ન કરનારા સારી આંખવાળા જ દેખી શકે એટલો બધો નાનો અંશ રહે છે. તેથી નબળી આંખવાળા અને સામાન્યજનોને **'વ્ + ર'**ના જોડાણનો સ્પષ્ટ બોધ થઈ શકતો નથી. **'વ્ + ર'**ના જોડાણનો સૌ કોઈને સહેલાઈથી સ્પષ્ટ બોધ થાય તે માટે **'ર'**ના ચિહ્નને **'વ્ર'** આમ શાસ્ત્રીય રીતે **'વ'**ના દંડ સાથે જ જોડવું જોઈએ; જેમ કે, **વ્રજ, વ્રણ, વ્રત** વગેરે.

તાલવ્ય **'શ'**ની સાથે **'/'** આવા ચિહ્ન રૂપે **'ર'** જોડાય છે ત્યારે **'શ'**ની આકૃતિ બદલાઈને ઊંધા ચોગડા જેવી થઈ જાય છે; જેમ કે, **શ્રી, શ્રમ, શ્રેયાંસ** વગેરે.

**'હ'**ની સાથે **'ર'**નું ચિહ્ન **'હ્ર - હ્ર - હ્ર'** આમ ત્રણ રીતે જોડાય છે, પણ પ્રથમ રીત નિયમાનુસાર હોવાથી ગ્રાહ્ય છે.

**'ઙ - ઞ - ણ - ય - ર - લ - ષ'** આ સાત અક્ષરોની પાછળ ઘણું કરીને **'ર'** જોડાતો નથી.

૨૧. અક્ષરને ખોડો બતાવવાના ચિહ્ન રૂપે અક્ષરની નીચે કરાતી છેદસૂચક આડી લીટીને ઉપરથી નીચે ' \ ' આવી રીતે ડાબેથી જમણી બાજુએ ખેંચીને લઈ જવામાં આવે છે **અને તેને અક્ષર સાથે જોડીને નહિ, પણ અક્ષરથી છૂટી લખવામાં આવે છે.**

પરન્તુ જેના અન્તે રથનો **'ર'** હોય એવા જોડાક્ષરમાં **'ર'**ના વૈકલ્પિક ચિહ્ન રૂપે કરાતી આડી લીટીને ઉપરથી નીચે **'/'** આવી રીતે જમણેથી ડાબી બાજુએ ખેંચીને લઈ જવામાં આવે છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે; જેમ કે,

ખોડા અક્ષર: **ક્ - ખ્ - ગ્ - ઘ્** ('\' ખોડાનું ચિહ્ન)
અન્તે **'ર'**વાળા જોડાક્ષર: **ક્ર - ખ્ર - ગ્ર - ઘ્ર** ('/' 'ર'નું ચિહ્ન)

ખોડાના ચિહ્ન રૂપે અને રથના **'ર'**ના ચિહ્ન રૂપે અક્ષર નીચે કરવી જોઈતી ઉપર જણાવ્યા મુજબની જમણી અને ડાબી બાજુએ કલમને ખેંચીને લઈ જવા દ્વારા કરાતી આડી લીટીને બદલે હાલમાં ક્યારેક એકદમ ઊભી લીટી કરાયેલી જોવામાં આવે છે. એટલું જ નહીં એવાં દોષયુક્ત બીબાં પણ બનવા લાગ્યાં છે; જેમ કે, 'શ્રીમદ્'ને બદલે 'શ્રીમદ્', 'ચન્દ્ર'ને બદલે 'ચન્દ્ર' વગેરે.

આવું માત્ર અન્ત્યદંડી સિવાયના વર્ણોમાં જ બને છે. પરન્તુ આ પદ્ધતિ, "આ ખોડાનું ચિહ્ન હશે કે 'ર'નું ચિહ્ન હશે?" એવો સંશય કરાવનારી અને લિપિશાસ્ત્રના નિયમ વિરુદ્ધ હોવાથી સ્વીકાર્ય નથી.

ઉપર્યુક્ત બંને ચિહ્નોના વિષયમાં વધી રહેલા અજ્ઞાનને કારણે આજકાલ ક્વચિત્ ખોડાના ચિહ્નના સ્થાને 'ર'નું ચિહ્ન અને 'ર'ના ચિહ્નના સ્થાને ખોડાનું ચિહ્ન કરાતું જોવામાં આવે છે.

૨૧. તાલવ્ય **'શ'** પ્રચલિત ને વૈકલ્પિક એમ બે પ્રકારનાં સ્વરૂપવાળો છે. સામાન્ય રીતે તાલવ્ય **'શ'** આવા પ્રચલિત સ્વરૂપે જ લખાય છે.

**'ઋ'** સિવાયના **'અ - આ'** વગેરે સ્વરોનાં ચિહ્નો આ પ્રચલિત **'શ'** સ્વરૂપ સાથે જ જોડાય છે; જેમ કે, **'શ - શા - શિ - શી - શુ - શૂ - શે - શૈ - શો - શૌ'**

**'શ'**નું વૈકલ્પિક સ્વરૂપ **'શ્'** આવું ઊંધા ચોગડા જેવું છે. **'ઋ'** સ્વરનું **'ૃ'** આ ચિહ્ન સામાન્ય રીતે પ્રચલિત અને વૈકલ્પિક એમ બંને પ્રકારનાં **'શ - શ્'** સ્વરૂપો સાથે જોડાય છે, પરન્તુ વિશેષ પ્રકારે તે વૈકલ્પિક સ્વરૂપ સાથે જોડાય છે; જેમ કે, **'શ્ર - શૃ'** (શ્રૃંગ - શૃંગ)

**'ૃ'** આવા ચિહ્ન રૂપે **'ઋ'** સ્વર અને **'ચ - ન - લ - વ'** પ્રચલિત અને વૈકલ્પિક એમ બંને પ્રકારનાં **'શ - શ્'** સ્વરૂપો સાથે જોડાય છે, પરંતુ વિશેષ પ્રકારે તે વૈકલ્પિક સ્વરૂપ સાથે જોડાય છે; જેમ કે, **શ્રૃંગાર - શૃંગાર; પશ્ચાત્ - પશ્ચાત્, પ્રશ્ન - પ્રશ્ન, અશ્લીલ - અશ્લીલ, અશ્વ - અશ્વ**

**'શ'**નું (ઊંધા ચોગડા જેવું) **'શ્'** આ વૈકલ્પિક સ્વરૂપ સ્વરરહિત (હલ્) છે. **'શ'**ને પછીના વ્યંજનાક્ષર સાથે જોડવા માટે જ્યારે તે તે સ્વરરહિત સૂચવવો હોય ત્યારે દંડ વગરનું આ વૈકલ્પિક (હલ્) **'શ્'** સ્વરૂપ વપરાય છે; જેમકે, **'શ્ચ - શ્ન - શ્ર - શ્લ - શ્વ'**

'શ' સાથે 'ૃ' આવા ચિહ્ન રૂપે 'ઋ'ને અને '/' આવા ચિહ્ન રૂપે 'ર' (રેફ)ને જોડવા માટે 'શ્ર'ને દંડ આપવો પડે છે; જેમ કે, શ + ઋ = શ + ૃ = શ્ + ૃ = 'શૃ'; શ + ર = શ + / = શ્ + / = 'શ્ર'

'ર' (ઉત્તરાર્ધ રેફ)નું જોડાક્ષર તરીકેનું '/' આ ચિહ્ન દંડરહિત છે અને તે વૈકલ્પિક 'શ' સ્વરૂપ સાથે જ જોડાય છે. તેને વૈકલ્પિક 'શ' સ્વરૂપ સાથે જોડતાં 'શ્ર્' આવું (દંડરહિત - સ્વર વગરનું) રૂપ બને છે. તેને સ્વરાન્ત બનાવવા માટે **'અ - આ - ઇ - ઈ'** વગેરે સ્વરોનાં ચિહ્નો જોડવાં પડે છે; જેમ કે, **'શ્ર - શ્રા - શ્રિ - શ્રી - શ્રુ - શ્રૂ - શ્રે - શ્રૈ - શ્રો - શ્રૌ'**

તાલવ્ય **'શ'**નું આ **'શ'** વૈકલ્પિક સ્વરૂપ વધુ પ્રચલિત બન્યું છે. કારણ કે એની સાથેના જોડાક્ષરોથી વાચકને સ્પષ્ટ બોધ થાય છે અને મુદ્રણમાં પણ જગ્યા ઓછી રોકાય છે.

૨૨. **'શ્ + ચ'**ના જોડાણમાં દેવનાગરીનો 'च' (શ + च) સ્વીકૃત અને પ્રચલિત છે; જેમ કે, **નિશ્ચય, પશ્ચાત્, પશ્ચાત્તાપ** વગેરે.

હાલમાં ગુજરાતી લિપિનો **'ચ'** (શ + ચ) પણ જોડાય છે; જેમ કે, **નિશ્ચય, આશ્ચર્ય - આશ્ચર્ય** વગેરે.

ગુજરાતીમાં રૂઢિથી તાલવ્ય **'શ્'** સાથે **'ક-મ-ચ'** જોડાય છે ત્યારે ઘણું કરીને દંડરહિત મૂળસ્વરૂપવાળો આવો **'શ'** લખાય છે; જેમ કે, **ઇશ્ક, મુશ્કેલી, મુશ્કેટાટ; ચશ્માં, ચશ્મપોશી, રશ્મિ, દુશ્મન, કાશ્મીર, અશ્મન્; અવશ્ય, કશ્યપ, દૃશ્ય, શ્યામ, શ્યાલ, શ્યેન** વગેરે.

પરન્તુ **'શ્'** સાથે **'વ'** જોડાય છે ત્યારે ઊંધા ચોગડા જેવા વૈકલ્પિકરૂપવાળો આવો **'શ'** લખાય છે; (કારણ કે **'શ'** સાથે **'વ'**નું જોડાણ જેટલું સરળ છે, એટલું **'ક - મ - ચ'**નું નથી.) જેમ કે, **વિશ્વ, વિશ્વાસ, શ્વેત, ઈશ્વર, શ્વાસ** વગેરે.

૨૩. સામાન્ય રીતે સંસ્કૃત અને ગુજરાતી ભાષાના **'હ'**યુક્ત જોડાક્ષરોમાં **'હ'** પહેલો આવે છે; જેમ કે, **બ્રહ્મ, બાહ્ય, વહ્નિ, સહ્ય** વગેરે.

દેવનાગરીનો 'ह' (ह←મધ્યદંડ) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ મધ્યમાં અકારસૂચક દંડવાળો હોવાથી ઉત્તરવર્તી વર્ણોને તે દંડની સાથે જોડવામાં આવે છે; જેમ કે, **प्रह्लाद, ब्रह्म, वह्नि, ह्रद, गह्वर** વગેરે.

ગુજરાતી લિપિના 'હ'માં મધ્યવર્તી દંડવાળો ભાગ ગોળાકાર થઈ ગયેલો છે. ગુજરાતીમાં 'હ'ની ઉત્તરમાં બીજા અક્ષરોને 'હ'ના ગોળાકાર થઈ ગયેલા મધ્યવર્તી અકારસૂચક દંડવાળા ભાગ સાથે અને 'હ'ને ખોડાના ચિહ્ન-સહિત સીધી લીટીમાં જોડીને એમ બંને રીતે લખાય છે; જેમ કે, **પ્રહ્લાદ - પ્રહ્‌લાદ, ચિહ્ન - ચિહ્‌ન, બ્રહ્મ - બ્રહ્‌મ, બાહ્ય - બાહ્‌ય, ગહ્વર - ગહ્‌વર** વગેરે.

પરન્તુ ઉત્તરવર્તી વર્ણોને 'હ'ના મધ્યવર્તી અકારસૂચક દંડભાગ સાથે જોડવાની શાસ્ત્રીય પદ્ધતિ વધુ સરળ અને અપનાવવા યોગ્ય છે.

ઘણું કરીને 'હ'ની ઉત્તરમાં '**ણ - ન - મ - ય - ર - લ - વ**' આ સાત અક્ષરો જોડાય છે; જેમ કે, **અપરાહ્ણ, ચિહ્ન, બ્રાહ્મણ, બાહ્ય, હ્રસ્વ, આહ્લાદ, ગહ્વર** વગેરે.

૨૪. જોડાક્ષરમાં ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, એક જોડાક્ષરમાં બે કે બેથી વધુ જેટલા અક્ષરો જોડાયેલા હોય તેમાંનો છેલ્લો એક જ અક્ષર આખો હોય છે. તેની પૂર્વના બધા જ અક્ષરો અડધા અથવા ખોડા હોય છે; જેમ કે, '**જ્યોત્સ્ના**' શબ્દમાંના '**ત્સ્ના**' જોડાક્ષરમાં છેલ્લો અક્ષર '**ના**' એક જ આખો (સ્વરયુક્ત) છે. તેની પૂર્વના '**ત્-સ્**' બંને અડધા છે.

'**મર્ત્ત્ય**' શબ્દમાંના '**ર્ત્ત્ય**' જોડાક્ષરમાં છેલ્લો અક્ષર '**ય**' એક જ આખો છે. તેની પૂર્વના '**ર્ - ત્ - ત્**' ત્રણેય અડધા છે.

'**કાર્ત્સ્ન્ય**' શબ્દમાં પ્રથમ સ્થાને રહેલા '**કા**' સિવાયના પાંચેય અક્ષરો પરસ્પર જોડાયેલા છે. '**ર્ત્સ્ન્ય**' જોડાક્ષરમાં છેલ્લો અક્ષર '**ય**' એક જ આખો છે. તેની પૂર્વના '**ર્ - ત્ - સ્ - ન્**' ચારેય અક્ષરો અડધા છે.

# ૩ જોડાક્ષરોનું વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ - ૧

**બે અક્ષરવાળા જોડાક્ષરો :**

આ ત્રીજા પ્રકરણમાં વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ કરીને (જુદા પાડીને) બે અક્ષરવાળા જોડાક્ષરોને સમજાવવામાં આવ્યા છે. બે અક્ષરવાળા જોડાક્ષરો એટલે જેમાં બે અક્ષર જોડાતા હોય એવા જોડાક્ષરો.

**'દ - શ - હ'** આ ત્રણ અક્ષરો પૂર્વમાં રહેલા હોય એવા જોડાક્ષરો જ ગુજરાતી ભાષામાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી પૂર્વવર્તી **'દ – શ – હ'**ના મહત્ત્વના જોડાક્ષરોને અનુક્રમે પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ અહીં આપવામાં આવ્યા છે.

**૧. વ્યંજન 'દ'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ**

| દેવનાગરીમાં | વિશ્લિષ્ટ અવસ્થા | ગુજરાતીમાં | વિશ્લિષ્ટ અવસ્થા |
|---|---|---|---|
| ૧. द्ग | द् + ग | દ્ગ | (દ્) દ્ + ગ |
| ૨. द्घ | द् + घ | દ્ઘ | (દ્) દ્ + ઘ |
| ૩. द्द | द् + द | દ્દ-દ્દ | દ્ + દ, દ્ + દ |
| ૪. द्ध | द् + ध | દ્ધ | (દ્) દ્ + ધ |
| ૫. द्न | द् + न | દ્ન | (દ્) દ્ + ન |
| ૬. द्ब | द् + ब | દ્બ – દ્બ | દ્ + બ, દ્ + બ |
| ૭. द्भ | द् + भ | દ્ભ | (દ્) દ્ + ભ |
| ૮. द्म | द् + म | દ્મ | (દ્) દ્ + મ |
| ૯. द्य | द् + य | દ્ય | (દ્) દ્ + ય |
| ૧૦. द्र | द् + र | દ્ર-દ્ર | દ્ + ર, દ્ + ર |
| ૧૧. द्व | द् + व | દ્વ | (દ્) દ્ + વ |

## ૨. વ્યંજન 'શ'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ

| દેવનાગરીમાં | વિશ્લિષ્ટ અવસ્થા | ગુજરાતીમાં | વિશ્લિષ્ટ અવસ્થા |
|---|---|---|---|
| ૧. श्च | (श्) श् + च | શ્ચ-શ્ચ | (શ્) શ્ + ચ; શ્ + ચ |
| ૨. श्न-श्न | (श्) श् + न | શ્ન-શ્ન | (શ્) શ્ + ન |
| ૩. श्म | (श्) श् + म | શ્મ | (શ્) શ્ + મ |
| ૪. श्य | (श्) श् + य | શ્ય | (શ્) શ્ + ય |
| ૫. श्र | (श्) श् + र | શ્ર | (શ્) શ્ + ર |
| ૬. श्ल-श्ल | (श्) श् + ल | શ્લ-શ્લ | (શ્) શ્ + લ |
| ૭. श्व-श्व | (श्) श् + व | શ્વ-શ્વ | (શ્) શ્ + વ |

## ૩. વ્યંજન 'હ'ના જોડાક્ષરોનો પ્રાથમિક અને તુલનાત્મક અભ્યાસ

| દેવનાગરીમાં | વિશ્લિષ્ટ અવસ્થા | ગુજરાતીમાં | વિશ્લિષ્ટ અવસ્થા |
|---|---|---|---|
| ૧. ह्ण | ह् + ण | હ્ણ-હ્ણ | હ્ + ણ |
| ૨. ह्न | ह् + न | હ્ન | હ્ + ન |
| ૩. ह्म | ह् + म | હ્મ | હ્ + મ |
| ૪. ह्य | ह् + य | હ્ય | હ્ + ય |
| ૫. ह्र | ह् + र | હ્ર હ્ર હ્ર | હ્ + ર |
| ૬. ह्ल | ह् + ल | હ્લ-હ્લ | હ્ + લ |
| ૭. ह्व | ह् + व | હ્વ | હ્ + વ |

## 'द' યુક્ત જોડાક્ષરો

દરવાજાનો 'દ' દેવનાગરી લિપિમાં 'द' આ પ્રમાણે લખાય છે. તેમાં ઉપર-નીચેના બંને છેડે આવો '।' ઊભો દંડ છે. તેથી તેને ઉભયદંડી કહે છે અને દંડ ટૂંકો હોવાથી તેને અર્ધદંડી પણ કહે છે. નીચેનો દંડ 'द'માં રહેલા અકારનો સૂચક છે. ઉત્તરવર્તી વ્યંજન એ દંડ સાથે જોડાય છે; જેમ કે, દ્ + વ = દ્વ, દ્ + ધ = દ્ધ, દ્ + ર = દ્ર વગેરે.

ગુજરાતી લિપિનો આવો 'દ' દેવનાગરી લિપિના આવા 'द'માંથી જ બનેલો છે. કલમથી તાડપત્ર વગેરે ઉપર લખવાની અનુકૂળતા રહે તે માટે દેવનાગરી લિપિના 'द'ના નીચેના દંડવાળા ભાગને આગળની જમણી બાજુએ વાળીને ગોળાકાર કરી દેવામાં આવ્યો છે. ગુજરાતી લિપિ શિરોરેખા વગરની હોવાથી, તેનો શિરોરેખા સાથે લટકાવવાનો ઉપરનો દંડ નીકળી ગયો છે. આમ ગુજરાતીમાં તે દંડ વગરનો બની ગયો છે.

ગુજરાતી લિપિના દંડરહિત 'દ'ની સાથે ઉત્તરવર્તી વર્ણોને જોડવાનું કામ અગવડભર્યું હોવાથી અને દેવનાગરી લિપિના દંડયુક્ત 'द'ની સાથે ઉત્તરવર્તી વર્ણોને જોડવાનું કામ સગવડભર્યું હોવાથી 'દ'યુક્ત જોડાક્ષરોમાં 'દ'ને પૂર્વ વ્યંજન તરીકે લખતી-છાપતી વખતે આપણે એનું શિરોરેખા કાઢીને 'द' આવું દેવનાગરીનું સ્વરૂપ સ્વીકાર્યું છે.

એવી જ રીતે 'દ્ + ઋ' = 'દૃ' (દૃ) આ એક અક્ષર લખવામાં પણ આપણે દેવનાગરીનો 'द' સ્વીકાર્યો છે.

એકમાત્ર ખોડાના ચિહ્નયુક્ત 'દ્' ગુજરાતી લિપિનો લખાય છે.

## જોડાક્ષરોની ઓળખ

જોડાક્ષરોનું લેખન અને ઉચ્ચારણ શુદ્ધ રીતે થવું જોઈએ. જોડાક્ષરોને સાચી રીતે ઓળખ્યા વિના એનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકતું નથી. શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે જોડાક્ષરોને ઓળખવા જરૂરી છે. જોડાક્ષરોને

**ધારીને જોવાની ટેવ પાડવાથી તેમાં કયા અક્ષરો કેવી રીતે જોડાયેલા છે, તે સહેલાઈથી સમજી શકાય છે.**

જેમ કે, **'द्म' (પદ્મ)** આમાં દેવનાગરી લિપિના **'द्'**ની નીચેની ગાંઠ સાથે **'મ'** જોડાયેલો છે, તે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

**'द्व'** (દ્વાર) આમાં દેવનાગરી લિપિના **'द्'**ની નીચેની ગાંઠ સાથે **'વ'** જોડાયેલો છે, તે પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

જોડાક્ષરોને સહેલાઈથી સમજવા માટે, બધા જ જોડાક્ષરોને આપણે માત્ર બે મુખ્ય વિભાગમાં વહેંચી દઈશું :

**૧. જેમાં અક્ષરો સીધી લીટીમાં જોડાય છે એવા જોડાક્ષરો**

**૨. જેમાં અક્ષરો ઉપર-નીચે જોડાય છે એવા જોડાક્ષરો**

૧. **ક્ક** (અક્કલ), **ત્ત** (સત્તા), **મ્ય** (મ્યાન), **ષ્ટ** (પુષ્ટ), **સ્સ** (હિસ્સો), **ત્સ્ય** (મત્સ્ય), **ન્ત્ય** (અન્ત્ય) વગેરે.

આમાં અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

૨. **द्म** (પદ્મ), **द्व** (દ્વાર), **द्द** (રદ્દી), **द्य** (વિદ્યા), **ट्ठ** (ટટ્ટુ), **ર્ક** (અર્ક), **द्ध** (શુદ્ધ) વગેરે.

આમાં અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

કેટલાક જોડાક્ષરો ઉપર-નીચે અને સીધી લીટીમાં એમ બંને રીતે જોડીને લખાય છે; જેમ કે, **પટ્ટ-પટ્ટ, ઉદ્ગાર-ઉદ્ગાર, પન્ના-પન્ના, આપ્ત - આપ્ત, સખ્ત - સખ્ત, પ્રદ્યુમ્ન - પ્રદ્યુમ્ન, વિઘ્ન - વિઘ્ન, બુઢ્ઢો-બુઢ્ઢો** વગેરે.

*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*

## જોડાક્ષરોમાં અક્ષરોના જોડાણનો ક્રમ

જોડાક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે સૌપ્રથમ તેમાં જોડાયેલા અક્ષરોનો ક્રમ સમજી લેવો જોઈએ. જોડાણનો ક્રમ ન સમજાય તો ઉચ્ચારણમાં અને લેખનમાં ગોટાળો થાય; જેમ કે, **'બ્રાહ્મણ'**ને બદલે **'બ્રામ્હણ'**, **'પ્રહ્લાદ'**ને બદલે **'પ્રલ્હાદ'**, **'આશીર્વાદ'**ને બદલે **'આર્શીવાદ'** વગેરે.

માટે ક્રમ સમજવો જરૂરી છે; જેમ કે, **ન્ત્ય** (અન્ત્ય) આમાં પ્રથમ **'ન્'** પછી **'ત્'** અને છેલ્લે **'ય'** જોડાયેલો છે.

આમ સીધી લીટીમાં જોડાયેલા અક્ષરોનો અનુક્રમ તો સહેલાઈથી સમજી શકાય એવો છે. તેમ જ આવા પ્રકારના જોડાક્ષરોને સૌ કોઈ સહેલાઈથી ઓળખી પણ શકે છે. પરન્તુ જેમાં અક્ષરો ઉપર-નીચે જોડાય છે એવા જોડાક્ષરો જ ખાસ સમજવા યોગ્ય છે.

ઉપર-નીચે જોડાતા અક્ષરોવાળા જોડાક્ષરમાં અક્ષરો ઉપરથી નીચેના ક્રમે જોડાય છે. તેથી સૌ પ્રથમ ઉપર રહેલા અક્ષરનું ઉચ્ચારણ થાય. ત્યાર પછી જ તેની નીચે રહેલા અક્ષરનું ઉચ્ચારણ થાય. પહેલો ક્રમ ઉપરના અક્ષરનો અને બીજો ક્રમ નીચેના અક્ષરનો સમજવો; જેમ કે —

૧. 
← ૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'
← ૨ દેવનાગરી લિપિનો આખો 'द'
(द् + द) **मुद्दल, रद्दी**

(નોંધ : તીરથી અક્ષર પૂરેપૂરો બતાવી શકાતો નથી. માત્ર તેનો મુખભાગ બતાવાય છે.)

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરીનો જ આખો 'द' છે. પ્રથમ ક્રમે અર્ધો 'द्' છે અને બીજા ક્રમે આખો 'द' છે. માટે પ્રથમ અર્ધા 'द्'નું ઉચ્ચારણ કર્યા પછી જ આખા 'द'નું ઉચ્ચારણ થાય.

અક્ષરોના ઉપર-નીચેના જોડાણવાળા જોડાક્ષરોમાં ઉપરનો અક્ષર આખો દેખાતો હોય તો પણ તેને અડધો સમજી તેનું ઉચ્ચારણ અડધા અક્ષર પ્રમાણે કરવું જોઈએ; જેમ કે, **પટ્ટ**

ટ ← ઉપર રહેલા 'ટ્'ની નીચેની ઊભી રેખા – છેડે રહેલો દંડ

ટ ← નીચે રહેલા 'ટ'નો ટોચનો ભાગ

ઉપર રહેલા 'ટ્'ની તીરથી બતાવેલી નીચેની ઊભી રેખાને અર્થાત્ છેડે રહેલા દંડને અને નીચે રહેલા 'ટ'ના તીરથી બતાવેલા ટોચના

ભાગને (દંડને) દૂર કરી બંને 'द'ના ગોળાકાર અવયવની આડી રેખાને એકાકાર કરી દેવાથી આવા પ્રકારનો આ જોડાક્ષર બનેલો છે; જેમ કે, **મુદ્દલ, રદ્દી, ઉદ્દેશ** વગેરે.

ગુજરાતીમાં દેવનાગરીનો 'द' (માત્ર ઉપર-નીચેના જોડાક્ષરમાં) અને ગુજરાતીનો 'દ' આ બંને પ્રકારના 'द-દ' લખવાનો પ્રચાર છે. ઉપર બતાવેલા જોડાક્ષરમાં દેવનાગરીના 'द्+द' જોડાયેલા છે; જેમ કે, **મુદ્દલ** વગેરે.

ગુજરાતી લિપિના 'દ્ + દ' ઉપર-નીચે જોડીને લખવાનો પ્રચાર હમણાં સુધી ગુજરાતી ભાષામાં ખાસ જોવામાં આવતો ન હતો. પરન્તુ તેવો પ્રચાર સમાચારપત્રોમાં જ્યાં ફોટો કંપોઝ યન્ત્ર છે ત્યાં હવે વિશેષ પ્રમાણમાં થવા લાગ્યો છે.

*****************************

૨. 
←——૧ ગુજરાતી અડધો 'દ્' ('C' આવા આકારમાં)
←——૨ ગુજરાતી લિપિનો આખો 'દ'
(દ્ + દ) **મુદ્દલ, હોદ્દો, હોદ્દેદાર**

આમાં ગુજરાતી લિપિના આખા 'દ'ને અડધો કરવા માટે,

C ← ૧ ઉપરનો અંશ
G ← ૨ નીચેનો અંશ

'દ'ના તીરથી બતાવ્યા મુજબના ઉપર-નીચેના બે અંશમાંથી નીચેના અંશને દૂર કરીને ઉપરના અંશને ગ્રહણ કરવામાં આવ્યો છે. બે અડધિયામાંથી અંગ્રેજીના **'સી'** આકારનો ઉપરનો 'C' આવો અડધો અંશ લઈને, તેની નીચે ગુજરાતી લિપિનો પૂર્ણ 'દ' જોડવામાં આવ્યો છે; જેમ કે, **હોદ્દો, મુદ્દો** વગેરે.

द् + ऋ = 'दृ' અક્ષરમાં પણ આપણે દેવનાગરી લિપિનો જ 'द' સ્વીકાર્યો છે. તેથી સંસ્કૃતની જેમ ગુજરાતીમાં પણ આ અક્ષર 'दृ - **दृ**'-આ પ્રમાણે જ લખાય છે. પરન્તુ સમાચારપત્રોમાં જ્યાં ફોટો કમ્પોઝ યન્ત્ર છે ત્યાં દેવનાગરીના 'द'ની નીચે 'ऋ' સ્વરનું

'ૃ' આવું ચિહ્ન જોડવાને બદલે, ગુજરાતીના 'દ'ની નીચે 'ઋ'નું ચિહ્ન જોડવાથી બનતા 'દૃ' આવા આકારનું બીબું વપરાવા લાગ્યું છે; જેમ કે, **દૃશ્ય, દૃષ્ટિ** વગેરે.

દૃ
← ૧ ગુજરાતી લિપિનો 'દ્' (સ્વરરહિત)
← ૨ 'ઋ' સ્વરનું ચિહ્ન 'ૃ'
(દ્ + ઋ)

ફોટો કમ્પોઝ યન્ત્રમાં 'દ્ + દ' અને 'દ્ + ઋ' આ જોડાક્ષર ને અક્ષર બંનેના સ્થાને 'દૃ' આવું એક જ બીબું વપરાય છે; જેમ કે, **હોદૃો, દૃશ્ય (હોદ્દો, દૃશ્ય)**

આથી 'દ્+દ' અને 'દ્+ઋ' આ જોડાક્ષર-અક્ષર વચ્ચેનો ભેદ રહી શકતો નથી. ગુજરાતીના 'દ'ની નીચે 'ઋ' સ્વરનું ' ૃ ' આવું ચિહ્ન ઉપરના ભાગે ટૂંકો દંડ રાખીને જોડવામાં આવે તો જ ભેદ રહી શકે; જેમ કે, (દ્+દ) દ્દ, (દ્+ઋ) દૃ

દ્+ઋ='દૃ' આમ લખાય તો ક્વચિત્ સંશયનો પ્રસંગ ઉપસ્થિત થાય. द्+ऋ='दृ કે दृ' આમ સંસ્કૃત પ્રમાણે લખાય તો જ ભ્રમ ટાળી શકાય.

ગુજરાતીના 'દ્+દ'ને ઉપર-નીચે જોડવાથી બનતા 'દ્દ'ને સ્થાને દેવનાગરીના 'द्+द'ને ઉપર-નીચે જોડીને સંસ્કૃતની જેમ ગુજરાતીમાં પણ 'દ્દ' આવી રીતે આ જોડાક્ષર લખવાની જે પ્રથા અત્યાર સુધી ચાલી આવી છે તે જ વધારે શાસ્ત્રીય, સુગમ અને સ્પષ્ટ છે. વળી તેમાં સંદેહને સ્થાન રહેતું નથી.

૩. દ્ધ
← ૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'
← ૨ આખો અક્ષર ધજાનો 'ધ'
**(द् + ધ) શુદ્ધ, બુદ્ધ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.
આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરી લિપિનો અર્ધો 'द्' છે

અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર ધજાનો **'ધ'** છે. 'દ'નો નીચેનો અર્ધદંડ **'ધ'**ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી **'ધ'** આખો બને છે. ગુજરાતીમાં આ જોડાક્ષર સંસ્કૃત પ્રમાણે દેવનાગરી લિપિમાં જ લખાય છે; જેમ કે, **શુદ્ધ, બુદ્ધ, યુદ્ધ, પ્રસિદ્ધ** વગેરે.

આમાં 'દ'નો ભાગ **'ધ'**ની સાથે જોડાયેલો નથી, પણ **'ધ'**નો ભાગ 'દ'ના દંડની સાથે જોડાયેલો છે. આ જોડાણથી 'દ'નો દંડ **'ધ'**ના અકારસૂચક દંડરૂપ બની જાય છે. 'દ'ના દંડને **'ધ'**ના દંડની સાથે એકાકાર કરી દેવામાં આવ્યો છે.

'દ'ની સાથે જ્યારે **'ધ'**નું જોડાણ કરવામાં આવે છે ત્યારે 'દ'ના દંડની સાથે **'ધ'**ના દંડનું એકીકરણ થઈ જાય છે. અર્થાત્ એક દંડ બીજા દંડમાં મળી જાય છે.

આથી જોડાણ પહેલાંનો 'દ'નો દંડ જોડાણ પછી **'ધ'**ના દંડરૂપ બની જાય છે.

આ જ પ્રમાણે 'દ'ની સાથે જોડાતા **'ગ-ઘ-ન-વ'** વગેરે અક્ષરોના દંડની બાબતમાં પણ સમજી લેવું.

આ જોડાક્ષરને કાળજીથી એવી રીતે લખવો જોઈએ કે તેમાંનો 'દ્' ઉપર રહે અને **'ધ'** તેની નીચે રહે. **તે માટે દંડરહિત 'ધ'ના નીચેના છેડાનું જોડાણ 'દ્'ના ગોળાર્ધ સાથે નહીં, પણ 'દ્'ની ગાંઠ સાથે જ કરવું જોઈએ.**

ઉપર બતાવી છે એ જ આ જોડાક્ષરની સાચી આકૃતિ છે. પરન્તુ કાંઈક પ્રમાદ અને ઉતાવળથી લખવાની ટેવને કારણે લોકો તેમાંના અક્ષરોને ઉપર-નીચે જોડીને લખવાને બદલે **'ધ્દ'** આમ સીધી લીટીમાં જોડીને લખે છે. દંડરહિત **'ધ'**ના નીચેના છેડાનું જોડાણ 'દ'ની ગાંઠ સાથે કરવાને બદલે 'દ'ના ગોળાર્ધ સાથે કરે છે. વળી એવાં દોષયુક્ત બીબાં પણ બનવા લાગ્યાં છે. આથી તેમાંના અક્ષરો ઊલટસૂલટ થઈ ગયા હોય, આગળનો અક્ષર પાછળ ચાલ્યો ગયો હોય અને પાછળનો અક્ષર આગળ આવી ગયો હોય એવી ભ્રાન્તિ થઈ જાય છે. વળી 'દ'ની સાથે ધજાના **'ધ'**ને બદલે ઘરનો **'ઘ'** જોડાયો હોય એવી ભ્રાન્તિ પણ થાય છે. તેમ જ તે **'દ્+ધ'**નો જોડાક્ષર બનવાને બદલે

'ધ્+દ'નો જોડાક્ષર બની જાય છે. માટે 'દ'ની સાથે 'ધ'ને 'ધ્દ' આમ 'દ'ના ગોળાર્ધ સાથે જોડીને સીધી લીટીમાં લખવાની પદ્ધતિ યોગ્ય નથી — અશાસ્ત્રીય છે.

આ જોડાક્ષર 'દ્ + ધ'નો બનેલો છે, પણ 'ધ્ + ધ'નો બનેલો નથી. સંસ્કૃતમાં સંધિના નિયમ પ્રમાણે 'ધ્ + ધ'ના સ્થાને 'દ્ + ધ' થઈ જાય છે. તેથી 'દ્ + ધ'નો જ જોડાક્ષર બને છે, પણ 'ધ્ + ધ'નો જોડાક્ષર બનતો નથી.

**'શુદ્ધ - બુદ્ધ - યુદ્ધ - વૃદ્ધ - સિદ્ધ - પ્રસિદ્ધ - શુદ્ધિ - બુદ્ધિ - વૃદ્ધિ - ગૃદ્ધિ - સમૃદ્ધિ - પ્રસિદ્ધિ - પદ્ધતિ'** વગેરે શબ્દો 'દ્ + ધ'ના બનેલા 'દ્ધ' જોડાક્ષરવાળા છે. આ બધા સંસ્કૃત તત્સમ શબ્દો હોવાથી ગુજરાતીમાં પણ તે સંસ્કૃતની જેમ જ 'દ્ + ધ'ના જોડાક્ષર સાથે ઉપર પ્રમાણે જ લખાય, પણ **'શુધ્ધ - બુધ્ધ - યુધ્ધ - વૃધ્ધ - સિધ્ધ - પ્રસિધ્ધ - શુધ્ધિ - બુધ્ધિ - વૃધ્ધિ - ગૃધ્ધિ - સમૃધ્ધિ - પ્રસિધ્ધિ - પધ્ધતિ'** આમ 'ધ્+ધ'નો જોડાક્ષર બનાવીને લખાય નહિ.

✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻

૪. **દ્ધ** ←——૧ ગુજરાતી લિપિનો અડધો 'દ્'
←——૨ આખો અક્ષર ધજાનો 'ધ'

**(દ્ + ધ) યુદ્ધ, વૃદ્ધ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે ગુજરાતી લિપિનો અર્ધો 'દ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર ધજાનો 'ધ' છે.

ગુજરાતી લિપિના 'દ'ના નીચેના છેડે ગાંઠ કરવામાં આવતી હોવાથી પ્રથમ નજરે આ જોડાક્ષર (દ્ + દ=) 'દ્દ + ધ'નો બનેલો હોય તેવો ભાસ થાય છે.

ઉપર મુજબ ગુજરાતી લિપિના 'દ્'ની ઉત્તરમાં 'ધ'નાં જોડાણવાળાં બીબાં આજકાલ બનવા લાગ્યાં છે, પરન્તુ ગુજરાતીનો 'દ' દંડરહિત હોવાથી તેની સાથે 'ધ'ને (અને બીજા અક્ષરોને પણ) જોડવાનું

કાર્ય લેખનની દૃષ્ટિએ સરળ અને આકૃતિની દૃષ્ટિએ સુંદર બની શકતું નથી. 'દ'યુક્ત જોડાક્ષરોમાં દંડવાળો દેવનાગરીનો 'द' વાપરવાનું જ સરળ અને સુંદર હોવાથી, આવી બાબતમાં ગુજરાતી લિપિના 'દ'ને જોડવાનો આગ્રહ રાખવા જેવો નથી.

૫.  ←——૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'
←——૨ આખો અક્ષર ઘરનો 'ઘ'

**(द् + ઘ) ઉપોદ્ઘાત, ઉદ્ઘાટન**

આ બે અક્ષરોના બનેલા જોડાક્ષરમાં અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે અને તેમાં દેવનાગરી લિપિના 'द'ના દંડની સાથે આખો અક્ષર ઘરનો 'ઘ' જોડાયેલો છે. 'द'નો અર્ધદંડ 'ઘ'ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી 'ઘ' આખો બનેલો છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરી લિપિનો અર્ધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર ઘરનો 'ઘ' છે.

## 'द् + ઘ' અને 'द् + ધ'ના જોડાણનો તફાવત

દેવનાગરી 'द'ની સાથે દંડરહિત (ઘરના) 'ઘ'નું જોડાણ તેનો ઉપર-નીચેનો છેડો અને વચ્ચેનું મીંડું (અર્થાત્ વચ્ચેની ગાંઠ) આ ત્રણેય અવયવ જોડાવાથી થાય છે. તેમાં ઉપરનો છેડો અને વચ્ચેનું મીંડું આ બે અવયવ 'द'ના ગોળાર્ધ સાથે જોડાય છે, જ્યારે ત્રીજો અવયવ એટલે નીચેનો છેડો 'द'ની ગાંઠ (અથવા 'द'ના મીંડા) સાથે જ જોડાય છે, પણ તેનાથી જરાય ઉપર-નીચે નહિ; જેમ કે, 'દ્ઘ' (ઉદ્ઘાટન)

નીચેના છેડાના જોડાણની આ વાત 'ઘ-ધ' બંનેની બાબતમાં મહત્ત્વની હોવાથી ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

દેવનાગરી 'द'ની સાથે દંડરહિત (ધજાના) 'ધ'નું જોડાણ તેનું વચ્ચેનું મીંડું (અર્થાત્ વચ્ચેની ગાંઠ) અને નીચેનો છેડો આ બે

અવયવ જોડાવાથી થાય છે. તેમાં વચ્ચેનું મીંડું 'द'ના ગોળાર્ધ સાથે જોડાય છે અને નીચેનો છેડો 'द'ની ગાંઠ (અર્થાત્ 'द'ના મીંડા) સાથે જ જોડાય છે, પણ તેનાથી જરાય ઉપર-નીચે નહિ; જેમ કે, '**द्ध**' (ઉદ્ધાર) '**ધ**'નો ઉપરનો છેડો વળાંક વગરનો હોવાથી ખુલ્લો રહે છે, તે '**द**'ની સાથે જોડાતો નથી.

દેવનાગરી '**द**'ની સાથે દંડરહિત '**ઘ-ધ**'ના જોડાણનો આ તફાવત અચૂક ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જો આ તફાવત સમજીને ધ્યાનમાં રાખવામાં ન આવે તો '**ઉદ્ઘાર**' અને '**ઉદ્ઘાટન**' જેવા શબ્દો લખવા-બોલવામાં ગરબડ થાય.

લેખન અને ઉચ્ચારણની અશુદ્ધિ ટાળવા માટે, આ ભેદ અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

દેવનાગરીના 'द'ની સાથે 'ઘ'નું ઉપર-નીચેનું જોડાણ શાસ્ત્રીય છે. આમ છતાં આજકાલ ગુજરાતીનો 'દ્' ખોડો લખીને તેની સાથે 'ઘ'ને સીધી લીટીમાં જોડીને લખવાનો પ્રચાર વિશેષ જણાય છે; જેમકે, **ઉપોદ્‌ઘાત, ઉદ્‌ઘાટન** વગેરે.

૬. 

૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'

૨ ગુજરાતી લિપિનો આખો અક્ષર '**ભ**'

**(द् + ભ) ઉદ્ભવ**

આ બે અક્ષરોના બનેલા જોડાક્ષરમાં અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે અને તેમાં દેવનાગરી લિપિના 'द'ના દંડની સાથે ગુજરાતી લિપિનો આખો અક્ષર '**ભ**' જોડાયેલો છે. 'द'નો નીચેનો અર્ધદંડ '**ભ**'ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી '**ભ**' આખો બને છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે ગુજરાતીનો આખો અક્ષર '**ભ**' છે; જેમ કે, **સદ્ભાવ, ઉદ્ભૂત** વગેરે.

દેવનાગરીના 'द'ની સાથે '**ભ**'નું ઉપર-નીચેનું જોડાણ શાસ્ત્રીય છે, આમ છતાં આવા પ્રકારના જોડાણવાળાં બીબાંના અભાવે આજકાલ ગુજરાતીનો 'દ્' ખોડો લખીને તેની સાથે '**ભ**'ને સીધી લીટીમાં જોડીને

લખવાનો પ્રચાર વિશેષ જણાય છે; જેમ કે, **ઉદ્ભવ, સદ્ભાવ** વગેરે.

ગુજરાતી લિપિના ‘દ’ની ઉત્તરમાં ‘ભ’ને જોડવાનું સુગમ નથી. તેથી તેને દેવનાગરીના ‘द’ના નીચેના દંડ સાથે જોડીને જ લખવો જોઈએ. ‘द् + ભ’નું જોડાણ ‘દ્ભ’ આમ ઉપર-નીચે જ થવું જોઈએ. તેની સીધી લીટીમાં ‘ભ્દ’ એવી ખોટી જોડણી તો ન જ થવી જોઈએ. તેમ જ ગુજરાતી લિપિના ‘દ્ + ભ’ની પણ ‘ભ્દ’ એવી ખોટી જોડણી કદાપિ થઈ શકે નહિ.

*o*o*o*o*o*o*o*o*o*o*

૭. 

૧ દેવનાગરી લિપિનો અડધો ‘द्’

૨ આખો અક્ષર ‘મ’ (द् + મ) **પદ્મ, સદ્મ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો ‘द्’ છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર ‘મ’ છે; જેમ કે, **પદ્મ, સદ્મ** વગેરે.

‘द्+મ’ના જોડાક્ષરનું ઉપર બતાવેલું સ્વરૂપ અત્યારે પ્રચલિત છે, પણ તે કાંઈક અસ્પષ્ટ બનેલું છે. તેનું મૂળ સ્વરૂપ ‘દ્મ’ આવું સુસ્પષ્ટ છે. આમાં ઉપર-નીચે જોડાયેલા ‘द’ અને ‘મ’ને સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેથી ‘द्+મ’ના જોડાક્ષરનું સુસ્પષ્ટ સ્વરૂપ જ અપનાવવા ને પ્રચાર કરવા યોગ્ય છે. કલમ ઉપાડ્યા વગર અને ઝડપથી લખવાની લોકોની ટેવને કારણે ‘દ્મ’નું ‘દ્મ’ એવું અસ્પષ્ટ રૂપ પ્રચલિત થયું છે.

વાસ્તવમાં ‘द्+વ’=‘દ્વ’ની જેમ ‘द्+મ’નું જોડાણ પણ ‘द’ના નીચેના દંડને અને ‘મ’ના દંડને એકાકાર કરેલું ‘દ્મ’ એવું હોવું જોઈએ. પરન્તુ કલમ ઉપાડ્યા વગર સળંગ જ લખવાની લોકોની ટેવને પરિણામે ‘મ’ના મુખવર્તી દંડને જ ‘द’ના દંડની સાથે એકાકાર કરીને લખાય છે. તેથી જ ‘द्+મ’ના જોડાક્ષરના ‘દ્મ’ આવા સ્વરૂપનું સર્જન થયેલું છે. જે આગળ જતાં ‘દ્મ’ આવું અસ્પષ્ટ બની ગયું છે.

૮. 

—૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'

—૨ આખો અક્ષર 'ય' (द् + ય) **વૈદ્ય, વિદ્યા**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર **'ય'** છે; જેમ કે, **વાદ્ય, વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ, વિદ્યુત** વગેરે.

આ જોડાક્ષરમાં **'ધ'**ની સાથે **'ય'** જોડાયેલો માનવો અને તેનું **'ધ્ય'** એવું ઉચ્ચારણ કરવું તે ખોટું છે.

**આ જોડાક્ષર 'દ્+ય'નો બનેલો છે. 'ધ્+ય'નો જોડાક્ષર તો 'ધ્ય' આવો બને છે. આમ છતાં આજકાલ ઘણા લોકોએ 'દ્+ય'ના જોડાક્ષર 'દ્ય'ને 'ધ્+ય'નો જોડાક્ષર માની લીધો છે. તેથી તેઓ તેનું 'દ્ય'ને બદલે 'ધ્ય' એવું ખોટું ઉચ્ચારણ કરે છે.**

**આજનું શિક્ષણક્ષેત્ર પણ આમાંથી બાકાત નથી. અજ્ઞાન લોકોની હરોળમાં બેસી ગયું છે. તે પણ અજ્ઞાનીઓના ખોટા ઉચ્ચારણમાં જ પોતાનો સૂર પુરાવે છે. આ ખોટા ઉચ્ચારણને પણ વિના રોકટોક હાંક્યે રાખવાની આજના શિક્ષણક્ષેત્રની આ હાલત ખૂબ જ દયાપાત્ર છે.**

**આજના કેટલાક (ખાસ કરીને ગામડાંના) શિક્ષકો અને પદવીધર વિદ્યાર્થીઓ પણ 'વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, વિદ્યુત, ઉદ્યોગ, ઉદ્યમ' ને બદલે 'વૈધ્ય, વિધ્યા, વિધ્યાર્થી, વિધ્યુત, ઉધ્યોગ, ઉધ્યમ' એવાં ખોટાં ઉચ્ચારણો જ કરે છે.**

**'દ્વ'**ની જેમ આ જોડાક્ષરમાં પણ 'દ'ના નીચેના દંડની સાથે **'ય'**ના મુખવર્તી ભાગનું જોડાણ થયું છે. 'દ'ના નીચેના દંડને દૂર કરી

દ ← 'દ'નો નીચેનો વળાંક)

('ય'ના મુખનો વળાંક → ય

કૌંસમાં તીરથી બતાવેલા 'દ'ના નીચેના અને **'ય'**ના મુખના વળાંકને જોડીને એકાકાર કરી દેવાથી આ જોડાક્ષરનું **'દ્ય'** આવું સ્વરૂપ સર્જાયેલું છે અને તે જ અત્યારે પ્રચલિત છે.

૯. 

←——૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'

←——૨ આખો અક્ષર 'વ'

**(द् + વ) દ્વાર, દ્વેષ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર 'વ' છે. 'द'નો નીચેનો અર્ધદંડ 'વ'ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી 'વ' આખો બને છે; જેમ કે, **દ્વાર, દ્વેષ, વિદ્વાન** વગેરે.

છેડે રહેલા દંડને કારણે જેની સાથે ઉત્તરવર્તી વર્ણોને જોડવાની સુવિધા છે એવા દેવનાગરી લિપિના 'द'નો ત્યાગ કરીને, જેની સાથે ઉત્તરવર્તી વર્ણોને જોડવાનું ખરેખર અગવડભર્યું છે એવા ગુજરાતી લિપિના દંડરહિત 'દ' સાથે, આજકાલ ઉત્તરવર્તી વર્ણોને જોડવાની *અયોગ્ય ચેષ્ટા ચાલી રહી છે. આગળ વધીને એવાં બીજાં પણ* બનવા લાગ્યાં છે, એથી 'द'યુક્ત જોડાક્ષરોમાં અક્ષરોના જોડાણની બાબતમાં છબરડા વળવા લાગ્યા છે.

દેવનાગરી લિપિના 'द'ની ગાંઠ નીચે જે દંડરહિત 'વ'ના છેડાનું જોડાણ થાય છે, તેનું આંધળું અનુકરણ કરીને ગુજરાતી લિપિના 'દ'ની મધ્યમાં રહેલી ગાંઠ પાછળ દંડરહિત 'વ'ના છેડાને જોડી દેવામાં આવે છે; જેમ કે, **દ્વાર, દ્વેષ** વગેરે.

પરન્તુ દેવનાગરીના 'द'ની ગાંઠ નીચે 'વ' જોડતાં 'द' ઉપર રહે છે અને 'વ' નીચે રહે છે; તેથી પ્રથમ 'द्' અને પછી 'વ'નો અનુક્રમ પણ બરાબર જળવાઈ રહે છે. જ્યારે ગુજરાતીના 'દ'ની વચ્ચેની ગાંઠ પાછળ દંડરહિત 'વ'ના છેડાને જોડવા જતાં અક્ષરોનું જોડાણ સીધી લીટીમાં થતું હોવાથી 'દ્ + વ'નો અનુક્રમ જળવાતો નથી. પ્રથમ ક્રમે રહેલો 'દ્' બીજા ક્રમે ચાલ્યો જાય છે અને બીજા ક્રમે રહેલો 'વ' પ્રથમ ક્રમે આવી જાય છે. વાચકો પણ અક્ષરોના જોડાણનો ક્રમ સમજી શકે એવી સ્થિતિ રહી શકતી નથી. એથી એવા જોડાક્ષરોના લોકો ફાવે તેવાં ઉચ્ચારણો કરવા લાગી જાય છે.

**આજકાલ કેટલાક શિક્ષિતો પણ 'દ્વાર, દ્વેષ, દ્વારિકા, વિદ્વાન' આદિ શબ્દોના દકારયુક્તને બદલે 'ધ્વાર, ધ્વેષ, ધ્વારિકા, વિધ્વાન' એવાં ધકારયુક્ત ખોટાં ઉચ્ચારણો કરે છે.**

'**દ્+વ**'ની '**વ્દ**' આ જોડણી ખોટી છે. આવી ખોટી જોડણી કરવાથી તે '**દ્+વ**'ના જોડાક્ષરને બદલે '**વ્+દ**'નો જોડાક્ષર બની જાય છે. '**વ્+દ**'ને જોડીને લખવાના હોય ત્યારે જ '**વ્દ**' એવી જોડણી થઈ શકે.

૧૦. द्ब ←—←૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'
←—←૨ દેવનાગરી લિપિનો આખો અક્ષર 'ब'
(द् + ब) **સદ્બોધ, ઉદ્બોધન**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરી લિપિનો અડધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરી લિપિનો જ આખો અક્ષર '**ब**' છે. '**द**' નો નીચેનો અર્ધદંડ '**ब**' ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી '**ब**' આખો બને છે; જેમ કે, **સદ્બોધ, ઉદ્બોધન, સદ્બુદ્ધિ** વગેરે.

આ જોડાક્ષર ક્યારેક ગુજરાતીમાં, ઉપર મુજબ સંસ્કૃત પ્રમાણે (દેવનાગરીમાં) ઉપર-નીચે જોડીને લખાય-છપાય છે.

દેવનાગરી લિપિના 'द'ના દંડ સાથે ગુજરાતી લિપિનો '**બ**' જોડીને '**द्બ**' આ રીતે પણ આ જોડાક્ષરનું સર્જન થઈ શકે, પણ એવો પ્રચાર ખાસ જણાતો નથી. ગુજરાતી લિપિના ખોડા '**દ્**' સાથે '**બ**'ને સીધી લીટીમાં જોડીને મહદંશે આ જોડાક્ષર લખાય છે; જેમ કે, **સદ્બોધ, ઉદ્બોધન, સદ્બુદ્ધિ** વગેરે.

'**દ્ + બ**'ની '**બ્દ - બ્द**' આવી જોડણી ખોટી છે. આવી ખોટી જોડણી કરવાથી તે '**દ્ + બ**'ના જોડાક્ષરને બદલે '**બ્ + દ**'નો જોડાક્ષર બની જાય છે. '**બ્ + દ**'ને જોડીને લખવાના હોય ત્યારે જ '**બ્દ-બ્द**' એવી જોડણી થઈ શકે.

# ❀ શેષ જોડાક્ષરો ❀

ગુજરાતી
૧૧. અડધો 'બ્' ૧ → **બ્દ** ← ૨ ગુજરાતી આખો 'દ'

**(બ્ + દ) અબ્દ, શબ્દ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે ગુજરાતી લિપિનો દંડરહિત અડધો 'બ્' છે અને જમણી બાજુના બીજા તીરની સામે ગુજરાતી લિપિનો આખો અક્ષર દરવાજાનો 'દ' છે.

ગુજરાતી લિપિના 'બ'ની ઉત્તરમાં ગુજરાતી લિપિના 'દ'ને સીધી લીટીમાં જોડીને લખવાનું સુગમ હોવાથી ગુજરાતીમાં 'બ્+દ'ને સીધી લીટીમાં જોડીને જ લખવાનો પ્રચાર છે; જેમ કે, **અબ્દ, શબ્દ** વગેરે.

દેવનાગરી લિપિના **'द'**ના દંડ સાથે દેવનાગરી લિપિના **'ब'**ને ઉપર-નીચે જોડવાનું સુગમ છે, પણ દેવનાગરીના **'ब्+द'**ને ઉપર-નીચે જોડીને લખવાનું સુગમ નથી. તેને સીધી લીટીમાં જોડીને જ લખવાનું સુગમ છે. માટે દેવનાગરીના **'ब्+द'**ને સીધી લીટીમાં જોડીને જ લખવા જોઈએ; જેમ કે, अब्द, शब्द વગેરે.

ગુજરાતી લિપિના 'બ્ + દ'ને સીધી લીટીમાં જ જોડવાનું સુગમ હોવાથી એની જોડણીમાં ભૂલ થતી નથી. 'બ્ + દ' = 'બ્દ' આમ સાચી રીતે જોડીને જ લખાય છે.

પરન્તુ દેવનાગરી લિપિમાં લખાતી હિન્દી અને મરાઠી ભાષામાં **'ब्+द'**ને **'ब्द'** આમ સીધી લીટીમાં સાચી રીતે જોડીને લખવાને બદલે, **'द्ब'** આમ ઉપર-નીચે ખોટી રીતે જોડીને લખાય છે. તેથી આ જોડણી **'ब्+द'**ને બદલે **'द्+ब'**ની બની જાય છે.

**'ब्+द'**ને **'ब्द'** આમ સીધી લીટીમાં જોડીને સાચી રીતે લખવાને બદલે **'द्ब'** આમ ઉપર-નીચે જોડીને ખોટી રીતે લખવાની ભૂલ પ્રમાદવશ કેટલાક વિદ્વાનો પણ કરે છે.

## ૧૨. ક્ષ (ક્ + ષ) **ક્ષમા, ક્ષત્રિય, લક્ષ, પક્ષ**

આ એક જોડાક્ષર છે ને તેમાં '**ક્**'ની સાથે મૂર્ધન્ય '**ષ**' જોડાયેલો છે. આ બંને અક્ષરોની મૂળ આકૃતિ સંપૂર્ણપણે બદલાઈ ગયેલી છે; અસલ આકૃતિનું નામનિશાન પણ રહેવા પામ્યું નથી. માટે હાલના પ્રચલિત સ્વરૂપવાળા '**ક્+ષ**'ના બનેલા આ જોડાક્ષર '**ક્ષ**'માં આપણને તે બે અક્ષરોનો અણસાર પણ આવી શકતો નથી. તેથી જ ગુજરાતીમાં એને લિપિ પૂરતો મૂળાક્ષર ગણી લેવામાં આવ્યો છે.

## ૧૩. જ્ઞ (જ્ + ઞ) **જ્ઞાન, પ્રાજ્ઞ, અજ્ઞ, કૃતજ્ઞ, ધર્મજ્ઞ**

આ પણ એક જોડાક્ષર છે અને તેમાં અડધા તાલવ્ય '**જ્**'ની ઉત્તરમાં '**ચ**' વર્ગનો આખો અનુનાસિક '**ઞ**' જોડાયેલો છે. '**ક્ષ**'ની જેમ આ જોડાક્ષરમાંના બંને અક્ષરોની મૂળ આકૃતિ પણ સંપૂર્ણપણે બદલાઈ ગયેલી છે; અસલ આકૃતિનું નામનિશાન પણ રહ્યું નથી. માટે હાલના પ્રચલિત સ્વરૂપવાળા '**જ્ + ઞ**'ના બનેલા આ જોડાક્ષર '**જ્ઞ**'માં આપણને તે બે અક્ષરોનો અણસાર પણ આવી શકતો નથી. તેથી જ ગુજરાતીમાં આ જોડાક્ષરને પણ લિપિ પૂરતો મૂળાક્ષર ગણી લેવામાં આવ્યો છે.

આ જોડાક્ષર '**જ્ + ઞ**'નો બનેલો છે, પણ તે '**ગ્+ન્+ય**'નો, '**દ્ + ન્ + ય**'**નો કે** '**ગ્ + ય**'નો બનેલો નથી. આ વાત મહત્ત્વની હોવાથી ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

આ જોડાક્ષરમાં રહેલા '**ઞ**' અનુનાસિકને કારણે, સામાન્ય-જનો તેનું સાચું ઉચ્ચારણ કરવા અસમર્થ હોવાથી લોકવ્યવહારમાં અર્થાત્ બોલચાલમાં દેશના જુદા જુદા ભાગમાં તેનાં અનેક ખોટાં ઉચ્ચારણો પ્રસિદ્ધ-પ્રચલિત થયેલાં છે.

ગુજરાતમાં '**જ્ઞ**'નું ઉચ્ચારણ '**ગ્ + ન્ + ય**', ઉત્તર પ્રદેશમાં '**ગ્ + ય**' અને મહારાષ્ટ્રમાં '**દ્ + ન્ + ય**' બોલીને કરવામાં આવે છે. **એનાં હાલનાં આ બધાં જ ઉચ્ચારણો ખોટાં છે એ નિર્વિવાદ છે.**

'જ્ઞ'નું ઉચ્ચારણ કઠણ હોવાથી ઉચ્ચારણમાં શુદ્ધિ જાળવી શકાય નહીં તો પણ લેખનમાં તો શુદ્ધિ જાળવવી જ જોઈએ. લખતી વખતે તો 'જ્ + ઞ'ના સંયોગના પ્રતીકરૂપ 'જ્ઞ' જ લખવો જોઈએ; જેમ કે, **યજ્ઞ, અજ્ઞ, જ્ઞાન, અજ્ઞાન, જિજ્ઞેશ'** પણ **'યગ્ન્ય, યદ્ન્ય કે યગ્ય; અગ્ન્ય, અદ્ન્ય** કે **અગ્ય; ગ્ન્યાન, દ્ન્યાન** કે **ગ્યાન; અગ્ન્યાન, અદ્ન્યાન** કે **અગ્યાન; જિગ્ન્યેશ, જિદ્ન્યેશ** કે **જિગ્યેશ'** એમ તો નહિ જ લખવું જોઈએ.

૧૪. અડધો 'જ્' ૧ →  ← ૨ આખો અક્ષર 'ર'

(જ્ + ર) = વજ્ર

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો 'જ્' છે અને જમણી બાજુના બીજા તીરની સામે આખો અક્ષર રથનો 'ર' છે અર્થાત્ રથના 'ર' માટે વપરાતું '⁄' આવું ચિહ્ન છે.

આમાં 'જ'ના ઉપર જતા છેડાની સાથે 'ર'નું ચિહ્ન જોડાયેલું છે. આ જોડાક્ષરની આ એક વિશિષ્ટ બાબત છે. આવી જાતના આ જોડાક્ષરનાં બીબાં બને છે અને તેનો ખાસ પ્રચાર પણ મુદ્રણક્ષેત્રમાં જ છે. સામાન્ય જનસમાજમાં આનો પ્રચાર નથી.

'જ્ + ર'નું **'જ્ર'** આવી જાતનું જોડાણ યોગ્ય નથી. કલમ ઉપાડ્યા વગર, ઉતાવળે અને સળંગ લખવાની લોકોની ટેવના પરિણામે આ જોડાણ ખોટી રીતે પ્રચાર પામેલું જણાય છે.

ખાસ કરીને આ જોડાક્ષર **'જ્ર'** આવી રીતે એક પાંખિયાવાળું અને ક્યારેક **'જ્ર'** આવી રીતે બે પાંખિયાંવાળું 'ર'નું ચિહ્ન જોડીને લખાય છે; જેમ કે, **વજ્ર, વજ્ર**

સ્પષ્ટતા માટે **'વજ્ર'** એવું રૂપ અપનાવવા યોગ્ય છે.

૧૫. ટ્ટ ←— ←૧ અડધો અક્ષર 'ટ્'
←— ←૨ આખો અક્ષર 'ટ'

**(ટ્ + ટ) ટટ્ટુ, પટ્ટી, કટ્ટા**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો અક્ષર 'ટ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર 'ટ' છે.

'ટ - ઠ - ડ - ઢ' આ ચારેય અક્ષરોનું પરસ્પર ઉપર-નીચે જોડાણ કરતી વખતે, કૌંસમાં તીરથી બતાવેલા નીચેના અક્ષરના ટોચના ભાગને (ટ←ટોચનો ભાગ) સુવિધા ખાતર સહેજ ટૂંકાવવામાં આવે છે; જેમ કે, **ટટ્ટુ, ઠઠ્ઠો, ચડ્ડી, ઢઢ્ઢો** વગેરે.

૧૬. અડધો 'ત્' ૧ → ત્ત **(ત્ + ત) ચત્તું, સત્તા, ઉત્તર**
આખો 'ત' ૨ →

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે નીચેની બાજુના વળાંક વગરનો અડધો 'ત્' છે અને તેની નીચેના બીજા તીરની સામે નીચેની બાજુના વળાંક સહિતનો આખો 'ત' છે.

કલમ ઉપાડ્યા વગર ઉતાવળે લખવાની લોકોની ટેવના પરિણામે પૂર્વમાં રહેલા અડધા 'ત્'નો નીચેની બાજુનો વળાંક સીધો થઈ જવાથી અસલ 'ત્ત' એવી આકૃતિમાંથી 'ત્ત' આ સ્વરૂપ સર્જાયેલું છે.

૧૭. અડધો 'ત્' ૧ → ત્ર (ત્ + ર)
આખો રથનો 'ર' ૨ → **ત્રણ, અત્ર, તત્ર, સર્વત્ર**

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે. મતાંતરે તેને ઉપર-નીચે જોડાયેલા પણ માની શકાય.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે નીચેની બાજુના વળાંક વગરનો અડધો 'ત્' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર રથનો 'ર' છે.

આ જોડાક્ષરમાંના બંને અક્ષરોની મૂળ આકૃતિ આંશિક રીતે સચવાઈ છે.

'ત' પૂર્ણદંડવાળો હોવાથી તેના દંડની સાથે 'ર'નું '/' આવું વૈકલ્પિક રૂપ જોડાવાથી 'ત્ર' થયું. પછી 'ત્ર' સ્વરૂપ થયું. ત્યાર બાદ ઉપરની સીધી લીટી ત્રાંસી થવાથી 'ત્ર' એવું છેવટનું રૂપ બન્યું અને અત્યારે આ જ રૂપ પ્રચલિત છે.

'ત્'ની સાથે 'ર' જોડાતાં અનુક્રમે **ત્** + ર = **ત્** + ર = **ત્** + ⅄ = ⌐ + ⅄ = '**ત્ર**' થયું. પછી કાળક્રમે 'ત્'નો નીચેની બાજુનો વળાંક સીધો થવાથી '**ત્ર**' એવું રૂપ બન્યું. પછી ઉપરની સીધી લીટી ત્રાંસી થવાથી છેવટે '**ત્ર**' એમ લખાવા માંડ્યું. આવો પણ એક મત છે.

****************************

૧૮.



←૧ રેફ (અડધો 'ર્' વ્યંજન)

←૨ આખો અક્ષર 'ક'

(ર્ + ક) **અર્ક, તર્ક, કર્ક**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે રેફ અર્થાત્ અર્ધો 'ર્' વ્યંજન છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર '**ક**' છે.

રથના 'ર'ની ઉત્તરમાં બીજા અક્ષરો જોડાય છે ત્યારે અક્ષરો ઉપર-નીચે જોડીને લખાય છે. પૂર્વમાં રહેલો અડધો 'ર્' અર્થાત્ રેફ ઉત્તરમાં રહેલા અક્ષરના મથાળે મુકાય છે. અહીં તેની આકૃતિનું રૂપાન્તર થાય છે અને તે 'c' આવી અર્થાત્ અંગ્રેજીના મૂળાક્ષર '**સી**' જેવી બની જાય છે. તેને પણ રેફ જ કહેવામાં આવે છે; જેમકે, ર્ + **ક** = **ર્ક** (અર્ક), ર્ + **મ** = **ર્મ** (ધર્મ), ર્ + **ય** = **ર્ય** (સૂર્ય), ર્ + **હ** = **ર્હ** (અર્હ) વગેરે.

૧૯. દેવનાગરીના અડધા 'क्'નો વળાંક વગરનો ડાબી બાજુનો પૂર્વાર્ધ ૧→
આખો અક્ષર 'त' ૨→



દેવનાગરીના અડધા 'क्'નો વળાંકવાળો જમણી ←૪ બાજુનો ઉત્તરાર્ધ

૩
'क् + त' નો
સંયુક્ત દંડ

(क् + त)
રક્ત, ભક્ત

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં દેવનાગરી લિપિના અડધા 'क्'ની સાથે આખો અક્ષર 'त' જોડાયેલો છે.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે જે સીધી લીટી છે તે દેવનાગરી લિપિના અડધા 'क्'નો મધ્યમાં રહેલા ઊભા દંડની ડાબી બાજુનો વળાંક વગરનો પૂર્વાર્ધ છે. (→क) કૌંસમાં તીરથી બતાવેલા તેના ઉપરની બાજુના વળાંકને સીધો કરી દેવામાં આવ્યો છે. તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર 'त' છે. 'क'નો દંડ 'त'ના દંડની સાથે મળી ગયેલો છે, તે ત્રીજા તીરથી બતાવ્યું છે. મધ્યવર્તી દંડની જમણી બાજુના ચોથા તીરની સામે દેવનાગરીના'क'નો વળાંકવાળો ઉત્તરાર્ધ છે.

'क् + त्'નું અસલ જોડાણ 'क्‍त' આવા પ્રકારનું છે. તેમાંથી કાળક્રમે 'क्त' એવું રૂપાન્તર થયેલું છે. 'क्त' આમાં 'क'નો પૂર્વાર્ધ અને 'त'ની સીધી લીટી જોડાઈ જવાથી જોડાણ એક જ સીધી લીટીમાં થઈ જાય છે અને 'क्‍त'નું 'क्त' આવું નવું રૂપ બને છે. આ જોડાણમાં 'क' અને 'त' એક જ રેખામાં સમાઈ જાય છે.

આ જોડાક્ષર દેવનાગરી લિપિમાં લખાતી સંસ્કૃત વગેરે ભાષાઓમાં જ વિશેષ પ્રમાણમાં વપરાય છે. ગુજરાતી ભાષામાં તો તે ક્યારેક જ અને ખાસ કરીને છાપકામમાં જ વપરાય છે. ગુજરાતી ભાષામાં તે શિરોરેખા વગરનો વપરાય છે.

'ક્ + ત'ને સીધી લીટીમાં જોડીને પણ લખી શકાય છે. તેની બે રીત છે: (૧) પ્રથમ રીતમાં ગુજરાતી લિપિના ઊભા 'ક'ને

દેવનાગરી લિપિના **'क'**ની જેમ આડો કરવામાં આવે છે. ત્યાર પછી તેને અડધો બનાવવા માટે તેના જમણી બાજુના વળાંકવાળા ભાગને સીધો કરી નાખવામાં આવે છે અને તેની સાથે **'त'**ની સીધી લીટીને જોડી દેવામાં આવે છે; જેમ કે, **'क्त'**

આવા પ્રકારનો આ જોડાક્ષર મુદ્રણક્ષેત્રે અને તે પણ ક્યારેક જ વપરાતો જોવામાં આવે છે. તે સિવાય તેનો વિશેષ પ્રચાર જોવા મળતો નથી.

(૨) બીજી રીતમાં ગુજરાતી લિપિના **'ક'**ને ઊભો જ રાખીને તેના મધ્યદંડની સાથે **'ત'** જોડીને **'ક્ત'** આ પ્રમાણે લખાય છે. ગુજરાતી ભાષામાં આ જોડાક્ષરને આવી રીતે જ લખવાનો પ્રચાર વિશેષ પ્રમાણમાં છે. આ જોડાક્ષરને આવી રીતે લખવો એ જ વ્યવહારુ અને સગવડભર્યું છે.

## 'શ'યુક્ત જોડાક્ષરો

દેવનાગરી લિપિના તાલવ્ય (મીંડાવાળા) **'श'**ને માત્ર શિરોરેખા દૂર કરીને એના એ જ સ્વરૂપમાં ગુજરાતી લિપિમાં સ્વીકારી લેવામાં આવ્યો છે.

વળી તેના ઊંધા ચોગડા જેવા **'श्'** આ વૈકલ્પિક (હલ્‌સૂચક) સ્વરૂપને પણ સુવિધા ખાતર જોડાક્ષરો માટે સ્વીકારી લેવામાં આવ્યું છે.

૨૦. **શ્ચ** ←—૧ દેવનાગરીનો અડધો **'श्'** વૈકલ્પિક સ્વરૂપમાં

←—૨ દેવનાગરી લિપિનો આખો **'च'**

**(श् + च) નિશ્ચય, પશ્ચાત્તાપ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો આડો થઈને ઊંધા ચોગડા જેવો બનેલો વૈકલ્પિક સ્વરૂપવાળો અર્ધો તાલવ્ય **'श्'** (શ્) છે.

અને તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરીનો આખો અક્ષર 'च' છે. 'શ્+ચ'ના જોડાણ માટે દેવનાગરીનો 'च' સ્વીકારાયો છે; જેમ કે, **નિશ્ચય, પશ્ચાત્તાપ** વગેરે.

ગુજરાતીમાં આ જોડાક્ષર ખાસ કરીને મુદ્રણક્ષેત્રે સંસ્કૃત પ્રમાણે દેવનાગરી લિપિમાં મુદ્રિત કરાય છે. પરન્તુ ક્યારેક તે 'શ્'ના ઊંધા ચોગડા જેવા વૈકલ્પિક સ્વરૂપની સાથે ગુજરાતી લિપિના 'ચ'ને સીધી લીટીમાં જોડીને '**શ્ચ**' આવી રીતે પણ લખાય-છપાય છે અને ક્યારેક મૂળ સ્વરૂપવાળા દંડરહિત આવા ઊભા 'શ 'ની સાથે ગુજરાતી 'ચ' જોડીને '**શ્ચ**' આવી રીતે પણ લખાય છે; જેમ કે, **નિશ્ચય, પશ્ચાત્; પશ્ચિમ, વૃશ્ચિક; પશ્ચાત્, આશ્ચર્ય** વગેરે.

૨૧. 
૧ દેવનાગરીનો અડધો 'શ્' વૈકલ્પિક સ્વરૂપમાં
←૨ આખો અક્ષર 'ન'

**(श्+ન (શ્+ન)=શ્ન) પ્રશ્ન)**

આ જોડાક્ષરમાં અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો આડો થઈને ઊંધા ચોગડા જેવો બનેલો વૈકલ્પિક સ્વરૂપવાળો અર્ધો તાલવ્ય '**શ્**'(**શ્**) છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર '**ન**' છે; જેમ કે, **પ્રશ્ન**

આ જોડાક્ષરમાંના અક્ષરો '**શ્ન**' આવી રીતે સીધી લીટીમાં જોડીને પણ લખાય છે; જેમ કે, **પ્રશ્ન**

દંડરહિત મૂળ સ્વરૂપવાળા 'શ ' (**શ્**) સાથે સીધી લીટીમાં '**ન**' જોડીને પણ લખાય છે; જેમ કે, **પ્રશ્ન**

૨૨. દેવનાગરી લિપિનો અડધો 'શ્' (श्) ૧→
આખો અક્ષર 'ર' ૨→ 

**(श् + ्र (શ્ + ર)= શ્ર) શ્રી, શ્રમ**

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે. મતાંતરે તેને ઉપર-નીચે જોડાયેલા પણ માની શકાય.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો આડો થઈને ઊંધા ચોગડા જેવો બનેલો વૈકલ્પિક સ્વરૂપવાળો અર્ધો તાલવ્ય **'શ્'(શ્)** છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર રથનો 'ર' છે.

દંડરહિત આવા ઊભા 'શ'ને જોડાણની સુવિધા ખાતર આડો કરવાથી ઊંધા ચોગડા જેવા બનેલા આવા 'શ'ને દંડ આપીને તેની સાથે '/' આવા ચિહ્ન રૂપે રથના 'ર'ને જોડવાથી આવી આકૃતિવાળા આ જોડાક્ષરનું સર્જન થયેલું છે.

આ જોડાક્ષરમાંના **'શ્'** અને **'ર'** આ બંને અક્ષરોની મૂળ આકૃતિ આંશિક રીતે સચવાઈ છે.

XXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXX

૨૩. અડધો દંત્ય **'સ્'** ૧→ **સ્ર**

↑——૨ આખો અક્ષર 'ર'

**(સ + / (સ્ + ર) = સ્ર) સ્રગ્ધરા**

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે. મતાંતરે તેને ઉપર-નીચે જોડાયેલા પણ માની શકાય.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો દન્ત્ય (સસલાનો) **'સ્'** છે અને જમણી બાજુના બીજા તીરની સામે '/' આવા ચિહ્ન રૂપે આખો અક્ષર રથનો 'ર' છે.

આ જોડાક્ષર આમ એક જ રીતે લખાય છે; જેમ કે, **સ્રગ્ધરા, સહસ્ર, સ્રોત, સ્રાવ** વગેરે.



## 'હ'યુક્ત જોડાક્ષરો

'હ' મહાપ્રાણ છે. 'હ'યુક્ત જોડાક્ષર અંગેના નિયમો જે દેવનાગરી લિપિના છે તે જ આપણે સ્વીકાર્યા છે.

'હ' વર્ણ દેવનાગરી લિપિમાં 'ह' આ પ્રમાણે લખાય છે. તેના (ઉત્તરાર્ધ→ ह ←પૂર્વાર્ધ) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે ભાગ છે. તેમાં પૂર્વાર્ધના છેડે '।' આવો દંડ આવે છે. તે દંડ મધ્યભાગમાં રહેલો હોવાથી 'ह'ને મધ્યદંડવાળો કહેવાય છે. તે દંડ 'હ'માં રહેલા અકારનો સૂચક છે. ઉત્તરવર્તી વ્યંજન એ દંડની સાથે જોડાય છે; જેમ કે, ह्न, ह्म, ह्ल, ह्व વગેરે.

ગુજરાતી લિપિનો આવો 'હ' દેવનાગરી લિપિના 'ह'માંથી જ બનેલો છે. કલમથી તાડપત્ર વગેરે ઉપર લખતી વખતે કલમ રોકાઈ ન જાય, લખવાની અનુકૂળતા રહે તે માટે દેવનાગરી લિપિના 'ह'ના દંડવાળા ભાગને વાળીને ગોળાકાર કરી દેવામાં આવેલો છે. એ જ કારણથી ગુજરાતી લિપિના 'હ'નો પૂર્વાર્ધ ડગલાના 'ડ' અક્ષર જેવો ગોળાકાર થઈ ગયેલો છે. તેથી તે દંડ વગરનો બની ગયો છે.

દેવનાગરી લિપિના મધ્યમાં દંડવાળા 'ह'ની સાથે ઉત્તરવર્તી (પછીના) વર્ણો જોડવામાં જેવી સરળતા રહે છે, તેવી સરળતા ગુજરાતી લિપિના દંડ વગરના 'હ'ની સાથે ઉત્તરવર્તી (પછીના) વર્ણોને જોડવામાં રહેતી નથી. તો પણ દેવનાગરીના 'ह'ની સાથે ઉત્તરવર્તી વર્ણોને જેમ મધ્યભાગેથી જોડવામાં આવે છે, તેવી જ રીતે ગુજરાતી લિપિના 'હ'ની સાથે પણ ઉત્તરવર્તી વર્ણોને મધ્યભાગેથી અર્થાત્ ડગલાના 'ડ' અક્ષર જેવા આકારવાળા પૂર્વાર્ધના છેડે જ જોડવામાં આવે છે.

'હ'યુક્ત જોડાક્ષરોમાં અક્ષરો ઉપર-નીચે પણ નહિ અને સીધી લીટીમાં પણ નહિ, પરન્તુ 'હ'ના (પેટાળમાં) મધ્યભાગ સાથે જોડાય છે. તેથી એક અક્ષરના પેટમાં બીજો અક્ષર રહ્યો હોય એવી વિશિષ્ટ પ્રકારની સ્થિતિ પૂર્વવર્તી 'હ' સાથેના જોડાક્ષરોમાં જોવા મળે છે.

*પૂર્વવર્તી 'હ' સાથે ગુજરાતી લિપિના* જુદા જુદા અક્ષરો જોડવાના પ્રસંગે સુવિધા ખાતર ક્યારેક 'હ'ના ડગલાના 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના

નીચેના છેડાના વળાંકને દૂર કરવામાં આવે છે, તો ક્યારેક એને ઉત્તરવર્તી અક્ષરના મુખ સાથે એકાકાર કરી દેવામાં આવે છે. આમ છતાં પણ જ્યારે તેની સાથે ગુજરાતી લિપિનો કોઈ અક્ષર જોડવામાં મુશ્કેલી જણાય છે ત્યારે એ 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના છેડાને દેવનાગરી લિપિના 'ह'ની જેમ સીધો દંડાકાર કરી દેવામાં આવે છે અને દંડની જેમ સીધા થયેલા તે ભાગ સાથે અનુકૂળતા મુજબ ગુજરાતી લિપિના કે દેવનાગરી લિપિના અક્ષરોને જોડવામાં આવે છે; જેમ કે, **હ્ન, હ્વ, હ્ય, હૃ, હ્લ, હ્ણ, હ્મ**

તીર દ્વારા આખો 'હ' નહિ, પણ 'હ'નો મુખભાગ બતાવાય છે. જેમ ટોળામાં રહેલા માણસના મુખનું દર્શન કરાવવા માત્રથી તેને પૂરેપૂરો ઓળખાવી શકાય છે, તેમ અહીં 'હ' વગેરે અક્ષરોના મુખભાગનાં દર્શનમાત્રથી તે અક્ષરોને પૂરેપૂરા જાણી શકાય છે.

૨૪.



←૧ ગુજરાતી લિપિનો અડધો 'હ્'
←૨ દેવનાગરી લિપિનો આખો 'ण'

(હ્ + ण) **પૂર્વાહ્ણ**

આ જોડાક્ષરમાં 'હ્ + ण' આ બે અક્ષરો જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'હ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરી લિપિનો આખો અક્ષર 'ण' છે.

આમાં 'હ'ના મધ્યભાગની સાથે 'ण' જોડાયેલો છે. જોડાણની સુવિધા ખાતર 'હ'ના ડગલાના 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના ગોળાકાર છેડાને દંડની જેમ સીધો કરવામાં આવ્યો છે અને તે દંડની સાથે દેવનાગરીના 'ण'ને જોડવામાં આવ્યો છે. તેથી 'હ'નો દંડ 'ण'ના દંડરૂપ બની ગયો છે; જેમ કે, **પૂર્વાહ્ણ, અપરાહ્ણ** વગેરે.

'હ્ણ' આમ 'હ'ના દંડ સાથે ગુજરાતી લિપિનો 'ણ' જોડીને પણ આ જોડાક્ષર લખી શકાય છે; જેમ કે, **અપરાહ્ણ** વગેરે. પરન્તુ 'હ'ની સાથે ગુજરાતીનો 'ણ' જોડવાનું કામ બીબાં બનાવનારાઓ માટે કાંઈક કષ્ટરૂપ બનતું હોવાથી એવાં બીબાં જવલ્લે જ બને છે. તેથી મુદ્રણમાં એનો ઉપયોગ ઘણો જ ઓછો છે.

૨૫.




આ જોડાક્ષરમાં 'હ્ + **મ**' આ બે અક્ષરો જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'હ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર **'મ'** છે.

આમાં 'હ્'ના મધ્યભાગ સાથે **'મ'** જોડાયેલો છે. જોડાણની સુવિધા ખાતર 'હ'ના ડગલાના 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના ગોળાકાર છેડાને દંડની જેમ સીધો કરવામાં આવ્યો છે અને તે દંડની સાથે **'મ'**ને જોડવામાં આવ્યો છે. (→**મ**) કૌંસમાં તીરથી બતાવેલો **'મ'**નો મુખભાગ 'હ'ના દંડની સાથે એકાકાર થઈને જોડાયેલો છે; જેમ કે, **બ્રહ્મ, બ્રહ્મા, બ્રાહ્મી, બ્રાહ્મણ** વગેરે.

*************************

૨૬.




આ જોડાક્ષરમાં 'હ્ + **ય**' આ બે અક્ષરો જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'હ્' છે અને તેની નીચેના બીજા તીરથી સામે આખો અક્ષર **'ય'** છે.

આમાં 'હ'ના મધ્યભાગ સાથે **'ય'** જોડાયેલો છે. 'હ'ના ડગલાના 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના નીચેના ગોળાકાર છેડાની સાથે (→**ય**) કૌંસમાં તીરથી બતાવેલો **'ય'**નો મુખભાગ એકાકાર થઈને જોડાયેલો છે; જેમ કે, **બાહ્ય, સહ્ય, પ્રસહ્ય** વગેરે.

## **'હ્મ - હ્ય'ની વિશેષતા**

પૂર્વવર્તી **'હ'** સાથે ઉત્તરમાં જોડાતા **'ન - વ'** આદિ અક્ષરોની અપેક્ષાએ, **'મ'** અને **'ય'** આ બે અક્ષરોનું જોડાણ વિશિષ્ટ પ્રકારે થાય છે. **'ન - વ'** આદિ અક્ષરો, 'ડ' અક્ષર જેવા **'હ'**ના પૂર્વાર્ધના

છેડા સાથે પોતાના દંડભાગ વડે જોડાય છે; જેમ કે, **હ્ન, હ્ર** વગેરે.

જ્યારે કલમ ઉપાડ્યા વગર સળંગ લખવાની લોકોની ટેવના કારણે અને મુખભાગ વડે જોડાણ થઈ શકે એવી '**મ - ય**'ની ક્ષમતાના કારણે '**હ**'ના, 'ડ' અક્ષર જેવા પૂર્વાર્ધના છેડા સાથે '**મ**' અને '**ય**' આ બે અક્ષરો મુખભાગ વડે જોડાય છે અને તેના દંડને '**હ**'ની ટોચ સુધી ઊંચે લઈ જવામાં આવે છે; જેમ કે, **હ્મ, હ્ય**

૨૭.



←૧ ગુજરાતી લિપિનો અડધો '**હ્**'
←૨ આખો અક્ષર રથનો '**ર**' ('/' આવા ચિહ્નરૂપે)

(હ્ + ર) **હ્રસ્વ**

આ જોડાક્ષરમાં '**હ્ + ર**' આ બે અક્ષરો જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો '**હ્**' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર '**ર**' છે.

'**હ**'ના 'ડ' જેવા પૂર્વાર્ધના નીચેના ગોળાકારને દંડની જેમ સીધો કરીને તેની સાથે '**ર**'ને '/' આવા ચિહ્નરૂપે જોડવામાં આવ્યો છે; જેમ કે, **હ્રસ્વ, હ્રાસ, હ્રદ** વગેરે.

ગુજરાતીમાં '**હ**'ના દંડવાળા ભાગને વાળીને ગોળાકાર કરી દેવામાં આવેલો હોવાથી '**ર**'ના ચિહ્નને '**હ**'ની નીચે પણ એક પાંખિયાથી જોડવામાં આવે છે; જેમ કે, **હ્રસ્વ, હ્રદ** વગેરે.

'**હ**'ની નીચે '**ર**'ના ચિહ્નને ક્યારેક બે પાંખિયાંથી પણ જોડવામાં આવે છે; જેમ કે, **હ્રીં, હ્રસ્વ** વગેરે.

'**હ**'ની નીચે '**ર**'ના ચિહ્નને બે પાંખિયાંને બદલે એક પાંખિયાથી જોડવું સારું અને સરળ છે.

૨૮.



←૧ ગુજરાતી લિપિનો અડધો '**હ્**'
←૨ આખો અક્ષર '**વ**'

(હ્ + વ) **જિહ્વા**

આ જોડાક્ષરમાં '**હ્ + વ**' આ બે અક્ષરો જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'હ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે આખો અક્ષર 'વ' છે.

આમાં પણ 'હ'ના મધ્યભાગ સાથે 'વ' જોડાયેલો છે. જોડાણની સુવિધા ખાતર 'હ'ના 'ડ' જેવા પૂર્વાર્ધના ગોળાકાર છેડાને દંડની જેમ સીધો કરવામાં આવ્યો છે અને તે દંડ સાથે 'વ'ને જોડવામાં આવ્યો છે. તેથી 'હ'નો દંડ 'વ'ના દંડરૂપ બની ગયો છે. **'વિહ્વળ'**

૨૯. અડધો ળ્ ૧ → **ળ્ય** ← ૨ આખો અક્ષર 'ય'

**(ળ્ + ય) મળ્યું, ફળ્યું**

આ જોડાક્ષરમાં બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે ગુજરાતી લિપિનો અડધો 'ળ્' છે અને જમણી બાજુના ક્રમાંક બેવાળા તીરની સામે આખો અક્ષર 'ય' છે.

'ળ'ને અડધો કરતી વખતે (ળ←) કૌંસમાં તીરથી બતાવ્યા પ્રમાણે તેનો જમણી બાજુનો છેડો નીચેની દિશા તરફ સહેજ વળેલો રાખવો જોઈએ અને તે વળાંકવાળા છેડાને પછીના 'ય'ની નાભિ સાથે જોડી દેવો જોઈએ; જેમ કે, **મળ્યું, ફળ્યું** વગેરે.

પરન્તુ 'ળ'ને અંગ્રેજીના 'U' આવા 'યુ' અક્ષર જેવો અડધો કરીને, તેના જમણી બાજુના છેડાને 'ય'ના મુખભાગ સાથે 'ળ્ય' આવી રીતે જોડીને લખાય નહિ. એવી રીતે જોડીને લખવાથી 'ળ્'ને બદલે 'વ્'ની સાથે 'ય'ના જોડાણની ભ્રાન્તિ થવાનો સંભવ છે.

પ્રાચીન પદ્ધતિ પ્રમાણે પૂર્વવર્તી બધા જ વ્યંજનો ઉત્તરવર્તી 'ય'ની નાભિ સાથે જોડીને લખાય છે. **તેથી અડધા 'ળ્'ના છેડાને 'ય'ના મુખભાગ સાથે નહીં, પણ 'ય'ની નાભિ સાથે જ જોડવો જોઈએ;** જેમ કે, **રાજ્ય, મળ્યું, ગળ્યું, ફળ્યું** વગેરે.

આ 'ळ' દેવનાગરી લિપિનો છે. (વળાંક ૧→ ळ ←વળાંક ૨) કૌંસમાં તીરથી બતાવેલા તેના બંને વળાંકો ખુલ્લા થઈ જવાથી ગુજરાતી લિપિનો આવો 'ળ' બનેલો છે અને તે શાસ્ત્રીય છે.

'ળ'←આવી આકૃતિવાળો 'ળ', 'વ'ની ભ્રાન્તિ કરાવનારો છે, માટે તે અપનાવવા યોગ્ય નથી.




તીરથી બતાવેલા સ્થાને પૂરતા ગોળ વળાંકવાળી અને નીચેના ભાગે સહેજ લંબાવેલા દંડવાળી 'ળ'ની આકૃતિ સુંદર, સુસ્પષ્ટ અને શાસ્ત્રીય છે માટે અપનાવવા યોગ્ય છે.

આ 'ળ' અક્ષરની બાબતમાં ખાસ જાણવા જેવી વિશિષ્ટ બાબત એ છે કે 'ય' સિવાયનો બીજો કોઈ પણ અક્ષર તેની સાથે જોડાતો નથી.

## 'ક્ર' અને 'ક્ર'

૧. (ક્ર) 'ક્ + ર'ના જોડાણમાં 'ર' વ્યંજનનું '/' આવું ચિહ્ન (દેવનાગરીના 'क'ની જેમ) 'ક'ના દંડ સાથે એક પાંખિયાથી જોડીને લખાય છે; જેમ કે, (क्रम) 'ક્રમ' વગેરે.

પરન્તુ તે ક્યારેક 'ક'ની નીચેના ભાગમાં 'ક્ર' આવા બે પાંખિયાંથી જોડીને લખાતું પણ જોવામાં આવે છે; જેમ કે, 'ક્રમ' વગેરે. પરન્તુ 'ક્રમ' વધુ પ્રચલિત છે.

૨. (ફ્ર) ગુજરાતી લિપિના 'ફ'ની સાથે 'ર'નું ચિહ્ન, (→ફ) કૌંસમાં તીરથી બતાવેલા 'ફ'ના નીચેના મીંડાવાળા ભાગ(ગાંઠ)ની નીચે જોડીને તેમ જ 'ફ'ના દંડની સાથે જોડીને પણ લખાય છે; જેમ કે, ફ્રી, ફ્રોમ; ફ્રુટ, ફ્રાન્સ વગેરે.

પરન્તુ આજકાલ 'ર'ના ચિહ્નને 'ફ'ના દંડની નીચેના ગોળાર્ધવાળા ભાગની સાથે જોડીને 'ફ્ર' આવાં બીબાં બનાવાય છે તે બરાબર નથી.

વળી ક્યાંક ક્યાંક જોવા મળતું 'ફ્ + ર'નું 'ફ્ર' આવું બીબું પણ બરાબર નથી.

## ‘ષ્ટ’ અને ‘ષ્ઠ’

‘ષ્ટ’ અને ‘ષ્ઠ’ આ બે જોડાક્ષરો વચ્ચેનો ભેદ સમજી લેવા જેવો છે.

‘ષ્ટ’ જોડાક્ષરમાં રહેલો ‘ટ’ એ કર્મણિ ભૂતકૃદન્તના ‘ત’ પ્રત્યયનું સંધિથી બનેલું રૂપાન્તર છે; જેમ કે, **કૃષ્ + ત = કૃષ્ટ, પૃચ્છ્ + ત = પૃષ્ + ત = પૃષ્ટ** વગેરે.

‘ષ્ઠ’ જોડાક્ષરવાળા શબ્દોમાં, શબ્દની ઉત્તરમાં (પછી) ઘણું કરીને સર્વોત્કૃષ્ટતાદર્શક **‘ઇષ્ઠ’** પ્રત્યય જોડાયેલો હોય છે; જેમ કે, **ગુરુ + ઇષ્ઠ = ગરિષ્ઠ** (અત્યંત ગુરુ), **ઉરુ + ઇષ્ઠ = વર્ + ઇષ્ઠ = વરિષ્ઠ** (અતિ શ્રેષ્ઠ), **સ્વાદુ+ઇષ્ઠ=સ્વાદિષ્ઠ** (અતિ સ્વાદુ) વગેરે.

ગુજરાતી ભાષામાં **ઇષ્ટ, અનિષ્ટ, શિષ્ટ, વિશિષ્ટ, નષ્ટ, ભ્રષ્ટ** જેવા અંતે ‘ષ્ટ’ જોડાક્ષરવાળા શબ્દોની સંખ્યા વધુ હોવાથી, **‘ઇષ્ઠ’** પ્રત્યય લાગીને બનેલા અંતે ‘ષ્ઠ’ જોડાક્ષરવાળા, અલ્પસંખ્યક એવા **ગરિષ્ઠ, વરિષ્ઠ, જ્યેષ્ઠ, પાપિષ્ઠ, ધર્મિષ્ઠ, સ્વાદિષ્ઠ’** વગેરે શબ્દોનાં લેખન-ઉચ્ચારણમાં સામ્યભ્રાન્તિથી અશુદ્ધિ પ્રવેશે છે. તેથી લોકો, **‘વરિષ્ઠ કોર્ટ વકીલ’, ‘જ્યેષ્ઠ બંધુ’, ‘પાપિષ્ઠ કે ધર્મિષ્ઠ માણસ’ ‘સ્વાદિષ્ઠભોજન’**એમસાચુંલખવા-બોલવાનેબદલે, **‘વરિષ્ટકોર્ટવકીલ’, ‘જ્યેષ્ટબંધુ’, ‘પાપિષ્ટકેધર્મિષ્ટમાણસ’, ‘સ્વાદિષ્ટભોજન’** એવુંખોટું લખે-બોલે છે. અર્થાત્ ‘ષ્ઠ’ના સ્થાને ખોટી રીતે ‘ષ્ટ’ જોડાક્ષર પ્રયોજે છે.

‘ષ્ટ’ અને ‘ષ્ઠ’ જોડાક્ષરનો ઉપર બતાવેલો ભેદ જો સમજી-વિચારીને ધ્યાનમાં રાખવામાં આવે તો જ અશુદ્ધિનું નિવારણ થઈ શકે.

## ‘ઘ’ અને ‘ધ’

‘ઘ’ અને ‘ધ’યુક્ત જોડાક્ષરોને સાચી રીતે લખવા અને ઓળખવા માટે ઘરના ‘ઘ’ અને ધજાના ‘ધ’ની આકૃતિના ભેદને પણ સારી રીતે સમજીને ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



૧ ઘરના 'ઘ'નું તીરથી બતાવેલું આ પાંખડું અંદરની બાજુએ સહેજ વળેલું રહે છે.

૨ ઘરના 'ઘ'ની તીરથી બતાવેલી આ ઊભી લીટીને અર્થાત્ દંડને ઉપરના પાંખડા સુધી ઊંચે લઈ જવાય છે.

ઘરના 'ઘ' અંગેની આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



૧ ધજાના 'ધ'ના તીરથી બતાવેલા આ પાંખડાને અંદરની બાજુએ વળાંક આપવામાં આવતો નથી. એને ઊંચે જતું રખાય છે.

૨ ધજાના 'ધ'ની આ ઊભી લીટીને અર્થાત્ દંડને તીર સુધી જ ઊંચે લઈ જવાય છે. એથી વધારે ઊંચે લઈ જવાતી નથી.

ઘરના 'ઘ'ની જેમ ધજાના 'ધ'ની પણ આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

**'ઘ'** અને **'ધ'**ની ઉપર બતાવેલી આકૃતિનો અભ્યાસ કરવાથી **'ઘ-ધ'** બંને એકબીજાથી સદન્તર ભિન્ન છે, એ વાત સારી રીતે સમજાઈ જાય છે.

**'ઘ'** અને **'ધ'**ના આ ભેદને આંખથી બરાબર પકડીને મનમાં બેસાડવામાં આવે તો ગોટાળો થવાની શક્યતા જ નથી.

**'ઘ'** અને **'ધ'**ને દંડ કાઢીને અડધા અક્ષર તરીકે પછીના અક્ષર સાથે જોડતી વખતે ખૂબ કાળજી રાખવી જરૂરી છે.

ઘરના **'ઘ'**ની સાથે ઉત્તરમાં બીજા અક્ષરને જોડવો હોય ત્યારે બંનેને સીધી લીટીમાં સમાન્તર લખાય અને ધજાના **'ધ'**ની સાથે ઉત્તરમાં બીજા અક્ષરને જોડવો હોય ત્યારે **'ધ'**ને સહેજ ઉપર લખાય તો અડધા **'ઘ-ધ'**નો ભેદ સ્પષ્ટપણે જણાઈ આવે; દા૦ત૦, **શત્રુઘ્ન, વિઘ્ન (ઘ્+ન); બ્રધ્ન, મૂર્ધ્નિ (ધ્+ન)** વગેરે.

**'ઘ + ન'** ને **'ઘ્ન'** આમ ઉપર-નીચે જોડીને લખવાનો આગ્રહ

રખાય તો ભાવિમાં **'શત્રુઘ્ન'** અને **'વિઘ્ન'**ના સ્થાને **'શત્રુઘન'** અને **'વિઘન'** જેવાં ખોટાં ઉચ્ચારણને અવકાશ મળે નહિ.

**'ઘ'** અને **'ધ'** આ બંને અક્ષરોની સાથે ઉત્તરમાં બીજા અક્ષરોને જોડતી વખતે બંનેના ' ા' આવા ઊભી લીટીરૂપ દંડને કાઢીને, બાકીનો બંનેનો આકાર (ઘ઼, ધ઼) જેમનો તેમ જ રાખવો જોઈએ.

**'ઘ'** અને **'ધ'** પૂર્વમાં અર્ધ અક્ષર તરીકે હોય અને તેની સાથે ઉત્તરમાં બીજા અક્ષરોને જોડવાના હોય ત્યારે **'ઘ-ધ'**ના દંડને કાઢીને બાકી રહેલો તેનો **'ઘ઼, ધ઼'** આવો અંશ ગ્રહણ કરાય છે ત્યારે તે બંને અને દરવાજાનો **'દ'** ( ઘ઼ , ધ઼ , દ ) આ ત્રણેયની આકૃતિ લગભગ સમાન થઈ જાય છે.

તેથી **બ્રધ્ન** (=સૂર્ય, શિવ), **બુધ્ન** (=બૂધું-તપેલીનું તળિયું), **મૂર્ધ્નિ** (મસ્તકે) જેવા કેટલાક શબ્દમાંના જોડાક્ષરમાં, ઘરના **'ઘ'**ની સાથે **'ન'** જોડાયેલો હશે? અથવા ધજાના **'ધ'**ની સાથે **'ન'** જોડાયેલો હશે? કે દરવાજાના **'દ'**ની સાથે **'ન'** જોડાયેલો હશે? વાચકચિત્તમાં સહજ રીતે આવો સંભ્રમ થવાની શક્યતા રહે છે.

એવા સંભ્રમને અવકાશ ન મળે તે માટે, દરવાજાના **'દ'**ની સાથે ઉત્તરમાં **'ન'** વગેરે અક્ષરો જોડવાના હોય ત્યારે, ગુજરાતી લિપિના **'દ'**ને બદલે, દેવનાગરી લિપિનો 'द' સ્વીકારીને તેની સાથે જ **'ન'** વગેરે અક્ષરોને જોડવા જોઈએ; જેમ કે, **દ્ + ન = द् + ન — મૃદ્નાતિ, દ્ + વ = द् + વ — વિદ્વાન, દ્ + મ = द् + મ — પદ્મ** વગેરે.

ધજાના **'ધ'**ની સાથે ઉત્તરમાં **'ન'** વગેરે અક્ષરોને જોડવાના હોય ત્યારે, **'ધ'**ના દંડ-રહિત અવયવને પછીના અક્ષર સાથે સમાંતર નહિ, પણ સહેજ ઉપર લખવો જોઈએ; જેમ કે, **(ધ્ + ન) બ્રધ્ન, (ધ્ + વ) ધ્વાન્ત, (ધ્ + ય) ધ્યાન** વગેરે.

ઘડિયાળના **'ઘ'**ની સાથે ઉત્તરમાં **'ન'** વગેરે અક્ષરોને જોડવાના હોય ત્યારે, **'ઘ'**ના દંડ-રહિત અવયવની નીચે જ પછીના અક્ષરોને જોડવા જોઈએ અને સીધી લીટીમાં જોડાણ કરવું હોય તો **'ઘ'**ના દંડ-રહિત અવયવને, પછીના અક્ષર સાથે જરા પણ ઊંચે-નીચે નહિ, તેવી રીતે સમાન્તર રાખીને જોડવો જોઈએ; જેમ કે,

**(ઘ્+ન) શત્રુઘ્ન-શત્રુઘ્ન, વિઘ્ન-વિઘ્ન, (ઘ્+ય) ઉલ્લંઘ્ય-ઉલ્લંઘ્ય** વગેરે.

ઉપર-નીચે જોડવામાં આવતા **'ઘ્ + ન' = 'ઘ્ન'**ની જેમ **'ધ્+ન'**ને પણ **'ધ્ન'** આમ ઉપર-નીચે જોડીને લખવામાં આવે તો વાચન અને ઉચ્ચારણમાં દોષ ઊભો થવાની શક્યતા રહે નહિ.

**'ઘ - ધ'**નો ભેદ સ્પષ્ટ કરવા માટે **'ધ'**ના મથાળે મીંડું કરવાની **(ધ)** મરાઠી પદ્ધતિ અનુકરણીય છે.

## 'દ્વ' અને 'દ્વ'

જોડાક્ષરોને તેના સાચા સ્વરૂપે નહીં ઓળખી શકવાને કારણે અનેક જોડાક્ષરો લખવા-બોલવાના વિષયમાં વર્તમાનમાં ઘણી ગરબડ ચાલી રહી છે. **'દ્વ'** અને **'દ્વ'** પણ એમાંના જ બે જોડાક્ષરો છે. લેખન-ઉચ્ચારણની શુદ્ધિ માટે આ બે જોડાક્ષરોને પણ બરાબર ઓળખી લેવા જરૂરી છે.

૧. **'દ્વ'** આ જોડાક્ષરમાં દેવનાગરી લિપિના 'द'ની સાથે **'વ'**નું જોડાણ ઉપર-નીચે થયેલું છે. (જુઓ પાનું ૩૭)

**દ્વન્દ્વ - દ્વાર - દ્વારા - દ્વારિકા - દ્વારકેશ - દ્વાદશી - દ્વાપર**

**દ્વિતીય - દ્વિપદ - દ્વિવેદી - દ્વિક - દ્વિપ - દ્વેષ - અદ્વૈત**

**ઉદ્વેગ - વિદ્વાન - રાજદ્વારી - દ્વારપાળ - દ્વારામતી - દ્વિજ**

ઉપરના સર્વ શબ્દોમાં દરવાજાના **'દ'**ની સાથે **'વ'** જોડાઈને બનેલો **'દ્વ'** જોડાક્ષર છે.

આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ ધજાના **'ધ'**નું નહીં, પણ દરવાજાના **'દ'**નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર **'દ્વ'**ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

ગુજરાતીમાં જોડાણની સુવિધા ખાતર જોડાક્ષરો માટે દેવનાગરી લિપિના દંડવાળા 'द'નો સ્વીકાર કરવામાં આવેલો છે. તેથી ગુજરાતીમાં **'દ'**યુક્ત જોડાક્ષરોમાં દેવનાગરીના 'द'ની સાથે જ પછીના અક્ષરોનું જોડાણ કરવું જોઈએ.

ગુજરાતીના દંડરહિત 'દ'ની સાથે પછીના અક્ષરોને જોડવાથી **'દ્વાર - દ્વારા - રાજદ્વારી - દ્વારિકા - દ્વેષ - વિદ્વાન'**ને બદલે **'ધ્વાર - ધ્વારા - રાજધ્વારી - ધ્વારિકા - ધ્વેષ - વિધ્વાન'**; અને **'વૈદ્ય - વિદ્યા - વિદ્યાર્થી - ઉદ્યોગ - ખાદ્ય - વદ્ય'** ને બદલે **'વૈધ્ય - વિધ્યા - વિધ્યાર્થી - ઉધ્યોગ - ખાધ્ય - વધ્ય** તથા **'અધ્યાપક - આધ્યાત્મિક - બેધ્યાન - વધ્ય - નોંધ્યું'** ને બદલે **'અદ્યાપક - આદ્યાત્મિક - બેદ્યાન - વદ્ય - નોંદ્યું**

આમ દરવાજાના 'દ'ના સ્થાને ધજાનો **'ધ'** અને ધજાના **'ધ'**ના સ્થાને દરવાજાનો **'દ'** લખવા-બોલવાની બાબતમાં જે ગોટાળો પ્રવર્તી રહ્યો છે, તે અનેક ગણો વધી જવાનો સંભવ છે.

ગુજરાતીના 'દ'ની નીચે પછીના અક્ષરને જોડવાથી લંબાઈ વધી જવાને કારણે, ઉપર-નીચેનું જોડાણ લેખન-ટંકન-મુદ્રણ આદિમાં ક્યાંય અનુકૂળ આવે તેમ નથી.

વળી ગુજરાતીના 'દ'ની સાથે પછીના અક્ષરોને **દ્ + મ ='દ્મ'**, **દ્ + ય = 'દ્ય'**, **દ્ + વ = 'દ્વ'** આમ સીધી લીટીમાં જોડવાથી વાચકને 'દ'ના સ્થાને **'ધ'**ની ભ્રાન્તિ થવાનો સંભવ પણ છે.

તદુપરાંત જોડાણમાં પણ **'દ્ + વ'**ને બદલે **'વ્ + દ' = 'વ્દ'**, **'દ્ + બ'**ને બદલે **'બ્ + દ' = 'બ્દ'**, **'દ્ + ભ'**ને બદલે **'ભ્+દ'='ભ્દ'** આમ અક્ષરો ઊલટસૂલટ થઈ જવાનો અને તેથી પણ લખવા-બોલવામાં ગરબડ વધી જવાનો સંભવ છે. **'દ્વાર'**ને બદલે **'વ્દાર'** લખાય પણ છે અને છપાય પણ છે.

આમ ગુજરાતી લિપિના **'દ'** સાથે પછીના અક્ષરોનું જોડાણ ભ્રાન્તિકારક, અશુદ્ધિપ્રેરક ને અનર્થકારી હોવાથી ઇચ્છવા યોગ્ય નથી.

દેવનાગરી લિપિના દંડવાળા 'द' સાથે પછીના અક્ષરોને જોડવા છતાં **'द्य'**, **'द्व'** આદિ જોડાક્ષરો અને (द् + ऋ = ) **'दृ'** અક્ષરના લેખન-ઉચ્ચારણમાં જે ગોટાળા પ્રવર્ત્યા છે, તેમાં દેવનાગરીના 'द'નું કારણ સંભવતું નથી, પણ શિક્ષણમાં જોડાક્ષરોના વિષયનો અભાવ અને મુદ્રણ માટે યોગ્ય રીતે નહીં બનાવાતાં બીબાં — ખાસ કરીને આ બે કારણો સંભવે છે.

૨. 'ધ્વ' આ જોડાક્ષરમાં ધજાના 'ધ'ની સાથે 'વ'નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે.

**'ધ્વજ - ધ્વંસ - ધ્વાન્ત - ધ્વનિ - ઊર્ધ્વ - સાધ્વી'** આ સર્વ શબ્દોમાં ધજાના 'ધ'ની સાથે 'વ' જોડાઈને બનેલો 'ધ્વ' જોડાક્ષર છે.

'ધ'ની સાથે 'વ'નું જોડાણ કરતી વખતે 'ધ'ના દંડને કાઢીને બાકીનું તેનું સ્વરૂપ જેમનું તેમ જ રાખવું જોઈએ અર્થાત્ દંડ વગરના 'ધ'ના ઉપરના પાંખડાને ઘરના 'ઘ'ના પાંખડાની જેમ અંદરની બાજુએ વાળ્યા વિનાનું ઊંચે જતું રાખવું જોઈએ અને તેને 'વ'ના દંડની સમાંતર નહીં, પણ તેનાથી સહેજ ઊંચું રાખવું જોઈએ; જેમ કે, 'ધ્વ'

જોડાક્ષરો 'દ્વ' અને 'ધ્વ'માં રહેલા વ્યંજનભેદ, આકૃતિભેદ અને ઉચ્ચારણભેદ દ્વારા આ બંને જોડાક્ષરોનું અલગ વ્યક્તિત્વ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ બંને જોડાક્ષરોનું અલગ વ્યક્તિત્વ જાણીને ધ્યાનમાં રાખવાથી ઉચ્ચારણશુદ્ધિ જળવાય છે. ઉચ્ચારણશુદ્ધિ દ્વારા લેખનશુદ્ધિ પણ જળવાય છે. લેખન-ઉચ્ચારણ બંનેમાં શુદ્ધિ જળવાઈ રહેવાથી શુદ્ધિનું બળ દ્વિગુણ થાય છે ને અશુદ્ધિ નિર્બળ બને છે - નાશ પામે છે.

## 'દ્ય' અને 'ધ્ય'

ઉચ્ચારણની શુદ્ધિ માટે 'દ્ય' અને 'ધ્ય' આ બંને જોડાક્ષરો વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે. વ્યંજનભેદ, આકૃતિભેદ અને ઉચ્ચારણભેદ આમ ત્રણ ત્રણ ભેદો બંનેને બરાબર જુદા પાડી બતાવે છે.

૧. 'દ્ય' આ જોડાક્ષર 'દ્ + ય'નો બનેલો છે. આમાં દેવનાગરીના 'द'ની સાથે નીચેના ભાગે 'ય' જોડાયેલો છે, અર્થાત્ 'द् + ય'નું જોડાણ ઉપર-નીચે થયેલું છે.

તેથી તેમાં પ્રથમ દરવાજાના 'દ'નું જ ઉચ્ચારણ થાય, ત્યાર પછી જ 'ય'નું ઉચ્ચારણ થાય.

**વિદ્યા - વિદ્યાર્થી - વિદ્યાલય - વિદ્યાપીઠ - વિદ્યાશાળા - વિદ્યાદેવી વિદ્યાગુરુ - વિદ્યાધર - વિદ્યાનંદ - વિદ્યાવાચસ્પતિ - અદ્યતન - અદ્ય ગદ્ય - પદ્ય - મદ્ય - વદ્ય - સદ્ય - હૃદ્ય - આદ્ય -વાદ્ય - ખાદ્ય - અખાદ્ય અદ્યાપિ - આતોદ્ય -આસાદ્ય -આસ્વાદ્ય - આદ્યંત - સાદ્યંત - ઉદ્યત ઉદ્યમ -ઉદ્યમી -ઉદ્યાન - ઉદ્યાપન - ઉદ્યોત - ઉદ્યોગ - ગ્રામોદ્યોગ - ઉદ્યોગપતિ -ખદ્યોત - પ્રદ્યોતન - છેદ્ય - ભેદ્ય - વેદ્ય -વૈદ્ય - દ્યૂત -દ્યુતિ વિદ્યુત - દ્યુસત્ - દ્યુમણિ - દ્યુમ્ન -પ્રદ્યુમ્ન - કૂદ્યું - ખૂંદ્યું - ખોદ્યું - છેદ્યું**

ઉપરના સર્વ શબ્દોમાં દરવાજાના ‘દ’ની સાથે ‘ય’ જોડાઈને બનેલો **‘દ્ય’** જોડાક્ષર છે. (જુઓ પાનું ૩૬)

આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ ધજાના **‘ધ’**નું નહીં, પણ દરવાજાના **‘દ’**નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર **‘દ્ય’**ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

૨. **‘ધ્ય’** આ જોડાક્ષર **‘ધ્ + ય’**નો બનેલો છે. આમાં ધજાના **‘ધ’**ની સાથે **‘ય’** સીધી લીટીમાં જોડાયેલો છે.

તેથી તેમાં પ્રથમ ધજાના **‘ધ’**નું અને પછી **‘ય’**નું ઉચ્ચારણ થાય.

**અધ્યયન - અધ્યાપક - આધ્યાત્મિક - આરાધ્ય - સાધ્ય -ધ્યેય ધ્યાન - બેધ્યાન -બાધ્ય - વધ્ય - વંધ્ય - વિંધ્ય - વિંધ્યાચલ**

ઉપરના સર્વ શબ્દોમાં ધજાના **‘ધ’**ની સાથે **‘ય’** જોડાઈને બનેલો **‘ધ્ય’** જોડાક્ષર છે.

આમાં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, **‘ધ્ + ય’**નો જોડાક્ષર **‘ધ્ય’** આવો બને છે, પણ **‘દ્ય’** આવો બનતો નથી.

આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ દરવાજાના **‘દ’**નું નહીં,પણ ધજાના **‘ધ’**નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષરને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

**‘દ્ય’** અને **‘ધ્ય’** જોડાક્ષરનો આ ભેદ સારી રીતે સમજીને ધ્યાનમાં રાખવામાં આવે તો **વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ** આદિ **‘દ્ય’** જોડાક્ષરવાળા અને **અધ્યાપક, આધ્યાત્મિક, બેધ્યાન, સંધ્યા** આદિ **‘ધ્ય’** જોડાક્ષરવાળા શબ્દોનાં લેખન-ઉચ્ચારણમાં ગુજરાતભરમાં વ્યાપકરૂપે પ્રચલિત બનેલી અશુદ્ધિનું પણ સહેલાઈથી નિવારણ થઈ જાય.

# 'દ્ય' અને 'ધ્ય'

લેખન-ઉચ્ચારણની શુદ્ધિ માટે 'દ્ય' અને 'ધ્ય' આ બે જોડાક્ષરોનો ભેદ પણ સમજી લેવા જેવો છે.

૧. 'દ્ય' આ જોડાક્ષરમાં ઘરના 'ઘ'ની સાથે 'ય'નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે.

'ઘ'ની સાથે 'ય'નું જોડાણ કરતી વખતે 'ઘ'ના દંડને કાઢીને બાકીનું તેનું સ્વરૂપ જેમનું તેમ જ રાખવું જોઈએ અર્થાત્ દંડ વગરના 'ઘ'નું ઉપરનું પાંખડું અંદરની બાજુએ વળેલું જ રાખવું જોઈએ અને તે પાંખડાને 'ય'ના મુખની સમાંતર જ રાખવું જોઈએ. તેને 'ય'ના મુખથી અથવા દંડથી સહેજ પણ ઊંચું કે નીચું ન રાખવું જોઈએ; જેમ કે, 'ઘ્ય' (અર્ઘ્ય)

૨. 'ધ્ય' આ જોડાક્ષરમાં ધજાના 'ધ'ની સાથે 'ય'નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે.

'ધ'ની સાથે 'ય'નું જોડાણ કરતી વખતે 'ધ'ના દંડને કાઢીને બાકીનું તેનું સ્વરૂપ જેમનું તેમ જ રાખવું જોઈએ અર્થાત્ દંડ વગરના 'ધ'ના ઉપરના પાંખડાને ઘરના 'ઘ'ના પાંખડાની જેમ અંદરની બાજુએ વાળ્યા વિનાનું ઊંચે જતું રાખવું જોઈએ અને તેને 'ય'ના મુખની અથવા દંડની સમાંતર નહીં,પણ તેનાથી સહેજ ઊંચું રાખવું જોઈએ; જેમ કે, 'ધ્ય' (સાધ્ય)

જોડાક્ષર 'ઘ્ય' અને 'ધ્ય'ના લેખનમાં ઉપર પ્રમાણેનો ભેદ દર્શાવવાથી બંને જોડાક્ષરોનો સુસ્પષ્ટ નિર્દેશ થઈ શકે છે; દા૦ત૦, **અર્ઘ્ય, ઊંઘ્યું, સૂંઘ્યું, ઉલ્લંઘ્યું (ઘ્ય); ધ્યાન, ધ્યેય, સાધ્ય (ધ્ય)** વગેરે.

લેખનશુદ્ધિ દ્વારા ઉચ્ચારણશુદ્ધિ અને ઉચ્ચારણશુદ્ધિ દ્વારા લેખનશુદ્ધિ જળવાય છે, તેથી અશુદ્ધિનું નિવારણ થાય છે.



# ૪ જોડાક્ષરોનું વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ - ૨

આ ચોથા પ્રકરણમાં વ્યાકરણદૃષ્ટિએ વિશ્લેષણ કરીને (જુદા પાડીને) ત્રણ, ચાર અને પાંચ અક્ષરવાળા જોડાક્ષરોને સમજાવવામાં આવ્યા છે.

ત્રણ અક્ષરવાળા જોડાક્ષરો એટલે જેમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે એવા જોડાક્ષરોની વિશેષતા એ છે કે એમાંના ત્રણેય અક્ષરો સીધી લીટીમાં જ જોડાયેલા હોય કે ઉપર-નીચે જ જોડાયેલા હોય એવો કોઈ નિયમ નથી. આમાં એવા જોડાક્ષરો પણ છે કે, જેમાંના બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા હોય છે અને તે બેની સાથે એક અક્ષર ઉપર-નીચે જોડાયેલો હોય છે; જેમ કે, **રાષ્ટ્ર.** **'ષ્ટ્ર'**માં **'ષ્ + ટ'** આ બે અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે અને **'ટ્ + ર'** ઉપર-નીચે જોડાયેલા છે.

## ત્રણ અક્ષરવાળા જોડાક્ષરો

૩૦.




(ગ્ + ર્ + ય) (ગ્ + / + ય) **અગ્ર્ય**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો છે. તેમાં પ્રથમના 'ગ્ + ર્' આ બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે અને તે બેની સાથે **'ય'** સીધી લીટીમાં જોડાયેલો છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો 'ગ્' છે, તેની નીચેના બીજા તીરની સામે અડધો 'ર્' (રેફ) છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર **'ય'** છે.

આમાં પ્રથમ 'ગ'ના દંડની સાથે '/' આવા ચિહ્નરૂપે આખા 'ર'નું જોડાણ 'ગ્ર' આવી રીતે થયેલું છે. તેથી 'ગ'નો દંડ 'ર'માં રહેલા અકારનો સૂચક બની ગયો છે. ત્યાર પછી 'ર'ને અડધો બનાવવા માટે તે અકારસૂચક દંડને કાઢી નાખવામાં આવ્યો છે. છેવટે જે 'ગ્ર્' આવો અંશ બાકી રહ્યો,તેની સાથે આખા અક્ષર '**ય**'ને જોડવામાં આવ્યો છે; જેમ કે, '**ગ્ર્ય**'

'**ગ્+ર્+ય**' આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે તેને ઉપર બતાવ્યા પ્રમાણે જ જોડીને લખવા જોઈએ; જેમ કે, **અગ્ર્ય, સામગ્ર્ય** વગેરે.

પણ તેને '**અગ્ય્ર, સામગ્ય્ર**' આ પ્રમાણે જોડીને લખાય નહિ. એવી રીતે જોડીને લખવાથી તેમાંના અક્ષરો ઊલટસૂલટ થઈ જાય છે અને તેમનો ક્રમ ફરી જાય છે. બીજા ક્રમે રહેલો અડધો 'ર્' ત્રીજા ક્રમે ચાલ્યો જાય છે અને ત્રીજા ક્રમે રહેલો આખો '**ય**' બીજા ક્રમે આવી જાય છે; એટલું જ નહિ બીજા ક્રમે રહેલો 'ર્' ત્રીજા ક્રમે ચાલ્યો જવાથી તે અડધો હોવા છતાં આખો બની જાય છે અને ત્રીજા ક્રમે રહેલો '**ય**' બીજા ક્રમે આવી જવાથી તે આખો હોવા છતાં અડધો બની જાય છે.

આ જોડાક્ષરમાં ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે 'ર્' વ્યંજનને પૂર્વમાં રહેલા 'ગ્'ની સાથે જોડવાનો છે, પણ અંતે રહેલા '**ય**'ની સાથે જોડવાનો નથી.

'ગ્ + ય્ + ર' આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ તેને '**ગ્ય્ર**' આવી રીતે જોડીને લખી શકાય; પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એવી જોડણી સદંતર ખોટી ઠરે છે.

૩૧. દેવનાગરી લિપિનો




(द् + र् + ય) (द् + / + ય) દારિદ્ર્ય

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે, તેની નીચેના બીજા તીરની સામે ' / ' આવા ચિહ્નરૂપે અર્ધો 'र्' (રેફ) છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર 'ય' છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ દેવનાગરી લિપિના 'द'ના નીચેના દંડની સાથે '/' આવા ચિહ્નરૂપે આખા 'र'(રેફ)નું જોડાણ 'द्र' આવી રીતે થયું છે. તેથી 'द'નો દંડ 'र'માં રહેલા અકારનો સૂચક બની ગયો છે. ત્યાર પછી 'र'ને અડધો બનાવવા માટે તે અકારસૂચક દંડને કાઢી નાખવામાં આવ્યો છે. છેવટે જે 'द्र' આવો અંશ બાકી રહ્યો તેની સાથે નીચેના ભાગમાં આખા અક્ષર 'ય'ને, 'द - ય' આ બંનેના (નીચે-ઉપરના) વળાંકવાળા ભાગને એકાકાર કરીને જોડવામાં આવ્યો છે.

'द्+र्+ય' આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે તેને ઉપર બતાવ્યા પ્રમાણે જ જોડીને લખવા જોઈએ; જેમ કે, **દારિદ્ર્ય**

પણ '**દારિદ્ય્ર**' આ પ્રમાણે જોડીને લખાય નહિ. એવી રીતે જોડીને લખવાથી તેમાંના અક્ષરો ઊલટસૂલટ થઈ જાય છે અને તેમનો ક્રમ ફરી જાય છે. બીજા ક્રમે રહેલો અર્ધો 'र्' ત્રીજા ક્રમે ચાલ્યો જાય છે અને ત્રીજા ક્રમે રહેલો આખો 'ય' બીજા ક્રમે આવી જાય છે; એટલું જ નહિ, બીજા ક્રમે રહેલો 'र्' ત્રીજા ક્રમે ચાલ્યો જવાથી તે અર્ધો હોવા છતાં આખો બની જાય છે અને ત્રીજા ક્રમે રહેલો 'ય' બીજા

ક્રમે આવી જવાથી તે આખો હોવા છતાં અર્ધો બની જાય છે.

આ જોડાક્ષરમાં પણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય બાબત એ જ છે કે 'ર્'ને તેની પૂર્વમાં રહેલા 'દ્'ની સાથે જોડવાનો છે, પણ અંતે રહેલા '**ય**'ની સાથે જોડવાનો નથી.

'**દ્ + ય્ + ર**' આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ '**દ્ય્ર**' આ પ્રમાણે જોડીને લખી શકાય, પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એ જોડણી સદંતર ખોટી ઠરે છે.

'**દારિદ્ર્ય**' શબ્દમાં વર્ણાનુક્રમ '**દ્ - આ - ર્ - ઇ - દ્ - ર્ - ય**' એ પ્રમાણે છે. આમાં હ્રસ્વ '**ઇ**' સ્વર પછીના 'દ્-ર્' બંને વ્યંજનો ખોડા છે. તેથી 'ર્' અર્થાત્ રેફ, પછીના '**ય**'ના શિર પર ચડતો નથી. (ખોડા 'ર્' પૂર્વે સ્વર હોય તો જ તે પછીના વર્ણના શિર પર ચડે છે.) તેથી 'દ્+ર'નો સંયોગ થયા પછી તેની સાથે '**ય**' જોડાય છે. માટે '**દારિદ્ર્ય**' જેવા શબ્દોમાં '**દ્ર્ય**' આ પ્રમાણે લખવો એ જ શાસ્ત્રીય છે. '**દ્ય્ર**' આવી રીતે લખવો એ ખોટું છે.

'**દારિદ્ર્ય**' અને '**અગ્ર્ય**'માં રહેલા જોડાક્ષર '**દ્ર્ય**' અને '**ગ્ર્ય**'માં '**દ્ + ર્ + ય**' અને '**ગ્ + ર્ + ય**' એ જ અક્ષરક્રમ શાસ્ત્રીય છે. પરન્તુ લોકોની કલમ ઉપાડ્યા વગર સળંગ લખવાની ટેવને કારણે '**દારિદ્ય્ર**' અને '**અગ્ય્ર**' (દ્ + ય્ + ર અને ગ્ + ય્ + ર) એવાં અશાસ્ત્રીય વૈકલ્પિક રૂપો પ્રચલિત થઈ ગયાં છે.

૩૨.




(**શ્ + ર્ + ય**) (**શ્ + / + ય**) **શ્ર્યંક**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો છે. તેમાં '**શ્** + ર્'નું જોડાણ ઉપર-નીચે થયેલું છે. ત્યાર પછી તેની સાથે '**ય**'નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે ઊંધા ચોગડા જેવો (**શ**) તાલવ્ય '**શ્**' છે. તેની નીચેના બીજા તીરની સામે અડધો '**ર્**' (રેફ) છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર '**ય**' છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ તાલવ્ય '**શ્**'ના '**શ**' આવા ઊંધા ચોગડા જેવા વૈકલ્પિક રૂપના દંડની સાથે '/' આવા ચિહ્ન-રૂપે આખા '**ર**'(રેફ)નું જોડાણ '**શ્ર**' આવી રીતે ઉપર-નીચે થયેલું છે. તેથી '**શ્ર**'નો દંડ '**ર**'માં રહેલા અકારનો સૂચક બની ગયો છે. ત્યાર પછી '**ર**'ને અડધો બનાવવા માટે તે અકારસૂચક દંડને કાઢી નાખવામાં આવ્યો છે. છેવટે જે '**શ્ર્**' આવો અંશ બાકી રહ્યો તેની સાથે આખા અક્ષર '**ય**'ને સીધી લીટીમાં જોડવામાં આવ્યો છે; જેમ કે, '**શ્ર્ય**'

'**શ્+ર્+ય**' આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે તેને ઉપર બતાવ્યા પ્રમાણે જ જોડીને લખવા જોઈએ; જેમ કે, **શ્ર્યંક, શ્ર્યાશ્રય** વગેરે.

પણ તેને '**શ્ય્રંક, શ્ય્રાશ્રય**' આવી રીતે જોડીને લખાય નહિ. એવી રીતે જોડીને લખવાથી તેમાંના અક્ષરો ઊલટસૂલટ થઈ જાય છે અને તેમનો ક્રમ ફરી જાય છે. બીજા ક્રમે રહેલો અડધો '**ર્**' ત્રીજા ક્રમે ચાલ્યો જાય છે અને ત્રીજા ક્રમે રહેલો '**ય**' બીજા ક્રમે આવી જાય છે; એટલું જ નહિ બીજા ક્રમે રહેલો '**ર્**' ત્રીજા ક્રમે ચાલ્યો જવાથી તે અડધો હોવા છતાં આખો બની જાય છે અને ત્રીજા ક્રમે રહેલો '**ય**' બીજા ક્રમે આવી જવાથી તે આખો હોવા છતાં અડધો બની જાય છે.

આ જોડાક્ષરમાં પણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય બાબત એ જ છે કે '**ર્**'ને પૂર્વમાં રહેલા '**શ્**' (**શ્**)ની સાથે જોડવાનો છે, પણ અંતે રહેલા '**ય**'ની સાથે જોડવાનો નથી.

'શ્ + ય્ + ર' આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ 'શ્ય્ર' આ પ્રમાણે જોડીને લખી શકાય, પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એ જોડણી સદંતર ખોટી ઠરે છે.

૩૩.

અડધો 'ત્' ૧→
અડધો 'ર્' (રેફ) ૨→ ત્ર્ય ←૩ આખો અક્ષર 'ય'

(ત્ + ર્ + ય) (ત્ + / + ય) ત્ર્યમ્બક

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો છે. તેમાં પ્રથમના બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે અને તે બેની સાથે 'ય' સીધી લીટીમાં જોડાયેલો છે.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'ત્' છે, તેની નીચેના બીજા તીરની સામે અડધો 'ર્' (રેફ) છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર 'ય' છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ 'ત્'ના દંડની સાથે '/' આવા ચિહ્નરૂપે આખા 'ર'નું જોડાણ 'ત્ર' આવી રીતે ઉપર-નીચે થયેલું છે. તેથી 'ત્'નો દંડ 'ર'માં રહેલા અકારનો સૂચક બની ગયો છે. ત્યાર પછી 'ર'ને અડધો બનાવવા માટે તે અકારસૂચક દંડને કાઢી નાખવામાં આવ્યો છે. છેવટે જે '>' આવો અંશ બાકી રહ્યો, તેની સાથે આખા અક્ષર 'ય'ને સીધી લીટીમાં જોડવામાં આવ્યો છે; જેમ કે, 'ત્ર્ય'

'ત્+ર્+ય' આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે તેને ઉપર બતાવ્યા પ્રમાણે જ જોડીને લખવા જોઈએ; જેમ કે, **ત્ર્યમ્બક, વૈચિત્ર્ય, ત્ર્યક્ષ, સ્વાતન્ત્ર્ય, પારતન્ત્ર્ય** વગેરે.

પણ તેને **'ત્ય્રમ્બક, ત્ય્રક્ષ'** આ પ્રમાણે જોડીને લખાય નહિ. એવી રીતે જોડીને લખવાથી તેમાંના અક્ષરો ઊલટસૂલટ થઈ જાય છે

અને તેમનો ક્રમ ફરી જાય છે. બીજા ક્રમે રહેલો અડધો ‘ર્’ ત્રીજા ક્રમે ચાલ્યો જાય છે અને ત્રીજા ક્રમે રહેલો ‘ય’ બીજા ક્રમે આવી જાય છે; એટલું જ નહિ, બીજા ક્રમે રહેલો ‘ર્’ ત્રીજા ક્રમે ચાલ્યો જવાથી તે અડધો હોવા છતાં આખો બની જાય છે અને ત્રીજા ક્રમે રહેલો ‘ય’ બીજા ક્રમે આવી જવાથી તે આખો હોવા છતાં અડધો બની જાય છે.

આ જોડાક્ષરમાં પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ જ છે કે ‘ર્’ને પૂર્વમાં રહેલા ‘ત્’ની સાથે જોડવાનો છે, પણ અંતે રહેલા ‘ય’ની સાથે જોડવાનો નથી.

‘ત્ + ય્ + ર’ આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ તેને ‘ત્ય્ર’ આવી રીતે જોડીને લખી શકાય, પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એ જોડણી સદંતર ખોટી ઠરે છે.

‘ગ્ર્ય, દ્ર્ય, ત્ર્ય’ ત્રણ અક્ષરોવાળા આ ત્રણેય જોડાક્ષરોમાં ‘ર્’ (રેફ) વચમાં બીજા ક્રમે જ રહેલો છે. એ અપેક્ષાએ આ ત્રણેય જોડાક્ષરોની સમાનતા છે. આમ છતાં, વિસ્મયજનક બાબત એ છે કે ‘ત્ર્ય’ જોડાક્ષર લખવામાં સામાન્યજનો પણ કદી ભૂલ કરતા નથી. તેમાં ‘ર્’ના ‘/’ આવા ચિહ્નને વચમાં યોગ્ય અથવા સાચા સ્થાને જ મૂકે છે. જ્યારે ‘ગ્ર્ય’ અને ‘દ્ર્ય’ આ બે જોડાક્ષરો લખવામાં તો ભલભલા વિદ્વાનો પણ ભૂલ કરી બેસે છે. ‘ર્’ના ચિહ્નને વચમાં બીજા ક્રમે મૂકવાને બદલે અંતે ત્રીજા ક્રમે મૂકી દે છે.

અગ્ર્ય, દારિદ્ર્ય વગેરેમાં જો ‘ય’ વર્ણ ‘ર્’ (‘/’) વર્ણના સ્થાને આવે તો તેનું ઉચ્ચારણ કરવું ઘણું કઠિન પડે. આ વાત જો વક્તાના ધ્યાનમાં આવે તો લેખનમાં અક્ષરોનો ક્રમ જાળવવાની કાળજી તે ઉચિત રીતે લઈ શકે.

સામાન્યજનો દ્વારા પણ સાચી જ રીતે લખાતો આ જોડાક્ષર ‘ત્ર્ય’ સૌ કોઈને ‘ગ્ર્ય’ અને ‘દ્ર્ય’ કે જે વિદ્વાનો દ્વારા પણ ‘ગ્ય્ર’ ને ‘દ્ય્ર’ આમ ખોટી રીતે લખાય છે, તે લખવામાં થતી પોતાની ભૂલ સમજવામાં તેમને ખૂબ જ સહાયક બની શકે એમ છે.

પૂર્વે 'નિર્ણયસાગર' મુદ્રણાલયમાં અક્ષરોનાં અને જોડાક્ષરોનાં શાસ્ત્રીય રીતે તૈયાર કરેલાં સાચાં બીબાં જ વપરાતાં હતાં. પણ હવે તો લક્ષ્મીની જ બોલબાલાના આ કળિયુગમાં લિપિવિષયક શાસ્ત્રીય જ્ઞાન, વફાદારી અને કાળજી અદૃશ્ય બની ગયાં છે. લક્ષ્ય માત્ર અનુકૂળતા અને કમાણીનું જ રહ્યું છે. અજ્ઞાન, પ્રમાદ, સ્વચ્છન્દતાદિ દોષો દિનપ્રતિદિન વધુ ને વધુ હૃષ્ટપુષ્ટ બની રહ્યા છે. તેથી કેટલાક અક્ષરોનાં અને જોડાક્ષરોનાં બીબાં પણ ખોટાં બનવા લાગ્યાં છે. છાપેલા લખાણમાં ભાષાકીય દૃષ્ટિએ કાંઈ ખોટું હોય જ નહિ, જે અક્ષરો અને જોડાક્ષરો છપાયા હોય તે બધા સાચા જ હોય, એવી શ્રદ્ધા ધરાવનારા સામાન્યજનો ખોટાને સાચું સમજીને તરત જ એનું અનુકરણ કરવા લાગી જાય છે. પરિણામે કેટલાક અક્ષરો અને જોડાક્ષરો ખોટી રીતે લખવાનો દોષ વ્યાપક બનતો જાય છે.

૩૪.

દેવનાગરી લિપિનો અડધો 'द्' ૧→
અડધો 'ग्' ૨→
આખો અક્ષર 'र' (રેફ) ૩→



(द् + ग् + र) (द् + ग् + '/') ઉદ્ગ્રહણ

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરી લિપિનો અડધો 'द्' છે, તેની નીચેના બીજા તીરની સામે અડધો 'ग्' છે અને તેની નીચેના ત્રીજા તીરની સામે '/' આવા ચિહ્નરૂપે આખો અક્ષર 'ર' છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ દેવનાગરી લિપિના અડધા 'द्'ની સાથે આખા 'ગ'નું જોડાણ 'द्ग' આવી રીતે ઉપર-નીચે થાય છે. આ જોડાણ થાય છે ત્યારે 'द'નો નીચેનો દંડ 'ગ'ના દંડરૂપ બની

જાય છે અને તેની સાથે આખા અક્ષર ‘ર’(રેફ)નું જોડાણ થાય છે; જેમ કે, ‘દ્ગ્ર’. આ જોડાણ થયા પછી ‘ગ’નો દંડ ‘ર’માં રહેલા અકારનો સૂચક બની જાય છે.

આમાં ‘દ્’ની નીચે ‘ગ્’ અને ‘ગ્’ની નીચે ‘ર’ (રેફ) એ ત્રણેય અક્ષરોનું જોડાણ ઉપર-નીચે થાય છે. અપેક્ષાએ ‘દ્ + ગ્’નું જોડાણ ઉપર-નીચે અને ‘ગ્+ર’નું જોડાણ સીધી લીટીમાં પણ માની શકાય; જેમ કે, **ઉદ્ગ્રન્થ, ઉદ્ગ્રહણ, ઉદ્ગ્રાહ** વગેરે.

૩૫.




(ર્ + દ્ + ર) (c + દ્ + /) **આર્દ્ર**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં જમણી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે અડધો ‘ર્’ (રેફ) છે, તેની નીચેના બીજા તીરની સામે ગુજરાતી લિપિનો અડધો દરવાજાનો ‘દ્’ છે અને ડાબી બાજુના ત્રીજા તીરની સામે ‘/’ આવા ચિહ્ન-રૂપે આખો અક્ષર ‘ર’ (રેફ) છે.

આ જોડાક્ષરની વિશેષતા એ છે કે આમાં પ્રથમ ગુજરાતીના ‘દ’ના નીચેના ગોળાર્ધ સાથે ‘/’ આવા ચિહ્નરૂપે ઉત્તરાર્ધ રેફ જોડાય છે અને ત્યાર પછી અર્ધા ‘ર્’નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. રેફનું ઉચ્ચારણ પૂર્વમાં રહેલા **‘આ’** સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ પછી રહેલા ‘દ્’ સાથે છે; જેમ કે, **આર્દ્ર, આર્દ્રા** વગેરે. આમાં **‘આર્+દ્ર’** છે.

‘ર્ + દ્ + ર’ આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે ઉપર બતાવ્યા પ્રમાણે જ જોડીને લખવા જોઈએ; જેમ કે, **આર્દ્ર, દયાર્દ્ર** વગેરે.

'ર્द्र' આમ દેવનાગરી લિપિના 'द' સાથે પણ આ જોડાક્ષરની રચના થાય છે; જેમ કે, **આર્द्र, આર્द्रા, સ્નેહાર્द्र** વગેરે.

આમાં પણ ઉત્તરાર્ધ રેફનું '/' આ ચિહ્ન 'द'ના નીચેના અકારવાચક અર્ધદંડ સાથે ભળે છે, તેથી ઉત્તરાર્ધ રેફ આખો બને છે.

૩૬. ર્द्व
←૧ અડધો 'ર્' (રેફ)
←૨ દેવનાગરી લિપિનો અડધો 'द्'
←૩ આખો અક્ષર 'વ'

(ર્ + द् + વ) (ૅ + द् + વ) **માર્द्विક**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'ર્' (રેફ) છે, તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરી લિપિનો અડધો 'द्' છે અને તેની નીચેના ત્રીજા તીરની સામે આખો અક્ષર 'વ' છે.

આ જોડાક્ષરની વિશેષતા એ છે કે આમાં પ્રથમ દેવનાગરી લિપિના 'द'ના દંડ સાથે 'વ' જોડાય છે. તેથી 'द'નો દંડ 'વ'ના (અકારસૂચક) દંડરૂપ બની જાય છે. (આમાં પણ 'द्' અડધો ને 'વ' આખો છે.) ત્યાર પછી અડધા 'ર્'નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. રેફનું ઉચ્ચારણ પૂર્વવર્તી **'મા'** સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ ઉત્તરવર્તી 'द' સાથે રહે છે; જેમ કે, **માર્द्विક.** આમાં **'માર્ + द्विક'** છે.

**'ર્ + द् + વ'** આવા જ ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે ઉપર બતાવ્યા પ્રમાણે જોડીને લખવા જોઈએ; જેમ કે, **માર્द्विક** (એક જાતનો દારૂ)

આ જોડાક્ષરને ગુજરાતીના **'દ'** સાથે **'ર્દ્વ'** આવી રીતે જોડીને લખાય નહિ. આ જોડાક્ષરને માટે દેવનાગરીનો 'द' જ વાપરવા યોગ્ય છે. ગુજરાતી લિપિના **'દ'** સાથે **'ર્+દ્+વ'** આ ત્રણ અક્ષરોને **'ર્દ્વ'** આવી રીતે જોડીને લખવા તે અશાસ્ત્રીય હોવાથી ખોટું છે.

'ર્ + વ્ + દ' આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ 'ર્વ્દ' આવી રીતે જોડીને લખી શકાય. પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એ જોડણી સદંતર ખોટી ઠરે છે.

૩૭.

←૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'

અડધો 'વ્' ૨→ **દ્વ્ય** ←૩ આખો અક્ષર 'ય'

(द् + વ્ + ય) દ્વ્યણુક

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે. તેમાં પ્રથમના બે અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે અને તેની સાથે 'ય'નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે.

આમાં જમણી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરીનો અર્ધો 'द्' છે, ડાબી બાજુના બીજા તીરની સામે અર્ધો 'વ' છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર 'ય' છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ દેવનાગરી લિપિના અડધા 'द्' સાથે આખા 'વ'નું જોડાણ 'द्व' આવી રીતે ઉપર-નીચે થાય છે. તેથી 'द'નો દંડ 'વ'ના દંડરૂપ બની જાય છે. ત્યાર પછી 'વ'ને અર્ધો બનાવવા માટે તે અકારસૂચક દંડને કાઢી નાખવામાં આવે છે. છેવટે જે 'द्व्' આવો અંશ બાકી રહે છે તેની સાથે આખા અક્ષર 'ય'ને સીધી લીટીમાં જોડવામાં આવે છે; જેમ કે, દ્વ્ય

'द्व्य' આવી રીતે પણ આ જોડાક્ષરની રચના થાય છે. આમાં પ્રથમ 'द् + વ'નું ઉપર-નીચે જોડાણ કરીને તે બેની સાથે ચાંચિયા (મોડકા) 'ય'ને સીધી લીટીમાં જોડી દેવામાં આવે છે. તેનાથી દંડ કાઢ્યા વગર જ પૂર્વનો 'વ' ખોડો અથવા અડધો સૂચવાય છે.

‘દ્વ્ય’ આવી રીતે પણ આ જોડાક્ષરની રચના થાય છે. આમાં પણ પ્રથમ ‘દ્ + વ’નું ઉપર-નીચે જોડાણ થાય છે. ત્યાર પછી તે બેની સાથે ‘ય’ને સીધી લીટીમાં જોડી દેવાય છે. તે વખતે તેની પૂર્વમાં રહેલા ‘વ’ના દંડને કાઢી નાખવાને બદલે, ‘વ’ની નીચે ખોડાનું ચિહ્ન કરવામાં આવે છે.

આ જોડાક્ષરને ગુજરાતી લિપિના ‘દ્’ સાથે ‘વ્દ્ય’ કે ‘વ્દ્ય’ આવી રીતે જોડીને લખાય નહિ. આ જોડાક્ષરને માટે પણ દેવનાગરી લિપિનો ‘द्’ જ વાપરવા યોગ્ય છે. (ગુજરાતી લિપિના ‘દ’ સાથે) ‘દ્ + વ્ + ય’ આ ત્રણ અક્ષરોને ‘વ્દ્ય’ કે ‘વ્દ્ય’ આવી રીતે જોડીને લખવા તે અશાસ્ત્રીય હોવાથી ખોટું છે.

‘વ્ + દ્ + ય’ આવા ક્રમથી આ ત્રણ અક્ષરોને જોડીને લખવાના હોય ત્યારે જ તેમને ‘વ્દ્ય’ આવી રીતે જોડીને લખી શકાય. પણ એવો જોડાક્ષર જ અશક્ય હોવાથી એ જોડણી સદંતર ખોટી ઠરે છે.

૩૮.




(ચ્ + છ્ + વ) ઉચ્છ્વાસ

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે. તેમાં ‘ચ્ + છ્’નું જોડાણ સીધી લીટીમાં થયેલું છે અને ‘છ્ + વ’નું જોડાણ ઉપર-નીચે થયેલું છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો ‘ચ્’ છે, જમણી બાજુના ઉપરના ક્રમાંક બેવાળા તીરની સામે અડધો ‘છ્’ છે અને તેની નીચેના ક્રમાંક ત્રણવાળા તીરની સામે આખો અક્ષર ‘વ’ છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ 'ચ્ + છ'નું જોડાણ સીધી લીટીમાં થાય છે અને ત્યાર પછી 'છ્'ની નીચે આખા અક્ષર 'વ'ને જોડવામાં આવે છે; જેમ કે, **ઉચ્છ્વાસ** વગેરે.

આ જોડાક્ષરમાંના અક્ષરોને '**ચ્છ્વ**' આવી રીતે સીધી લીટીમાં જોડીને પણ લખવામાં આવે છે.

આમાં પ્રથમ અડધા '**ચ્**'ની સાથે આખો '**છ**', '**ચ્છ**' આવી રીતે જોડાય છે. ત્યાર પછી તેની સાથે આખો અક્ષર '**વ**' સીધી લીટીમાં જ જોડાય છે અને તે વખતે તેની પૂર્વના '**છ**'ની નીચે ખોડાનું ચિહ્ન કરવામાં આવે છે; જેમ કે, **ઉચ્છ્વાસ** વગેરે.

૩૯.




આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે અને તેમાં '**ત્ર**'ના બે પાંખિયાંની વચમાં અડધો '**ન્**' સીધી લીટીમાં જોડાયેલો છે.

આમાં વચ્ચેના પ્રથમ તીરની સામે અડધો '**ન્**' છે, તેની ઉપરના બીજા તીરની સામે અડધો '**ત્**' છે (તેનો નીચેની બાજુ વળાંકવાળો ભાગ સીધો થઈ જવાથી સીધી લીટીરૂપ બની ગયેલો છે) અને નીચેના ત્રીજા તીરની સામે '⁄' આવા ચિહ્નરૂપે આખો અક્ષર '**ર**' છે.

આમાં '**ત્ર**'ના બે પાંખિયાંની વચમાં અર્ધા '**ર્**'નું જોડાણ થાય છે. '**ન્**'ની સાથે '**ત**'નું જોડાણ સીધી લીટીમાં અને '**ત**'ની સાથે '**ર**'નું જોડાણ ઉપર-નીચે થાય છે. '**ન**'નો દંડ '**ત**'ના દંડરૂપ બન્યા પછી તે '**ર**'માં રહેલા અકારનો સૂચક બની જાય છે.

'**ન**'ને અડધો કરતાં '**ન્**' થાય તેની સાથે '**ત્ર**' જોડાય તેથી '**ન્ત્ર**' આવું સ્વરૂપ થાય અને તે જ યોગ્ય છે.

'ન્ + ત્ + ર' આ ત્રણ અક્ષરોના જોડાણની **'ન્ત્ર'** આવી પદ્ધતિ જ સરળ હોવાથી હાલમાં વિશેષ પ્રચલિત છે; જેમ કે, **મન્ત્ર, તન્ત્ર, યન્ત્ર, સન્ત્રાસ, સન્ત્રસ્ત** વગેરે.

**'ન્ત્ર'** આવી રીતે પણ આ જોડાક્ષર લખાય છે. એનો સવિશેષ પ્રચાર છાપકામમાં છે. આમાં અડધા 'ન્'ને 'ત્ર'ના બે પાંખિયાંની ઉપરના ભાગે જોડવામાં આવે છે; જેમ કે, **અન્ત્ર, મન્ત્ર, તન્ત્ર** વગેરે.

આમાં 'ન્'ની સાથે 'ત્' અને 'ત્'ની સાથે આખો અક્ષર 'ર' (રેફ) જોડાયેલો છે.

૪૦.




**(ર્ + ઘ્ + ય) (ૅ + ઘ્ + ય) અર્ઘ્ય**

આ જોડાક્ષરમાં અનુક્રમે **'ર્+ઘ્+ય'** આ ત્રણ અક્ષરો જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો 'ર્' અર્થાત્ રેફ છે, તેની નીચેના બીજા તીરની સામે અડધો ઘડિયાળનો **'ઘ્'** છે અને જમણી બાજુના ત્રીજા તીરની સામે આખો અક્ષર **'ય'** છે.

આ જોડાક્ષરની વિશેષતા એ છે કે આમાં પ્રથમ **'ઘ'**ની સાથે **'ય'**નું જોડાણ સીધી લીટીમાં થાય છે ને પછી રેફનું ઊર્ધ્વગમન થાય છે. અર્ધા 'ર્'નું અર્થાત્ રેફનું ઉચ્ચારણ પૂર્વમાં રહેલા **'અ'** સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ અન્ત્ય યકારમાં રહેલા (યકારોત્તરવર્તી) **'અ'** સ્વર સાથે છે. તેથી 'ર્'ને, **'ય'**માં રહેલ અકારસૂચક દંડ પર **'ર્ઘ્ય'** એ રીતે મુકાય છે. **'અર્ઘ્ય'**માં **'અર્+ઘ્ય'** છે.

આમાં રેફનું ઉચ્ચારણ પૂર્વના **'અ'** સાથે, સંબંધ પછીના **'ધ'** સાથે અને અંતિમ સંબંધ **'ય'**ના **'અ'** સાથે છે. આ જ પ્રમાણે **'તાર્ક્ષ્ય'** આદિમાં પણ સમજી લેવું.

૪૧. અડધો 'ષ્' ૧ →





આવી રીતે પણ આ જોડાક્ષર રચાય છે.

**(ષ્ + ટ્ + ર) (ષ્ + ટ્ + ^) રાષ્ટ્ર**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે. આમાં મૂર્ધન્ય 'ષ્'ની સાથે 'ટ્' સીધી લીટીમાં જોડાયેલો છે અને 'ટ્'ની સાથે 'ર'(રેફ)નું જોડાણ ઉપર-નીચે થયેલું છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો મૂર્ધન્ય **'ષ્'** છે, જમણી બાજુના ઉપરના ક્રમાંક બેવાળા તીરની સામે અડધો **'ટ્'** છે અને તેની નીચેના ક્રમાંક ત્રણવાળા તીરની સામે આખો અક્ષર **'ર'** અર્થાત્ રેફ છે.

આ જોડાક્ષરની રચનામાં પ્રથમ મૂર્ધન્ય 'ષ્'ની સાથે અડધા 'ટ્'નું જોડાણ સીધી લીટીમાં થાય છે. ત્યાર પછી 'ટ્'ની સાથે આખા 'ર'નું જોડાણ તેના બે પાંખિયાંવાળા ' ^ ' આવા ચિહ્ન સાથે ઉપર-નીચે થાય છે; જેમ કે, **રાષ્ટ્ર, ઉષ્ટ્ર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર** વગેરે.

આમાં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે (→**ષ**) કૌંસમાં તીરથી બતાવેલો મૂર્ધન્ય **'ષ'**નો મુખભાગ વળાંક વગરનો હોય છે અર્થાત્ એનું મુખ પગના **'પ'**ની જેમ વળાંકવાળું રાખવામાં આવતું નથી.

૪૨.



**(સ્ + ત્ + ર) (સ + ત્ + /) (સ + ત્ર) શાસ્ત્ર**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા છે અને તેમાં 'ત્ર'નાં બે પાંખિયાંની વચમાં અડધો 'સ્' સીધી લીટીમાં જોડાયેલો છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અડધો 'સ્' છે, જમણી બાજુના ઉપરના બીજા તીરની સામે અડધો 'ત્' છે (તેનો નીચેની બાજુ વળાંકવાળો ભાગ સીધો થઈ જવાથી સીધી લીટીરૂપ બની ગયેલો છે) અને નીચેના ત્રીજા તીરની સામે '/' આવા ચિહ્ન-રૂપે આખો અક્ષર 'ર' છે.

આમાં 'ત્ર'નાં બે પાંખિયાં વચ્ચે અડધા 'સ્'નું જોડાણ થાય છે. 'સ્'ની સાથે 'ત્'નું જોડાણ સીધી લીટીમાં અને 'ત્'ની સાથે 'ર'નું જોડાણ ઉપર-નીચે થાય છે. 'સ'નો દંડ 'ત'ના દંડરૂપ બન્યા પછી તે 'ર'માં રહેલા અકારનો સૂચક બની જાય છે.

'સ'ને અડધો કરવા માટે દંડ કાઢી નાખતાં 'સ' થાય, તેની સાથે 'ત્ર'જોડાય તેથી 'સ્ત્ર' આવું સ્વરૂપ થાય અને તે જ યોગ્ય છે.

'સ્ + ત્ + ર' આ ત્રણ અક્ષરોના જોડાણની 'સ્ત્ર' આવી પદ્ધતિ જ સરળ હોવાથી હાલમાં વિશેષ પ્રચલિત છે; જેમ કે, **અસ્ત્ર, વસ્ત્ર, શસ્ત્ર, શાસ્ત્ર** વગેરે.

'**સ્ત્ર**' આવી રીતે પણ આ જોડાક્ષર લખાય છે. એનો સવિશેષ પ્રચાર છાપકામમાં છે. આમાં અડધા 'સ્'ને 'ત્ર'નાં બે પાંખિયાંની ઉપરના ભાગે જોડવામાં આવે છે; જેમ કે, **અસ્ત્ર, વસ્ત્ર** વગેરે.

આમાં 'સ્'ની સાથે 'ત્' અને 'ત્'ની સાથે આખો અક્ષર 'ર' (રેફ) જોડાયેલો છે.

# 'સ્ર' અને 'સ્ત્ર'

'**સ્ર**' અને '**સ્ત્ર**' આ બે જોડાક્ષરો વચ્ચેનો ભેદ સમજી લેવા યોગ્ય છે અને સમજીને ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

'**સ્ર**' આ બે અક્ષરોનો બનેલો જોડાક્ષર છે. તેમાં 'સ્'ની સાથે ' / ' આવા ચિહ્નરૂપે 'ર' જોડાયેલો છે; જેમ કે, **સહસ્ર, સ્રાવ** વગેરે.

'**સ્ત્ર**' આ ત્રણ અક્ષરોનો બનેલો જોડાક્ષર છે. તેમાં 'સ્'ની સાથે 'ત્' **અને** 'ત્'ની સાથે '/' આવા ચિહ્નરૂપે રથનો 'ર' જોડાયેલો છે; જેમ કે., **અસ્ત્ર, વસ્ત્ર** વગેરે.

'**સહસ્ર**' એટલે એક હજારની સંખ્યા. આ '**સહસ્ર**' શબ્દમાં બે અક્ષરવાળો જોડાક્ષર '**સ્ર**' છે, પણ ત્રણ અક્ષરવાળો જોડાક્ષર '**સ્ત્ર**' નથી. '**સહસ્ર**' શબ્દ છે, પણ '**સહસ્ત્ર**' શબ્દ નથી. તેથી '**સહસ્રફણા**', '**સહસ્રલિંગ**' એમ લખાય-બોલાય,પણ '**સહસ્ત્રફણા**', '**સહસ્ત્રલિંગ**' એમ લખાય-બોલાય નહિ. એમ લખવું અને બોલવું તે ખોટું છે.

આમ છતાં સામાન્યજનો '**સહસ્ર**'ને બદલે '**સહસ્ત્ર**' લખે-બોલે છે. તેથી '**સહસ્રફણા પાર્શ્વનાથ**', '**સહસ્રલિંગ તળાવ**' એવાં શુદ્ધ અને સાચાં લેખન-ઉચ્ચારણને બદલે '**સહસ્ત્રફણા પાર્શ્વનાથ**', '**સહસ્ત્રલિંગ તળાવ**' એવાં અશુદ્ધ અને ખોટાં લેખન-ઉચ્ચારણ લોકોમાં અતિ પ્રચલિત બની ગયાં છે. હકીકતમાં કોઈ પણ અર્થમાં '**સહસ્ત્ર**' શબ્દ જ નથી. તેથી '**સહસ્ત્રફણા**', '**સહસ્ત્રલિંગ**' એમ લખવું-બોલવું વ્યાકરણદૃષ્ટિએ ખોટું ઠરે છે.

'**વસ્ત્ર**' શબ્દમાં ત્રણ અક્ષરવાળો '**સ્ત્ર**' જોડાક્ષર છે, પણ બે અક્ષરવાળો '**સ્ર**' જોડાક્ષર નથી.

'**ઘસ્ર, સહસ્ર, ચતસ્ર, ચતુરસ્ર, સ્રોત, સ્રાવ, સ્રગ્ધરા**' વગેરેમાંથી **સહસ્ર, સ્રાવ** જેવા બે-ચાર શબ્દો સિવાયના, જેમાં બે અક્ષરો જોડાયેલા છે, એવા '**સ્ર**' જોડાક્ષરવાળા શબ્દો સંસ્કૃત ભાષામાં જ

વિશેષ પ્રચલિત છે. ગુજરાતી ભાષામાં **સહસ્ર, સ્રાવ** વગેરે **'સ્ર'** જોડાક્ષરવાળા શબ્દોનો પ્રચાર નહિવત્ હોવાથી સામાન્યજનોને તો તે શબ્દો લગભગ વાંચવા-સાંભળવા મળતા જ નથી. એટલે તેવા શબ્દોથી તેઓ ઘણું કરીને અપરિચિત હોય છે.

જ્યારે **'શાસ્ત્ર, શસ્ત્ર, અસ્ત્ર, વસ્ત્ર, સ્ત્રી, ઈસ્ત્રી, મિસ્ત્રી, શાસ્ત્રી, સ્વસ્ત્રી, પરસ્ત્રી'** વગેરે ત્રણ અક્ષરોના બનેલા **'સ્ત્ર'** જોડાક્ષરવાળા અનેક શબ્દો રોજિંદી વાતચીતના વ્યવહારમાં વિશેષ પ્રમાણમાં વપરાતા હોવાથી તેવા શબ્દો લોકોને રોજરોજ વારંવાર વાંચવા-સાંભળવા મળતા હોય છે. તે કારણે સઘળા લોકો તેવા શબ્દોથી સુપરિચિત હોય છે.

વળી **'સ્ર'** ને **'સ્ત્ર'**માં ભેદ **'ત'**ની એક નાનકડી રેખા પૂરતો જ છે; જ્યારે સામ્ય ઘણું મોટું છે.

લોકો ખૂબ જ ઝડપથી વાંચવા ટેવાયેલા હોય છે. ઝડપી વાચન વખતે માણસની આંખ **'સ્ર'** અને **'સ્ત્ર'**માં રહેલા ઘણા મોટા સામ્યને જુએ છે, પણ તે એક નાનકડા ભેદને પકડી શકતી નથી.

આ બધાં કારણસર લોકો **'સહસ્ર'** શબ્દમાં રહેલા **'સ્ર'**ને પણ **'સ્ત્ર'** જ માની લે છે અને ઉચ્ચારણ પણ **'સ્ત્ર'**નું જ કરે છે. ઉચ્ચારણમાં પ્રવેશેલો દોષ લેખનમાં પણ પ્રવેશે છે.

**'સ્ર'**માં બે અક્ષરો જોડાયેલા છે ને **'સ્ત્ર'**માં ત્રણ અક્ષરો જોડાયેલા છે. **'સ્ર'** અને **'સ્ત્ર'** વચ્ચેનો આ ભેદ ધ્યાનમાં રહી જાય તો **'સહસ્ર'** શબ્દ લખવા-બોલવામાં પ્રચલિત બનેલા દોષનું નિવારણ થઈ જાય.



# ચાર અક્ષરવાળા જોડાક્ષરો

ચાર અને પાંચ અક્ષરવાળા એટલે જેમાં ચાર અને પાંચ અક્ષરો જોડાયા છે એવા જોડાક્ષરો ખાસ કરીને સંસ્કૃત ભાષામાં વપરાય છે. ચાર-પાંચ અક્ષરના બનેલા જોડાક્ષરવાળા તત્સમ શબ્દોનો પ્રચાર ગુજરાતીમાં ઘણો ઓછો છે. તો પણ આ જોડાક્ષરો જાણવા જરૂરી હોવાથી તેમાંના કેટલાક અહીં આપ્યા છે.

૪૩.




(ર્ + द् + ધ્ + વ) (ᑕ + द् + ધ્ + વ) ઊર્દ્ધ્વ

આ જોડાક્ષરમાં ચાર અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે.

આમાં જમણી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે અડધો 'ર્' અર્થાત્ રેફ છે, તેની નીચેના બીજા તીરની સામે દેવનાગરી લિપિનો અડધો 'द्' છે, જમણી બાજુના ઉપરના ત્રીજા તીરની સામે અડધો 'ધ્' છે અને તેની નીચેના ચોથા તીરથી સામે આખો અક્ષર 'વ' છે.

'ઊર્દ્ધ્વ'માં 'ઊર્ + द्ध्व' છે. તેમાં પ્રથમ દેવનાગરીના 'द' ની સાથે 'ધ'નું જોડાણ થાય છે અને પછી 'વ' જોડાય છે. પ્રથમ 'द्'ના નીચેના અર્ધદંડ સાથે 'ધ' જોડાઈ 'द्ध' બને પછી તેમાં 'વ' જોડાતાં 'द्ध्व' બને. આમ 'द'ના અર્ધદંડમાં 'ધ્-વ' જોડાય ત્યારે 'द' નો અર્ધદંડ છેલ્લા 'વ'ના પૂર્ણદંડ સાથે જોડાઈ જાય છે અને 'द' અડધો બને છે; જેમ કે, 'ઊર્દ્ધ્વ'. તેથી રેફ છેલ્લા વકારોત્તરવર્તી અકાર પર જ છે એમ સ્પષ્ટ છે. 'ઙ્ણ્ર્ય'માં એ વધારે સ્પષ્ટ છે.

પરન્તુ અહીં 'દ્'માં 'ધ્' અને આખો 'વ' મળતાં એટલું સ્પષ્ટ દેખાતું નથી.




તીરથી બતાવ્યા મુજબ 'દ'માં બે અર્ધદંડ છે. તેમાં નીચેના અર્ધદંડ સાથે 'ધ્' અને 'વ' જોડાવાથી 'દ'નો અર્ધદંડ 'વ'ના પૂર્ણદંડ સાથે ભળી આખો 'વ' બને છે અને 'દ' અડધો થઈ જાય છે. રેફનું ચિહ્ન 'દ'ના ઉપરના અર્ધદંડ ઉપર મુકાય છે; જેમ કે, 'ઊર્ધ્વ'

આ જોડાક્ષરમાંના રેફ પછીનો 'દ્' સંસ્કૃત વ્યાકરણના નિયમ મુજબ વિકલ્પે બેવડાય છે. જ્યારે બેવડાય છે ત્યારે ચાર અક્ષરવાળો આ જોડાક્ષર પાંચ અક્ષરનો બની જાય છે; જેમ કે, ર્ + દ્ + દ્ + ધ્ + વ = ર્દ્દ્ધ્વ (ઊર્દ્દ્ધ્વ)

'દ્ધ્વ' આવી રીતે પણ આ જોડાક્ષર લખાય છે. આમાં 'દ્ + ધ્ + વ' સીધી લીટીમાં જોડાય છે અને ત્યાર પછી રેફનું ઊર્ધ્વગમન થાય છે.

'દ્ધ્વ' આમ ગુજરાતી લિપિના 'દ' સાથે પણ લખાય છે.

'ઊર્ધ્વ, ઊર્દ્ધ્વ, ઊદ્ધ્વ, ઊદ્ધ્વ' આમ ચાર પ્રકારે આ જોડાક્ષર લખાય છે.

૪૪.




(ર્ + ષ્ + ટ્ + ય) (ર + ષ્ + ટ્ + ય) ધાર્ષ્ટ્ય

ચાર અક્ષરવાળા આ જોડાક્ષરમાં રેફ સિવાયના અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના પ્રથમ તીરની સામે અર્ધો 'ર્' (રેફ) છે,

તેની નીચેના ક્રમાંક બેવાળા તીરની સામે અર્ધો મૂર્ધન્ય **'ષ'** છે, તેની નીચેના ક્રમાંક ત્રણવાળા તીરની સામે અર્ધો **'ટ્'** છે અને જમણી બાજુના ક્રમાંક ચારવાળા તીરની સામે આખો અક્ષર **'ય'** છે.

આ જોડાક્ષરની વિશેષતા એ છે કે આમાં પ્રથમ મૂર્ધન્ય **'ષ્'**ની સાથે **'ટ્'** અને **'ટ્'**ની સાથે **'ય'** સીધી લીટીમાં જોડાય છે. ત્યાર પછી અડધા 'ર્'નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. આ રેફનું ઉચ્ચારણ પૂર્વવર્તી **'ધા'** સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ અન્ત્ય યકારોત્તરવર્તી (યકારમાં આવેલા) **'અ'** સ્વર સાથે છે તેથી 'ર્' (રેફ)ને **'ય'**માં રહેલ અકારસૂચક દંડ પર **'ષ્ટ્ર્ય'** એ રીતે મુકાય છે. **'ધાર્ષ્ટ્ય'**માં **'ધાર્+ષ્ટ્ય'** છે.

આ જોડાક્ષરમાંના રેફ પછીનો **'ષ્'** વિકલ્પે બેવડાય છે. જ્યારે બેવડાય છે ત્યારે ચાર અક્ષરવાળો આ જોડાક્ષર પાંચ અક્ષરનો બની જાય છે; જેમ કે, **'ર્ - ષ્ - ષ્ - ટ્ - ય'** = **ર્ષ્ષ્ટ્ય** (ધાર્ષ્ષ્ટ્ય)

ઉપર બતાવ્યા પ્રમાણે લખાતા આ જોડાક્ષરમાં **'ટ'**ની નીચે ખોડાનું ચિહ્ન કરવામાં આવે છે અને **'ટ'**ના નીચેના છેડાને **'ય'**ની નાભિ સાથે જોડવામાં આવતો નથી; જેમ કે, **ધાર્ષ્ટ્ય**

**'ર્ષ્ટ્ય'** આવી રીતે પણ લખાય છે. આમાં **'ટ'**ની પાછળ ચાંચિયા **'ય'**ને જોડવામાં આવે છે. તેનાથી પૂર્વનો **'ટ'** અડધો અથવા ખોડો સૂચવાય છે. તેથી **'ટ'**ની નીચે ખોડાનું ચિહ્ન કરવાની જરૂર રહેતી નથી. આમાં **'ય'**ની ચાંચને પૂર્વવર્તી **'ટ'**ની ટોચ સાથે જોડવામાં આવે છે. પણ **'ટ'**ના નીચેના છેડાને **'ય'**ની નાભિ સાથે જોડવામાં આવતો નથી. એવી રીતે જોડવામાં આવે તો તે અર્ધા (દંડરહિત) **'ય'**નો ભ્રમ કરાવનાર બની જાય છે.

**'ધાર્ષ્ટ્ય, ધાર્ષ્ષ્ટ્ય, ધાર્ષ્ટ્ય, ધાર્ષ્ટ્ય'** આમ ચાર પ્રકારે આ જોડાક્ષર લખાય છે.



૪૫. અડધો 'ર્' (રેફ) ૧ →
અડધો 'ષ્' ૨ →
ગુજરાતી અડધો 'ણ્' ૩ →
ર્ષ્ણ્ય ← ૪ આખો અક્ષર 'ય'

(ર્ + ષ્ + ણ્ + ય) (ર્ + ષ્ + ણ્ + ય) કાર્ષ્ણ્ય

ચાર અક્ષરના આ જોડાક્ષરમાં રેફ સિવાયના અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે અર્ધો 'ર્' (રેફ) છે, તેની નીચેના બીજા તીરની સામે અર્ધો મૂર્ધન્ય 'ષ્' છે, તેની નીચેના ત્રીજા તીરની સામે અર્ધો 'ણ્' છે અને જમણી બાજુના ચોથા તીરની સામે આખો અક્ષર 'ય' છે.

આ જોડાક્ષરની વિશેષતા એ છે કે આમાં પ્રથમ મૂર્ધન્ય 'ષ્' સાથે 'ણ્' અને 'ણ્' સાથે 'ય' સીધી લીટીમાં જોડાય છે. ત્યાર પછી અડધા 'ર્'નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. આ રેફનું ઉચ્ચારણ પૂર્વવર્તી 'ધા' સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ અન્ત્ય યકારોત્તરવર્તી (યકારમાં રહેલા) 'અ' સ્વર સાથે છે. તેથી 'ર્'ને 'ય'માં રહેલ અકારસૂચક દંડ પર 'ર્ષ્ણ્ય' એ રીતે મુકાય છે. 'કાર્ષ્ણ્ય'માં 'કાર્ + ષ્ણ્ય' છે.

આ જોડાક્ષરમાંના રેફ પછીનો 'ષ્' વિકલ્પે બેવડાય છે. જ્યારે બેવડાય છે ત્યારે ચાર અક્ષરવાળો આ જોડાક્ષર પાંચ અક્ષરનો બની જાય છે; જેમ કે, 'ર્-ષ્-ષ્-ણ્-ય' = ર્ષ્ષ્ણ્ય (કાર્ષ્ષ્ણ્ય)

૪૬.

અડધો ‘ર્’ (રેફ) ૧ ⟶ ર્ક્ષ્ય

અડધો ‘ક્ + ષ્’ ૨/૩ → ર્ક્ષ્ય ← ૪ આખો અક્ષર ‘ય’

**(ર્ + ક્ + ષ્ + ય) (ર્ + ક્ષ્ + ય) (ર્ + ક્ + ષ્ + ય) તાર્ક્ષ્ય**

આ જોડાક્ષરમાં ત્રણ અક્ષરો જોડાયેલા દેખાતા હોવા છતાં હકીકતમાં તેમાં **‘ર્ - ક્ - ષ્ - ય’** આ ચાર અક્ષરો જોડાયેલા છે. આમ છતાં ગુજરાતીમાં **‘ક્ષ’** મૂળાક્ષર તરીકે સ્વીકારાયેલો હોવાથી આ જોડાક્ષરમાં **‘ર્-ક્ષ્-ય’** આ ત્રણ જ અક્ષરો જોડાયેલા માનવા જોઈએ.

આમાં ડાબી બાજુના ઉપરના પ્રથમ તીરની સામે અડધો ‘ર્’ અર્થાત્ રેફ છે. તેની નીચેના ક્રમાંક બે/ત્રણવાળા તીરની સામે **‘ક્ + ષ્’**નો બનેલો જોડાક્ષર **‘ક્ષ્’** છે અને જમણી બાજુના ક્રમાંક ચારવાળા તીરની સામે આખો અક્ષર **‘ય’** છે.

આમાં પ્રથમ **‘ક્+ષ્’**ના બનેલા જોડાક્ષર **‘ક્ષ્’** સાથે **‘ય’**નું જોડાણ સીધી લીટીમાં થાય છે અને ત્યાર પછી અડધા ‘ર્’નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. આ રેફનું ઉચ્ચારણ પૂર્વવર્તી **‘તા’** સાથે થાય છે, પરન્તુ તેનો સંબંધ અન્ત્ય યકારોત્તરવર્તી (યકારમાં આવેલા) **‘અ’** સ્વર સાથે છે. તેથી ‘ર્’ને **‘ય’**માં રહેલ અકારસૂચક દંડ પર **‘ર્ક્ષ્ય’** એ રીતે મુકાય છે. **‘તાર્ક્ષ્ય’**માં **‘તાર્+ક્ષ્ય’** છે.

આ જોડાક્ષરમાંના રેફ પછીનો **‘ક્’** વિકલ્પે બેવડાય છે. જ્યારે બેવડાય છે ત્યારે **‘તાર્ક્ક્ષ્ય’** આ પ્રમાણે લખાય છે.

## પાંચ અક્ષરવાળા જોડાક્ષરો

૪૭.

# ર્ત્સ્ન્ય

**(ર્ - ત્ - સ્ - ન્ - ય) કાર્ત્સ્ન્ય**

પાંચ અક્ષરના આ જોડાક્ષરમાં રેફ સિવાયના અક્ષરો સીધી લીટીમાં જોડાયેલા છે.

આમાં પ્રથમ **'ત્ + સ્ + ન્ + ય'**નું જોડાણ સીધી લીટીમાં થાય છે અને ત્યાર પછી અડધા **'ર્'**નું અર્થાત્ પૂર્વાર્ધ રેફનું ઊર્ધ્વગમન થાય છે. આ રેફનું ઉચ્ચારણ પૂર્વના **'કા'** સાથે થાય છે, પણ તેનો સંબંધ અન્ત્ય યકારોત્તરવર્તી (યકારમાં આવેલા) **'અ'** સ્વર સાથે છે. તેથી **'ર્'** (રેફ)ને **'ય'**માં રહેલ અકારસૂચક દંડ પર **ર્ત્સ્ન્ય'** એ રીતે મુકાય છે. **'કાર્ત્સ્ન્ય'**માં **'કાર્+ત્સ્નય'** છે.

આ જોડાક્ષરમાંનો **'ત્'** વિકલ્પે બેવડાય છે. જ્યારે બેવડાય છે ત્યારે પાંચ અક્ષરવાળો આ જોડાક્ષર છ અક્ષરનો બની જાય છે; જેમ કે, **'ર્ + ત્ + ત્ + સ્ + ન્ + ય' = ર્ત્ત્સ્ન્ય** (કાર્ત્ત્સ્ન્ય)

કેટલીક વિદ્યાઓના મન્ત્રાક્ષરોમાં **'જ્મ્લ્વ્ર્યૂં'**, **'ર્મ્લ્વ્ર્યૂં'** વગેરે છ અક્ષરવાળા જોડાક્ષરો આવે છે તેને કૂટાક્ષર કહેવાય છે. તે મન્ત્ર-તન્ત્ર શાસ્ત્રના ગ્રન્થોમાં જ જોવા મળે છે. અહીં સામાન્ય જ્ઞાન ખાતર જ તેનો ઉલ્લેખ કર્યો છે.



# ૫ જોડાક્ષરોમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ રેફનું સ્થાન

**રેફ કોને કહેવાય :**

સંસ્કૃત વ્યાકરણના નિયમ મુજબ **'અ'**, **'ક'** વગેરે વર્ણોને **'કાર'** પ્રત્યય લાગવાથી **'અકાર'**, **'કકાર'** એવા શબ્દો બને છે, પરન્તુ એકલા 'ર' વર્ણ માટેનો નિયમ જુદો છે.

જૈન વૈયાકરણોના મતે 'ર' વ્યંજનને **'ઈફ'** અને **'કાર'** એમ બે પ્રત્યયો લાગે છે. તેથી **'રેફ'** અને **'રકાર'** એવા બે શબ્દો બને છે.

પાણિનિવ્યાકરણસૂત્રમાં **'કાર'** પ્રત્યયનો ઉલ્લેખ નથી. **'વર્ણાત્ કારઃ'** અને **'રાદિફઃ'** **(રાદ્ + ઈફઃ)** એવાં કાત્યાયન મુનિનાં બે વાર્ત્તિકો છે. ટીકાકાર **'રેફ'** અને **'રકાર'** આ બંનેને સાચા માને છે. તેથી પાણિનીય પરંપરામાં પણ 'ર' વર્ણને માટે **'રેફ'** અને **'રકાર'** આ બંને પ્રયોગો સાચા જ મનાયા છે.

વર્ણના માથા ઉપર મુકાતા અંગ્રેજી મૂળાક્ષર 'c' (સી) જેવા આકારના આ રેફને જેમ રેફ કહે છે તેમ રકાર પણ કહે છે અને 'ર' વ્યંજનને જેમ રકાર કહે છે તેમ રેફ પણ કહે છે.

સામાન્ય રીતે 'ર' વ્યંજનને માટે **'રેફ'** શબ્દનો જ પ્રયોગ થાય છે. **'રકાર'** એવો શબ્દપ્રયોગ ઘણું કરીને થતો નથી.

**અર્ક, કર્ક, તર્ક** વગેરે શબ્દોમાં અક્ષરના મથાળે રહેલા અંગ્રેજીના **'સી'** મૂળાક્ષર જેવી આકૃતિવાળા અડધા 'ર'ને રેફ કહે છે અને પૂર્ણદંડવાળા વર્ણોમાં અકારસૂચક દંડની સાથે જોડાયેલા અર્થાત્ **'ન્ર - મ્ર - વ્ર'** વગેરે વર્ણોમાં '/' આવા ચિહ્નરૂપે રહેલા આખા 'ર'ને પણ રેફ જ કહે છે.

એટલે વર્ણના મથાળે 'C' આવા ચિહ્ન-રૂપે રહેલા અડધા 'ર' માટે સ્પષ્ટીકરણ ખાતર **'શીર્ષસ્થ રેફ'** અથવા **'પૂર્વાર્ધ રેફ'** અને વર્ણના દંડની સાથે નીચેના ભાગે જોડાયેલા '/' આવા ચિહ્નરૂપ આખા 'ર'ને માટે **'ઉત્તરાર્ધ રેફ'** એવો શબ્દપ્રયોગ સ્વીકારવા યોગ્ય છે.

લોકરૂઢિથી તો પ્રાયઃ શીર્ષસ્થ 'ર' જ રેફ તરીકે ઓળખાય છે. પૂર્ણદંડવાળા વર્ણોમાં '/' આવા ચિહ્ન–રૂપે જોડાતો પૂર્ણ 'ર' રેફ તરીકે ઓળખાતો નથી.

## લેખન અને ઉચ્ચારણમાં શીર્ષસ્થ (પૂર્વાર્ધ) રેફની સ્થિતિ

જોડાક્ષરમાં રેફ જોડાક્ષરના પૂર્વાર્ધ તરીકે અને ઉત્તરાર્ધ તરીકે એમ બે રીતે જોડાય છે :

પૂર્વાર્ધ તરીકે તે જોડાક્ષરમાં રહેલા અન્ત્ય વર્ણના મથાળે દંડ ઉપર મુકાય છે; જેમ કે, **ધર્મ, કર્મ, હર્મ્ય** વગેરે.

ઉત્તરાર્ધ તરીકે તે પૂર્ણદંડવાળા અને **'ક - દ - હ'** વગેરે વર્ણોની સાથે એક પાંખિયાવાળા '/' આવા ચિહ્નરૂપે જોડાય છે; જેમકે, **ન્ર - મ્ર - વ્ર; ક્ર - દ્ર - હ્ર**

તથા **'ટ - ઠ - ડ - ઢ - છ'**ની સાથે બે પાંખિયાંવાળા '^' આવા ચિહ્નરૂપે જોડાય છે; જેમ કે, **'ટ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર - છ્ર'**

રેફનું સ્થાન જોડાક્ષરમાં પ્રથમ હોય તો તે લખાણમાં પછી આવતા આખા (સ્વરયુક્ત) અક્ષરના મથાળે દંડ ઉપર મુકાય છે; જેમકે, **વર્ય, વર્ણ, મર્ત્ત્ય** વગેરે.

રેફનો સંબંધ હંમેશાં પૂર્વવર્ણ સાથે રહે છે; દા૦ત૦, **અર્ક=અર્+ક.** આમાં રેફનો સંબંધ તેની પૂર્વના **'અ'** વર્ણ સાથે છે, પણ પછીના **'ક'** વર્ણ સાથે નથી.

રેફનો સંબંધ પૂર્વવર્ણ સાથે હોવા છતાં લખાણમાં તો તે શબ્દમાં રહેલા સ્વરયુક્ત અર્થાત્ આખા અક્ષરના મથાળે જ મુકાય છે; જેમકે, ઉચ્ચારણમાં **મર્ + ત્ત્ય, ધાર્ + ષ્ટ્ય,** પરન્તુ લખાણમાં **મર્ત્ત્ય, ધાર્ષ્ટ્ય** વગેરે.

આમ **'મર્ત્ત્ય'** આદિ શબ્દોમાં ઉચ્ચારણમાં ('ર') રેફનું સ્થાન પ્રથમના **'મ'** આદિ અક્ષરો પછી તરત જ અર્થાત્ બીજા ક્રમે રહેશે, પરન્તુ લખાણમાં તેનું સ્થાન વચ્ચેના તમામ અડધા અક્ષરોને છોડીને છેડે રહેલા આખા અક્ષર **'ય'**ના (દંડના) મથાળે પહોંચી જશે.

રેફ ('ર') પછી કોઈ પણ વ્યંજન આવે તો રેફ તે વ્યંજનના

શિર પર ચડી જાય છે; જેમ કે, **અર્ + ક = અર્ક, કર્ + ક = કર્ક, કાર્ + ય = કાર્ય** વગેરે.

પરન્તુ રેફ ('ર') પછી જો અડધા વ્યંજનો હોય તો તે છેલ્લા આખા વ્યંજનના માથે ચડે છે. અર્થાત્ લખાણમાં રેફ તેની પછી જે સ્વર સહિતનો આખો અક્ષર આવતો હોય તેના મથાળે જ મુકાય છે ,પણ વચમાં આવતા અડધા કે ખોડા અક્ષરો ઉપર તે ક્યારેય મુકાતો નથી; જેમ કે, **મર્ત્ત્ય, ધાર્ષ્ટ્ય** વગેરે.

રેફ અન્ત્ય દંડવાળા અક્ષરના દંડ ઉપર અને **'ક-છ-ટ-દ-હ'** વગેરે અક્ષરોના મથાળે જ મુકાવો જોઈએ. હાલના મુદ્રણમાં તેને ક્યારેક બે અક્ષરોની વચ્ચે રખાય છે, પણ એ પ્રથા યોગ્ય નથી.

**'કાર્ત્સ્ન્ય'** શબ્દમાં જોડાયેલા અક્ષરોનો અનુક્રમ આ પ્રમાણે છે: **'કા - ર્ - ત્ - સ્ - ન્ - ય'** આમાં રેફનું સ્થાન તેની પછી રહેલા **'ત્'** ઉપર આવવું જોઈએ, પણ તે અડધો અક્ષર (દંડરહિત) હોવાથી નિયમ મુજબ તેના ઉપર રેફ મુકાતો નથી. ત્યાર પછીના **'સ્'** અને **'ન્'** એ બંને અક્ષરો પણ (દંડરહિત) અડધા જ હોવાથી તેના ઉપર પણ રેફને સ્થાન મળી શકે નહિ. આમ આગળ વધતાં જ્યારે આખો (સ્વરયુક્ત) અક્ષર **'ય'** આવે છે ત્યારે જ રેફને તેના ઉપર સ્થાન મળી શકે છે.

**'કાર્ત્સ્ન્ય'** શબ્દમાં રેફનું સ્થાન પ્રથમના **'કા'** અક્ષર પછી તરતજ એટલે કે બીજા જ ક્રમે આવે છે. તેથી બોલવામાં પણ તેનો ક્રમ બીજો જ આવે, એટલે કે તેનું ઉચ્ચારણ **'કા'** પછી તરત જ થાય. રેફનું ઉચ્ચારણ કર્યા પછી જ **'ત્ - સ્ - ન્ - ય'**નું ઉચ્ચારણ કરવાનું હોય છે.

આમ ઉચ્ચારણમાં રેફનું સ્થાન બીજા ક્રમે રહેતું હોવા છતાં, લખાણમાં તેનું સ્થાન વચ્ચેના ત્રણ અડધા અક્ષરોને છોડીને, ઠેઠ છેડે રહેલા આખા અક્ષર **'ય'**ના દંડ ઉપર પહોંચી જાય છે.

શુદ્ધ લખવા-બોલવા માટે **'રેફ'** અંગેની આ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. રેફને કયા અક્ષર ઉપર મૂકી શકાય એને અંગેની સ્પષ્ટ સમજ આજના મોટા ભાગના અભ્યાસકોને અને અન્ય લોકોને

નહીં હોવાથી રેફ લખવાની બાબતમાં આજકાલ **'આયર્ન'**(લોખંડ)ને બદલે **'આર્યન'**, **'આશીર્વાદ'**ને બદલે **'આર્શીવાદ'**, **'ફોટોગ્રાફર્સ'**ને બદલે **'ફોટોગ્રાર્ફસ'** **'સમર્પણ'ને બદલે 'સર્મપણ'** લખવા જેવી ભારે અરાજકતા પ્રવર્તે છે.

## લેખનમાં શીર્ષસ્થ રેફનું સ્થાન

શીર્ષસ્થ રેફને પૂર્ણદંડવાળા અક્ષરના દંડ ઉપર, કાના ઉપર, હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ'**નાં **'િ'**,**'ી'** આવાં ચિહ્ન ઉપર, એક કે બે માત્રા ઉપર અથવા **'ક - છ - જ - ઝ - ટ - ઠ - ડ - ઢ - દ - ફ - ર - હ'** આટલા અક્ષરોના મથાળે મુકાય છે. પરન્તુ તેને તે બધાની સાથે જોડી દઈને નહીં, પણ તે બધાથી અલગ રહે તે રીતે લખવો જોઈએ; જેમ કે, **ધર્મ, વર્મા, ધર્મિષ્ઠ, ધર્માર્થી, ધર્મેશ, ધર્મૈઃ, અર્ક, જર્જર, શર્ટ, થર્ડ, દર્દ, સર્ફ, અર્હ** વગેરે.

## અનુસ્વાર સાથે રેફ

શીર્ષસ્થ રેફ અને અનુસ્વાર (મીંડું) સાથે હોય ત્યાં પ્રથમ રેફ અને પછી અનુસ્વારનું ઉચ્ચારણ થતું હોવાથી, પ્રથમ રેફ અને પછી જ અનુસ્વાર મુકાય, પણ સ્થાનનું ઉલ્લંઘન કરીને પ્રથમ અનુસ્વાર અને પછી રેફ મુકાય નહીં. લખાણમાં રેફ અને અનુસ્વાર બંનેનું સ્થાન એક જ હોવાથી **'ખ - ગ'** વગેરે પૂર્ણદંડવાળા અક્ષરોના દંડ ઉપર તથા **'ક - છ - જ - ઝ - ટ - ઠ - ડ - ઢ - દ - ફ - ર - હ'** આટલા અક્ષરોના મથાળે, અનુસ્વારને શીર્ષસ્થ રેફની અંદર જ મૂકવો જોઈએ; જેમ કે, **'ર્ખં - ર્ગં - ર્ઘં; ર્કં - ર્છં - ર્જં - ર્ટં - ર્દં - ર્હં'** વગેરે. રેફના નીચેના છેડા સાથે અનુસ્વારને જોડી દેવાય છે તે ખોટું છે; દા૦ત૦ **ર્હં**

## અંગ્રેજી શબ્દોમાં રેફ લખવા અંગે મતભેદ

અંગ્રેજી ભાષાના 'Arts, works, words' વગેરે શબ્દો જ્યારે ગુજરાતી લિપિમાં લખાય છે, ત્યારે તેમાં રેફનું સ્થાન કયા અક્ષર ઉપર હોવું જોઈએ એ અંગે વિવાદ સર્જાય છે અને મતભેદ પ્રવર્તે છે.

આ બાબતમાં મારું વિનમ્ર મન્તવ્ય એ છે કે કોઈપણ ભાષાનો શબ્દ જ્યારે ગુજરાતી લિપિમાં લખાય ત્યારે સ્વાભાવિક રીતે જ એને ગુજરાતી ભાષા લખવા અંગેના નિયમો લાગુ પડે. વળી દરેક ભાષાનું મૂળ પ્રાયઃ સંસ્કૃત ભાષા હોવાથી સંસ્કૃત ભાષા લખવાના નિયમોના આધારે પણ આ પ્રશ્નનું સમાધાન કરીને વિવાદનો અંત લાવી શકાય છે.

ગુજરાતી લિપિના નિયમ મુજબ તો 'Arts, Works, Words' વગેરે અંગ્રેજી શબ્દો **'આર્ટ્સ, વર્ક્સ, વર્ડ્ઝ'** આમ અડધા કે ખોડા અક્ષર ઉપર રેફ મૂકીને લખાય નહિ, પણ **'આટ્ર્સ, વક્ર્સ, વડ્ર્ઝ'** આમ છેલ્લા આખા અક્ષર ઉપર રેફ મૂકીને લખવાનો પ્રચાર થવો જોઈએ, જેનો જોડણીકોશે પણ સ્વીકાર કરેલો જ છે.

આમાં નોંધવા જેવી બાબત એ છે કે ખાસ કરીને વચ્ચે **'ક - ટ - ઠ - ડ - ઢ'** અક્ષરોવાળા અંગ્રેજી શબ્દો જ્યારે ગુજરાતી લિપિમાં લખાય છે, ત્યારે તેમાં જ નિયમ વિરુદ્ધ અડધા અથવા ખોડા અક્ષર ઉપર રેફ મૂકવાની ભૂલ કેટલાક કરે છે; જેમ કે, **'આર્ટ્સ, વર્ક્સ, વર્ડ્ઝ'** વગેરે. તો વળી કેટલાક **'આર્ટસ્'** એમ તદ્દન ખોટું પણ લખે છે. પરન્તુ **'આર્ગ્યુમેન્ટ, ફર્ગ્યુસન, પર્સ્પિરેશન, વર્લ્ડ, રિઝર્વ્ડ'** જેવા અંગ્રેજી શબ્દોમાં રેફને નિયમ પ્રમાણે આખા અક્ષર ઉપર જ મૂકે છે.

**'વક્ર્સ, આટ્ર્સ, વડ્ર્ઝ'** જેવા શબ્દોમાં રેફ પછીના **'ક - ટ - ડ'** વગેરે વ્યંજનાક્ષરોમાં **'ક'** આડા દંડવાળો હોવાથી અને **'ટ - ડ'** દંડ વગરના હોવાથી તેમને અડધો બતાવવા માટે નીચે ખોડાનું ચિહ્ન કરવું પડે છે. તેથી **'ક્સ', 'ટ્સ', 'ડ્ઝ'** આવા જોડાક્ષરો બને છે. આવા જોડાક્ષરોમાં બે અક્ષરોનો સંયોગ પરસ્પર જોડાવા દ્વારા સ્પષ્ટપણે હોતો નથી. તે કારણે પૂર્વ વ્યંજન અડધો હોવા છતાં લોકોને તે આખો હોવાની ભ્રાન્તિ થાય છે. આથી જ તેઓ રેફનું ચિહ્ન ખોડા **'ક - ટ - ડ'** વગેરે ઉપર મૂકવાની ભૂલ કરે છે.

લોકો ભ્રાન્તિથી **'વક્ર્સ', 'આટ્ર્સ'** જેવા શબ્દોને **'વકર્સ', 'આટર્સ'** આમ આખા **'ક - ટ'** અક્ષરવાળા માની લે છે. વચ્ચેના **'ક - ટ'**

વગેરે અક્ષરોને આખા માન્યા પછી, રેફને તેની પછીના (છેલ્લા) અક્ષર ઉપર મૂકવાથી **'વકર્સ'** (વકર્‌સ), **'આટર્સ'** (આટર્‌સ) એવું ખોટું ઉચ્ચારણ થવાની દહેશત અનુભવે છે. માટે વચ્ચેના **'ક - ટ'** વગેરે અક્ષરો ઉપર રેફનું ચિહ્ન મૂકે છે અને **'આર્ + ટ્સ'** એમ પદચ્છેદ કરે છે. તેમ જ રેફને તેની પછીના **'ક - ટ'** વગેરે અક્ષરો ઉપર મૂકી પોતે **'વકર્સ'** (વકર્‌સ), **'આટર્સ'** (આટર્‌સ) નહીં, પણ **'વક્ર્સ'** (વર્ક્‌સ), **'આટ્ર્સ'** (આર્ટ્‌સ) એવું સાચું ઉચ્ચારણ કર્યાની ભ્રાન્તિમાં રહે છે.

**'વક્ર્સ'**, **'આટ્ર્સ'**, **'વડ્ર્ઝ'**માં રહેલા જોડાક્ષર **'ક્સ'**, **'ટ્સ'**, **'ડ્ઝ'**નું જોડાણ હકીકતમાં 'ક્સ', 'ટ્સ', 'ડ્ઝ', આ પ્રમાણે ઉપર - નીચે થવું જોઈએ. ઉપર - નીચે જોડાણ થાય ત્યારે રેફનું સ્થાન **'વર્ક્સ'** **'આર્ટ્સ'** **'વર્ડ્ઝ'** આમ અડધા **'ક - ટ - ડ'** અક્ષર ઉપર જ આવે. પરંતુ આમ ઉપર - નીચે જોડાણ નહીં થતું હોવાથી **'વક્ર્સ'** વગેરે શબ્દોમાં રેફને મૂકવામાં ભૂલ થાય છે.

## 'નિર્ઋતિ' અને 'ક્લૃપ્ત'માં સંયોગની વિશિષ્ટતા

સામાન્ય રીતે નિયમ એવો છે કે, 'अज्हीनं परेण संयोज्यम्' અર્થાત્ સ્વરરહિત ખોડા વ્યંજનને પછીના વર્ણ સાથે મેળવી દેવો.

**૧. મૂળવાત:** **'નિર્ઋતિ'** શબ્દમાં **'નિર્ + ઋતિ'** છે. તેમાં ખોડા **'ર્'** વ્યંજનની પાછળ **'ઋ'** સ્વર આવેલો છે. તેથી **'વ્ + ઋ = વૃ'**ની જેમ **'ર્ + ઋ = રૃ'** થાય. માટે હકીકતમાં ઉપર બતાવેલા નિયમ પ્રમાણે **'નિરૃતિ'**, **'નૈરૃત્ય'** એમ લખાવું જોઈએ.

**૨. ઉચ્ચારણ-લેખનદોષ:** વરસોથી આપણે **'ઋ'** અને **'ઌ'** સ્વરનું ખરું ઉચ્ચારણ ભૂલી ગયા છીએ. **'ઋ'** ને **'ઌ'** આ બંને સ્વર હોવા છતાં આપણે તેનું સ્વર તરીકેનું ઉચ્ચારણ કરવાને બદલે **'રુ'** અને **'લ્રુ'** (**'ર્ + ઉ'** અને **'લ્ + ર્ + ઉ'**) આમ વ્યંજન જેવું ઉચ્ચારણ કરીએ છીએ.

તેથી **'નિરૃતિ'** અને **'નૈરૃત્ય'** એમ સાચું લખવાને બદલે **'ઋ'** સ્વરને વ્યંજન માની આપણે **'નિર્ઋતિ'** અને **'નૈર્ઋત્ય'** એમ લખીએ છીએ.

**૩. અપવાદ:** આમ છતાં ધ્યાનમાં રાખવા યોગ્ય મહત્ત્વની બાબત એ છે કે, **'નિરૃતિ'** અને **'નૈરૃત્ય'** એમ સાચું લખવા જતાં **'નિર્ઈતિ'** અને **'નૈર્ઈત્ય'** આવી અશુદ્ધિ આવી જવાનો સંભવ છે. આમ થાય તો મૂળ શબ્દ લોપાઈ જાય. મૂળ શબ્દ લોપાઈ જવાથી અર્થમાં પણ ગરબડ ઊભી થાય.

આ સંભવિત અશુદ્ધિને રોકવા માટે **'નિર્ઋતિ'** અને **'નૈર્ઋત્ય'** આમ જ લખાય તે યોગ્ય લાગે છે.

**૧. ક્લૃપ્ત:** **'ક્લૃપ્ત'** શબ્દમાંનો **'क्लृ'** આવો જ બીજો ભ્રાન્તિકારક અક્ષર છે. આમાં **'ક્'** વ્યંજનમાં **'ऌ'** સ્વર ભળેલો છે. તેથી જેમ **'ર્ + અ = ર'** એને જોડાક્ષર કહેવાય નહિ, તેમ **'ક્ + ऌ' = 'क्लृ'**ને પણ જોડાક્ષર કહેવાય નહિ.

**૨. ઉચ્ચારણદોષ:** પરન્તુ **'ऌ'** સ્વરનું શુદ્ધ ઉચ્ચારણ કાળક્રમે ભુલાઈ જવાથી અને હાલમાં તેનું **'લ્ + રુ = લ્રુ'** આમ વ્યંજન જેવું ઉચ્ચારણ થતું હોવાથી વાસ્તવિક **'ક્લૃ'** અક્ષરને **'ક્લ્રુ'** એવો જોડાક્ષર માની લેવાનો ભ્રમ સહજ રીતે થઈ જાય છે.

**'ક્લૃપ્ત'** શબ્દની પૂર્વે **'પ્ર'** ઉપસર્ગ લગાડી **'પ્રક્લૃપ્ત'** શબ્દ બનાવીએ ત્યારે **'ક્લૃ'** જોડાક્ષર નહિ હોવાથી પૂર્વમાં આવેલા **'પ્ર'** ઉપસર્ગમાંનો **'અ'** સ્વર ગુરુ બનશે નહિ.

છન્દશાસ્ત્રના નિયમ મુજબ ઉત્તરમાં જોડાક્ષર હોય તો પૂર્વનો સ્વર ગુરુ બને છે; જેમ કે, **પ્રયત્ન** = ⏑ - ⏑, **પ્રકાન્ત** = - - ⏑. પરન્તુ **'પ્રકૃતિ'** શબ્દમાં (**ક્** + **ઋ**=) **'કૃ'** જોડાક્ષર નહિ હોવાથી **'પ્ર'** ગુરુ બનતો નથી. **પ્રકૃતિ** = ⏑ ⏑ ⏑

તેવી જ રીતે **'પ્રક્લૃપ્ત'**માં પણ ⏑-⏑ **'ક્લૃ'** જોડાક્ષર નહિ હોવાથી **'પ્ર'** ગુરુ બનતો નથી.

# ૬ અનુસ્વાર અને અનુનાસિક

'ઙ – ઞ – ણ – ન – મ' આ પાંચને અનુનાસિક વ્યંજન કહે છે. **'શઙ્કા, ચઞ્ચુ, ઘણ્ટ, શાન્ત, કમ્પ'**માં અનુક્રમે પાંચેય અનુનાસિક વ્યંજનો છે.

ગુજરાતી ભાષામાં આ પાંચેય અનુનાસિકના સ્થાને આગળના અક્ષર ઉપર વિકલ્પે અનુસ્વાર મુકાય છે; (અનુસ્વાર એટલે અક્ષરના માથે મુકાતું અનુનાસિક ઉચ્ચારણસૂચક ચિહ્ન અર્થાત્ બિંદુ કે નક્કર મીંડું) દ૦ત૦, **શઙ્કા-શંકા, ચઞ્ચુ-ચંચુ, ઘણ્ટ-ઘંટ, શાન્ત-શાંત, કમ્પ-કંપ**

પરન્તુ સરળતા અથવા અનુકૂળતાના કારણે ગુજરાતીઓ ઘણું કરીને અનુનાસિકના સ્થાને અનુસ્વાર મૂકીને જ લખે છે. અનુનાસિક સાથે લખવાનો પ્રચાર બહુ ઓછો છે.

આમ છતાં એ વાત ભૂલવા જેવી નથી કે ઉચ્ચારણની સ્પષ્ટતા તો **'શઙ્કા'** આદિ શબ્દોને અનુનાસિક સાથે લખવામાં જ છે. એથી એવો પ્રચાર થાય એ જરૂરી છે. વિદ્વાનોએ તો **શઙ્કા, ગઙ્ગા, ચઞ્ચુ, ચઞ્ચળ, ઘણ્ટ, કણ્ઠ, શાન્ત, ચન્દ્ર, કમ્પ, ચમ્પક** વગેરે અનુનાસિક વ્યંજનોવાળા શબ્દોને આમ અનુનાસિક સાથે લખવાનો જ આગ્રહ રાખવો જોઈએ.

## અનુસ્વારનું ઉચ્ચારણ

અનુસ્વાર એટલે અક્ષરના માથે મુકાતું અનુનાસિક ઉચ્ચારણસૂચક ચિહ્ન (મીંડું). ગુજરાતીમાં અનુસ્વારનું ઉચ્ચારણ તીવ્ર અને મંદ અથવા પ્રબળ અને નિર્બળ એમ બે પ્રકારનું છે.

**અંક, અંગ, ગંગા, ચંચળ, સંચળ, અંજન, મંછા, ઝંઝટ, ઘંટ, ઝંડો, સૂંઢ, શાંત, તંતુ, રંભા, ચંપક, દંભ, સંગ, રંગ, ભંગ, પતંગ** વગેરે શબ્દો અનુસ્વારના તીવ્ર ઉચ્ચારણવાળા છે.

**ઢાંકણ, આંખ, પાંખ, પાંચ, ચૂંચું, ચાંચ, પાંચમ, ઢીંચણ, ટીંટોઈ, ખૂંટો, તાંતણો, કાંતવું, પાંપણ, ગાંભુ, કાંપ, કાંખ, ઝાંખ** વગેરે શબ્દો અનુસ્વારના મંદ ઉચ્ચારણવાળા છે.

**'દાત - દાંત - દાન્ત'** આ ત્રણ શબ્દોના ઉચ્ચારણને ધ્યાનમાં રાખવાથી અનુસ્વારના તીવ્ર અને મંદ ઉચ્ચારણની વાત સહેલાઈથી સમજી શકાશે.

૧. દાત-(કાપેલું) આમાં અનુસ્વાર નથી, માટે એનું ઉચ્ચારણ પણ નથી.

૨. દાંત-(ચાવવાના દાંત) આમાં અનુસ્વારનું ઉચ્ચારણ મંદ છે.

૩. દાન્ત-(દમેલું) આમાં અનુસ્વારનું ઉચ્ચારણ તીવ્ર છે.

અનુનાસિકને અનુસ્વાર માનીને તેનાં તીવ્ર અને મંદ ઉચ્ચારણો માનવાં એ સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ બરાબર નથી.

## લેખનમાં અનુસ્વારનું સ્થાન

અનુસ્વાર એટલે અનુનાસિક ઉચ્ચારણસૂચક અક્ષરના માથે મુકાતું ચિહ્ન અર્થાત્ બિંદુ કે ટપકું અથવા નક્કર મીંડું; જેમ કે, **અં, કં** વગેરે.

અનુસ્વારને પૂર્ણદંડયુક્ત અક્ષરના દંડ ઉપર, કાના ઉપર, હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ'**નાં **'િ', 'ી'** આવાં ચિહ્ન ઉપર, એક કે બે માત્રા ઉપર અથવા **'ક - છ - જ - ઝ - ટ - ઠ - ડ - ઢ - દ - ફ - ર - હ'** આટલા અક્ષરોના મથાળે મુકાય છે. પરન્તુ તેને એ બધાની સાથે જોડી દઈને નહીં, પણ તે બધાથી અલગ રહે તે રીતે લખવો જોઈએ; જેમ કે, **પંચ, પાંચ, બિંદુ, મીંડું, ગેંડો, ઐંદ્ર, કંસ, છંદ, ટંટો, ઠંડું, ડંડો, ઢંક, ફંડ, રંક, હંસ**

જેમ ઉચ્ચારણમાં પ્રથમ રેફ અને પછી અનુસ્વાર એ ક્રમનિયમ છે, તેમ લેખનમાં પણ એ જ ક્રમનિયમ હોય.

જેમ રેફનું સ્થાન **દંડ, કાનો, માત્રા** તેમ જ **'ક - છ'** વગેરે અક્ષરો ઉપર છે, તેમ અનુસ્વારનું સ્થાન પણ એ જ છે.

તેથી તે સ્થાન ઉપર પ્રથમ રેફને મૂક્યા પછી તેની અંદર જ અનુસ્વારને મૂકવો જોઈએ, પણ તેને રેફની બહાર આગળ કે પાછળ મુકાય નહીં; જેમ કે, **ધર્મં, અર્હં, પૂર્ણાંક**, પણ **ધર્મં, અર્હં, પૂર્ણાંક** કે **ધર્મં, અર્હં, પૂર્ણાંક** નહીં.

સંસ્કૃતમાં પર-સવર્ણ નિત્ય હોવાથી **'શઙ્કા', 'ચઞ્ચુ', 'દણ્ડ', 'કાન્ત', 'કમ્પ'** જેવા શબ્દો અનુનાસિક પૂર્વક જ લખાય છે.

'अज्हीनं परेण संयोज्यम्' અર્થાત્ સ્વરરહિત વ્યંજનને પછીના વર્ણ સાથે જોડી દેવો જોઈએ. આ સંસ્કૃત વ્યાકરણના નિયમના આધારે **'શઙ્કા','ચઞ્ચુ'** વગેરે શબ્દોમાં અનુનાસિક સાથે પછીના વ્યંજનનું જોડાણ થતું હોવાથી તેમાં જોડાક્ષર છે. પરંતુ તે શબ્દો ગુજરાતીમાં જ્યારે **'શંકા', 'ચંચુ', 'ઘંટ', 'કાંત', 'કંપ'** આમ અનુસ્વારપૂર્વક લખાય છે, ત્યારે તેમાં બે વ્યંજનો જોડાયેલા દેખાતા નથી. માટે અનુસ્વાર સાથે લખાતા શબ્દોમાં, અનુસ્વાર સાથે પછીના વ્યંજનનો જોડાક્ષર માની શકાય નહીં.



# ૭ અક્ષર અને જોડાક્ષર

## ૐ (ઓમ્) જોડાક્ષર કે અક્ષર?

કેટલાક 'ૐ'(ઓમ્)ને જોડાક્ષર માને છે, પરન્તુ બે વ્યંજનોની વચમાં કોઈ સ્વર ન હોય અને બંને વ્યંજનો પરસ્પર જોડાઈ ગયા હોય ત્યારે જોડાક્ષર બને છે. એવી જોડાક્ષરની આ વ્યાખ્યા પ્રમાણે **'ઓમ્'**કાર જોડાક્ષર તરીકે સિદ્ધ થઈ શકતો નથી. કારણ કે તેમાં બે વ્યંજનો જ નથી. એમાં બે સ્વરો મળેલા છે માટે એને જોડાક્ષર નહિ, પણ સન્ધ્યક્ષર કહે છે.

**'कृ – दृ – मृ – वृ – शृ – हृ'** વગેરેને કેટલાક ભ્રાન્તિથી જોડાક્ષર માની લે છે. હકીકતમાં આ બધા જોડાક્ષરો નથી, પણ **(क् + ऋ = कृ) 'ऋ'** સ્વરયુક્ત મૂળાક્ષરો છે. સંસ્કૃત ભાષાના **'क्लृप्त'** શબ્દમાંનો **'क्लृ'** વિશેષ પ્રકારે જોડાક્ષરની ભ્રાન્તિ કરાવનારો છે. હકીકતમાં એ જોડાક્ષર નથી, પણ 'क'માં 'ऌ' સ્વર મળીને બનેલો અક્ષર છે.

૧. 

←૧ દેવનાગરી લિપિનો અડધો 'द्'

←૨ **'ऋ'** સ્વરનું **'ृ'** આવું ચિહ્ન

(द् + ऋ) (द् + ृ) **दृढ, दृष्टि, दृष्टांत**

દેવનાગરી લિપિના 'द'માં 'ऋ' સ્વર ભળીને બનેલો આ મૂળાક્ષર છે, પણ જોડાક્ષર નથી.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દેવનાગરી લિપિનો અડધો 'द्' છે અને તેની નીચેના બીજા તીરની સામે **'ऋ'** સ્વરને માટે વપરાતું **'ृ'** આવું ચિહ્ન છે.

**'द् + ऋ'**ની અસલ આકૃતિ **'दृ'** આવી સ્પષ્ટ છે, પરન્તુ ઉતાવળથી લખવાની લોકોની ટેવને કારણે તેનું આવું **'दृ'** અસ્પષ્ટ રૂપાન્તર થયેલું છે.

દ્ ← ૧ આ દંડ દૂર થયો
ૃ ← ૨ અને તેની સાથે 'ઋ' સ્વરનું આ ચિહ્ન જોડાયું
પછી બંનેના વળાંકવાળા ભાગને એકાકાર કરી દેવાથી 'દૃ' આવી આકૃતિનું સર્જન થયું.

(દૃ←જોડીને એકાકાર કરાયેલો (દ્ + ૃ) બંનેનો વળાંકવાળો ભાગ)

(દૃ← ઉપરના છેડાનો વળાંક) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ આ 'દૃ' અક્ષરના ઉપરના છેડાને પાછળની બાજુએ પૂરતો વળાંક આપવામાં આવે તો જ તેને દરવાજાના 'દ'થી સારી રીતે જુદો પાડી શકાય, પણ આ 'દૃ' અક્ષરનાં બીબાં ઉપરના છેડે લગભગ બહારની બાજુએ વળાંક વગરનાં જ બને છે. તેથી દરવાજાના 'દ'ની સાથે તેની આકૃતિની એટલી બધી સમાનતા થઈ જાય છે કે બાળકો અને સામાન્યજનો 'દૃ-દ'ના ભેદને જાણી શકતાં જ નથી. તેથી તેઓ 'દૃ' (દ્+ઋ)ને પણ બહુપરિચિત એવો દરવાજાનો 'દ' જ માની લે છે. તેના પરિણામે ઉચ્ચારણમાં અને અર્થમાં પણ છબરડા વળે છે. માટે 'દ્'ના નીચેના દંડને કાઢી નાખીને 'ઋ'નું ચિહ્ન જોડવામાં આવે છે, તેને બદલે એ દંડને રાખીને તેની સાથે 'ઋ' સ્વરનું ચિહ્ન જોડીને 'દૃ' આવી સુસ્પષ્ટ આકૃતિ સાથે આ અક્ષર લખવા-છાપવાનો પ્રચાર થાય તો બાળકો અને સામાન્યજનો આ અક્ષરને સાચી રીતે ઓળખી શકે અને ઉચ્ચારણાદિ દોષોનું નિવારણ થાય.

૨. 

←૧ અડધો તાલવ્ય 'શ્' (વૈકલ્પિક રૂપમાં)
—૨ 'ઋ' સ્વરનું ચિહ્ન
(શ્ + ઋ) (શ્ + ૃ) શૃંગાર

તાલવ્ય 'શ્'ના ઊંધા ચોગડા જેવા 'શ' આ વૈકલ્પિક રૂપની સાથે 'ઋ' સ્વરનું 'ૃ' આવું ચિહ્ન જોડાઈને બનેલો આ 'શૃ' મૂળાક્ષર છે, પણ જોડાક્ષર નથી.

આમાં ઉપરના પ્રથમ તીરની સામે દંડસહિત ઊંધા 'શ' ચોગડા જેવો અડધો તાલવ્ય 'શ્' છે અને તેની નીચેના બીજા તીરની સામે 'ઋ' સ્વરનું 'ૃ' આવું ચિહ્ન છે.

આ મૂળાક્ષર **'શ્રૃ-શૃ'** આમ બંને રીતે લખાય છે અને તે બરાબર છે. પણ **'શૃ'** આમ તો લખાય જ નહિ, કારણ કે મૂળમાં **'ઋ'** આવો છે અને તેનું ચિહ્ન **'ૃ'** આવું સ્વીકારાયું છે. તેથી **'ન-મ-વ'** આદિ વર્ણોના દંડની સાથે નીચેના છેડે **'ઋ'**નું ચિહ્ન જોડીને જેમ **'નૃ-મૃ-વૃ'** લખાય છે, તેવી જ રીતે **'શ'**ના દંડની સાથે નીચેના છેડે જ **'ઋ'**નું ચિહ્ન જોડીને **'શૃ'** આવી રીતે લખાય, અથવા તેના વૈકલ્પિક રૂપની સાથે જોડીને **'શ્રૃ'** આવી રીતે લખાય, પણ **'શ'**ના આગળના બગડા જેવા અંશની નીચે **'ઋ'**નું ચિહ્ન જોડીને **'શૃ'** આવી રીતે તો કદી પણ લખાય નહિ. **'ઋ'** સ્વરના ચિહ્નને પૂર્ણદંડવાળા વર્ણોના દંડની સાથે જોડવાને બદલે અયોગ્ય સ્થાને જોડવું તે અશાસ્ત્રીય છે.

**'શ્રી'** શબ્દના સામ્યાભાસે હાલમાં **'શ્રૃંગાર'** શબ્દ **'શ્રૃંગાર'** આવી રીતે લખાતો-છપાતો જોવામાં આવે છે. પરન્તુ તેમાંનો પ્રથમાક્ષર **'શ્રૃ'** વધારાના **'ર'** વ્યંજન સાથે ( ⟶**શ્રૃંગાર**) અર્થાત્ કૌંસમાં તીરથી બતાવેલા **'ર'**ના **'/'** આવા વધારાના ચિહ્ન સાથે **'શ્રૃ'** આવી રીતે લખાય છે તે ખોટું છે.

આ દોષનું નિવારણ કરવા માટે **'શૃ'** અને **'શ્રૃ'**ના ભેદને સારી રીતે સમજી લઈને ધ્યાનમાં રાખવો જોઈએ.

## 'શૃ' અને 'શ્રુ'નો ભેદ

તાલવ્ય **'શ'**ના **'શ્'** આ વૈકલ્પિક રૂપમાં **'ઋ'** સ્વર ભળીને બનેલો **'શૃ'** આ એક અક્ષર છે, પણ જોડાક્ષર નથી.

આ **'શૃ'** અક્ષરને **'શ્રૃ'** આવી રીતે લખવામાં આવે તો તે અક્ષરને બદલે **'શ્ + રૃ'**નો જોડાક્ષર બની જાય છે. **'રૃ'** એટલે **'ર્ + ઋ'**. **'ર્'** વ્યંજનમાં **'અ-આ'** વગેરે સ્વરો ભળે છે, પણ **'ઋ'** અને **'ૡ'** ઘણું કરીને ભળતા નથી. તેથી **'ર્ + ઋ'** = **'રૃ'** આવો અક્ષર પણ મોટે ભાગે બનતો નથી. માટે જ **'શ્ + રૃ'**નો **'શ્રૃ'** આવો જોડાક્ષર પણ બનતો નથી. તેથી **'શૃંગાર'** શબ્દમાં **'શૃ'**ને બદલે **'શ્રૃ'** લખાય છે તે ખોટું છે.

**'શ્રી'** શબ્દના સામ્યાભાસે **'શ્રૃંગાર'**ને બદલે **'શ્રૃંગાર'** લખવાની ભૂલ થાય છે. માટે **'શૃંગાર'** શબ્દ, મૂળ સ્વરૂપવાળા **'શ'**ના દંડ સાથે **'ઋ'**નું ચિહ્ન જોડીને **'શૃંગાર'** આવી રીતે લખવાનો પ્રચાર થાય તો સામ્યાભાસનું નિવારણ થવાથી ભૂલ થવાનો અવકાશ રહે નહિ.

## 'દ્ - દ - દૃ - દ્દ - દ્ર'નો ભેદ

**'સદ્‌બુદ્ધિ'**, **'દરવાજો'**, **'દૃષ્ટિ'**, **'ઉદ્દેશ'** અને **'ભદ્ર'** આ પાંચેય શબ્દોમાં અનુક્રમે રહેલા **'દ્ - દ - દૃ - દ્દ - દ્ર'** આ પાંચેય થોડેઘણે અંશે સમાનતાને ધારણ કરનારા છે. તેથી એકબીજાની ભ્રાન્તિ કરાવનારા છે. માટે એક **'મા'**ના દીકરા જેવા દેખાતા આ પાંચેયને સારી રીતે ઓળખી લેવા જરૂરી છે.

૧. **(દ્)** આમાં પ્રથમ ક્રમે **'સદ્‌બુદ્ધિ'** શબ્દમાં રહેલો ગુજરાતી લિપિનો દરવાજાનો ખોડો **'દ્'** છે. **(ઉદ્‌ઘાટન)**

૨. **(દ)** બીજા ક્રમે **'દરવાજો'** શબ્દમાં રહેલો ગુજરાતી લિપિનો (આખો) **'દ'** છે. **(દયા)**

૩. **(દૃ)** ત્રીજા ક્રમે **'દૃષ્ટિ'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના અડધા 'द्'માં **'ઋ'** સ્વર ભળીને અર્થાત્ **'ઋ'**નું **'ૃ'** આવું ચિહ્ન જોડાઈને બનેલો **'દૃ'** અક્ષર છે. **(દૃષ્ટાંત)**

૪. **(દ્દ)** ચોથા ક્રમે **'ઉદ્દેશ'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના અડધા 'द्'ની નીચે દેવનાગરી લિપિનો આખો 'द' જોડાવાથી બનેલો જોડાક્ષર **'દ્દ'** છે. **(મુદ્દલ)**

૫. **(દ્ર)** પાંચમા ક્રમે **'ભદ્ર'** શબ્દમાં રહેલો, ગુજરાતી લિપિના **'દ'**ની સાથે **'/'** આવા ચિહ્ન-રૂપે **'ર'** જોડાવાથી બનેલો જોડાક્ષર **'દ્ર'** છે. **(દ્રવ)**

આમાં પહેલા-બીજા ક્રમે રહેલા **'દ્'** અને **'દ'** આ બંને અક્ષરો સમાન જ છે. પરન્તુ પ્રથમના **'દ્'**ની નીચે ખોડાનું ચિહ્ન હોવાથી તે બીજા ક્રમે રહેલા આખા **'દ'**થી જુદો જણાઈ આવે છે.

બીજા-ત્રીજા ક્રમે રહેલા 'દ' અને 'દ' આ બે અક્ષરમાંથી પહેલો અક્ષર દરવાજાનો 'દ' સીધો જ લખાય છે અને તેનો ઉપરનો છેડો બહારની બાજુએ વળેલો હોતો નથી. જ્યારે બીજો અક્ષર દષ્ટિનો 'દ' કાંઈક આડો લખાય છે અને તેનો ઉપરનો છેડો બહારની બાજુએ કાંઈક વળેલો રહે છે.

આ બે અક્ષરો વચ્ચે આકૃતિભેદ નહિવત જ હોવાથી એ સૂક્ષ્મ આકૃતિભેદને વિદ્વદ્વર્ગ જ જાણી શકે છે. સામાન્યજનો અને બાળકોને માટે તો બંનેને જુદા પાડીને ઓળખવાનું કામ ઘણું મુશ્કેલ બની જાય છે.

માટે અસ્પષ્ટ સ્વરૂપવાળા બની ગયેલા 'દ' અક્ષરને ફરીથી 'દૃ' આવા સુસ્પષ્ટ સ્વરૂપવાળો બનાવી દેવામાં આવે તો દ્+અ='દ' અને 'દ્+ ઋ' = 'દૃ' આ બે અક્ષરો વચ્ચેનો ભેદ પારખવાનું સૌને માટે સહેલું બની જાય.

ત્રીજા ક્રમે રહેલો 'દ' અક્ષર અને ચોથા ક્રમે રહેલો 'દ્દ' જોડાક્ષર આ બંનેની આકૃતિમાં જણાઈ આવે તેવો વિશેષ ભેદ છે. પણ ચોથા ક્રમે રહેલો જોડાક્ષર (દ્+દ=)'દ્દ', પ્રથમ ક્રમે રહેલા ખોડા 'દ્'ની ભ્રાન્તિ કરાવનારો છે.

વળી આજનાં મુદ્રણાલયો પણ એવી ભ્રાન્તિને પેદા કરવાનું અને પુષ્ટ કરવાનું કામ કરી રહ્યાં છે. કારણ કે તેઓ ખોડા 'દ્'ના સ્થાને જોડાક્ષર 'દ્દ'નાં બીબાં ગોઠવી દે છે; જેમ કે, **'શ્રીમદ્'**ને બદલે **'શ્રીમદ્દ'**, **'ઉદ્ઘાટન'**ને બદલે **'ઉદ્દ્ઘાટન'** વગેરે.

ચોથા અને પાંચમા ક્રમે રહેલા જોડાક્ષરો 'દ્દ' અને 'દ્દ' આ બંનેની આકૃતિમાં આંખથી સારી રીતે પકડી શકાય તેવો સુસ્પષ્ટ ભેદ હોવા છતાં, આજના કથળેલા પાયાના શિક્ષણને કારણે સામાન્યજનો અને બાળકો એ ભેદને સમજી શકતાં નથી. તેઓ ભેદ પકડવામાં કાંઈક માનસિક ગૂંચવણ અનુભવે છે. **ત્યારે મુદ્રણાલયો પણ 'દ્દ'ના સ્થાને 'દ્દ'નાં અને 'દ્દ'ના સ્થાને 'દ્દ'નાં બીબાં ગોઠવી દઈ ગરબડિયું છાપકામ કરીને ગૂંચવાડો વધારવાનું કામ કરે છે;** જેમ કે, 'રદ્દી'ના બદલે 'રદ્દી' અને 'ભદ્દ'ના બદલે 'ભદ્દ' વગેરે.

# 'ઘ - ધ - દ્ય'નો ભેદ

**ઘર, ધર્મ, વૈદ્ય** — આ ત્રણેય શબ્દોમાં રહેલા અનુક્રમે **'ઘ-ધ-દ્ય'** આ ત્રણેય વત્તેઓછે અંશે સમાનતાને ધારણ કરનારા હોવાથી એકબીજાની ભ્રાન્તિ કરાવનારા છે. માટે સગા ભાઈઓ જેવા દેખાતા આ ત્રણેયને પણ સારી રીતે ઓળખી લેવા જરૂરી છે.

૧. **(ઘ)** આમાં પ્રથમ ક્રમે, **'ઘર'** શબ્દમાં રહેલો, **'ક'** વર્ગનો ચોથો અક્ષર **'ઘ'** છે. **(ઘડિયાળ)**

૨. **(ધ)** બીજા ક્રમે, **'ધર્મ'** શબ્દમાં રહેલો, **'ત'** વર્ગનો ચોથો અક્ષર **'ધ'** છે. **(ધજા)**

૩. **(દ્ય)** ત્રીજા ક્રમે, **'વૈદ્ય'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના **'દ્'**ની સાથે **'ય'** જોડાઈને બનેલો જોડાક્ષર **'દ્ય'** છે. **(અદ્યતન)**

આ ત્રણેયમાં થોડો થોડો આકૃતિભેદ જરૂર છે. એ સૂક્ષ્મ આકૃતિભેદને આંખથી બરાબર પકડીને મનમાં બેસાડી દેવામાં આવે તો આ ત્રણેયને અલગ અલગ ઓળખી લેવામાં જરાય મુશ્કેલી નડે એવું નથી.

આમાં પહેલા-બીજા ક્રમે રહેલા **'ઘ'** અને **'ધ'**ને પાના નં.૫૫ ઉપર બતાવેલા તેના લાંબા-ટૂંકા દંડના અને ઉપરના પાંખડાના વળાંકના ભેદને ધ્યાનમાં રાખીને, તે મુજબ જ લખવામાં આવે તો ગોટાળો થવાની શક્યતા જ નથી. પણ અજ્ઞાનથી, ઉતાવળથી કે પ્રમાદથી એ બંનેને ફાવે તેમ લખી દેવામાં આવે તો ગોટાળો થવાનો સંભવ ખરો.

ત્રીજા ક્રમે રહેલા જોડાક્ષર **'દ્ય'**ના ઉપરના છેડાને ( **દ્ય**← ) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ પાછળની બાજુએ પૂરતો વળાંક આપીને લખવામાં આવે તો જ તેને **'ઘ'** અને **'ધ'** આ બંને અક્ષરોથી જુદો પાડીને ઓળખવાનું સહેલું બને.

પરન્તુ આ જોડાક્ષર **'દ્ય'**નાં બીબાં ઉપરના છેડે પાછળની બાજુએ વળાંક વગરનાં અને **'ઘ-ધ'**ને મળતાં આવે એવાં જ બનતાં હોવાથી સામાન્યજનો અને બાળકોને માટે એને **'ઘ-ધ'**થી જુદો પાડીને ઓળખવાનું ઘણું મુશ્કેલ બની જાય છે. તેઓ આ જોડાક્ષર **'દ્ય'**ને **'ઘ-ધ'** કે

પછી (ધ્ + ય=) 'ધ્ય' માની લે છે. તેથી ઉચ્ચારણમાં અને લખાણમાં 'વાદ્ય'ને બદલે 'વાઘ', 'ઉદ્યાન'ને બદલે 'ઉધાન', 'વિદ્યાર્થી'ને બદલે 'વિધ્યાર્થી', 'ઉદ્યોગ'ને બદલે 'ઉધોગ' કે 'ઉધ્યોગ' અને 'બેધ્યાન'ને બદલે 'બેદ્યાન' જેવા છબરડા વાળે છે.

## 'દૃ' અને 'દ્ર'નો ભેદ

**દૃઢ** અને **દ્રવ** શબ્દોમાં રહેલા અનુક્રમે 'દૃ' અને 'દ્ર' આ બંને સમાન નથી, પણ અક્ષર-જોડાક્ષર ભેદ, અક્ષરસંખ્યા ભેદ, વ્યંજન ભેદ, સ્વર ભેદ અને ઉચ્ચારણાદિ ભેદો દ્વારા અનેક રીતે ભિન્ન છે.

**૧. અક્ષર-જોડાક્ષર ભેદ** – 'દૃ' એ દેવનાગરી લિપિના 'દ્'માં ' ૃ ' આવા ચિહ્નરૂપે 'ઋ' સ્વર ભળીને બનેલો અક્ષર છે. જ્યારે 'દ્ર' એ દેવનાગરી લિપિના 'દ્' વ્યંજન સાથે ' ્ર ' આવા ચિહ્નરૂપે 'ર્' વ્યંજન જોડાઈને બનેલો જોડાક્ષર છે.

**૨. અક્ષરસંખ્યા ભેદ** – 'દૃ'માં 'દ્' અને 'ઋ' છે, અર્થાત્ એક વ્યંજન અને એક સ્વર છે. જ્યારે 'દ્ર'માં 'દ્-ર્' અને 'અ' છે, અર્થાત્ બે વ્યંજન અને એક સ્વર છે.

**૩. વ્યંજનભેદ** —'દૃ' માં 'દ્' એ એક જ વ્યંજન છે, જ્યારે 'દ્ર'માં 'દ્' અને 'ર્' આ બે વ્યંજનો રહેલા છે.

**૪. સ્વરભેદ**-'દૃ'માં 'ઋ' સ્વર છે, જ્યારે 'દ્ર'માં 'અ' સ્વર છે.

**૫. ઉચ્ચારણભેદ** – 'દૃ'માં 'ઋ' સ્વર રહેલો હોવાથી તેનું ઉચ્ચારણ 'કૃ - નૃ - મૃ - વૃ' જેવું થશે, જ્યારે 'દ્ર'માં 'અ' સ્વર રહેલો હોવાથી તેનું ઉચ્ચારણ 'ક્ર – ન્ર – મ્ર – વ્ર' જેવું થશે.

**૬. આકૃતિભેદ** – ઉપર બતાવેલા ભેદોને કારણે 'દૃ' અને 'દ્ર'ની આકૃતિમાં પણ ભેદ હોય જ. બંનેની આકૃતિમાં રહેલો ભેદ સુસ્પષ્ટ છે.

**'દૃ'** અને **'દ્ર'** બંને એકબીજાથી સદંતર ભિન્ન હોવાને કારણે બંનેનું ઉચ્ચારણ ભિન્ન હોવા છતાં મોટા ભાગના લોકો વાતચીતના વ્યવહારમાં **'દૃષ્ટિ - સૃષ્ટિ - વૃષ્ટિ - દૃશ્ય - દૃષ્ટાંત'** વગેરે શબ્દોના સ્થાને **'દ્રષ્ટિ - સ્રષ્ટિ - વ્રષ્ટિ - દ્રશ્ય - દ્રષ્ટાંત'** એવાં ખોટાં ઉચ્ચારણો કરવા ટેવાયેલા હોવાથી, લખતી વખતે પણ તે શબ્દોને ખોટી રીતે જ લખે છે. પરન્તુ તેથી શબ્દોના અર્થમાં કેટલો મોટો ફેરફાર થઈ જાય છે, તે નીચેનાં ઉદાહરણોથી સમજી શકાશે.

| | |
|---|---|
| ૧. **દૃષ્ટા** = જોવાયેલી | **દ્રષ્ટા** = જોનાર |
| ૨. **વૃત** = વરાયેલ, પસંદ કરાયેલ | **વ્રત** = દીક્ષા, નિયમ |
| ૩. **ગૃહ** = ઘર | **ગ્રહ** = સૂર્ય વગેરે નવ ગ્રહો |
| ૪. **તૃણ** = ઘાસ | **ત્રણ** = '૩'ની સંખ્યા |
| ૫. **ઋણ** = દેવું | **રણ** = રેતાળ પ્રદેશ |
| ૬. **હૃદ્** = હૃદય | **હ્રદ** = સરોવર |

**'ઋ' સ્વરના સ્થાને 'ર' વ્યંજનનું ઉચ્ચારણ કરવાથી શબ્દોના અર્થમાં આવો મોટો ફેરફાર થઈ જાય છે. મન્ત્રાક્ષરોમાં ઉચ્ચારણનો આવો ફેરફાર થઈ જાય તો વિદ્યા સિદ્ધ થતી નથી, એમ મન્ત્રવેત્તા ઋષિઓ કહે છે.**



બોલાવા જોઇએ.

જોડાક્ષરમાંના અક્ષરો તેના અનુક્રમ પ્રમાણે ન બોલાય કે કોઈ એક અક્ષર બોલાયા વગરનો રહી જાય, અથવા તો એકના સ્થાને બીજો જ અક્ષર બોલાઈ જાય, જે અક્ષર હોય તે નીકળી જાય અને ન હોય તે ઉમેરાઈ જાય તો અશુદ્ધ ઉચ્ચારણ ગણાય.

શબ્દમાં અને જોડાક્ષરમાં રહેલા એકેએક અક્ષરને સાંભળનારા બરાબર સાંભળી શકે તેવી રીતે તેનું સુસ્પષ્ટ જ ઉચ્ચારણ થવું જોઈએ. જોડાક્ષરનું ઉચ્ચારણ કરતી વખતે તેમાંનો એક પણ અક્ષર બોલાયા વિનાનો ન રહેવો જોઈએ. તેમ જ તેમાં ન હોય એવો વધારાનો અક્ષર પણ ન જ બોલાવો જોઈએ.

જોડાક્ષરોનું ઉચ્ચારણ સ્પષ્ટપણે અને સાંભળનારને કર્ણપ્રિય લાગે તેવી રીતે મધુર સ્વરે કરવું જોઈએ. પણ પોતાના મુખ આદિનો વિકાર કરીને, અર્થાત્ મુખની સુંદર આકૃતિને બગાડીને અને સ્વરનો વિકાર કરીને, એટલે સાંભળનારના કાનને કઠોર લાગે તેવી રીતે અવાજ બગાડીને તો ન જ કરવું જોઈએ.

**ચંદ્ર, મંદ, કંત, વસંત, ગુણવંત** વગેરે શબ્દો રાગમાં ગવાય છે ત્યારે તેમાં વધારાનો સાનુનાસિક ઉઁ સ્વર ઉમેરીને **ચઉઁદ્ર, મઉઁદ્ર, કઉઁત, વસઉઁત, ગુણવઉઁત** આવી રીતે પણ બોલાય છે. કેટલાક સંગીતકારો અને ગાયકોની આ વિશિષ્ટતા છે. સામવેદના ગાનમાં



જોડાક્ષરોનું ઉચ્ચારણ સ્પષ્ટપણે અને સાંભળનારને કર્ણપ્રિય લાગે તેવી રીતે મધુર સ્વરે કરવું જોઈએ. પણ પોતાના મુખ આદિનો વિકાર કરીને, અર્થાત્ મુખની સુંદર આકૃતિને બગાડીને અને સ્વરનો વિકાર કરીને, એટલે સાંભળનારના કાનને કઠોર લાગે તેવી રીતે અવાજ બગાડીને તો ન જ કરવું જોઈએ.

**ચંદ્ર, મંદ, કંત, વસંત, ગુણવંત** વગેરે શબ્દો રાગમાં ગવાય છે ત્યારે તેમાં વધારાનો સાનુનાસિક ઉઁ સ્વર ઉમેરીને **ચઉઁદ્ર, મઉઁદ્ર, કઉઁત, વસઉઁત, ગુણવઉઁત** આવી રીતે પણ બોલાય છે. કેટલાક સંગીતકારો અને ગાયકોની આ વિશિષ્ટતા છે. સામવેદના ગાનમાં

૧૦૪

પણ આવી પદ્ધતિ હોય છે. શબ્દમાં સાનુનાસિક ઉઁ જેવા વધારાના ઉમેરાતા અક્ષરોને સ્તોભ સંજ્ઞા આપવામાં આવી છે.

## ઉચ્ચારણપદ્ધતિ

જોડાક્ષરોની સમ્યગ્ (યોગ્ય) ઉચ્ચારણપદ્ધતિને જાણ્યા વિના તેનું ઉચ્ચારણ કરવાથી તેમાંના અડધા (ખોડા) અક્ષરો આખા અને આખા અક્ષરો અડધા બોલાઈ જવાનો તેમ જ તેમાં જે અક્ષર હોય તે નીકળી જવાનો અને ન હોય તે આવી જવાનો સંભવ રહે છે. એવું ન બને તે માટે જોડાક્ષરોના ઉચ્ચારણની સમ્યક્ પદ્ધતિને જાણી લેવી જરૂરી છે.

**સમ્યગ્ઉચ્ચારણપદ્ધતિ : —** શબ્દમાં બે-ચાર જોડાક્ષર હોય તેથી શબ્દ મોટો બની ગયો હોય ત્યારે તેના લાંબા ઉચ્ચારણમાં નીચે બતાવ્યા પ્રમાણે અર્થાત્ અડધા અક્ષરને અંતે અલ્પવિરામ આવે અને પ્રારંભ પૂર્ણ અક્ષરથી થાય તે રીતે આગળ વધવાથી જોડાક્ષરોનું પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરી શકાય છે; જેમ કે,

**કાર્યોન્મુખ - કાર્યોન્, મુખ** **સત્તત્ત્વ - સત્, તત્ત્વ**
**મર્મોદ્ઘાટન - મર્મોદ્, ઘાટન** **ચાતુર્વર્ણ્ય - ચાતુર્, વર્ણ્ય**
**મૂર્ધન્ય - મૂર્, ધન્ય** **હર્ષોલ્લાસ - હર્ષોલ્, લાસ**
**માસોદ્ભવ - માસોદ્, ભવ** **સન્ત્રસ્ત - સન્, ત્રસ્ત**

સમ્યગ્ ઉચ્ચારણ અંગેની આ રીત (ચાવી) સર્વત્ર લાગુ પડશે એમ કહેવાનો આશય નથી. ક્યાંક બીજી રીતે પણ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે; જેમ કે,

**સંક્રાન્તિ - સઙ્, ક્રાન્તિ** **વિદ્યાવ્યાસંગ - વિદ્યા, વ્યાસંગ**
**રાષ્ટ્રધ્વજ - રાષ્ટ્ર, ધ્વજ** **સૂર્યસ્નાન - સૂર્ય, સ્નાન**

જ્યાં જેમ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે ત્યાં તેમ કરવું યોગ્ય છે.

**'અલકા, અલકેશ, ઈનકાર, ઈલકાબ, ઊલટું, કુલફી, જલદી, બિલકુલ, રેલવે, રુશવત'** જેવા શબ્દોમાં હકીકતમાં કોઈ જોડાક્ષર નથી, પણ લોકોની બોલવાની અમુક જાતની ખાસિયતને કારણે વચમાં રહેલા **'ન-લ'** વગેરે અક્ષરોમાં રહેલા **'અ'** સ્વરનું ઉચ્ચારણ થતું નથી,

તેથી તે અડધા જ બોલાય છે અને લખાય છે પણ અડધા; જેમ કે, **'અલ્કા, અલ્કેશ, ઈન્કાર, ઈલ્કાબ, ઊલ્ટું, કુલ્ફી, જલ્દી, બિલ્કુલ, રેલ્વે, રુશ્વત'** વગેરે.

**'અલ્કા', 'અલ્કેશ'**માં 'લ્' અડધો લખાય તે માન્ય નથી. આ સંસ્કૃત તત્સમ શબ્દો છે, માટે તે **'અલકા', 'અલકેશ'** એમ જ લખવા યોગ્ય છે.

**'ઈનકાર'** આદિ શબ્દોમાં ઉચ્ચારણશુદ્ધિ જાળવી શકાય નહિ તો પણ લેખનમાં શુદ્ધિ જાળવવી જોઈએ અર્થાત્ તે શબ્દોમાં વચ્ચે રહેલા **'ન-લ'** વગેરે અક્ષરોને અર્ધા નહિ, પણ આખા જ લખવા જોઈએ.

## લેખનદોષ

'જી - જુ - રૂ' ગુજરાતીમાં આવી રીતે લખાતા આ ત્રણેય અક્ષરોનાં સ્વરૂપ અનિયમિત હોવા છતાં સ્વીકારાયેલાં છે.

૧. 'જ્ + ઈ'નું જ્ + 'ી' = 'જી' આ મૂળ સ્વરૂપ છે. 'જી' આ તેનું બદલાયેલું સ્વરૂપ છે અને તે જ પ્રચલિત છે.

૨. 'જ્ + ઉ'નું જ્ + ુ = 'જુ' આ મૂળ સ્વરૂપ છે અને તે શાસ્ત્રીય છે. પરન્તુ 'જ' પૂરો લખાઈ ગયા પછી, તેની નીચે હ્રસ્વ 'ઉ'નું 'ુ' આવું ચિહ્ન જોડવા માટે કલમ ઉપાડી લેવી જોઈએ. પણ કલમ ઉપાડી લેવાનું કષ્ટ ઉઠાવ્યા વિના અર્થાત્ લેખનપત્રની સાથે કલમનો સંપર્ક ચાલુ રાખીને હ્રસ્વ 'ઉ'નું ચિહ્ન જોડવાનો પ્રયત્ન કરવાથી 'જ'ના ઉપર જતા છેડાથી માંડીને 'ઉ'ના ચિહ્ન સુધીનો 'જુ' આવો બિનજરૂરી દંડ ખોટી રીતે ઘૂસી ગયો છે.

લેખનદોષથી સર્જાયેલો આવો 'જુ' અશાસ્ત્રીય હોવા છતાં સ્વીકૃત છે. તેથી અત્યારે વ્યવહારમાં 'જુ' અને 'જુ' આ બંને સ્વરૂપો પ્રચલિત છે. પરન્તુ વિદ્વાનો શાસ્ત્રીય સ્વરૂપવાળા આવા 'જુ'નો જ આગ્રહ રાખે તે ઇચ્છવા યોગ્ય છે.

૩. 'ર્ + ઊ'નું 'ર્ + ૂ' = 'રૂ' આ મૂળ સ્વરૂપ છે. પરન્તુ 'ર' પૂરો લખાઈ ગયા પછી તેની નીચે દીર્ઘ 'ઊ'નું 'ૂ' આવું ચિહ્ન

જોડવા માટે કલમ ઉપાડી લેવી જોઈએ. પણ કલમ ઉપાડી લેવાનું કષ્ટ ઉઠાવ્યા વિના અર્થાત્ લેખનપત્રની સાથે કલમનો સંપર્ક ચાલુ રાખીને દીર્ઘ 'ઊ'નું ચિહ્ન જોડવાનો પ્રયત્ન કરવાથી 'ર'નો નીચેનો અર્ધભાગ ઉપરના અર્ધભાગ જેવો અર્થાત્ ત્રગડા ('૩'ના અંક) જેવો ગોળાકાર બની જવાથી અને તેની નીચે દીર્ઘ 'ઊ'નું 'ૂ' આવું ચિહ્ન જોડી દેવાથી ર્ + ઊ = ર્ + ૂ = 'રૂ' આવી અસ્પષ્ટ આકૃતિવાળો બની જવા પામ્યો છે.

આ 'રૂ' દીર્ઘ 'ઊ'વાળો છે, એ વાત આજના મોટાભાગના લોકો જાણતા નથી. તેથી તેઓ હ્રસ્વ 'ઉ'વાળા 'રુ'ના સ્થાને પણ દીર્ઘ 'ઊ'વાળો 'રૂ' જ લખે છે; અર્થાત્, '**ગુરુ, પુરુષ, મારું, તારું, અમારું, તમારું, રુક્ષ, રુખ, રુચિ, રુદ્ર, રુઆબ, રુઝાવું, રુદન, રુધિર, રુવાંટી, રુશનાઈ, રુશવત**' આમ સાચું લખવાને બદલે '**ગુરૂ, પુરૂષ, મારૂં, તારૂં, અમારૂં, તમારૂં, રૂક્ષ, રૂખ, રૂચિ, રૂદ્ર, રૂઆબ, રૂઝાવું, રૂદન, રૂધિર, રૂવાંટી, રૂશનાઈ, રૂશવત**' આવું ખોટું લાગે છે.

આ દોષનું નિવારણ કરવા માટે મૂળ સ્વરૂપવાળો આવો 'રૂ' પ્રચલિત બને એ જરૂરી લાગે છે.

## મુદ્રણદોષ

૧. આજકાલ ધજાના 'ધ'ના દંડને ઘરના 'ઘ'ના દંડની જેમ વધારે ઊંચે લઈ જઈને 'ધ' આવાં વર્ણસંકર બીબાં બનાવાઈ રહ્યાં છે. આવાં બીબાંઓને મુદ્રણાલયોમાં 'ઘ' અને 'ધ' બંનેના સ્થાને ગોઠવી દેવામાં આવે છે. પરન્તુ આ અશાસ્ત્રીય છે અને ભાષાકીય રીતે યોગ્ય નથી, તેમ જ સાહિત્યકારો પણ એને ભૂલ ગણે છે. 'ઘ' અને 'ધ' બંને સ્પષ્ટ રીતે અલગ છે, તેથી તે બંનેના સ્થાને 'ધ' આવું વર્ણસંકર બીબું વાપરી શકાય નહિ.

૨. વ્યંજનોને સ્વરરહિત અર્થાત્ અડધા સૂચવવા માટે તેની નીચે કરાતી '્' આવી ખોડાની નિશાનીને બદલે દીર્ઘ 'ઊ'ના 'ૂ' આવા ચિહ્નનો ભ્રમ કરાવનારી '્' આવી ખોડાની નિશાનીવાળાં બીબાં પણ આજકાલ **લક્ષ્મીદાસો** બનાવવા લાગ્યા છે. આવાં બીબાંઓને

મુદ્રણાલયોમાં ખોડા વ્યંજન તરીકે પણ ગોઠવી દેવાય છે અને દીર્ઘ 'ઊ'વાળા વ્યંજન તરીકે પણ ગોઠવી દેવાય છે; દા૦ત૦, **મનસ્, માતરમ્; સૂત, મૂર્તિ** વગેરે.

પરન્તુ આ પદ્ધતિ અશાસ્ત્રીય છે; ભાષાકીય રીતે ખૂબ જ હાનિકારક છે. ઉચ્ચારણ સંબંધી અને અર્થ સંબંધી અનેક દોષોને જન્માવનારી છે. બાળકોના વાચનમાં તો ડગલે ને પગલે સ્ખલન કરાવનારી છે.

૩. વર્તમાનમાં ફોટો કમ્પોઝ પદ્ધતિવાળાં નવાં યન્ત્રો દ્વારા છપાતાં વર્તમાનપત્રોમાં જોડાક્ષર **'વ્ય'**ના સ્થાને **'ધ્ય'** છપાય છે; જેમ કે, **'વ્યક્તિ'**ને બદલે **'ધ્યક્તિ'**, **'વ્યાજબી'**ને બદલે **'ધ્યાજબી'** વગેરે. આ પદ્ધતિ પણ ગુજરાતી ભાષાનાં લેખન-ઉચ્ચારણમાં ગોટાળો જન્માવનારી છે.

૪. **'તદ્દન, દૃષ્ટિ, અદ્ભુત'** જેવા (અનુક્રમે द् + द = 'द्द', द्+ऋ='दृ' અને ખોડા 'द्' વાળા) શબ્દોમાં **'દ્દ-દૃ-દ્'**ના સ્થાને મુદ્રણાલયોમાં કેટલીકવાર દેવનાગરી 'द्+द'નું બનેલું જોડાક્ષર 'द्द'નું એક જ બીબું ગોઠવી દેવામાં આવે છે; જેમ કે, **'તद्दન, द्दષ્ટિ, અद्दભુત'** વગેરે.

આ મુદ્રણદોષ ગુજરાતી ભાષાની લેખન-ઉચ્ચારણશુદ્ધિનો ઘાતક અને અશુદ્ધિનો પોષક છે.

૫. **'હોદ્દેદાર, તદ્દન'** જેવા, દેવનાગરી લિપિના 'द् + द' ઉપર-નીચે જોડાઈને બનેલા 'द्द' જોડાક્ષરવાળા શબ્દોમાં ક્યારેક 'द्द' જોડાક્ષરના સ્થાને ખોડા 'દ્' મૂકીને **'હોદ્દેદાર, તદ્ન'** એમ છપાયેલું જોવા મળે છે તે અશુદ્ધ છે. **'હોદ્દેદાર'**માં ખોડા 'દ્'ની ઉપર એકારની માત્રા કરવી એ શાસ્ત્રીય નથી. **'તદ્દન'**ને બદલે **'તદ્ન'** લખવાથી **'તદ્ન'** શબ્દ બને છે, જે **'તદ્ન'**થી **'તદ્દન'** ભિન્ન છે. જોડાક્ષરોના જ્ઞાનના અભાવે કરાતી આવી અશાસ્ત્રીય જોડણી અનર્થકારી બને છે.

૬. **'વજ્ર, ઉચ્છ્રાય'** જેવા, 'જ - છ' વગેરેની સાથે રેફ અર્થાત્ 'ર' વ્યંજનનું '^' આવું બે પાંખિયાંવાળું ચિહ્ન જોડાઈને બનેલા **'જ્ર - છ્ર'** વગેરે જોડાક્ષરવાળા શબ્દોમાં રેફના ડાબી બાજુના પાંખિયા કરતાં જમણી બાજુના પાંખિયાને વધુ પડતું લંબાવીને ક્યારેક

'જ્ર - છ્ર' આવાં બીબાં બનાવાય છે, તે અશુદ્ધ છે અને રેફને બદલે દીર્ઘ 'ઊ'ના ચિહ્નની અર્થાત્ 'જ્ર - છ્ર'ને બદલે 'જૂ - છૂ'ની ભ્રાન્તિ કરાવનાર બને છે. રેફના આ '^' ચિહ્નનાં બંને પાંખિયાં સમાન જ હોવાં જોઈએ.

વર્તમાનમાં સ્થળસંકોચને કારણે અને છાપકામની સુવિધા માટે દંડ, કાનો, હ્રસ્વ-દીર્ઘ 'ઇ - ઈ'નાં 'િ', 'ી' આવાં ચિહ્ન અને માત્રાની સાથે રેફને જોડી દઈને નિયમ વિરુદ્ધ બીબાં બનાવાય છે; જેમ કે, **ધર્મ, વર્મા, ધર્મિષ્ઠ, ધર્માર્થી, ધર્મેશ, ધર્મૈઃ**

પરંતુ આ પદ્ધતિ અશુદ્ધિપ્રેરક, ભ્રાન્તિકારક અને અનર્થકારી છે.

આજકાલ હ્રસ્વ-દીર્ઘ 'ઇ - ઈ'નાં 'િ', 'ી' આવાં ચિહ્ન અને માત્રાની સાથે અનુસ્વાર(મીંડા)ને જોડી દઈને શાસ્ત્રવિરુદ્ધ બીબાં બનાવાય છે; જેમ કે, **હિંદુ, મીંડું, ગેંડો, ઐંદ્ર**

પરંતુ આ પદ્ધતિ અશાસ્ત્રીય અને અનર્થકારી છે. શાસ્ત્રીય પદ્ધતિ મુજબ અનુસ્વાર, હ્રસ્વ-દીર્ઘ 'ઇ - ઈ'નાં ચિહ્ન અને માત્રાથી અલગ રહેવો જોઈએ; જેમ કે, **હિંદુ, મીંડું, ગેંડો, ઐંદ્ર** (પાનું ૧૧૭)

## અક્ષરોના મરોડો

આમ તો બધા જ અક્ષરોના મરોડો જુદાજુદા છે. સર્વ અક્ષરોની આકૃતિમાં થોડોઘણો ફેરફાર અવશ્ય રહેલો છે. આકૃતિના એ થોડાઘણા ફેરફાર દ્વારા પણ પ્રત્યેક અક્ષરને જરૂર અલગ અલગ ઓળખી શકાય છે. પરન્તુ એ માટે સર્વ અક્ષરોના મરોડોને આંખથી સારી રીતે પકડીને મનમાં બરાબર બેસાડવા જોઈએ. જો એમ કરવામાં ન આવે તો ઘરનો 'ઘ' અને ધજાનો 'ધ', પગનો 'પ' અને યશનો 'ય' જેવા ઘણું સામ્ય અને થોડો ફેરફાર ધરાવતા અક્ષરો, તેમ જ ડગલાનો 'ડ' અને સંસ્કૃતમાં વપરાતું 'ऽ' આવું અવગ્રહનું ચિહ્ન, આ બધામાં આપણને કોઈ ભેદ જણાય નહિ—બધું સમાન જ દેખાય. તેથી વાચન-લેખનમાં અને ઉચ્ચારણમાં પણ છબરડા વળે.

## જોડાક્ષરો : અશુદ્ધ અને શુદ્ધ

| આ જોડાણ બરાબર નથી | જોડાયેલા અક્ષરો | આ જોડાણ બરાબર છે | વિગત |
|---|---|---|---|
| ૧. જ્ય | જ્ + ય | જ્ય | 'જ'નું જોડાણ 'ય'ના મુખ સાથે નહીં, પણ પેટ સાથે થવું જોઈએ; **રાજ્ય** |
| ૨. જ્વ | જ્ + વ | જ્વ | 'જ'નું જોડાણ 'વ'ના ઉપરના છેડા સાથે નહીં, પણ મધ્યભાગ સાથે થવું જોઈએ; જેમ કે, **જ્વર** |
| ૩. વ્ય | વ્ + ય | વ્ય | 'વ'નું જોડાણ 'ય'ના મુખ સાથે નહીં, પણ પેટ સાથે થવું જોઈએ; **દ્રવ્ય** |
| ૪. ળ્ય | ળ્ + ય | ળ્ય | 'ળ'નું જોડાણ 'ય'ના મુખ સાથે નહીં, પણ પેટ સાથે થવું જોઈએ; **ફળ્યું** |
| ૫. વ્દ | દ્ + વ | દ્વ | 'વ'નું જોડાણ ગુજરાતીના 'દ' સાથે નહીં, પણ દેવનાગરીના 'द' સાથે જ કરવું જોઈએ; જેમ કે, **દ્વાર** (પણ '**વ્દાર**' નહીં) |
| ૬. દ્ધ | દ્ + ધ | દ્ધ | 'ધ'નું જોડાણ ગુજરાતીના 'દ' સાથે નહીં, પણ દેવનાગરીના 'द'સાથે જ કરવું જોઈએ; જેમ કે, **શુદ્ધ** (પણ **શુદ્ધ** નહીં) |
| ૭. દ્ધ | द् + ધ | દ્ધ ← | 'ધ'નું જોડાણ દેવનાગરી 'द'ના ગોળાર્ધ સાથે નહીં, પણ 'द'ની ગાંઠ નીચે તીરથી બતાવેલા સ્થાને જ કરવું જોઈએ; **બુદ્ધ** |
| ૮. જ્ર | જ્ + ર | જ્ર-જ્ર | 'ર'નું જોડાણ 'જ'ના છેડા સાથે નહીં, પણ ડાબી બાજુના ગોળાર્ધ સાથે એક પાંખિયાથી અથવા નીચેના ભાગે બે પાંખિયાંથી કરવું જોઈએ; **વજ્ર - વજ્ર** |
| ૯. છ્ર | છ્ + ર | છ્ર | 'છ' સાથે 'ર'નું જોડાણ '/' આવા એક પાંખિયાથી નહીં, પણ '^' આવાં બે પાંખિયાંથી જ કરવું જોઈએ; **ઉચ્છ્રાય** |

| | | | |
|---|---|---|---|
| ૧૦. ટ્ર | ટ્ + ર | ટ્ર | 'ટ' સાથે 'ર'નું જોડાણ '/' આવા એક પાંખિયાથી નહીં, પણ '^' આવાં બે પાંખિયાંથી જ કરવું જોઈએ; **રાષ્ટ્ર** |
| ૧૧. ઠ્ર | ઠ્ + ર | ઠ્ર | 'ઠ' સાથે 'ર'નું જોડાણ '/' આવા એક પાંખિયાથી નહીં, પણ '^' આવાં બે પાંખિયાંથી જ કરવું જોઈએ; **ઠ્ર** |
| ૧૨. ડ્ર | ડ્ + ર | ડ્ર | 'ડ' સાથે 'ર'નું જોડાણ '/' આવા એક પાંખિયાથી નહીં, પણ '^' આવાં બે પાંખિયાંથી જ કરવું જોઈએ; **પુણ્ડ્ર** |
| ૧૩. ઢ્ર | ઢ્ + ર | ઢ્ર | 'ઢ' સાથે 'ર'નું જોડાણ આવા '/' એક પાંખિયાથી નહીં, પણ '^' આવાં બે પાંખિયાંથી જ કરવું જોઈએ; **મેંઢ્ર** |
| ૧૪. **દ્ર્ય** | દ્+ર્+ય | **દ્ર્ય** | આમાં વ્યંજનક્રમ 'દ્ + ય્ + ર' નથી, પણ 'દ્ + ર્ + ય' છે. માટે 'ર'નું જોડાણ 'ય' સાથે નહીં, પણ 'દ' સાથે જ થવું જોઈએ; જેમ કે, **દારિદ્ર્ય** |

**ઉપર જે અશુદ્ધ જોડાણો બતાવ્યાં છે, તે પરત્વે લેખકો અને મુદ્રકોએ સાવધાન રહેવું જોઈએ અને શુદ્ધ જોડાણના આગ્રહી બનવું જોઈએ.**



## બીબાં : અશાસ્ત્રીય અને શાસ્ત્રીય

| આવાં બીબાં અશાસ્ત્રીય છે | તેમાં જોડાયેલા અક્ષરો | વિગત | આવાં બીબાં શાસ્ત્રીય છે |
|---|---|---|---|
| ૧. શ્રૃ-દ્રૃ-ગ્રૃ | શ્ + ર્ + ઋ<br>દ્ + ર્ + ઋ<br>ગ્ + ર્ + ઋ | આમાં 'ર'નું '/' આવું ચિહ્ન જોડવામાં આવ્યું છે તે ખોટું છે. | શૃ-શૃ; દૃ-દૃ;ગૃ<br>શૃંગાર-શૃંગાર;<br>દૃષ્ટિ-દૃષ્ટિ |
| ૨. શુ-શૂ-શૃ | શ્ + ઉ<br>શ્ + ઊ<br>શ્ + ઋ | આમાં 'ઉ-ઊ-ઋ' સ્વરનાં 'ુ-ૂ-ૃ' આવાં ચિહ્નો 'શ'ના દંડ નીચે મૂકવાને બદલે આગળના બગડા જેવા અંશ નીચે મૂકવામાં આવ્યાં છે તે ખોટું છે; જેમ કે **શુક, શૂર, શૃંગ** | શુ-શૂ-શૃ<br>શુક,શૂર,શૃંગ |
| ૩. સુ-સૂ-સૃ | સ્ + ઉ<br>સ્ + ઊ<br>સ્ + ઋ | આમાં 'ઉ-ઊ-ઋ' સ્વરનાં 'ુ-ૂ-ૃ' આવાં ચિહ્નો 'સ'ના દંડ નીચે મૂકવાને બદલે, પૂર્વના બગડા જેવા અંશ નીચે મૂકવામાં આવ્યાં છે તે ખોટું છે; જેમ કે, **સુર, સૂર, સૃત** | સુ-સૂ-સૃ<br>સુર,સૂર,સૃત |
| ૪. ક્-ટ્-ડ્<br>ન્-મ્-વ્ | વ્યંજન+ ્<br>ખોડાનું ચિહ્ન | આમાં ખોડાના ચિહ્નને વ્યંજન કે વ્યંજનના દંડથી છૂટું રાખવાને બદલે, વ્યંજનની સાથે કે વ્યંજનના દંડની સાથે જોડી દેવામાં આવ્યું છે તે ખોટું છે; જેમ કે, **પક્વ, ટટ્ટુ, ઉડ્ડયન** | ક્-ટ્-ડ્<br>પક્વ, ટટ્ટુ,<br>ઉડ્ડયન<br>ન્-મ્-વ્ |
| ૫. ક્-ટ્-ડ્<br>ન્-મ્-વ્ | વ્યંજન + ્<br>ખોડાનું ચિહ્ન | આમાં વ્યંજનને ખોડો કરવા માટેના '્' આવા ચિહ્નને દીર્ઘ 'ઊ'ના 'ૂ' આવા ચિહ્ન જેવું બનાવીને વ્યંજનની નીચે જોડી દેવામાં આવ્યું છે તે ખોટું છે. અથવા એકારની 'ે' આવી માત્રાને ખોડાના ચિહ્ન તરીકે મૂકી દેવામાં આવી છે. જે વાચકને વ્યંજન દીર્ઘ 'ઊ'વાળો હોવાની ભ્રાન્તિ કરાવે છે. આવાં બીબાંને મુદ્રણાલયોમાં અવસરે દીર્ઘ 'ઊ'વાળા વ્યંજનના સ્થાને પણ ગોઠવી દેવાય છે. જેમ કે, **દૂર, પૂર, સૂર; દૂર, પૂર, સૂર** | ક્-ટ્-ડ્<br>ન્-મ્-વ્ |

| | | | |
|---|---|---|---|
| ૬. ક્ર-દ્ર | વ્યંજન + ખોડાનું કે 'ર'નું ચિહ્ન | આમાં '\' આવા ખોડાના ચિહ્નને અથવા '/' આવા 'ર' વ્યંજનના ચિહ્નને નિયમ મુજબ જમણી-ડાબી બાજુ ત્રાંસું રાખવાને બદલે સીધું રાખીને જોડી દેવામાં આવ્યું છે. જે ખોડા વ્યંજનને બદલે, 'ર' સંયુક્ત વ્યંજનની અને 'ર' સંયુક્ત વ્યંજનને બદલે, ખોડા વ્યંજનની ભ્રાન્તિ કરાવનાર બને છે. વ્યંજન ખોડો છે કે 'ર' સંયુક્ત છે, તેનો નિર્ણય આકૃતિના આધારે તો કરી શકાતો જ નથી. | ક્ - દ્<br>ક્ર - દ્ર<br>દક્, તદ્<br>ચક્ર, ભદ્ર |
| ૭. દ્દ | દ્ + દ | ગુજરાતીમાં જોડાક્ષર માટે શિરોરેખા વગરના દેવનાગરી લિપિના દંડવાળા 'દ'નો સ્વીકાર કરવામાં આવ્યો હોવા છતાં અને એની સાથે જ જોડાણની અનુકૂળતા હોવા છતાં, એનો ત્યાગ કરીને ગુજરાતી લિપિના 'દ્ + દ'ને ઉપર-નીચે જોડીને નિયમ વિરુદ્ધ આવાં બીબાં બનાવાય છે, જે ભ્રાન્તિકારક છે. | દ્ + દ્ = દ્દ<br>ઉદ્દેશ, રદ્દી |
| ૮. દૃ | દ્ + ઋ<br>(દ્ + ૮) | 'દ' વ્યંજન સાથે 'ઋ' સ્વરનું ચિહ્ન જોડવા માટે દેવનાગરી લિપિના દંડવાળા'દ'નો સ્વીકાર કરવામાં આવ્યો હોવા છતાં અને એની સાથે જ જોડાણની અનુકૂળતા હોવા છતાં, એનો ત્યાગ કરીને ગુજરાતી લિપિના દંડ વગરના 'દ'ની નીચે અયોગ્ય રીતે 'ઋ' સ્વરનું '૮' આવું ચિહ્ન જોડી દઈને બીબાં બનાવાય છે. 'દ્ + દ' અને 'દ્ + ઋ'ને માટે આ એક જ બીબું વપરાય છે. જે વાચકને 'દ્ + દ'ના સ્થાને 'દ્ + ઋ'ની અને 'દ્ + ઋ'ના સ્થાને 'દ+દ'ની ભ્રાન્તિ કરાવનાર બને છે. | દ્ + ઋ<br>(દ્ + ૮)<br>દૃ - દૃ<br>દૃષ્ટિ, દૃશ્ય |

| | | |
|---|---|---|
| ૯. ર્યં | પ્રથમ રેફ અને પછી જ અનુસ્વારનું ઉચ્ચારણ થાય છે, તેથી પ્રથમ રેફ અને પછી જ અનુસ્વાર મુકાય. આમ છતાં આમાં પ્રથમ અનુસ્વાર મૂકીને પછી રેફ મૂકવામાં આવ્યો છે. તેથી અનુસ્વારના ક્રમનું ઉલ્લંઘન થાય છે. વળી નિયમ પ્રમાણે રેફ અને અનુસ્વાર બંનેનું સ્થાન એક સાથે હોવા છતાં અનુસ્વારને આગળ મૂકવામાં આવ્યો છે. આથી સ્થાનનું પણ ઉલ્લંઘન થાય છે. અનુસ્વારને રેફના '◌ૅ' આવા ચિહ્નની અંદર જ મૂકવો જોઈએ. | ર્યં, સૂર્યં |
| ૧૦. ધમે ર્શ | આમાં નિયમ મુજબ રેફને 'મ'ની માત્રા ઉપર મૂકવાને બદલે ખોટી રીતે 'મે' અને 'શ'ની વચમાં મૂકવામાં આવ્યો છે. | ધર્મેશ |
| ૧૧. વ ં દે | આમાં નિયમ મુજબ અનુસ્વારને 'વ'ના દંડ ઉપર મૂકવાને બદલે ખોટી રીતે 'વ' અને 'દે'ની વચમાં મૂકવામાં આવ્યો છે. | વંદે |
| ૧૨. ને| | આમાં નિયમ મુજબ માત્રાને કાના ઉપર મૂકવાને બદલે ખોટી રીતે દંડ ઉપર મૂકવામાં આવી છે. | નો કાનો |
| ૧૩. જ્ર | આમાં રેફના '∧' આવા ચિહ્નના બે પાંખિયાં નિયમ મુજબ સરખાં રાખવાને બદલે જમણા પાંખિયાને ખોટી રીતે વધુ પડતું લંબાવવામાં આવ્યું છે. જે 'જ્ર'ને બદલે 'જૂ'ની ભ્રાન્તિ કરાવનાર બને છે. | જ્ર વજ્ર |

ઉપર જે અશાસ્ત્રીય બીબાં તેમ જ રેફ, અનુસ્વાર અને માત્રાનાં અયોગ્ય સ્થાન બતાવ્યાં છે, તે પરત્વે લેખકો અને મુદ્રકોએ સાવધાન રહેવું જોઈએ અને શાસ્ત્રીય બીબાંના આગ્રહી બનવું જોઈએ.

સર્વત્ર બીબાં બનાવનારનો જ દોષ હોય છે એવું નથી. ક્યારેક મુદ્રણાલયોના ઓછા અનુભવવાળા અને અજ્ઞાન કારીગરોને કારણે પણ મુદ્રણમાં દોષ આવે છે.

## અક્ષરોનાં અને જોડાક્ષરોનાં અયોગ્ય બીબાં

| અયોગ્ય બીબાં | તેમાંના અક્ષરો | વિગત |
|---|---|---|
| ૧. ર્ય-ર્યા | રેફ + ય<br>રેફ + યા<br>સૂર્ય, સૂર્યા | આમાં રેફને ખોટી રીતે દંડ અને કાનાની સાથે જોડી દેવામાં આવ્યો છે, તેથી તેની આકૃતિ હ્રસ્વ 'ઈ'ના 'િ' આવા ચિહ્ન જેવી બની ગઈ છે. આવાં ખોટાં બીબાંને કારણે શબ્દો ખોટા વંચાય છે; દા૦ ત૦, **'સૂર્યાસ્ત'**ને બદલે **'સૂયસ્તિ'**, **'ધર્માવલોક'**ને બદલે **'ધમવિલોક'**-આથી આવાં બીબાં ત્યાજ્ય છે. |
| ૨. ર્તિ-ર્તી | રેફ + તિ<br>રેફ + તી<br>કીર્તિ, ર્તી | આમાં રેફને ખોટી રીતે હ્રસ્વ-દીર્ઘ 'ઇ - ઈ'નાં 'િ', 'ી' આવાં ચિહ્ન સાથે જોડી દેવાય છે અને એનું કદ એટલું નાનું રખાય છે કે વાચકને સ્પષ્ટ રીતે રેફ-દર્શન થઈ શકતું નથી. |
| ૩. ર્મે | રેફ + મે<br>ધર્મેશ | આમ રેફને ખોટી રીતે માત્રાની સાથે જોડી દેવાય છે અને એનું કદ એટલું નાનું રખાય છે કે વાચકને સ્પષ્ટ રીતે રેફ-દર્શન થઈ શકતું નથી. |
| ૪. બિં-શીં | બિ+અનુસ્વાર<br>શી+અનુસ્વાર<br>બિંબ, શીંગ | આમ અનુસ્વારને ખોટી રીતે હ્રસ્વ-દીર્ઘ 'ઇ - ઈ'નાં 'િ' 'ી' આવાં ચિહ્ન સાથે જોડી દેવાય છે અને અક્ષરના પ્રમાણમાં એનું કદ ઘણું નાનું રખાય છે, જેથી વાચકને સ્પષ્ટ રીતે અનુસ્વાર-દર્શન થતું નથી. |
| ૫. દ | દરવાજાનો દ | આમ દરવાજાના 'દ'નો ઉપરનો છેડો બહારની બાજુએ વળાંકવાળો રાખીને બીબાં બનાવાય છે. વળી દ્ + ઋ = દૃ અક્ષરનાં બીબાં પણ લગભગ એવાં જ બનાવાય છે. જેથી દરવાજાના 'દ' અને (દ્ + ઋ) દૃ અક્ષર વચ્ચેની આછીપાતળી ભેદરેખા પણ ભૂંસાઈ જવા પામે છે. વળી મુદ્રણાલયોમાં પણ અવસરે 'દૃ'ના સ્થાને આવાં 'દ'નાં બીબાં ગોઠવી દેવાય છે. માટે દરવાજાના 'દ'નો ઉપરનો છેડો બહારની બાજુએ વળાંકવાળો ન હોવો જોઈએ. |

| | | |
|---|---|---|
| ૬. દૃ | દ્ + ઋ<br>દૃશ્ય | આમ 'દ્ + ઋ'ના બનેલા 'દૃ' અક્ષરમાં 'દ'ના ઉપરના છેડાને પાછળની બાજુએ પૂરતો વળાંક આપ્યા વગરનાં બીબાં બનાવાય છે. તેથી દરવાજાના 'દ'ની અને (દ્ + ઋ =) 'દૃ'ની આકૃતિમાં ખાસ કોઈ ભેદ રહેતો નથી. 'દ' અને 'દૃ'ની લગભગ સરખી આકૃતિને કારણે વાચકને દરવાજાના 'દ'માં (દ્+ઋ=) 'દૃ'ની ને 'દૃ'માં દરવાજાના 'દ'ની ભ્રાન્તિ થાય છે. વળી મુદ્રણાલયોમાં પણ અવસરે 'દ'ના સ્થાને 'દૃ'નાં અને 'દૃ'ના સ્થાને 'દ'નાં બીબાં ગોઠવી દેવાય છે. એથી વાચકના ભ્રમને પુષ્ટિ મળતી જ રહે છે. |
| ૭. દ્ય | દ્ + ય<br>વૈદ્ય, વિદ્યા | દેવનાગરી 'દ્ + ય'ના બનેલા આ જોડાક્ષરમાં 'દ્'ના ઉપરના છેડાને પાછળની બાજુએ પૂરતો વળાંક આપ્યા વગરનાં બીબાં બનાવાય છે, જે વાચકને 'ઘ - ધ'ની ભ્રાન્તિ કરાવનાર બને છે. |
| ૮. વૃ | વ્ + ઋ<br>વૃષભ | આમ 'ઋ' સ્વરના આવા 'ૃ' ચિહ્નને અક્ષરના દંડની સાથે જોડવાને બદલે દંડની પાછળ છૂટું રખાય છે. જે વાચકને 'વૃ - મૃ' આદિને બદલે અન્યથા ભ્રાન્તિ કરાવનાર બને છે. |

| | | |
|---|---|---|
| ★ ર્હ | રેફ + હ<br>અર્હ | મુદ્રણાલયોમાં શીર્ષસ્થ રેફના આવા 'ર્' ચિહ્નને બદલે આવું 'ૅ' અર્ધચંદ્રાકાર ચિહ્ન મૂકી દેવાય છે તે યોગ્ય નથી. અર્ધચંદ્રાકાર ચિહ્ન સીધું રહે છે; અર્હૅ, જ્યારે રેફ આડો રહે છે; જેમ કે, અર્હ |
| ★ કૉલેજ | | કોલેજ, ડોક્ટર વગેરે શબ્દોના પ્રથમ અક્ષર ઉપર પહોળા ઉચ્ચારણને સૂચવનારી આવી 'ો' ઊંધી માત્રા મૂકવાને બદલે આવું 'ૅ' અર્ધચંદ્રાકાર ચિહ્ન મૂકવું વધારે સારું છે; જેમ કે, કૉલેજ, ડૉક્ટર વગેરે. |

**છાપકામની સુવિધા માટે કે ઓછી જગ્યામાં સમાવેશ કરવાનો હોવાને કારણે ઉપર પ્રમાણે બનાવાતાં અયોગ્ય બીબાં અશુદ્ધિપ્રેરક, ભ્રાન્તિકારક અને અનર્થકારી બનતાં હોવાથી, તે પરત્વે લેખકો અને મુદ્રકોએ સાવધાન રહેવું જોઈએ. યોગ્ય રીતે બનાવાતાં બીબાંના જ આગ્રહી બનવું જોઈએ.**

## અક્ષરોનાં અને જોડાક્ષરોનાં યોગ્ય બીબાં

| યોગ્ય બીબાં | તેમાંના અક્ષરો | વિગત |
|---|---|---|
| ૧. ર્ય-ર્યા-ર્ક | રેફ + ય<br>રેફ + યા<br>રેફ + ક<br>સૂર્ય, સૂર્યા, અર્ક | આમ શીર્ષસ્થ રેફને અક્ષરના દંડ ઉપર, કાના ઉપર કે માથા ઉપર તેનાથી સહેજ ઊંચે રાખવો જોઈએ. અડીને રાખવો જોઈએ એમ પણ કેટલાક વિદ્વાનો કહે છે. |
| ૨. ર્તિ-ર્દી | રેફ+તિ, રેફ+દી<br>કીર્તિ, કારકિર્દી | આમ રેફને હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ'નાં 'િ', 'ી' આવાં ચિહ્ન ઉપર તેનાથી સહેજ ઊંચે રાખવો જોઈએ. |
| ૩. ર્મે | રેફ + મે<br>ધર્મેશ | આમ રેફને માત્રાના છેડે અને દંડવાળા અક્ષરોના દંડ ઉપર રહે તેમ, માત્રા અને દંડથી સહેજ ઊંચે રાખવો જોઈએ. |
| ૪. બિં-શીં | બિ+અનુસ્વાર<br>શી+અનુસ્વાર<br>બિંબ, શીંગ | આમ અનુસ્વારને હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ'નાં 'િ', 'ી' આવાં ચિહ્ન ઉપર (હ્રસ્વ 'ઇ'ના ચિહ્નના ઉપરના છેડા ઉપર અને દીર્ઘ 'ઈ'ના ચિહ્નના ઉપરના વળાંક ઉપર) તેનાથી સહેજ ઊંચે રાખવો જોઈએ. |
| ૫. દૃ | દ્ + ઋ<br>(દ્ + ૃ)<br>દૃશ્ય, દૃશ્ય | દેવનાગરીના 'द'ની ગાંઠ નીચે 'ઋ' સ્વરનું 'ૃ' આવું ચિહ્ન જોડાઈને બનેલા આ 'દૃ' અક્ષરને દરવાજાના 'દ'થી સ્પષ્ટ રીતે જુદો પાડવા માટે તેના મથાળાના છેડાને પાછળની બાજુએ પૂરતો વળાંક આપવો જોઈએ. અથવા તેનાં બીબાં 'દૃ' આમ 'દ'ની નીચે દંડ રાખી તે દંડના છેડે 'ઋ'નું ચિહ્ન જોડેલાં હોવાં જોઈએ. આવાં બીબાં સરળતાથી બનાવી શકાય છે. |
| ૬. દ્ય | દ્=ય<br>વૈદ્ય, વિદ્યા | દેવનાગરીના 'द'ની નીચે 'य' જોડાઈને બનેલા આ જોડાક્ષરને 'ઘ-ધ'થી સ્પષ્ટ રીતે જુદો પાડવા માટે તેના ઉપરના છેડાને પાછળની બાજુએ પૂરતો વળાંક આપવો જોઈએ. |
| ૭. વૃ | વ્ + ઋ<br>(વ્ + ૃ)<br>વૃષભ | 'ઋ' સ્વરના 'ૃ' આવા ચિહ્નને શાસ્ત્રીય નિયમ મુજબ આવી રીતે દંડના નીચેના છેડા સાથે જોડવું જોઈએ. |
| ૮. ષ | | ગુજરાતીમાં શિરોરેખા કાઢીને દેવનાગરીનો આવો 'ष' સ્વીકારવામાં આવ્યો છે. તેથી મુખના ભાગે વળાંક વગરનો અથવા ચાંચ વગરનો આવો 'ષ' જ વ્યવહાર કરવા યોગ્ય છે. 'પ'ની જેમ તેનું મુખ ચાંચવાળું બનાવીને તેને નવું રૂપ આપવાની આવશ્યકતા જણાતી નથી. |

**ઉપર જણાવ્યા મુજબનાં યોગ્ય રીતે બનાવાતાં બીબાં અશુદ્ધિપ્રેરક, ભ્રાન્તિકારક અને અનર્થકારી બનતાં નથી. માટે લેખકો અને મુદ્રકોએ એવાં યોગ્ય બીબાંના જ આગ્રહી બનવું જોઈએ.**

# સાચું અને ખોટું

નોંધ: આ વિભાગ પુસ્તકના પ્રારૂપની દૃષ્ટિએ સુસંગત નથી, પણ જોડાક્ષરના વિષયને સુસ્પષ્ટ બનાવવામાં ઉપયોગી હોવાથી અહીં આપ્યો છે.

| આ ખોટું છે | વિગત | આ સાચું છે |
|---|---|---|
| ૧. અગ્ય્ર | 'ર'નું ચિહ્ન 'ય'ની પૂર્વે જોઈએ. | અગ્ર્ય |
| ૨. અશ્વમેઘ | 'ઘ' નહિ, 'ધ' જોઈએ. | અશ્વમેધ<br>(अश्वः प्रधानतया मेध्यते हिंस्यतेऽत्र) |
| ૩. આદ્રા – આદ્રા | 'દ્રા-દ્રા' ઉપર રેફ જોઈએ. | આર્દ્રા-આર્દ્રા |
| ૪. આમરણાંત ઉપવાસ | 'આ' કે 'અંત' બેમાંથી એક જ જોઈએ. | આમરણ ઉપવાસ કે<br>મરણાંત ઉપવાસ |
| ૫. આર્શીવાદ, આર્કષક, સર્મપણ | રેફ 'વા', 'ષ', 'પ' ઉપર જોઈએ. | આશીર્વાદ, આકર્ષક, સમર્પણ |
| ૬. કૃણાલ | 'કૃ' નહીં, 'કુ' જોઈએ. | કુણાલ |
| ૭. ગુરૂ-ગુરૂ-ગુરૂ | 'રૂ-રૂ-રૂ' નહિ, 'રુ-રુ' જોઈએ. | ગુરુ-ગુરુ |
| ૮. ગૃપ | 'ગૃ' નહિ, 'ગ્રુ' જોઈએ. | ગ્રુપ |
| ૯. ચક્રવર્તી વ્યાજ | 'વર્તી' નહિ, 'વૃદ્ધિ' જોઈએ. | ચક્રવૃદ્ધિ વ્યાજ |
| ૧૦. જયેષ, શૈલેષ, સતીષ | 'ષ' નહિ, 'શ' જોઈએ. | જયેશ, શૈલેશ, સતીશ<br>('ઈશ' શબ્દાંત) |
| ૧૧. જરાસંઘ | 'ઘ' નહિ, 'ધ' જોઈએ. | જરાસંધ |
| ૧૨. જ્યેષ્ટ, ધર્મિષ્ટ, વરિષ્ટ, સ્વાદિષ્ટ | 'ષ્ટ' નહીં, 'ષ્ઠ' જોઈએ. | જ્યેષ્ઠ, ધર્મિષ્ઠ, વરિષ્ઠ, સ્વાદિષ્ઠ |
| ૧૩. ત્થા | 'ત' આખો જોઈએ. | તથા |
| ૧૪. દ્રઢ, દ્રષ્ટાંત, દ્રષ્ટિ, દ્રશ્ય | 'દ્ર' નહીં, 'દૃ-દૃ' જોઈએ. | દૃઢ, દૃષ્ટાંત, દૃષ્ટિ, દૃશ્ય |
| ૧૫. દારિદ્ય્ર | 'દ્ય્ર' નહિ, 'દ્ર્ય' જોઈએ. | દારિદ્ર્ય |
| ૧૬. વ્દાર, ધ્વારા | 'વ્દા', 'ધ્વા' નહિ, 'દ્વા' જોઈએ. | દ્વાર, દ્વારા |

| | | |
|---|---|---|
| ૧૭. **ઘૃણા** | 'ઘૃ' નહિ, 'ઘૃ' જોઈએ. | **ઘૃણા** |
| ૧૮. **નૈઋત્ય** | 'ઋ' ઉપર રેફ જોઈએ. | **નૈર્ઋત્ય**<br>(સંસ્કૃત પ્રમાણે) |
| ૧૯. **પંચાન્હિક, અષ્ટાન્હિક** | 'ન્હિ' નહિ, 'હ્નિ' જોઈએ. | **પંચાહ્નિક, અષ્ટાહ્નિક**<br>(સંસ્કૃત પ્રમાણે) |
| ૨૦. **પધારો** | 'ધા' નહિ, 'ધા' જોઈએ. | **પધારો** |
| ૨૧. **પુરૂષ, પુરુષ** | 'રૂ-રુ' નહિ, 'રુ-રુ' જોઈએ. | **પુરુષ-પુરુષ** |
| ૨૨. **મારૂં, તારૂં, અમારૂં, તમારૂં** | 'રૂં' નહિ, 'રું-રું' જોઈએ. | **મારું-રું, તારું-રું અમારું-રું, તમારું-રું**<br>(હ્રસ્વ ઉકારાન્ત) |
| ૨૩. **મેધા, મેધાવી** | 'ધા' નહિ, 'ધા' જોઈએ. | **મેધા, મેધાવી** |
| ૨૪. **વાંચન, વાંચકો** | 'વાં' નહિ, 'વા' જોઈએ. | **વાચન, વાચકો**<br>(સંસ્કૃત તત્સમ) |
| ૨૫. **વિધ્યા, વિધ્યાર્થી, ઉધ્યોગ** | 'ધ્યા-ધ્યો' નહીં, 'દ્યા-દ્યો' જોઈએ. | **વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ**<br>(દ્ + ય = દ્ય) |
| ૨૬. **વૃજલાલ, વૃત** | 'વૃ' નહીં, 'વ્ર' જોઈએ. | **વ્રજલાલ, વ્રત** |
| ૨૭. **શ્રૃંગાર** | 'શ્રૃં' નહિ, 'શૃં' જોઈએ. | **શૃંગાર-શૃંગાર** |
| ૨૮. **સન્મુખ** (સામે મુખવાળો અર્થમાં) | 'સન્' નહિ, 'સમ્' જોઈએ. | **સમ્મુખ-સંમુખ**<br>(સંસ્કૃત પ્રમાણે) |
| ૨૯. **સવન્ત-સવંત** | મીંડું 'સ' ઉપર જોઈએ. | **સંવત** |
| ૩૦. **સમ્મતિ-સંમતિ** (સારી બુદ્ધિ અર્થમાં) | 'સમ્-સં' નહીં, 'સન્' જોઈએ. | **સન્મતિ** (સારી બુદ્ધિ)<br>(સદ્ + મતિ) |
| ૩૧. **સહસ્ત્ર** | 'સ્ત્ર' નહિ, 'સ્ર' જોઈએ. | **સહસ્ર** |

**ટિપ્પણી**

૧. **'જયેશ', 'શૈલેશ', 'સતીશ'** વગેરે નામોમાં ઉત્તરપદમાં **'ઈશ'** છે. તેથી તેમાં તાલવ્ય **'શ'**કાર જ ખરો છે. **'જયેષ', 'શૈલેષ', 'સતીષ'** વગેરે જોડણી ખોટી છે.

—**અરુણોદય ન. જાની**

૨. ઋગ્વેદ અનુસાર **'નિર્ઋતિ'** મૃત્યુનો દેવ છે. આ મૃત્યુના દેવ **'નિર્ઋતિ'**નો વાસ દિશાના જે ખૂણામાં છે, તે ખૂણાને તે દેવના જ નામ ઉપરથી **'નૈર્ઋત્ય'** એવું નામ આપવામાં આવ્યું છે. તેથી **'નૈર્ઋત્ય'** (**'ઋ'** ઉપર રેફવાળી) એવી જોડણી જ સાચી છે, પણ **'નૈઋત્ય'** (**'ઋ'** ઉપર રેફ વગરની) જોડણી સાચી નથી.

—**અરુણોદય ન. જાની**

૩. આજકાલ કંકોતરીમાં **'પંચાહ્નિકા મહોત્સવ'**, **'અષ્ટાહ્નિકા મહોત્સવ'** એમ છપાયેલું જોવામાં આવે છે. પરન્તુ સંસ્કૃત વ્યાકરણદૃષ્ટિએ વિચારતાં આ પ્રયોગ અશુદ્ધ જણાય છે.

આમાં **'મહોત્સવ'** પદ વિશેષ્યરૂપ છે અને **'પંચાહ્નિકા'**, **'અષ્ટાહ્નિકા'** પદો તેના વિશેષણરૂપ છે. વ્યાકરણના નિયમ મુજબ જે લિંગ વિશેષ્યનું હોય તે જ લિંગ તેના વિશેષણનું હોય. અહીં વિશેષ્યરૂપ **'મહોત્સવ'** પદ પુંલિંગમાં છે, માટે તેના વિશેષણરૂપ **'પંચાહ્નિકા'**, **'અષ્ટાહ્નિકા'** પદો પણ પુંલિંગમાં જ હોવાં જોઈએ. તેથી **'પંચાહ્નિક મહોત્સવ'**, **'અષ્ટાહ્નિક મહોત્સવ'** આ શુદ્ધ પ્રયોગ છે, માટે એ જ અપનાવવા યોગ્ય છે.

**—લેખક**

૪. **વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, વિદ્યુત, ઉદ્યોગ** વગેરે શબ્દોમાં **'ધ્ + ય'**નો જોડાક્ષર નથી, પણ **'દ્ + ય'**નો જોડાક્ષર છે.

**—લેખક**

૫. **'સંમુખ'** અને **'સન્મુખ'** આ બે શબ્દો મૂળમાં એકાર્થક નથી, પરન્તુ સ્પષ્ટપણે ભિન્ન અર્થવાળા છે.

**'સં + મુખ'** શબ્દમાં પર-સવર્ણ કરીએ તો **'સમ્મુખ'** એવું જ રૂપ બને અને તેનો **'સામે મુખવાળો'** (પુરુષ) એવો જ અર્થ થાય છે. એનો વિરુદ્ધાર્થક શબ્દ **'વિમુખ'** (ઊલટી દિશામાં મુખવાળો) છે.

જ્યારે **'સન્મુખ'** શબ્દમાં **'સત્ + મુખ'** છે. આમાં **'ત્'**નો **'ન્'** સંધિના નિયમાનુસાર થયો છે. **'સત્'** શબ્દ **'સારું'** એવો અર્થ બતાવનાર હોવાથી **'સન્મુખ'** શબ્દનો **'સારા કે સુંદર મુખવાળો'** (પુરુષ) એવો જ અર્થ થાય, પણ તેનો **'સામે મુખવાળો'** એવો અર્થ થઈ શકે નહિ.

**—અરુણોદય ન. જાની**

૬. **'સહસ્ર'** શબ્દમાં **'સહ+સ્ર'** એવો પદચ્છેદ નથી, પણ **'સ+હસ્ર'** એવો પદચ્છેદ છે. **'હસ્ર'** શબ્દ ઉપરથી અરબી ભાષામાં **'હઝ્ઝ'** શબ્દ બન્યો અને **'હઝ્ઝ'** શબ્દ પરથી ગુજરાતી ભાષામાં **'હજાર'** શબ્દ ઊતરી આવ્યો.

**—અરુણોદય ન. જાની**

## વ્યંજનસંયોગસૂચક કોઠો

કયા વ્યંજનની પાછળ કયા વ્યંજનો જોડાય છે, એ દર્શાવતા આ કોઠામાં આથી વધુ વ્યંજનજોડાણો પણ ઉમેરી શકાય.

| વ્યંજન | ની ઉત્તરમાં | જોડાતા વ્યંજનો દૃષ્ટાન્ત સાથે |
|---|---|---|
| ૧. ક | ” | ક - ખ - ઝ - ટ - ણ - ત - થ - ન - મ - ય - ર - લ - વ - ષ - સ<br>દૃષ્ટાંત — અક્કલ, કક્કો; પક્ખી, જક્ખ, રુક્ખ; લક્ઝરી, એક્ઝામિનેશન; ડૉક્ટર, ફૅક્ટરી; વૃક્ણ; યુક્ત, મુક્ત; સિક્થ, રિક્થ; શક્નોતિ; રુક્મિણી, રુક્મી; વાક્ય, શક્ય, ઐક્ય; વક્ર, તક્ર, ચક્ર; ક્લિષ્ટ, ક્લાસ, ક્લેવર; ક્વ, ક્વચિત્, ક્વીન; ક્ષમા, શિક્ષા, પરીક્ષા; લક્સ, વિક્સ, ફિક્સ |
| ૨. ખ | ” | ખ - ત - ય - ર - વ<br>દૃષ્ટાંત — ચોખ્ખું, લુખ્ખું; તખ્ત, પુખ્ત, સખ્ત; ખ્યાલ, ખ્યાતિ, સંખ્યા, રખ્યા; ખ્રિસ્તી; ખ્વાજા, ખ્વાબ |
| ૩. ગ | ” | ગ - ઘ - ઝ - ણ - દ - ધ - ન - મ - ય - ર - લ - વ - સ<br>દૃષ્ટાંત —ચોગ્ગો, ફુગ્ગો; વગ્ઘ; સેવિંગ્ઝ, કિંગ્ઝ, રુગ્ણાલય; વાગ્દત્તા; દગ્ધ, સંદિગ્ધ; મગ્ન, લગ્ન; યુગ્મ; ભાગ્ય, યોગ્ય; ગ્રામ, સંગ્રામ; ગ્લાનિ, ગ્લાસ; ગ્વાલિયર, ઈનિંગ્સ |
| ૪. ઘ | ” | ન - ય - ર<br>દૃષ્ટાંત —વિઘ્ન, શત્રુઘ્ન; અર્ઘ્ય, સૂંઘ્યું; ઘ્રાણ, વ્યાઘ્ર |
| ૫. ઙ | ” | ક - ખ - ગ - ઘ - મ<br>દૃષ્ટાંત — પઙ્ક, શઙ્કા; ઝઙ્ખના, ડઙ્ખ; રઙ્ગ, ગઙ્ગા; જઙ્ઘા, સઙ્ઘ; વાઙ્મય |
| ૬. ચ | ” | ચ - છ - ય<br>દૃષ્ટાંત — ઉચ્ચ, સચ્ચાઈ, વચ્ચે, બચ્ચું; ઇચ્છા, ગુચ્છો, આચ્છાદન, લચ્છો; અચ્યુત, ચ્યવન |
| ૭. છ | ” | ય - ર - વ<br>દૃષ્ટાંત — છ્યાસી; ઉચ્છ્રાય, ઉચ્છ્રિત; ઉચ્છ્વાસ |
| ૮. જ | ” | જ - ઝ - ય - ર - વ<br>દૃષ્ટાંત — ઇજ્જત, સજ્જ; મજ્ઝ, સજ્ઝાય, ઉજ્ઝિત, જ્યોતિ, રાજ્ય; વજ્ર; ઉજ્જ્વલ, જ્વાલા, જ્વેલરી, જ્વેલર્સ |
| ૯. ઝ | ” | ય - ર<br>દૃષ્ટાંત — વીઝ્યું, કન્ઝ્યુમર્સ; ઝ્રોં સ્વાહા |

| | | |
|---|---|---|
| ૧૦. ઞ | ,, | ચ - છ - જ - ઝ<br>દૃષ્ટાંત — ચઞ્ચલ, ચઞ્ચુ, અઞ્ચલ, સઞ્ચળ; વાઞ્છા, મઞ્છા; નિકુઞ્જ, ખઞ્જરી; ઝઞ્ઝાવાત |
| ૧૧. ટ | ,, | ક - ખ - ઝ - ટ - ઠ - પ - ય - ર - વ - સ<br>દૃષ્ટાંત — ષટ્ક, ષટ્કોણ, ષટ્કર્મ; ષટ્ખંડ; બ્લિટ્ઝ; ટટ્ટુ, લટ્ટુ, પટ્ટી, પટ્ટ, હટ્ટ; વિટ્ઠલ, ષટ્પદ; નાટ્ય, ટ્યુશન; રાષ્ટ્ર, ટ્રામ, ટ્રાફિક, ટ્રાવેલ; ટ્વેલ્સ, ટ્વાઈસ; સીટ્સ, સ્ટ્રીટ્સ |
| ૧૨. ઠ | ,, | ઠ - ય<br>દૃષ્ટાંત — ચિઠ્ઠી, ભઠ્ઠી, ગઠ્ઠો, લઠ્ઠો, જુઠ્ઠું; કંઠ્ય, ઇઠ્યાસી |
| ૧૩. ડ | ,, | ગ - જ - ઝ - ડ - દ - ઢ - ય - ર - વ - સ<br>દૃષ્ટાંત — ખડ્ગ; ષડ્જ, ષડ્જીવનિકાય; વર્ડ્ઝ, બર્ડ્ઝ; ચડ્ડી; ષડ્દર્શન; બુડ્ઢો; સડ્ઢો, ઘડ્યું, લડ્યું, ષડ્યન્ત્ર; ષડ્રસ, ડ્રીલ, ડ્રામા, ડ્રૉઈંગ; ષડ્વસ્તુ, ષડ્વર્ષ, નડ્વલ, ષડ્વાક્ય; ગૉડ્સ |
| ૧૪. ઢ | ,, | ઢ - ય - ર<br>દૃષ્ટાંત — ઢઢ્ઢો, બુઢ્ઢો, વઢ્યા, લઢ્યા, મઢ્યા; ઓઢ્રદેશ |
| ૧૫. ણ | ,, | ટ - ઠ - ડ - ઢ - ણ - મ - ય - વ - હ<br>દૃષ્ટાંત — ઘણ્ટ; કણ્ઠ; પ્રચણ્ડ, ખણ્ડ; વિષણ્ણ, ષણ્ણવતિ; ષણ્મુખ; અરણ્ય, હિરણ્ય, પુણ્ય, લાવણ્ય; કણ્વ, કણ્હ |
| ૧૬. ત | ,, | ક - ત - થ - ન - પ - ફ - મ - ય - ર - લ - વ - સ<br>દૃષ્ટાંત — સત્કાર, ચમત્કાર, ચિત્કાર, સત્કર્મ, વિત્ત, પિત્ત, અત્તર, સત્તર; ઉત્થાન, ઉત્થાપ, ઉત્થિત; પ્રયત્ન, રત્ન; ઉત્પલ, ઉત્પાદન; ઉત્ફુલ્લ; આત્મા, ખત્મ, વર્ત્મ; સત્ય, ત્યાગ, ત્યક્ત; ત્રણ, ત્રસ્ત, ત્રાણું, પુત્ર, ત્રેવડ, સૂત્ર; કત્લ, કત્લેઆમ; સત્ત્વ, તત્ત્વ, સત્વર; ઉત્સવ, સત્સંગ |
| ૧૭. થ | ,, | થ - ન - ય - ર - વ<br>દૃષ્ટાંત — પથ્થર, જથ્થો, હથ્થુ; મથ્નાતિ, ગ્રથ્નાતિ; પથ્ય, રથ્યા; થ્રુ, થ્રી; પૃથ્વી |
| ૧૮. દ | ,, | ગ - ઘ - દ - ધ - ન - બ - ભ - મ - ય - ર - વ<br>દૃષ્ટાંત — ઉદ્ગમ, ઉદ્ગાર; ઉદ્ઘાટન; ઉદ્દેશ, ભદ્દ, રદ્દી; બુદ્ધિ, શુદ્ધ, યુદ્ધ, બુદ્ધ; મૃદ્નાતિ; સદ્બુદ્ધિ; સદ્ભાવ, સદ્ભાગ્ય; પદ્મ, સદ્મ; અદ્ય, સદ્ય, વૈદ્ય, વિદ્યા; દ્રવ, દ્રાવણ, દ્રમક, દ્રાવિડ, દ્રુમ, દ્રુપદ; દ્વાર, ઉદ્વેગ, દ્વારિકા, ઉદ્વેલ |

| | | |
|---|---|---|
| ૧૯. **ધ** | ” | **ધ - ન - મ - ય - ર - વ**<br>દૃષ્ટાંત — અધ્ધર, સધ્ધર, ઓધ્ધો; બ્રધ્ન, બધ્નાતિ; પ્રણિદધ્મહે, આધ્માન; ધ્યાન, સાધ્ય, બાધ્ય, સંધ્યા, વિંધ્ય; ધ્રુવ, ધ્રોળ, ધ્રાસકો; અધ્વ, ધ્વંસ, માધ્વ્ય |
| ૨૦. **ન** | ” | **ઝ - ટ - ડ - ત - થ - દ - ન - ફ - મ -ય - વ- શ - સ**<br>દૃષ્ટાંત — ઈન્ફ્લ્યુએન્ઝા; ગ્રાન્ટ, પ્લાન્ટ; અન્ડર, વન્ડરફૂલ, ગ્રાન્ડ; સન્ત, કાન્ત; ગ્રન્થ, પાન્થ; નન્દ, સ્યન્દન, નન્દન; અન્ન, કન્ના, પ્રચ્છન્ન; ઈન્ફ્લ્યુએન્ઝા; સન્માર્ગ, સન્માન; અન્ય, ધન્ય, વન્ય, ન્યાલ, ન્યાસ; અન્વય, સમન્વય, અન્વેષણ; ટેન્શન, પેન્શન; ચાન્સ, સન્સ |
| ૨૧. **પ** | ” | **ટ - ત - ન - પ - ય - ર - લ - સ**<br>દૃષ્ટાંત — આપ્ટે, કૅપ્ટન, સપ્ટેમ્બર; ગુપ્ત, તપ્ત, આપ્ત, પર્યાપ્ત, સપ્તાહ; સ્વપ્ન; પપ્પા, પપ્પુ, ચપ્પુ, ગપ્પું; પ્યાર, પ્યાલો, પ્યાસ, પ્યાઉ; પ્રેમ, પ્રીતિ; પ્લુત, પ્લગ, પ્લેન, પ્લાવિત, વિપ્લવ; અપ્સરા, વીપ્સા |
| ૨૨. **ફ** | ” | **ટ - ત - ય - ર - લ**<br>દૃષ્ટાંત — લિફ્ટ, ગિફ્ટ; ગુફ્તેગો, ફ્યૂઝ, પરફ્યુમરી; ફ્રી, ફ્રૉમ, ફ્રાન્સ, ફ્રેન્ડ, ફ્લાવર, ફ્લેટ, ફ્લ્યુ, ફ્લાઇંગ, ફ્લાઈટ |
| ૨૩. **બ** | ” | **જ - ધ - દ - બ - ભ - ય - ર - લ**<br>દૃષ્ટાંત — અબ્જ, કુબ્જ; સ્તબ્ધ, ક્ષુબ્ધ, લબ્ધ; અબ્દ, શબ્દ; ગબ્બર, રબ્બર, અબ્બાસ; ઝબ્ભો; બ્યાન, બ્યાવર, બ્યાસી; અબ્રાહમ, બ્રહ્મ, બ્રાહ્મી, બ્રાહ્મણ; બ્લડ, બ્લૂ |
| ૨૪. **ભ** | ” | **ન - ભ - ય - ર - વ**<br>દૃષ્ટાંત — સ્તભ્નાતિ; ઝભ્ભો; સભ્ય, ઈભ્ય, લભ્ય; ભ્રમ, ભ્રમર, ભ્રમણ, સંભ્રમ, ભ્રાન્તિ; ભ્વાદિ |
| ૨૫. **મ** | ” | **ક - ત - ન - પ - ફ - બ - ભ - મ - ય - ર - લ - સ - હ**<br>દૃષ્ટાંત — વિમ્કો; ઈમ્તિહાન; આમ્નાય; પમ્પ, કમ્પન, બમ્પર, ચમ્પો; પૅમ્ફ્લેટ; અમ્બા, અમ્બિકા; દમ્ભ, રમ્ભા; ધુમ્મસ, ઝુમ્મર, તમ્મર; રમ્ય, મ્યાન, ગમ્ય, ક્ષમ્ય; આમ્ર, ધૂમ્ર, નમ્ર; મ્લાન, આમ્લ; ગેઈમ્સ, ક્લેઈમ્સ; તુમ્હે, અમ્હે |

| | | |
|---|---|---|
| ૨૬. **ય** | ,, | **ય - વ - ર**<br>**દૃષ્ટાંત** — ન્યાય્ય; વાય્વસ્ત્ર; ઈય્રતિ (ઋ=જવું ૩ પુ.બ.વ.) |
| ૨૭. **ર** | ,, | **ક - ખ - ગ - ઘ - ચ - છ - જ - ટ - ડ - ઢ - ણ - ત - થ - દ - ધ - ન - પ - ફ - બ - ભ - મ - ય - ર - લ - વ - શ - ષ - સ - હ**<br>**દૃષ્ટાંત** — અર્ક, તર્ક; મૂર્ખ; માર્ગ, વર્ગ, સ્વર્ગ; દીર્ઘ, ઘૂર્ઘર; અર્ચના, ચર્ચા; મૂર્છા; ગુર્જર, સર્જન, જર્જરિત, માર્જન, વર્જન, ગર્જના; હાર્ટ, ચાર્ટ, સ્માર્ટ, શર્ટ; ઑર્ડર, ગર્ડર; દાર્ઢ્ય; કર્ણ, વર્ણ, વર્ણન, અર્ણવ; કર્તા, ભર્તા; તીર્થ, પાર્થ, સાર્થ; દર્દ, મર્દ, ગર્દભ, માર્દવ, હાર્દ; અર્ધ, વર્ધન, વાર્ધક્ય, વર્ધમાન; કર્નલ, બર્નર; દર્પ, દર્પણ, તર્પણ, સમર્પણ; ઉર્ફે, સર્ફ; અર્બન, હાર્બર, અર્બુદગિરિ; ચતુર્ભુજ, ગર્ભ, દર્ભ, ગર્ભજ; ધર્મ, કર્મ, ચર્મ, મર્મ; વર્ય, તુર્ય, અર્યમન; વર્લી, બર્લિન, સ્વર્લોક; સર્વ, ગર્વ, ખર્વ; દર્શન, પ્રદર્શન, સુદર્શન; ફર્શ; હર્ષ, વર્ષ, વર્ષણ, ઘર્ષણ; નર્સ, જર્સી, ઉર્સ; અર્હ, ગર્હા |
| ૨૮. **લ** | ,, | **ક - ગ - ટ - ડ - પ - ફ - બ - ભ - મ - ય - લ - વ - સ - હ**<br>**દૃષ્ટાંત** — શુલ્ક, ઉલ્કા, કલ્કી; ફલ્ગુ, ફાલ્ગુન; હૉલ્ટ, સૉલ્ટ; હોલ્ડર, વેલ્ડિંગ, બિલ્ડિંગ, બિલ્ડર; અલ્પ, જલ્પ, કલ્પ; જુલ્ફ; ઉલ્બણ, બલ્બ; પ્રગલ્ભ; ગુલ્મ, ફિલ્મ, વાલ્મીકિ; શલ્ય, મૂલ્ય, તુલ્ય; કિલ્લો, બિલ્લી, ભિલ્લ, મલ્લ; વાલ્વ, બિલ્વ; વિલ્સન, આર્ટિકલ્સ; દુલ્હન |
| ૨૯. **વ** | ,, | **ય - ર - વ**<br>**દૃષ્ટાંત** — નવ્ય, સવ્ય, વાયવ્ય, વ્યક્તિ, વ્યસન, વ્યવહાર; વ્રજ, વ્રણ, વ્રત, તીવ્ર; કવ્વાલી, કુવ્વત |
| ૩૦. **શ** | ,, | **ક - ચ - ત - ન - પ - મ - ય - ર - લ - વ - શ**<br>**દૃષ્ટાંત** — ઉશ્કેરણી, ઉશ્કેરાટ, મુશ્કેટાટ, ઈશ્ક; નિશ્ચય, વૃશ્ચિક, પશ્ચાત્; કિશ્ત, કિશ્તી; પ્રશ્ન, શિશ્ન; દિલચશ્પી; ચશ્માં, દુશ્મન, અશ્મન્, ચશ્મપોશી; શ્યામ, શ્યાલ, શ્યેન, કાશ્યપ; શ્રી, શ્રમ, મિશ્ર, અશ્રુ; અશ્લીલ; અશ્વ, વિશ્વ, ઈશ્વર, વિશ્વાસ, શ્વાસ; શાન્તિશ્શાન્તિઃ |
| ૩૧. **ષ** | ,, | **ક - ટ - ઠ - ણ - પ - ફ - મ - ય - વ - ષ**<br>**દૃષ્ટાંત** — દુષ્કર, નિષ્કામ, શુષ્ક; સ્પષ્ટ, ભ્રષ્ટ, શિષ્ટ, ઈષ્ટ, દુષ્ટ, પુષ્ટ; નિષ્ઠા, નિષ્ઠુર, વિષ્ઠા; કૃષ્ણ, વિષ્ણુ, સહિષ્ણુ; નિષ્પાપ, નિષ્પ્રાણ, દુષ્પાર, પુષ્પ; નિષ્ફળ, ઉષ્મા, ભીષ્મ; દેવદુષ્ય, પુષ્ય, દુષ્યન્ત; વિષ્વક્સેન; ધનુષ્ષંડ |

| | | |
|---|---|---|
| ૩૨. **સ** | ’’ | **ક - ખ - ટ - ત - થ - દ - ન - પ - ફ - બ - મ - ય - ર - લ - વ - સ**<br>**દૃષ્ટાંત** — તસ્કર, ભાસ્કર; સ્ખલના; પોસ્ટર, મિસ્ટર, સિસ્ટર; પસ્તી, કસ્તર, કસ્તૂરી, અસ્ત, વ્યસ્ત; આસ્થા, સ્થાપના, સ્થાવર, સ્થિર, સ્થિતિ, સ્થૂલ; તસ્દી; સ્નાન, સ્નાતક, સ્નાયુ, સ્નિગ્ધ, સ્નેહ; સ્પર્ધા, સ્પર્શ, સ્પષ્ટ, પરસ્પર; સ્ફુટ, સ્ફટિક, સ્ફુરણ, સ્ફૂર્તિ; હસ્બંડ; સ્મૃતિ, સ્મરણ, સ્મારક, સ્મિત, વિસ્મય; સ્યન્દન, સ્યૂત, હાસ્ય, રહસ્ય; સ્રષ્ટા, સ્રાવ, સ્રોત, સહસ્ર; સ્લો, સ્લીપર, સ્લૅબ, સ્લેટ; સ્વચ્છ, સ્વભાવ, સ્વજન, સ્વતન્ત્ર, સ્વર, સ્વાદ, પ્રસન્નાસ્સન્ત: |
| ૩૩. **હ** | ’’ | **ન - મ - ય - ર - લ - વ**<br>**દૃષ્ટાંત** — જહ્નુ, નિહ્નવ, પંચાહ્નિકા; બ્રહ્મ, બ્રાહ્મી, બ્રાહ્મણ; બાહ્ય, ગ્રાહ્ય; હ્રસ્વ, હ્રાસ, હ્રી; પ્રહ્લાદ, આહ્લાદ; વિહ્વલ, જિહ્વા |
| ૩૪. **ળ** | ’’ | **ય**<br>**દૃષ્ટાંત** — ગળ્યું, મળ્યું, ફળ્યું |
| ૩૫. **ક્ષ** | ’’ | **ચ - ણ - મ - ય - વ**<br>**દૃષ્ટાંત** — મિક્ષ્ચર; લક્ષ્મી, લક્ષ્મણ; લક્ષ્ય, ભક્ષ્ય; ઈક્ષ્વાકુ |
| ૩૬. **જ્ઞ** | ’’ | **ય**<br>**દૃષ્ટાંત** — સૌજ્ઞ્ય, કાર્તજ્ઞ્ય, સાર્વજ્ઞ્ય |

**નોંધ :** (૧) **‘ઙ’** અને **‘ઞ’** આ બે અનુનાસિક સિવાયના બધા જ વ્યંજનો સાથે **‘ય’** વ્યંજન જોડાય છે. (૨) લગભગ ૨૪ વ્યંજનો સાથે **‘ર’** વ્યંજન જોડાય છે. (૩) **‘ળ’** અને **‘જ્ઞ’** આ બેની સાથે એકલો **‘ય’** વ્યંજન જ જોડાય છે. (૪) ગુજરાતી ભાષાના શબ્દોમાં કેટલાક વ્યંજનોનું જોડાણ થતું નથી. પરન્તુ ગુજરાતી ભાષામાં વારંવાર બોલાતા અને તેથી રૂઢ થઈ ગયેલા અંગ્રેજી વગેરે અન્ય ભાષાઓના કેટલાક શબ્દોમાં અમુક અમુક વ્યંજનોનું જોડાણ થતું હોવાથી તેવા શબ્દોને ધ્યાનમાં રાખીને આ કોઠામાં વ્યંજનોનું જોડાણ બતાવવામાં આવ્યું છે. છતાં આ કોઠો પરિપૂર્ણ નથી. (૫) **શક્નોતિ, મૃદ્નાતિ** વગેરે સંસ્કૃત ભાષાનાં ક્રિયાપદો છે. તેવા શબ્દો ગુજરાતીમાં નથી. પરન્તુ સંસ્કૃત વ્યાકરણનાં રૂપો ગુજરાતીમાં લખતી વખતે આ સંયોગ ગુજરાતીમાં પણ આવી શકે.

# ટિપ્પણી ૧

૧. અક્ષર શબ્દની વ્યુત્પત્તિ બે રીતે કરાય છે: (૧) ન ક્ષરતિ ઈતિ અક્ષર: (અ + ક્ષર:) અર્થાત્ જે નાશ પામતો નથી તે અક્ષર છે. (૨) અક્ષે નેત્રે રમયતિ ઈતિ અક્ષર: (અક્ષ + ર:) અર્થાત્ જે આંખને રમાડે છે તે અક્ષર છે. આ પણ એક ભાવાર્થ છે. તાત્પર્ય એ છે કે અક્ષરના મરોડને આંખ વડે બરાબર પકડીને મનમાં બેસાડવો જોઈએ.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૨. અક્ષ એટલે આંખ. આંખ બધી ઈન્દ્રિયોનો પ્રતિનિધિ છે. તેથી 'અક્ષ + ર:' એટલે જે આકાર મન સહિતની બધી જ ઈન્દ્રિયોને અસંદિગ્ધપણે રમાડે અર્થાત્ સ્પષ્ટ સમજણ જન્માવે તે અક્ષર. આવો ભાવાર્થ લઈએ તો અક્ષરોના આકાર વિશે બેદરકારી રાખતાં આપણે જરૂર અચકાઈશું.

**—નટવરલાલ યાજ્ઞિક**

૩. જેને આપણે વ્યંજનો કહીએ છીએ તે બધા સ્વર સિવાયના છે. આપણા આજના શિક્ષકોને આનો લેશમાત્ર ખ્યાલ નહિ હોવાથી બાળકોના પ્રાથમિક અભ્યાસના પ્રસંગે આનો નિર્દેશ થતો જ નથી. વળી મુંબઈમાં તો 'ઋ - ૠ - લૃ - ૡ'ને સ્વરોની યાદીમાંથી અને 'ઙ-ઞ'ને વ્યંજનોની યાદીમાંથી પ્રાથમિક શિક્ષણ પ્રસંગે બાદ કરવામાં આવ્યા છે. **—ગોપાલકૃષ્ણ મોદી**

૪. ગુજરાતીમાં **'કૃપા, કૃતિ, કૃમિ, કૃશ, કૃષ્ણ, કૃપણ, કૃત્ય, કૃત્રિમ, પ્રકૃતિ, આકૃતિ, વિકૃતિ, સંસ્કૃતિ, પ્રતિકૃતિ, સુકૃત, સુકૃતિ, સુકૃત્ય, દુષ્કૃત્ય, પ્રકૃષ્ટ, સંસ્કૃત, પ્રાકૃત, યકૃત, ઋતુ, ઋષિ'** જેવા **'ઋ'** સ્વરવાળા શબ્દો અનેક હોવા છતાં **'ઋ'** સ્વરનો બારાખડીમાં સ્વીકાર કરવામાં આવ્યો નથી.

જ્યારે સંસ્કૃતમાં **'લૃ-ૡ'** સ્વરવાળા શબ્દો ઘણા ઓછા પ્રમાણમાં હોવા છતાંય સંસ્કૃતના તમામ ભાષાશાસ્ત્રીઓએ વર્ણમાળામાં તે બંને સ્વરોનો સ્વીકાર કર્યો છે. **—અરુણોદય ન. જાની**

૫. વર્તમાનમાં **'ઋ'**ના બે મરોડ પ્રયોજાય છે: **'ઋ'** અને **'ऋ'** આમાંનું પ્રથમ સ્વરૂપ મરાઠી બાળબોધમાં અને બીજું સ્વરૂપ નાગરીમાં પ્રયોજાય છે.

**—પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ**

૬. આપણે ત્યાં **'ઋ - ૠ - લૃ'**નાં ઉચ્ચારણો ઘસાઈ ગયાં છે. એટલે **'સંસ્કૃત'** શબ્દનું ઉચ્ચારણ ક્યાંક **'સંસ્કૃત'**, ક્યાંક **'સંસ્ક્રિત'** અને ક્યાંક **'સંસ્ક્રત'** જેવું થાય છે. **—કેશવલાલ વિ. શાસ્ત્રી**

૭. **સંસ્કૃત, કૃપા, કૃષ્ણ** આદિ શબ્દોમાં '**ઋ**'નું ઉચ્ચારણ જુદીજુદી રીતે થાય છે, તેમાં એકવાક્યતા નથી. એકવાક્યતા લાવવા માટે તેનું ઉચ્ચારણ નક્કી થવું જોઈએ.

**—વસંતલાલ નરોત્તમદાસ શાહ**
**—હરીશકુમાર ચૂનીલાલ શાહ**

૮. '**ઋ**' અને '**ઌ**' સ્વરોનાં ઉચ્ચારણમાં જે અરાજકતા પ્રવર્તે છે, એનું કારણ તે સ્વરોનાં ઉચ્ચારણસ્થાન વિશે વૈયાકરણોમાં મતવૈવિધ્ય છે. સામાન્ય રીતે '**ઋ**'નું ઉચ્ચારણસ્થાન મૂર્ધા અને '**ઌ**'નું દંતસ્થાન ગણાય છે. પ્રાચીન પ્રાતિશાખ્યોમાં તે બેય વર્ણનું ઉચ્ચારણસ્થાન જિહ્વામૂલ છે અને સાંપ્રત ધ્વનિવિદોના મતે તે જિહ્વામૂલ અને કોમલતાલુ વચ્ચે છે. જિહ્વામૂલને કારણે '**ઋ-ઌ**' (સ્વર), '**ર-લ**' (ર્ + અ, લ્ + અ) (વ્યંજન) જેવા ઉચ્ચારાય અને કોમલતાલુને લીધે '**રિ-લિ**' જેવા બોલાય. આ સૂક્ષ્મતાની જનસામાન્યને અને કેટલાક ભાષાવિદોને પણ ખબર હોતી નથી. '**ઋ-ઌ**' વિશે જે ત્રણ ઉચ્ચારણ સ્થાનો નોંધ્યાં છે, તે પ્રાદેશિક હશે. આને કારણે જ પ્રદેશભેદે '**સંસ્કૃત**' શબ્દ '**સંસ્કૃત**', '**સંસ્કુત**', '**સંસ્કિત**', '**સંસ્કત**' એવાં સ્વરૂપે બોલાય છે.

**—નટવરલાલ યાજ્ઞિક**

૯. ગુજરાતી ભાષામાં હવે ઉચ્ચારણમાં સંસ્કૃતનો '**ઋ**' રહ્યો જ નથી. ગુજરાતીમાં જે બોલાય છે તે ર્ + ઉ = '**રુ**' જ છે. સ્વર તરીકેનો '**ઋ**' બોલાતો નથી. '**ઋ**' સ્વર કેમ બોલવો તે પણ હવે તો ભુલાઈ ગયું છે. હિન્દીમાં '**ઋ**'નું ઉચ્ચારણ ર્ + ઈ = '**રિ**' કરે છે, તે પણ સ્વર નથી—વ્યંજન જ છે. મરાઠીમાં પણ એવું જ છે. '**દૃષ્ટિ**' શબ્દનું ઉચ્ચારણ '**રુ**' બોલીને કરીએ કે '**રિ**' બોલીને કરીએ તે બંને પ્રકારનાં ઉચ્ચારણ મૂળ '**ઋ**' સ્વરના ઉચ્ચારણથી તો ભિન્ન જ છે. **'ઋ'નું ઉચ્ચારણ 'રિ' બોલીને કરવામાં આવે છે તે વધારે શુદ્ધ છે, એમ માની લેવાની જરૂર નથી.** આપણી સ્વરની વ્યાખ્યા મુજબ '**ઋ**' સ્વર ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં બોલાતો નથી. ભાષામાં તત્સમ શબ્દોના ઉપયોગને લીધે ભેદ બતાવવો પડે છે; બાકી ઋષિઓ જેમ રહ્યા નથી, તેમ '**ઋ**' સ્વરનું ઉચ્ચારણ પણ ભારતીય ભાષાઓમાં જળવાયું નથી. ઋષિઓ ગયા તેમની સાથે '**ઋ**'નું ઉચ્ચારણ પણ ગયું.

**—ઈશ્વરલાલ ર. દવે**

૧૦. '**ઌ-ૡ**' સ્વરોને આમ જ લખવા જોઈએ. પરન્તુ 'લ્' વ્યંજન સાથે '**ઋ-ૠ**'નું ચિહ્ન જોડીને '**લૃ-લૄ**' આવી રીતે લખાય નહિ. એમ લખવાથી

તે **'વૃ-વૄ'** વગેરેની જેમ વ્યંજનયુક્ત બની જાય છે. એનું સ્વતન્ત્ર સ્વરપણું જળવાતું નથી. **'ऌ-ॡ'** આ બે સ્વરો આપણને વારસાગત પ્રાપ્ત થયા હોવાથી જાળવી રાખવા યોગ્ય છે.

**—લેખક**

૧૧. **'લૃ-લૄ'** લખવાથી ગુજરાતીમાં 'લ્ + ઋ' અને 'લ્ + ૠ'નો ભ્રમ થાય, પણ **'ऌ-ॡ'** લખવાથી સંસ્કૃતમાં 'ल् + ऋ' અને 'ल् + ॠ'નો ભ્રમ નહિ થાય. કારણ કે સંસ્કૃતમાં **'क्ष-ज्ञ'**ની જેમ **'ऌ-ॡ'** આવું વર્ણસ્વરૂપ વિશિષ્ટ વર્ણ માટે રૂઢ થયેલું છે.

**—અરુણોદય ન. જાની**

૧૨. **'ૠ-ऌ-ॡ'** ગુજરાતીમાં ટક્યા જ નથી. **'ऌ-ॡ'** ટક્યા હોય તોય એ સ્વર છે, એ બતાવવા જુદા ચિહ્નની જરૂર નથી. સંસ્કૃતમાં જુદાંજુદાં ચિહ્ન હોય તો આપણે શા માટે કરવાં ? સંસ્કૃતમાં પણ પાછળના કાળમાં **'ઋ - ૠ- ऌ - ॡ'** સ્વર તરીકે લુપ્ત થયા છે. એનું ઉચ્ચારણ વ્યંજનનું થઈ ગયું છે અને માત્ર લિપિમાં જ સ્વર રહ્યા છે.

**—જયંત કોઠારી**

૧૩. પ્રાતિશાખ્યમાં **'એ - ઐ - ઓ - ઔ'** આ ચાર સ્વરોને સન્ધ્યક્ષર સંજ્ઞા આપવામાં આવી છે.

**—કેશવલાલ વિ. શાસ્ત્રી**

૧૪. પ્રાતિશાખ્યમાં **'ઐ - ઔ'**ને **'અઈ - અઉ'** એવા તેના ઉચ્ચારણ મુજબ સન્ધ્યક્ષર માન્યા છે. પરંતુ પાણિનિ **'ઐ - ઔ'**ને સ્વતંત્ર સન્ધ્યક્ષર માને છે.

પાણિનિ મતે **અ + ઈ = 'એ'** અને **અ + ઉ = 'ઓ'**એમ સન્ધ્યક્ષર થાય. જ્યારે **અ** કે **આ + એ = 'ઐ'** અને **અ** કે **આ + ઓ = 'ઔ'** આ પ્રમાણે **'ઐ - ઔ'** થાય.

**'ઐ - ઔ'**ના ઉચ્ચારણ વખતે **'અઈ - અઉ'** એવું સંભળાવા છતાં એ બે સ્વતન્ત્ર સ્વર છે.

પાણિનિ **'એ-ઓ'**ને ગુણસંજ્ઞા અને **'ઐ-ઔ'**ને વૃદ્ધિસંજ્ઞા આપે છે.

**—અરુણોદય ન. જાની**

૧૫. વિસર્ગ એટલે માત્ર **'અઃ'** જ નથી. કોઈ પણ સ્વર પછી તે આવી શકે છે; જેમ કે, **દેવઃ, હરિઃ, ગુરુઃ, હરેઃ, રૈઃ, ગોઃ** ઇત્યાદિ.

**—અરુણોદય ન. જાની**

૧૬. સિદ્ધાંત કૌમુદીમાં શ્રી ભટ્ટોજિ દીક્ષિત સ્પષ્ટ લખે છે કે **'અં-અઃ' ઇતિ 'અચઃ પરૌ અનુસ્વારવિસર્ગૌ'** અર્થાત્ 'અં' અને 'અઃ' એ સ્વરની પછી રહેલા અનુક્રમે અનુસ્વાર અને વિસર્ગ છે. (સ્વર નથી.) તેમ છતાં **'અં-અઃ'**ને સ્વરમાં સમાવિષ્ટ કરવાની રૂઢિ થઈ ગઈ છે, તેથી સ્વરોની સંખ્યા ૧૬ મનાય છે. (જુઓ પાનું ૧૩૦)

**'ઋ'**કારવાળા શબ્દોની પ્રમાણમાં અલ્પતા અને **'ૡ'**કારવાળા શબ્દોનો અભાવ હોવાથી ગુજરાતીમાં **'ઋ - ૠ - ઌ - ૡ'** આ ચાર સ્વરોની બાદબાકી કરવામાં આવી છે. તેથી ગુજરાતીમાં સ્વરસંખ્યા ૧૨ની છે. આ ૧૨ સ્વરોના અક્ષરસમૂહને **'બારાક્ષરી'** કહે છે. બારાક્ષરીનું અપભ્રંશ **'બારાખડી'** થયું છે. આ ૧૨ સ્વરો **'ક'** આદિ વ્યંજનને લગાડવાથી **'ક - કા - કિ - કી - કુ - કૂ - કે - કૈ - કો - કૌ - કં - કઃ'** એમ **'ક'** આદિ વર્ણોની બારાખડી બને છે.

આમ ગુજરાતીમાં પણ **'અં-અઃ'**ને સ્વરમાં જ સમાવિષ્ટ કર્યા છે. વળી તંત્રશાસ્ત્ર પણ **'અં-અઃ'**ને સ્વર માની **'ઋ - ૠ - ઌ - ૡ'** સહિત ૧૬ સ્વરો ગણાવે છે.

**—અરુણોદય ન. જાની**

૧૭. **'ળ'** વધારાનો વ્યંજન છે. તે મરાઠીમાંથી ગુજરાતીમાં આવ્યો હોય એમ લાગે છે. કેમ કે પ્રાકૃત અપભ્રંશમાં **'ળ'** નથી. ગુજરાતી ભાષા પ્રાકૃત અપભ્રંશમાંથી જ ઊતરી આવી છે. મારી પાસે પ્રાચીન હસ્તલિખિત પોથીઓમાંથી લખેલાં અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષાનાં અનેક સ્તુતિ, સ્તોત્રો અને કાવ્યોનો સંગ્રહ છે. તેમાં ક્યાંય **'ળ'** જોવાયો નથી. મરાઠીમાં તેનો બહુલ પ્રયોગ છે.

**—અંબાલાલ પ્રેમચંદ શાહ**

૧૮. ગુજરાતીમાં **'કળ - વળ - નળ - બળ'** ઇત્યાદિ શબ્દોમાં **'ળ'**નો ઉપયોગ જોવા મળે છે. આ **'ળ'**નું ઉચ્ચારણ વેદકાળથી થતું આવ્યું છે. ઋગ્વેદીઓ ડગલાના 'ડ'ને બદલે **'ળ'**નું ઉચ્ચારણ કરે છે. તેઓ 'ઈડે'નું ઉચ્ચારણ **'ઈળે'** કરે છે. તેથી **'ળ'** મરાઠીમાંથી ગુજરાતીમાં આવ્યો છે, એમ માનવું ઠીક લાગતું નથી.

**—અરુણોદય ન. જાની**

૧૯. ગુજરાતી ભાષામાં **'ળ'** સ્વતન્ત્ર ધ્વનિઘટક છે. શિષ્ટ સંસ્કૃત અને હિન્દીમાં ભલે એ ન હોય, પણ ગુજરાતીમાં છે. વૈદિક સંસ્કૃતમાં **'ળ'** છે. **'લ'**નો **'ળ'** થાય છે, તેથી **'ળ'**ના ધ્વનિઘટક તરીકેના સ્થાનને બાધ આવતો નથી. **'ગાલ'** અને **'ગાળ'** શબ્દોના અર્થમાં ભેદ છે. તેમાં એકને બદલે બીજો શબ્દ મૂકી શકાતો નથી. તેથી ગુજરાતીમાં **'ળ'** સ્વતન્ત્ર ધ્વનિઘટક છે.

**'લ'** અને **'ળ'** આ બંને પાર્શ્વ વ્યંજનો છે. **'લ'** દન્ત્યપાર્શ્વ છે અને **'ળ'** મૂર્ધન્યપાર્શ્વ છે.

ગુજરાતીમાં **'ણ'**ની જેમ **'ળ'** શબ્દના પ્રારંભે આવતો નથી. તેથી પણ તેના સ્વતન્ત્ર ધ્વનિઘટક તરીકેના સ્થાનને બાધ આવતો નથી.

**—નટવરલાલ યાજ્ઞિક**

૨૦. **'ક્ષ'** અને **'જ્ઞ'** આ બે સંયુક્ત વ્યંજનો હોવા છતાં ચૌલુક્યકાળથી મૂળાક્ષર ગણાતા થયા છે. (જુઓ પાનું ૧૩૧)

**—પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ**

૨૧. તન્ત્રશાસ્ત્ર **'ક્ષ'**ને મૂળાક્ષર તરીકે સ્વીકારે છે, પણ **'જ્ઞ'**ને નહિ. તેમાં **'ક્ષ'**ની પૂર્વે **'જ્ઞ'**ને બદલે **'ળ'**ને મૂકવામાં આવ્યો છે. તન્ત્રશાસ્ત્રમાં વર્ણમાળા **'અ'**થી માંડીને **'ક્ષ'** સુધી જ છે. તે જ કારણથી જપમાળાને (**'અ-ક્ષ'**માળા) અક્ષમાળા કહે છે.

**—અરુણોદય ન. જાની**

૨૨. **'ક્ષ-જ્ઞ'**ને વર્ણમાળામાં સ્થાન અપાય છે, તેનું કારણ એવું જણાય છે કે એમાં જોડાયેલા બે વ્યંજનોની ઓળખ જળવાતી નથી. નવું લાગતું લિપિચિહ્ન જ અસ્તિત્વમાં આવે છે. એનો હેતુ શૈક્ષણિક છે, પણ તેથી **'ક્ષ-જ્ઞ'**ને મૂળાક્ષર કહેવા એ સાચું ન ગણાય. એ સંયુક્ત વ્યંજનો એટલે જોડાક્ષર છે જ. આ જાતનાં લિપિચિહ્ન અસ્તિત્વમાં આવે ને વર્ણમાળામાં એને સ્થાન અપાય તેથી સંયુક્તવ્યંજનોનું સ્વરૂપ કેવી રીતે નષ્ટ થાય ? ઉચ્ચારણ તો સંયુક્તવ્યંજનોનું જ છે ને ? અને એ આપણે જણાવવાનું પણ રહેશે ને ?

**—જયંત કોઠારી**

# ટિપ્પણી ૨

૧. જોડાક્ષરોનું વર્ગીકરણ તદ્દન અભિનવ દૃષ્ટિથી કરાયેલું મૌલિક અને વિશદ છે. (જુઓ પાનું ૭)

**—અરુણોદય ન. જાની**

૨. જોડાક્ષરોનું આ વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ વર્ગીકરણ ખૂબ સ્તુતિપાત્ર છે.

**—કેશવલાલ વિ. શાસ્ત્રી**

૩. જોડાક્ષરોનું વર્ગીકરણ વૈજ્ઞાનિક ઢબનું અને પ્રતીતિકર છે.

**—જયંત ન. રાવળ**

૪. જોડાક્ષરોનું વર્ગીકરણ તથા વિશ્લેષણ દ્યોતક છે.

**—ઈશ્વરલાલ ર. દવે**

૫. જોડાક્ષરો વાંચવા માટે સ્પષ્ટ, ઓછી જગ્યા રોકે તેવા અને લેખન-મુદ્રણ માટે સુડોળ હોવા જોઈએ. વાચકને કોઈ પણ જોડાક્ષરનો પ્રથમ દૃષ્ટિએ સત્વર બોધ થવો જ જોઈએ. તેમાં સમ્ભ્રમ થાય તે ઈષ્ટ નથી; દા૦ત૦, **'ક્ષ'** એ જોડાક્ષર છે અને તે **'ક્+ષ'**નો બનેલો છે. તેવી જ રીતે **'જ્ઞ'** પણ જોડાક્ષર છે અને તે **'જ્+ઞ'**નો બનેલો છે. આમાંના બંને વ્યંજનોનું સ્વરૂપ લુપ્ત થયેલું છે. તેથી જ આપણા પૂર્વજોએ આ બંને હકીકતમાં જોડાક્ષરો હોવા છતાં, તેને વર્ણમાળાની યાદીમાં અક્ષરો તરીકે સામેલ કરી દીધા છે. (જુઓ પાનું ૪૦)

જોડાક્ષરોની સંખ્યાના ત્રાસમાંથી છૂટવા કેટલાક વિદ્વાન મિત્રોએ હલ્‌સૂચક (ખોડાના) ચિહ્નનો વિકલ્પ સૂચવ્યો છે. પરન્તુ તેમનું આ સૂચન ભાવિપ્રજાના ઉચ્ચારણના વિષયમાં અનર્થકારી બનશે.

જોડાક્ષરો ગમે તેટલા વ્યંજનોના બનેલા હોય તો પણ તેનું ઉચ્ચારણ એક જ ધ્વનિઘટક તરીકે થાય છે.

સામાન્ય નિયમ એવો છે કે વ્યંજનને સ્વરરહિત અર્થાત્ ખોડો કે અડધો બતાવવા માટે વ્યંજનની નીચે '્' આવું ડાબેથી જમણી બાજુ કલમના લસરકારૂપ ચિહ્ન, શબ્દની શરૂઆતમાં કે મધ્યમાં આવેલા વ્યંજનની નીચે ન આવે. પરન્તુ તે શબ્દના અંતે આવતા વ્યંજનને ખોડો બતાવવા માટે વપરાય છે; જેમ કે, **પશ્ચાત્**, **વન્દેમાતરમ્** વગેરે.

હલ્‌સૂચક(વ્યંજનને ખોડા બતાવવા માટેના) '્' આવા ચિહ્નનો અમર્યાદ ઉપયોગ થાય છે, કારણ કે સામાન્ય આવશ્યકતા અને વિશિષ્ટ કાર્યો માટેના બધા જ જોડાક્ષરોનાં બીબાં બધા જ ફાઉન્ડ્રીવાળા આપતા નથી, અથવા તો મુદ્રકો તે વસાવતા નથી. પરિણામે **'ઉદ્ઘાટન'**ના સ્થાને **'ઉદ્‌ઘાટન'** અને **'ઉદ્ધાર'**ના સ્થાને **'ઉદ્‌ધાર'** છપાય છે. આ દોષનું નિવારણ કરવા માટે આવશ્યક એવા બધા જ જોડાક્ષરોનાં બીબાં તૈયાર થવાં જોઈએ.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૬. '્' આ હલ્‌સૂચક ચિહ્ન સામાન્ય રીતે આદિ કે મધ્યવર્ણને ખોડો દર્શાવવા વપરાતું નથી; દા૦ત૦, **'સ્મૃતિ'** પણ **'સ્‌મૃતિ'** નહિ, **'ઉદ્યમ'** પણ **'ઉદ્‌યમ'** નહિ.

આમ છતાં જોડાક્ષરમાં સંદિગ્ધતા આવે નહિ, તે હેતુથી ક્યારેક વચ્ચે પણ હલ્‌સૂચક ચિહ્ન મૂકી શકાય; દા૦ત૦, દેવનાગરીમાં 'उद्धार' આમ લખી શકાય,પણ ગુજરાતીમાં **'ઉધ્ધાર'** લખતાં **'ઉધ્‌ધાર'** આમ '**દ્** + **ધ**'ના જોડાક્ષરને બદલે '**ધ્** + **ધ**'ના જોડાક્ષરની ભ્રાન્તિ થવાનો સંભવ રહે છે. એવી ભ્રાન્તિ થવાનો સંભવ ન રહે તે માટે **'ઉદ્‌ધાર'** આમ ખોડા **'દ્'** પૂર્વક લખી શકાય. **'સદ્ + બોધ'** જેવા શબ્દોમાં **'સદ્બોધ'**ને બદલે **'સદ્‌બોધ'** લખવું જ વધુ ઈષ્ટ છે.

**—અરુણોદય ન. જાની**

૭. હલ્‌સૂચક વ્યંજનો અથવા સ્વરરહિત વ્યંજનો કે જેને રૂઢ ગુજરાતીમાં ખોડા વ્યંજન કહે છે, તેમનો મુખ્ય આકાર તો મૂળ આકારના વ્યંજનો જેવો જ હોય છે. પરન્તુ તેમનું હલ્‌સૂચક સ્વરૂપ દર્શાવવા એમાં હાલમાં નીચે અમુક ચિહ્ન (એકારની વરડીનું '્') ઉમેરવામાં આવે છે. સામાન્ય રીતે જોતાં સ્વરાત્મક મૂળાક્ષરોની જેમ વ્યંજનાત્મક મૂળાક્ષરોમાં પણ સ્વતન્ત્ર ચિહ્ન હોવાની અપેક્ષા રહે છે. પરન્તુ એના ઉચ્ચારણમાં અકાર ઉમેરાતો હોવાથી વ્યંજન ચિહ્નો અકારાન્ત હોવાનું ગણવામાં આવ્યું છે. આથી અન્તર્ગત **'અ'**ના ચિહ્નને બદલે સ્વરરહિત વ્યંજનના ચિહ્નની આવશ્યકતા ઊભી થઈ.

**—પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ**

૮. **'ઙ-ઞ'** અનુનાસિકવાળા જોડાક્ષરો ઓછા હોવાથી તથા મુદ્રકોમાં પ્રવર્તી રહેલા અજ્ઞાન અને પ્રમાદને કારણે અર્ધા અનુનાસિકની જગ્યાએ અનુસ્વારનો ઉપયોગ થઈ રહ્યો છે; દા૦ત૦, **'આનન્દ'**ના સ્થાને **'આનંદ'**, **'પાખણ્ડ'**ના સ્થાને **'પાખંડ'**, **'પતઙ્ગ'**ના સ્થાને **'પતંગ'**. આના પરિણામે ઉચ્ચારણમાં અશુદ્ધિ આવે છે.

વધારામાં વર્ણમાળાના અક્ષરો ઓછા કરવાની પ્રવૃત્તિ તથા હ્રસ્વ ઇકાર અને દીર્ઘ ઊકારવાળા અક્ષરોને, દીર્ઘ ઈકારવાળા અને હ્રસ્વ ઉકારવાળા કરવાની વૃત્તિ તથા 'ऋ - ऌ - ॡ' જેવા સ્વરો અને 'ષ - ઙ - ઞ' જેવા વ્યંજનો કમી કરવાની વૃત્તિ દયાપાત્ર છે. આમ કરવાથી અક્ષરજ્ઞાનનો પ્રચાર તો નથી જ થવાનો, પરન્તુ સારસ્વતોને હાનિ થવાનો અને સામાન્યજનોમાં કુસંસ્કારોનો પ્રચાર થવા સાથે તેઓ વધારે પ્રાકૃત થતા જવાનો સંભવ છે.

—ગોપાલકૃષ્ણ મોદી

૯. ગુજરાતીમાં 'ઙ-ઞ' આ બે અનુનાસિકથી શરૂ થતા શબ્દો ઉપલબ્ધ નથી. પરન્તુ પાણિનિવ્યાકરણમાં પાણિનિએ અનુબંધો તરીકે આ બે વર્ણોને આખા અક્ષર તરીકે આદિમાં મૂકીને કેટલાક પ્રયોગો કર્યા છે; દા૦ત૦, ઙમુટ્ (પ્રત્યય), ઙમ્ (પ્રત્યાહાર), ઞિષ્વિદા (સ્વિદ્ ધાતુ માટે)

—અરુણોદય ન. જાની

૧૦. બાળકોને વર્ણોના આકાર શીખવતી વખતે કેટલાક નિશ્ચિત જોડાક્ષરોના આકાર પણ શીખવવા જોઈએ. ચોથા-પાંચમા ધોરણમાં બાળક વર્ણોનાં સ્થાન પ્રયત્ન સમજવાની સ્થિતિમાં હોય છે, ત્યારે આ વિષય શીખવી શકાય.

—નટવરલાલ યાજ્ઞિક

૧૧. 'ક'ના સંયુક્તાક્ષરોની રચના વિચારણા માગી લે એવી છે. આપણો ગુજરાતી લિપિનો 'ક' દેવનાગરી લિપિના આવા 'क' ઉપરથી જ રચાયેલો છે. આપણી લિપિના 'ક'ને અર્ધો દર્શાવવામાં મુશ્કેલી પડે છે. 'ક'ના સંયુક્તાક્ષરોની રચના નીચે મુજબ થવી જોઈએ: 'ક્ + ય = ક્ + ચ (ચાંચિયો) = ક્ય, ક્ + ત = ક્ત, ક્ + લ = ક્લ, ક્ + ન = ક્ન, ક્ + ર = ક્ર, ક્ + વ = ક્વ

—ગોપાલકૃષ્ણ મોદી

૧૨. 'ક'ના સંયુક્તાક્ષરોમાં અડધો 'ક' બતાવવાની મુશ્કેલી સાચી છે. આમ છતાં ગુજરાતીમાં 'ક્ત', 'ક્ત' આમ ઉપર-નીચેનું જોડાણ ઠીક લાગતું નથી. પછીના વર્ણોને 'ક'ના દંડ સાથે જોડીને એક લીટીમાં લખવા એ જ વધારે સારું જણાય છે. 'ક'ની મધ્યરેખાને સહેજ લંબાવીને તેની સાથે પછીનો વર્ણ જોડવાનું વધુ સરળ બનશે; દા૦ત૦, ક્ક, ક્ત, ક્લ, ક્વ વગેરે.

—અરુણોદય ન. જાની

૧૩. બધા જ વ્યંજનોનો આકાર એવો હોવો જોઈએ કે જેથી તેને પછીના વ્યંજનની નાભિ સાથે જોડી શકાય. તેમાં અપવાદ તરીકે 'ક - છ - ટ - ઠ - ડ - ઢ' છે કે જેને 'ય' સાથે જોડવા માટે મોડકા-ચાંચિયા 'ય'ની યોજના કરવામાં આવી છે. (જુઓ પાનું ૧૮)

—ગોપાલકૃષ્ણ મોદી

૧૪. ગુજરાતી લિપિનો 'જ' દેવનાગરીના 'ज' ઉપરથી જ આવ્યો છે. અર્ધો 'જ્', 'જ્ + ર', 'જ્ + ઞ' અને 'જ્ + ી' (દીર્ઘ 'ઈ'નું ચિહ્ન) આ લખતી-છાપતી વખતે કષ્ટ અનુભવાય છે. આના ઉપાય તરીકે કાકાસાહેબ કાલેલકરે સૂચવ્યું હતું તેમ આપણી ગુજરાતી લિપિ માટે દેવનાગરીના આવા 'ज' સ્વરૂપને સ્વીકારવું આવશ્યક છે. આથી 'ખ-બ' સાથે સંભ્રમ થવાની શક્યતા નથી.

—ગોપાલકૃષ્ણ મોદી

૧૫. 'જી'નું 'જી' સ્વરૂપ યોગ્ય છે. કાકાસાહેબ કાલેલકરનું 'ज' અંગેનું સૂચન સ્વીકાર્ય લાગતું નથી. આવો 'ज', 'ખ-બ'ની ભ્રાન્તિ કરાવશે. 'જ્ + ર' = 'જ્ર-જ્ર' અને 'જ્ + ઞ' = 'જ્ઞ' થાય છે.

—અરુણોદય ન. જાની

૧૬. ગુજરાતી લિપિના 'જ'નું નિર્માણ દેવનાગરી લિપિના 'ज' પરથી જ થયું છે. આમ છતાં એના સ્વરૂપમાં જે ભેદ દેખાય છે, તેનું કારણ ગુજરાતી લિપિના મોટા ભાગના વ્યંજનાક્ષરો, કલમ ઉઠાવ્યા સિવાય અર્થાત્ કાગળની સાથે લેખિનીનો સંપર્ક ચાલુ રાખીને લખી શકાય તે રીતે રચાયા છે.



આ પ્રમાણે દેવનાગરીના 'ज' પરથી ગુજરાતીના 'જ'નું નિર્માણ અનુમાનથી કલ્પી શકાય છે, પરંતુ તેમાં દંડ ઊભાને બદલે આડો થઈ જવાથી અને તે આગળના અંશ સાથે ભળી જવાથી તેને અડધો દર્શાવવાનું મુશ્કેલ બન્યું. એને અડધો દર્શાવવાની અનુકૂળતા માટે છેવટે એના ઊંચે જતા આડા દંડને ટૂંકાવવાનો ઉપાય શોધાયો.

પરંતુ મુદ્રણક્ષેત્રના કારીગરો અને ચિત્રકારોની કેળવણીના અભાવે તથા શિક્ષણક્ષેત્રે શિક્ષણની ખામીના કારણે દુર્ભાગ્યે મુદ્રણ - ચિતરણ - લેખન આદિમાં આ નિયમ સચવાતો નથી. તેથી 'જ્વર'ને બદલે 'જવર', 'જ્વેલર્સ'ને બદલે 'જ્વેલર્સ' એવું અશુદ્ધ મુદ્રણ, ચિતરણ અને લેખન થાય છે.

ગુજરાતીના વર્તમાન **'જ'** સ્વરૂપે, **જ + ઈ = 'જી'**ને બદલે **'જી'** આવા અનિયમિત સ્વરૂપનું સર્જન કર્યું છે. એના પરિણામે વિદ્વદ્વર્ગ સિવાય લેખનમાં હ્રસ્વ **'ઇ'**નો ઉપયોગ ઘણો ઓછો થવા પામ્યો છે. શબ્દમાં **'જિ'**ના સ્થાને **'જી'**નો જ વિશેષ ઉપયોગ થવા લાગ્યો છે; જેમ કે, **'જિંદગી'**ને બદલે **'જીંદગી'**, **'જિનેન્દ્ર'**ને બદલે **'જીનેન્દ્ર'**, **'જિતેન્દ્ર'**ને બદલે **'જીતેન્દ્ર'**, **'જિલ્લો'**ને બદલે **'જીલ્લો'** વગેરે.

વળી વિદ્યમાન **'જ'** સ્વરૂપના પરિણામે તેના સંયુક્તાક્ષરો રચવામાં પણ સંકટ અને દોષ આવે છે; દા૦ ત૦ **જ્ + ર = 'જ્ર', 'જ્ર', 'જ્ર'** આમાંના પ્રથમના બે સ્વરૂપ સ્વચ્છ છે, ત્રીજામાં દોષ છે.

ઉપર્યુક્ત સંકટ અને દોષનું નિવારણ કરવા માટે ખાસ કરીને શિક્ષણક્ષેત્ર અને મુદ્રણક્ષેત્રને વિદ્યમાન **'જ'** સ્વરૂપનો ત્યાગ કરીને, શિરોરેખા રહિત ઊભા દંડવાળું દેવનાગરીનું 'ज' સ્વરૂપ સ્વીકારવા અને પ્રચારવા માટે અમે ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

એવી જ રીતે 'ક'ના સંયુક્તાક્ષરોની સુખદ અને સાનુકૂળ રચના માટે પણ (ગુજરાતીના દંડરહિત 'દ'ના સંયુક્તાક્ષરોની સાનુકૂળ રચના માટે જેમ દંડવાળા દેવનાગરીના 'द'નો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમ) દેવનાગરીનું શિરોરેખા રહિત આડું 'क' સ્વરૂપ સ્વીકારવા ને પ્રચારવા માટે પણ અમારું આગ્રહપૂર્ણ સૂચન છે.

શંકા — તમે સૂચવેલો 'ज' વાચકને (પ વર્ગીય ત્રીજા અક્ષર) 'બ'નો ભ્રમ કરાવનાર બનશે.

સમાધાન — 'બ'માં લેખનનો આરંભ તેના દંડના ઉપરના છેડાના સમાન અંતરેથી થાય છે, જ્યારે 'ज'માં લેખનનો આરંભ દંડના મધ્ય ભાગના સમાન અંતરેથી થાય છે.

વળી 'બ'ના ડાબી બાજુના ગોળાર્ધનો ઉપરનો છેડો અંદરની બાજુએ વળે છે, જ્યારે 'ज' ના ડાબી બાજુના ગોળાર્ધનો છેડો અંદરની બાજુએ વળતો નથી.

'ज' - 'બ'ના સ્વરૂપમાં આ બે મહત્ત્વના ભેદ હોવાથી ભ્રમસંબંધી શંકા અસ્થાને છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૧૭. **'શક્તિ, ભક્તિ, યુક્તિ, ઉક્તિ, મુક્તિ'** વગેરે શબ્દોમાં હ્રસ્વ **'ઇ'**ના ચિહ્નને **'ત'**ના દંડ સુધી લંબાવવું બરાબર છે. એને **'ત'**ના દંડ સુધી લંબાવીને લખવાથી **'ક'** અને **'ત'** જોડાયેલા બને છે. પછી **'ક્+ત'**ના જોડાણના વિષયમાં શંકાને અવકાશ રહેતો નથી. (જુઓ પાનું ૧૪) **—અરુણોદય ન. જાની**

૧૮. હ્રસ્વ 'ઇ'ના 'િ' આવા ચિહ્ન પછી કોઈ પણ જોડાક્ષર આવે ત્યારે તે ચિહ્નના ઉપરના જમણી બાજુએ ઢળતા છેડાને, જોડાક્ષરના અંતે રહેલા અક્ષરના દંડ સુધી લંબાવીને લખાતું હોય અને એવાં બીબાં બનતાં હોય તો વાચકને અસંયુક્તાક્ષરનો ભ્રમ થાય નહીં, નવા અભ્યાસકને તકલીફ પડે નહીં અને 'ભક્તિ'ને બદલે 'ભ-કિ-ત' જેવું અશુદ્ધ વંચાય નહીં.

**—મુનિ જયસુંદરવિજય**

૧૯. 'ઞ્ + જ'ને 'ઞ્જ' આમ ઉપર-નીચે જોડવાને બદલે 'ઞ્જ' આમ એક લીટીમાં જોડવાનું સરળ બને છે.

**—અરુણોદય ન. જાની**

૨૦. દેવનાગરીમાં 'ટ - ઠ - ડ - ઢ - દ - ર' આના અર્ધા વ્યંજન નથી. પરન્તુ તેનાથી બનતા જોડાક્ષરો માટે સ્પષ્ટ માર્ગદર્શન છે. એથી આ બધા વ્યંજનોના જોડાક્ષરોની રચના શક્ય છે. એટલા માટે શબ્દની વચમાં આવતા અર્ધા અક્ષરો માટે ખોડાનું ચિહ્ન વાપરવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી; દા૦ત૦, વષટ્કાર (જુઓ પાનું ૧૬)

**—ગોપાલકૃષ્ણ મોદી**

૨૧. લોકમાન્ય ટિળકે **'સન્ત'** શબ્દની જોડણી ત્રણ સંભવિત રૂપે કહી હતી; દા૦ત૦, **'સંત, સન્ત, સન્‌ત'**. શિક્ષકે પહેલી અને ત્રીજી જોડણી ખોટી માની ત્યારે ટિળકે ત્રણેય જોડણી શુદ્ધ છે એવી ખાતરી કરાવી હતી. **'સંત'**માં **'સ'** ઉપર અનુસ્વાર (મીંડું) છે, જ્યારે **'સન્ત'**માં પરસવર્ણ એવો **'ન્'** છે અને **'સન્‌ત'**માં **'ન'**નો દંડ રાખીને એને હલ્‌સૂચક ચિહ્ન વડે અડધો બતાવવામાં આવ્યો છે. આ પ્રમાણે ત્રણેય વૈકલ્પિક જોડણી સાચી ઠરે છે.

**—અરુણોદય ન. જાની**

૨૨. ગુજરાતી લિપિનું ઉદ્‌ભવસ્થાન દેવનાગરી લિપિ છે. સામાન્ય રીતે દેવનાગરીમાં જોડાક્ષરોની રચના માટેના જે જે નિયમો છે, તે બધા જ ગુજરાતી માટે યોગ્ય છે. આમ છતાંય મુદ્રણક્ષેત્રે જે અવ્યવસ્થા આજે પ્રચલિત છે તથા ફોટો ટાઈપ સેટિંગ અને કૉમ્પ્યૂટરના આગમનથી જે નવી પરિસ્થિતિ ઊભી થઈ છે, તેને લક્ષમાં રાખી આ પ્રશ્નની સત્વરે ફેરવિચારણા કરવી આવશ્યક છે.

ધાતુનાં બનેલાં બીબાં દ્વારા મુદ્રણ થતું હતું ત્યારે અક્ષરસંખ્યા ઘટાડવા તરફ મુદ્રકોનો આગ્રહ હતો. તેમાં હલ્‌સૂચક ચિહ્નનો ઉપયોગ જોઈ, વગર વિચાર્યે આ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી. આના પરિણામે તથા શિક્ષકોનું અજ્ઞાન અને બેજવાબદાર વર્તનને કારણે ગુજરાતીભાષી બાલવિદ્યાર્થીઓનાં ઉચ્ચારણમાં ભ્રષ્ટતા પ્રવેશી ગઈ ને ધીરે ધીરે તે વ્યાપક પણ બની.

—ગોપાલકૃષ્ણ મોદી

૨૩. જોડાક્ષર એટલે બે અથવા એથી વધારે વ્યંજનોનું બનેલું સંજ્ઞાચિહ્ન. જોડાક્ષરો હંમેશાં બે અથવા બેથી વધુ વ્યંજનોના બનેલા હોય છે. તેમાં જરૂર પ્રમાણે ઉપર-નીચે તેમ જ જમણી-ડાબી બાજુએ સ્વરચિહ્નો લાગે છે. જોડાક્ષર ભલે ગમે તેટલા વ્યંજનોનો બનેલો હોય તો પણ, તેનું ઉચ્ચારણ એક જ ધ્વનિઘટક તરીકે થાય છે. આનું મહત્ત્વ છંદશાસ્ત્રમાં છે. તે સમજ્યા વિના અને તેના નિયમોના પાલન વિના છંદરચનાનો અસંભવ છે. આનું જાણીતું ઉદાહરણ છે '**કાર્ત્સ્ન્ર્ય**' શબ્દ. આ શબ્દના ઉચ્ચારણમાં માત્ર બે જ ધ્વનિઘટકો છે. રેફ ('ર')નું ઉચ્ચારણ વહેલું થતું હોવા છતાંય તે છેવટના અક્ષરના દંડ પર બિરાજે છે. (જુઓ પાનું ૮૮)

—ગોપાલકૃષ્ણ મોદી

૨૪. '**ઘટક**' શબ્દના '**શબ્દઘટક**' અને '**ઉચ્ચારણઘટક**' એવા બે ભેદ સમજવા જરૂરી છે. શબ્દઘટક એટલે શબ્દનો નાનામાં નાનો અંશ અર્થાત્ શબ્દમાં જેટલા વર્ણો રહેલા હોય તેટલા વર્ણો શબ્દના ઘટક ગણાય; દા૦ત૦, '**પ્રસન્ન**' શબ્દમાં '**પ્ - ર્ - અ - સ્ - અ - ન્ - ન્ - અ**' આ પ્રમાણે આઠ વર્ણો છે, માટે તેના આઠ ઘટક ગણાય. ઉચ્ચારણઘટક એટલે શબ્દમાં રહેલા સ્વરસંખ્યાયુક્ત અક્ષરો; દા૦ત૦, '**પ્રસન્ન**' શબ્દમાં '**પ્ર-સન્-ન**' આમ સ્વરસંખ્યાયુક્ત અક્ષરો ત્રણ છે, માટે તેના ત્રણ ઉચ્ચારણઘટક ગણાય.

—અરુણોદય ન. જાની

૨૫. સંયુક્તાક્ષરો વાંચવા માટે સુસ્પષ્ટ, ઓછી જગ્યા રોકે તેવા અને લેખન-મુદ્રણ માટે સુડોળ હોવા જોઈએ.

—ગોપાલકૃષ્ણ મોદી

૨૬. 'ખ્ર - ગ્ર - ત્ર - ન્ર - પ્ર - બ્ર - ભ્ર - મ્ર - સ્ર' વગેરે પૂર્ણદંડવાળા વ્યંજનોના પેટાળમાં '/' આવા ચિહ્ન રૂપે 'ર' સમાય છે, તેમ 'ન'ને સમાવવાનો પ્રયત્ન સ્તુત્ય છે; જેમ કે, 'ખ્ન - ગ્ન - ત્ન - પ્ન - ભ્ન - મ્ન - સ્ન' વગેરે.

આથી વાચકને તત્કાળ સ્પષ્ટ બોધ થાય છે અને જગ્યા પણ ઓછી રોકાય છે.

—ગોપાલકૃષ્ણ મોદી

૨૭. 'ટ - ઠ - ડ - ઢ' વગેરે નીચેથી વર્તુળાકાર વ્યંજનની ઉત્તરમાં બીજો વ્યંજન જોડવાનો હોય ત્યારે તેને નીચે જોડવો અને ઉપરનો વ્યંજન આખો દેખાતો હોવા છતાં તેને અડધો સમજવો. (જુઓ પાનું ૧૬)

—ગોપાલકૃષ્ણ મોદી

૨૮. પરિવર્તન એ ભાષાનું અનિવાર્ય અંગ છે. પરિવર્તન અનિવાર્ય અંગ ભલે હોય, પણ મૂળમાં શુદ્ધ શું હતું અને પરિવર્તનથી અશુદ્ધિ કેવી રીતે આવી એ જાણવું તો જોઈએ જ.

—અરુણોદય ન. જાની

૨૯. **हलोऽनन्तरा: संयोग:** (૧-૧-૭)

**अज्भि: अव्यवहिता: हल: संयोगसंज्ञा: स्यु: ।**

વ્યાકરણશાસ્ત્રના આ નિયમથી બે વ્યંજનો વચ્ચે સ્વરનું વ્યવધાન (આંતરું) ન હોય એટલે કે, બે કે બેથી વધુ ખોડા અક્ષરો '**अज्हीनं परेण संयोज्यम्।**' એ નિયમથી પરસ્પર જોડાય ત્યારે સંયોગ અર્થાત્ જોડાક્ષર કહેવાય.

'**અગ્નિ, બુદ્ધિ, ભક્તિ, મલ્લિ, રશ્મિ**' આ બધા શબ્દો આમ લખાય તો જ તેમાં ઉપર બતાવેલી સંયોગની વ્યાખ્યા ઘટે અને '**अज्हीनं परेण संयोज्यम्।**' એ નિયમનું પણ પાલન થાય.

પરંતુ તે શબ્દોને '**અગ્નિ-અગ્‌નિ, બુદ્‌ધિ, ભક્‌તિ, મલ્લિ-મલ્‌લિ, રશ્મિ-રશ્‌મિ**' આમ લખીએ તો તેમાં '**ગ્‌-ન**', **દ્‌-ધ**' વગેરે વ્યંજનો વચ્ચે '**ઇ**' ('િ') સ્વરનું વ્યવધાન (આંતરું) આવી જવાથી તેમાં સંયોગની વ્યાખ્યા ઘટી શકે નહિ, તથા '**अज्हीनं परेण संयोज्यम्।**' એ નિયમનો પણ ભંગ થાય.

પ્રાતિશાખ્ય પ્રમાણે જોડાક્ષરમાં આવેલા પ્રથમ (ખોડા) વ્યંજનનો સંબંધ (ઉચ્ચારણ માટે) તેની પૂર્વમાં આવેલા વર્ણ સાથે થાય છે; દા૦ત૦, **'અગ્-નિ, બુદ્-ધિ, ભક્-તિ, મલ્-લિ, રશ્-મિ, દિગ્-વિજય, દિઙ્-મૂઢ'** એમ બોલાશે. અર્થાત્ બોલતી વખતે પદોમાં પ્રકૃતિ અને પ્રત્યય અને સમાસમાં બે પદો છૂટા પડશે, પણ લખતી વખતે **'अज्हीनं परेण संयोज्यम्।'** એ નિયમ પ્રમાણે **'અગ્નિ'** આદિ શબ્દોમાં **'અગ્-નિ'** એમ પ્રકૃતિ અને પ્રત્યય છૂટા પાડીને લખાશે નહિ, પણ **'અગ્નિ'** એમ જોડીને જ લખાશે.

**'બુધ્+તિ=બુદ્+ધિ=બુદ્ધિ:', 'ભજ્+તિ=ભક્+તિ=ભક્તિ:'** આ પ્રમાણે પ્રક્રિયાવસ્થામાં, સમજવા માટે પ્રકૃતિ અને પ્રત્યય છૂટા લખાય, પણ પ્રયોગાવસ્થામાં તો **'બુદ્ધિ, ભક્તિ'** એમ બે વ્યંજનોને જોડી દઈને જ લખવું જોઈએ. ઉચ્ચારણ વખતે **'ભક્'** આમ પ્રથમ (ખોડો) વ્યંજન **'ક્'** પૂર્વમાં આવેલા **'ભ'** વર્ણ સાથે બોલાશે, એમ બતાવવા પૂરતું જ **'ભક્+તિ'** એમ લખી શકાય, પણ પ્રયોગાવસ્થામાં તો **'ભક્તિ, બુદ્ધિ, રશ્મિ'** એમ લખવું એ જ શાસ્ત્રીય છે.

**'દિગ્-વિજય'** જેવા સામાસિક શબ્દોમાં સમસ્તપદોનું પાર્થક્ય દર્શાવવું હોય ત્યાં સમાસના પદોની વચમાં નાની લીટી (ડૅશ)થી તે બતાવવામાં આવે છે. તે વખતે **'अज्हीनं परेण संयोज्यम्'** એ નિયમનો અપવાદ સ્વીકારાય છે. જ્યાં સમસ્તપદોનું પાર્થક્ય દર્શાવવું ઈષ્ટ ન હોય ત્યાં **'દિગ્વિજય'** એમ જ લખવું જોઈએ.

**— ડૉ. અરુણોદય ન. જાની**

૩૦. વર્તમાનમાં કેટલાક બીબાં બનાવનારાઓ **'ટ-ઠ-ડ-ઢ'** વગેરે દંડરહિત વર્ણોના જોડાક્ષરોનાં બીબાં શાસ્ત્રીય નિયમાનુસાર બનાવતા નથી. પણ એકબીજાને ગમે તેમ જોડી દઈને બનાવે છે; જેમ કે, ટ્+વ=**'ટ્વ'**, ડ્+ઢ=**'ડ્ઢ'**, ઢ્+ય=**'ઢ્ય'** વગેરે.

**'ટ-ઠ-ડ-ઢ'** વગેરે વર્ણોને પરસ્પર તથા **'ય-વ'** આદિ વર્ણો સાથે મુખ્યતયા ઉપર-નીચે જોડવા જોઈએ; જેમ કે, **'ટ્વ'**, **'ડ્ઢ'**, **'ઢ્ય'** વગેરે. અથવા પૂર્વવર્તી **'ટ-ઠ-ડ-ઢ'**ને ખોડા લખીને પછીના વર્ણ સાથે તેમનો સંયોગ સૂચવવો જોઈએ; જેમ કે, **'ટ્વ'**, **'ડ્ઢ'**, **'ઢ્ય'** વગેરે. પણ તેમનું **'ટ્વ'**, **'ડ્ઢ'**, **'ઢ્ય'** આવું એકબીજાને સીધી લીટીમાં અડાડી દઈને કરવામાં આવતું જોડાણ અશાસ્ત્રીય છે.

**'જોડાક્ષરવિચાર'** પુસ્તકમાં આપેલા શાસ્ત્રીય નિયમો પ્રમાણે જ વ્યંજનાક્ષરોને જોડવા જોઈએ અને બીબાં પણ તે પ્રમાણે જ બનાવવાં જોઈએ.

**— અરુણોદય ન. જાની**

# ટિપ્પણી ૩

૧. બેવડા તરીકે દ્ + દ = 'દ્દ' બરાબર નથી, द् + द = 'द्द' જ બરાબર છે. (જુઓ પાનું ૩૦)

—કે. કા. શાસ્ત્રી
—અરુણોદય ન. જાની
—ઈશ્વરલાલ ર. દવે

૨. ગુજરાતી લિપિના 'દ' સાથે અક્ષરોને જોડવાનો પ્રચાર થવા લાગ્યો છે, પરન્તુ મારા મતે તો ગુજરાતીમાં જોડાક્ષર માટે દેવનાગરીનો 'द' જ રાખવો ઉચિત છે.

ગુજરાતી લિપિના 'દ'માં જોડાણની અનુકૂળતા અને સ્પષ્ટતા નથી. જોડાણની અનુકૂળતા અને સ્પષ્ટતા દેવનાગરી લિપિના દંડવાળા 'द'માં છે. તેથી જ જોડાણ માટે ગુજરાતીના 'દ'નો ત્યાગ કરીને, દેવનાગરીના 'द'નો સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ છતાં એનો ત્યાગ કરીને, વર્તમાનમાં ગુજરાતીના 'દ' સાથે જોડાક્ષરોની રચના કરવામાં આવી રહી છે તે ભ્રાન્તિકારક છે.

—અરુણોદય ન. જાની

૩. દેવનાગરી લિપિના 'द' સાથે જ 'ધ'નું જોડાણ બરાબર છે.

—ઈશ્વરલાલ ર. દવે

૪. દેવનાગરી લિપિના 'द'ની સાથે 'ધ'નું જોડાણ કરતી વખતે 'द' ઉપર અને 'ધ' નીચે 'द्ध' આમ લખાય, પણ 'ध्द' આમ સીધી લીટીમાં જોડીને લખાય નહિ. એમ લખવાથી તે'द्+ધ'ને બદલે 'ધ્+द'નો જોડાક્ષર બનશે. (જુઓ પાનું ૩૧)

—ગોપાલકૃષ્ણ મોદી

૫. જોડાક્ષરમાં જે અક્ષર આખો બોલાતો હોય તે આખો લખાવો જોઈએ અને અર્ધો બોલાતો હોય તે અર્ધો લખાવો જોઈએ. જોડાણ એવું સ્પષ્ટ હોવું જોઈએ કે જોડાક્ષરમાંના અક્ષરોનું સ્વરૂપ તરત જ ઓળખી શકાય.

—ઈશ્વરલાલ ર. દવે

૬. (દ્ + ય = દ્ય—ઉપરના છેડાનો વળાંક) જોડાક્ષર 'દ્ય'નાં બીબાં ઉપરના છેડે પાછળની બાજુએ પૂરતા વળાંક વગરનાં બને છે. તેથી બાળકો અને

સામાન્યજનો 'ધ' અક્ષર અને આ 'દ્ય' જોડાક્ષર વચ્ચેના ભેદને પારખી શકતા નથી. આથી તેઓ 'દ્ય' જોડાક્ષરનું ઉચ્ચારણ ધજાના 'ધ' જેવું કરે છે, અથવા તો ધ્ + ય = 'ધ્ય' જેવું કરે છે. બીબાં જો ઉપરના છેડે પૂરતા વળાંકવાળાં બનતાં હોય, અથવા તો 'ધ-દ્ય'ના ભેદને બાળક પણ સહેલાઈથી પારખી શકે એવાં બનતાં હોય તો ઉચ્ચારણના ગોટાળા થાય નહિ અને ભાષાની શુદ્ધિ જળવાઈ રહે. (જુઓ પાનું ૩૬) —લેખક

૭. આજે લગભગ ગુજરાતભરમાં 'વિદ્યાર્થી' શબ્દનું 'વિધ્યાર્થી' એવું ખોટું ઉચ્ચારણ થવા માંડ્યું છે. એને માટે 'દ્ + ય' આ સંયુક્તાક્ષર માટેનું ચિહ્ન 'દ્ય' જવાબદાર છે. 'દ્ય' એટલે 'દ્ + ય' કે 'ધ્ + ય' એવો વાચકચિત્તમાં ગોટાળો થતાં કેટલાકે એને 'ધ્ + ય'નો સંયુક્તાક્ષર માની લીધો ને બોલવામાં પણ પ્રચલિત બનાવી દીધો. તે એટલી હદ સુધી કે સુરત પ્રદેશમાં હવે 'દ્ + ય'ના સંયુક્તાક્ષર માટે 'દ્ય'ને બદલે 'ધ્ય' એમ લખવામાં આવે છે; દા૦ત૦, રાતને દિવસ બનાવી ધ્યો. જ્યારે બેધ્યાન માટે 'બેદ્યાન' લખેલું હોય તો ક્વચિત્ 'વિદ્યાર્થી'ને બદલે ચોખવટને માટે 'વિધ્યાર્થી' એમ પણ લખેલું હોય. (જુઓ પાનું ૩૬) —રમણલાલ પાઠક

૮. 'જ્ઞ'નું ઉચ્ચારણ ગુજરાતીમાં 'ગ્ન્ય', મરાઠીમાં 'દ્ન્ય' અને ઉત્તર હિન્દુસ્તાનમાં 'ગ્ય' એવું થાય છે. 'જ્ઞ'નું હાલનું ઉચ્ચારણ ખોટું છે એ નિર્વિવાદ છે. છતાં 'જ્ + ઞ'ના સંયોગના પ્રતીકરૂપ 'જ્ઞ' જ લખવો ઈષ્ટ છે.

—અરુણોદય ન. જાની

૯. 'જ્ઞ'નું સાચું ઉચ્ચારણ આપણે ગુમાવ્યું છે. ગુજરાતીમાં 'ગ્ન', હિન્દીમાં 'ગ્ય' અને મરાઠીમાં 'દ્ન્ય' બોલાય છે. આ ત્રણેય ઉચ્ચારણો ગલત છે.

—કે. કા. શાસ્ત્રી

૧૦. 'જ્ઞ'ના ઉચ્ચારણમાં જે દોષવૈવિધ્ય છે તે પ્રાદેશિક છે. ઉત્તર પ્રદેશમાં 'જ્ઞ'નું ઉચ્ચારણ 'ગ્ + ઞ' કે 'ગ્ + ય', ગુજરાતમાં 'ગ્ + ન' અને મહારાષ્ટ્રમાં 'દ્ + ન' બોલીને કરવામાં આવે છે. પરન્તુ નોંધવા જેવી વાત એ છે કે પંજાબથી આવનારા આર્યસમાજી વિદ્વાનો 'યજ્ઞ'નું 'યજ્ઞ' એમ શુદ્ધ ઉચ્ચારણ કરે છે. તેઓ મને પણ 'યાજ્ઞિક' કહીને બોલાવે છે. એટલે 'જ્ઞ'નું ઉચ્ચારણ કઠિન હોવા છતાં જો પ્રથમથી જ કાળજી રાખીને શીખવવામાં આવે તો જરૂર તેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે. (જુઓ પાનું ૪૦)

—નટવરલાલ યાજ્ઞિક

સંયુક્ત વ્યંજનો અને મૂળાક્ષરોના આકારમાં પણ દેશકાળ પરત્વે થયેલા ફેરફારો અને અશુદ્ધિઓને લીધે જ પ્રાચીન હસ્તપ્રતો વાંચવામાં આપણને મુશ્કેલી નડે છે.

**—નટવરલાલ યાજ્ઞિક**

૧૧. 'क्त' સંયુક્તાક્ષર અંગે મારી સમજ એવી છે કે તે 'क् + त् + त' એમ ત્રણ અક્ષરોનો બનેલો છે. સંયુક્તાક્ષરના ઉચ્ચારણ વખતે જે આઘાત આવે છે, તે દર્શાવવા અડધો 'त्' ઉમેરાયો છે. પૂર્વે સંસ્કૃત ગ્રન્થોમાં ('व'ના સંયુક્તાક્ષર સાથે) **सर्व्व-सव्व** આ પ્રમાણે લખાતું હતું.

આ જોડાક્ષરનું સ્વરૂપ અનિયમિત છે. પરન્તુ પરંપરાએ પ્રાપ્ત થયેલું હોવાથી તેને જાળવી રાખવું આવશ્યક છે. (જુઓ પાનું ૪૪)

**—ગોપાલકૃષ્ણ મોદી**

૧૨. 'क्त' આ સંયુક્તાક્ષરમાં 'क् + त् + त्' આ ત્રણ વર્ણો જોડાયેલા છે એમ કહેવું અશાસ્ત્રીય છે. 'रक्त' શબ્દમાં રહેલા આ સંયુક્તાક્ષરમાંના 'त'ના દ્વિત્વને અવકાશ નથી. 'रक्त' શબ્દ 'रञ्ज' ધાતુ પરથી 'त' પ્રત્યય લગાડીને બને છે. તેથી रज् + त = रक् + त = 'रक्त' થાય.

'**सर्व**' શબ્દમાં રહેલા રેફને લીધે '**अचो रहाभ्यां द्वे**' (૮-૪-૪૫) સૂત્રથી 'व'નું દ્વિત્વ થાય છે. આમાં એવું નથી.

'क्त' આ સંયુક્તાક્ષરનો વિકાસ આ પ્રમાણે થાય છે —'क् + त'ને 'क्त' આમ ઉપર-નીચે અને 'क्त' આમ સીધી લીટીમાં જોડીને એમ બે રીતે લખી શકાય.

'क् + त' જ્યારે સીધી લીટીમાં જોડાય છે ત્યારે 'क्'નો (क←) કૌંસમાં તીરથી બતાવેલો જમણો ગોળાર્ધ 'क' આમ સીધો થઈ જાય છે અને તેની સાથે 'त' જોડાય છે; જેમ કે, 'क्त'

'क् + त'ને જ્યારે 'क्त' આમ ઉપર-નીચે જોડીને લખાય છે ત્યારે સરળતા ખાતર (→क - क्त) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ 'क'નો ડાબો ગોળાર્ધ સીધો કરાય છે અને તેની નીચે 'त' જોડાય છે; જેમ કે, 'क्त'. 'त' જોડતી વખતે 'क्' અને 'त'ની સીધી લીટીને એકાકાર કરી દેવામાં આવે છે. પરન્તુ 'क'નો ડાબા ગોળાર્ધવાળો ભાગ દર્શાવવા અથવા સૂચવવા માટે તે સીધી લીટીને જરાક આગળ લંબાવવામાં આવે છે, તેથી તેનું 'क्त' આવું રૂપ બને છે. (→क्त) કૌંસમાં તીરથી બતાવેલી સીધી લીટી બીજા 'त्'ની નથી, પણ 'क'ના ગોળાર્ધવાળા સીધા થયેલા ભાગની છે.

**—અરુણોદય ન. જાની**

૧૩. 'क्त'માં 'क् + त' જ છે, પણ 'क् + त् + त' નથી.

**—કે. કા. શાસ્ત્રી**

૧૪. **'ત્ર'**માંથી **'ત'**નો (→**ત**) કૌંસમાં તીરથી બતાવેલો નીચેનો ગોળાર્ધ કાઢી નાખવાથી **'ત્ર'** થયો. પછી સીધી લીટીને બદલે ૪૫°ના બે ખૂણા બને તેમ બંને લીટીઓ ત્રાંસી થઈને, છેવટે તેનું **'ત્ર'** આવું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. (જુઓ પાનું ૪૩)

**—અરુણોદય ન. જાની**

૧૫. વેદમાં **'ત્ - ત્ - ર'**નો બનેલો **'ત્ત્ર'** આવો જોડાક્ષર આવે છે. આમાં **'ત્'** વ્યંજનનું દ્વિત્વ થયેલું છે, અર્થાત્ તે બેવડાયેલો છે. શબ્દમાં રહેલો વ્યંજન ક્યારે બેવડાય અને ક્યારે ન બેવડાય, તેને અંગેના પાણિનીય વ્યાકરણના નિયમો નીચે મુજબ છે :

૧. अचो रहाभ्यां द्वे। (૮-૪-૪૬) अचः पराभ्यां रेफहकाराभ्यां परस्य यरः द्वे वा स्तः। **અર્થ** : સ્વરથી પરમાં 'ર' કે **'હ'** હોય અને તેની પછી **યર્** અર્થાત્ **'હ'** સિવાયનો કોઈ પણ વ્યંજન હોય તો તે વ્યંજન વિકલ્પે બેવડાય છે; દા૦ત૦, **હર્યનુભવઃ — હર્ય્યનુભવઃ, નહ્યસ્તિ — નહ્ય્યસ્તિ**

૨. अनचि च। (૮-૪-૪૭) अचः परस्य यरो द्वे वा स्तः, न तु अचि। **અર્થ** : સ્વરથી પરમાં આવેલો **યર્** અર્થાત્ **'હ'** સિવાયનો વ્યંજન, જો તેની પછી સ્વર ન હોય (મતલબ કે જોડાક્ષર હોય) તો વિકલ્પે બેવડાય છે; જેમ કે, **સુધ્યુપાસ્યઃ — સુદ્ધ્યુપાસ્યઃ** (ઉપરના નિયમ પ્રમાણે વિકલ્પવાળા રૂપમાં **'ધ્'** બેવડાયા પછી સંધિના નિયમ પ્રમાણે પૂર્વના **'ધ્'**નો **'द्'** થયો છે.) **પ્રયત્નઃ — પ્રયત્ત્નઃ**

૩. त्रिप्रभृतिषु शाकटायनस्य। (૮-૪-૫૦) त्र्यादिषु वर्णेषु संयुक्तेषु शाकटायनस्य मते द्वित्वं न भवति, पाणिनेः मते भवति। **અર્થ** : ત્રણ વ્યંજનો જોડાયા હોય તો શાકટાયન મુનિના મતે દ્વિત્વ થતું નથી, પાણિનિના મતે થાય છે; દા૦ત૦, **ઈન્દ્રઃ-ઈન્ન્દ્રઃ, રાષ્ટ્રમ્ — રાષ્ષ્ટ્રમ્**

અપવાદ-૧. सर्वत्र शाकल्यस्य। (૮-૪-૫૧) शाकल्यस्य मते सर्वत्र द्वित्वं न भवति। **અર્થ** : શાકલ્યના મતે બધે (=ક્યાંય) દ્વિત્વ થતું નથી; દા૦ત૦, **અર્કઃ, બ્રહ્મા** થશે, પણ **અર્ક્કઃ, બ્રહ્મ્મા** નહિ થાય. પાણિનિના મતે **અર્કઃ — અર્ક્કઃ, બ્રહ્મા — બ્રહ્મ્મા** બંને થશે.

અપવાદ-૨. दीर्घादाचार्याणाम्। (૮-૪-૫૨) दीर्घात् परस्य संयोगाद्यस्य द्वित्वं न भवति सर्वेषां आचार्याणां मते। અર્થ: દીર્ઘ સ્વર પછી આવેલા સંયોગ (જોડાક્ષર)નો પ્રથમ વ્યંજન બધા જ આચાર્યોના મતે બેવડાતો નથી; દા૦ત૦, **દાત્રમ્, પાત્રમ્,** પણ **દાત્ત્રમ્, પાત્ત્રમ્** નહિ થાય. પરન્તુ **અત્ર — અત્ત્ર, કુત્ર — કુત્ત્ર** થશે. (કારણ કે પૂર્વમાં હ્રસ્વ સ્વર છે.)

અપવાદ-૩. **शरोऽचि** । (૮-૪-૪૯) अचि परे शरः द्वे न स्तः। **અર્થ:** શર્ એટલે **'શ્-ષ્-સ્'** પછી સ્વર આવેલો હોય અર્થાત્ સંયોગ (જોડાક્ષર) ન હોય તો તે **'શ્ - ષ્ - સ્'** બેવડાતા નથી; દા૦ત૦, **ચતુર્ષુ.** અહીં **'ષ'** પછી **'ઉ'** સ્વર હોવાથી **'ચતુર્ષ્ષુ'** નહિ થાય. પરન્તુ **પદ્મશ્રી-પદ્મશ્શ્રી** થશે. (અહીં **'શ'** પછી **'ર'** હોવાથી **'શ'** બેવડાય.)

**'ર — હ'** આ બે વ્યંજનો કદી બેવડાતા નથી.

વેદમન્ત્રોના ઉચ્ચારણમાં નિયમ મુજબ થતું દ્વિત્વ નિત્ય (ફરજિયાત) છે. વેદેતર શ્લોકોમાં દ્વિત્વ વિકલ્પે છે.

૧૬. **'ધ્ + ધ'**નો સંયોગ માત્ર કાલ્પનિક છે. વાસ્તવમાં આવો જોડાક્ષર મળશે નહિ. **'ઓધ્ધો'** વગેરે શબ્દોમાં જોડણીકોશ ભલે **'ધ્ + ધ'**નો સંયોગ માન્ય રાખે, પરન્તુ સંસ્કૃત વ્યાકરણના સંધિના નિયમો પ્રમાણે **'બુધ્+તિ = બુધ્+ધિ = બુદ્+ધિ = બુદ્ધિ'** એમ **'દ્ + ધ'** જ થાય. ગુજરાતી શબ્દોની જોડણી ગુજરાતી ભાષાના નિયમ પ્રમાણે લખી શકાય; જેમ કે, **અધ્ધર, સધ્ધર** વગેરે. (જુઓ પાનું ૩૨)

**—અરુણોદય ન. જાની**

૧૭. वर्गाणां प्रथमतृतीयपञ्चमाः यरलवाश्च अल्पप्राणाः अन्ये महाप्राणाः। **અર્થ:** દરેક વર્ગનો પહેલો, ત્રીજો અને પાંચમો અક્ષર તથા **'ય - ર - લ - વ'** આટલા વ્યંજનો અલ્પપ્રાણ છે, બાકીના મહાપ્રાણ છે.

**—અરુણોદય ન. જાની**

૧૮. ગુજરાતીના જોડણી-નિયમોમાં મહાપ્રાણ બેવડો લખવાનો સગવડિયો પણ અવૈજ્ઞાનિક નિયમ હોવાથી હવે ઘણીવાર **છઠ્ઠું, પથ્થર, અધ્ધર** વગેરે લખાય છે, પણ એથી સંસ્કૃત-પ્રાકૃત ભાષા શીખવતી વેળા ગૂંચવાડો ઊભો થાય છે. ઉચ્ચારણ-જોડણી-લેખન-ટંકન વગેરેની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને સરળ છતાં કાર્યક્ષમ વ્યવસ્થા વ્યવહારમાં રહે એ જરૂરી છે.

**—હરિવલ્લભ ભાયાણી**

૧૯. ગુજરાતીમાં ભલે આપણે **'બુઢ્ઢો'** એમ લખીએ પણ વાસ્તવિક ઉચ્ચારણમાં તો એ **'બુડ્ઢો'** જ છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૨૦. વિદ્યાપીઠે પાંચમી આવૃત્તિના કોશમાં લખ્યું છે કે, ''અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્‌ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું; ઉદા૰, **ચોખ્ખું, ચિઠ્ઠી, પથ્થર, ઝભ્ભો, ઓધ્ધો, સુધ્ધાં, સભ્ભર.** પણ **'ચ'** તથા **'છ'**નો યોગ હોય તો **'ચ્છ'** લખવું, **'છ્છ'** નહિ; ઉદા૰, **અચ્છેર, પચ્છમ, અચ્છું**''

સંસ્કૃત વ્યાકરણના નિયમવિરુદ્ધ જઈને આવો નિયમ શા માટે કરવામાં આવ્યો એને અંગેનો વિદ્યાપીઠે ક્યાંય સ્પષ્ટ ખુલાસો કર્યો નથી. પરન્તુ પ્રસ્તાવનામાં એક જગ્યાએ એટલું જણાવ્યું છે કે, ''શિષ્ટ રૂઢિમાં બહુ ફેરફાર કરવો ન પડે, નિયમો સહેલાઈથી સર્વમાન્ય થઈ જાય અને લખવા અને છાપવામાં લેખકોને અને મુદ્રકોને અગવડ ઓછી પડે, છાપેલો લેખ આંખને ગમે અને અક્ષરની ઓળખ ટૂંક વખતમાં સર્વત્ર ફેલાય એટલા માટે અને નવા વાંચતાં શીખનારને સગવડ થાય એ ઉદ્દેશ રાખીને આપણા નિયમ ઘડવા જોઈએ એમ સૌ કોઈ સ્વીકારશે જ. જોડણીમાં વ્યુત્પત્તિનો ઇતિહાસ સાચવવાનું બને તો તે પણ ઇષ્ટ જ છે, એ વિશે પણ મતભેદ ન જ હોઈ શકે.''

ઉપર મુજબનો નિયમ ઘડનાર વિદ્વાનોએ વ્યાકરણની કડાકૂટ છોડીને વ્યવહારુતાને જ લક્ષમાં લીધી હોય એમ વધુ જણાય છે. બોલાય એવું લખવું ને જોડાક્ષરની જટિલતાને બને એટલી ઓછી કરવી. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સાથે હોય ત્યાં મહાપ્રાણનું જ દ્વિત્વ કરીને બોલાતું લાગે છે. એટલે હિન્દીમાં **'પત્થર'** રહ્યું, પણ ગુજરાતીએ **'પથ્થર'** કરી નાખ્યું. એમાં પછી વ્યુત્પત્તિનેય હરકત થઈ એનો વિચાર ન કરાયો એ શોચનીય છે. (જેમ કે, સંસ્કૃત **'વિટ્ઠલ'**નું **'વિઠ્ઠલ'** કરી નાખ્યું.) **'અચ્છેર'** જેવામાં પાછું **'અછ્છેર'** એમ ન કર્યું. કેમ કે બોલતી વખતે **'ચ્છ'** સ્પષ્ટ બોલાય છે જ એમ નિયમ ઘડનારે નક્કી કરી નાખ્યું. સંસ્કૃતમાં પાણિનિ મુનિએ ખરેખર તો ઉચ્ચારણ અનુસાર જ જોડણી કરી છે. છતાં કાળબળે એ ઉચ્ચારણ ઘસાતું ગયું છે-પરિવર્તન પામ્યું છે. આમ નિયમ ઘડનારે નક્કી કરી નાખ્યું. **—રતિલાલ સાં. નાયક**

૨૧. **અખ્ખર, ઘઘ્ઘર, મછ્છર** વગેરે જોડણીઓ અશાસ્ત્રીય છે. પણ જોડણીકોશે એ સ્વીકારી છે તેથી આવી લેખનભૂલ થાય છે. ઉચ્ચારણમાં તો **'અખ્ખર'** પણ **'અક્ખર'** જ છે. ખરેખર જોડણીકોશનો આ બાબતમાં સ્વીકાર ન કરવો જોઈએ.

**—નટવરલાલ યાજ્ઞિક**

૨૨. પૂર્વવર્તી **'ઘ-ધ'**ને અર્ધ અક્ષર તરીકે પછીના અક્ષર સાથે જોડતી વખતે બંનેનો દંડ કાઢીને બાકીનો બંનેનો આકાર જેમનો તેમ જ રાખવો જોઈએ. (જુઓ પાનું ૫૬)

**—આચાર્ય જગચ્ચન્દ્રસૂરિ**
**—રતિલાલ સાં. નાયક**

૨૩. (આ પ્રકરણમાં) **'ઘ-ધ'**નો ભેદ બહુ સ્પષ્ટ તથા સુંદર રીતે સમજાવવામાં આવ્યો છે. મરાઠી લોકો ઘરના **'ઘ'**થી ધજાના **'ધ'**ને જુદો પાડવા માટે **'ધ઼'** આવી રીતે તેના મથાળે મીંડું કરે છે. આ પદ્ધતિ વધારે સુગમ લાગે છે. વળી **'બ્રધ્ન'** વગેરે શબ્દોમાં **'ધ'**ની સાથે **'ન'** જોડાયો હશે કે દરવાજાના **'દ'**ની સાથે **'ન'** જોડાયો હશે એવી શંકા રહે છે, પણ તેમાં **'બ્રધ઼્ન'** આમ મીંડાવાળો **'ધ઼'** લખવામાં આવે તો શંકાને અવકાશ રહે નહિ. (જુઓ પાનું ૫૫ )

**—અરુણોદય ન. જાની**

૨૪. ૧૯૩૩ આસપાસ દેવનાગરી અને ગુજરાતી લિપિનો વિચાર કરતી વખતે **'ધ'**ને **'ઘ'**થી જુદો પાડવા માટે મેં મથાળે મીંડાવાળો **'ધ઼'** સૂચવ્યો હતો.

**—કે. કા. શાસ્ત્રી**

૨૫. મુદ્રણમાં અને લેખનમાં કેટલાક અક્ષરોમાં સામ્ય ભાસે છે, તે દૂર કરવા માટે લિપિ-સુધારણા થવી જોઈએ. દેવનાગરીમાં સ્વીકારાયો છે તેવો મીંડાવાળો **'ધ઼'** ગુજરાતીમાં પણ સ્વીકારાય તો સારું.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૨૬. ફોટો કમ્પોઝ ટાઈપોમાં **'ઘ-ધ'**નો ભેદ પારખવાનું મુશ્કેલ બન્યું છે. તેથી ગુજરાતીમાં પણ મીંડાવાળો **'ધ઼'** અપનાવવા યોગ્ય છે.

**—રતિલાલ સાં. નાયક**

૨૭. ગુજરાતીમાં પણ મીંડાવાળો **'ધ઼'** અપનાવવા યોગ્ય છે.

**—નટવરલાલ યાજ્ઞિક**

૨૮. '**ઘ-ધ**'નો ભેદ વિશેષરૂપે દર્શાવવા માટે '**ધ**'ના મથાળે મીંડું કરવાની મરાઠી પદ્ધતિનું અનુસરણ કરવાનું સૂચન સ્વીકાર્ય બને તેવું છે. શાળાઓમાં બાળકોને '**ઘ-ધ**'નો ભેદ સમજાવવામાં આવતો નથી અને લખાય છે પણ સરખું. '**અશ્વમેધ**' શબ્દનું ઉચ્ચારણ ભલભલા પણ '**અશ્વમેઘ**' જ કરે છે.

**—ઈશ્વરલાલ ર. દવે**

૨૯. પ્રથમ લખાણમાં પ્રવેશેલા અને હાલ બોલચાલમાં પ્રવેશી રહેલા '**મેધા**' અને '**ઘૃણા**' શબ્દો પણ, ગુજરાતી લિપિમાં '**ઘ**' અને '**ધ**' વર્ણોનું જે ગોટાળિયું સ્વરૂપ છે, એનો ભોગ બની ચૂક્યા છે. '**મેધા**'નું '**મેઘા**' થઈ ગયું અને '**ઘૃણા**'નું '**ધૃણા**' થઈ ગયું. મેં અધ્યાપકો સહિત સારી સારી શિક્ષિત વ્યક્તિઓને '**મેઘા**' અને '**ધૃણા**' બોલતી સાંભળી છે. એક બે વક્તાને '**કલુષિત**' ને બદલે '**ક્લુષિત**' બોલતા પણ સાંભળ્યા; કે જે '**ક્** + **લ**'ના જોડાણ પરત્વેની અસ્પષ્ટતાનું પરિણામ ગણાય. '**દંપતી**'ને બદલે '**દંપત્તિ**' પણ વ્યાપકપણામાં ઉચ્ચારાય છે. (એ કદાચ સંપત્તિ જેવા શબ્દોના સામ્યાભાસે પણ હોય.)

**—રમણલાલ પાઠક**

૩૦. '**દંપતી**' શબ્દમાં '**ત**' એક જ છે અને '**ી**' દીર્ઘ છે. લોકોએ તેનું ઉચ્ચારણ હ્રસ્વ '**િ**' પૂર્વક કરવા માંડ્યું. પછી '**સંપત્તિ**'ની માફક '**દંપત્તિ**' એવો સામ્યાભાસ (False analogy) શરૂ થયો.

**—અરુણોદય ન. જાની**

૩૧. સંયુક્તાક્ષરમાં વાપરવા માટે '**ર**' વ્યંજનના ત્રણ પ્રકાર છે:

પ્રથમ પ્રકાર તે '**ૅ**' આવું ચિહ્ન છે. તે અક્ષરના માથે મુકાય છે અને તે ગુજરાતીમાં રેફ તરીકે ઓળખાય છે; જેમ કે, **ર્ક, ર્મ**

બીજો પ્રકાર તે '**/**' આવું ચિહ્ન છે, જે '**ન્ર - મ્ર - વ્ર - સ્ર**' વગેરે પૂર્ણદંડવાળા વર્ણોમાં આવે છે. (જુઓ પાનું ૧૯)

અને ત્રીજો પ્રકાર તે '**^**' આવું ચિહ્ન છે, જે ફક્ત '**ટ્ર - ડ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર**' માટે જ છે. આની સ્પષ્ટ સમજણ શિક્ષણકાળે અપાય તે જરૂરી છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૩૨. '**ર**' વ્યંજનનું '**^**' આ ત્રીજું વૈકલ્પિક રૂપ છે; જેમ કે, '**ટ્ર**'. આમાં '**ર**' ને '**~**' આમ આડો કરીને જોડવામાં આવ્યો છે. આડા કરેલા

'ર'માંથી વચ્ચેનો મીંડાવાળો ભાગ દૂર થવાથી તેનું '∧' આવું બે પાંખિયાંવાળું રૂપ બન્યું છે.

કાલક્રમે સુવિધાને ખાતર (ડાબું પાંખિયું ૧ ∧ ૨ જમણું પાંખિયું) કૌંસમાં બતાવેલાં બે પાંખિયાંમાંથી એક નંબરવાળું ડાબી બાજુનું એક જ પાંખિયું વપરાવા લાગ્યું; જેમ કે, 'દ્ર'ને બદલે 'દ્ર'

—અરુણોદય ન. જાની

૩૩. જોડાક્ષરમાં 'ર' વ્યંજન પ્રથમ '[illegible]' આમ આડો બને છે, પછી ઊંધા ચોગડા જેવો '[illegible]' બને છે ને છેવટે '∧' આવું સ્વરૂપ ધારણ કરે છે; જેમ કે, 'છ્ર'

પરન્તુ તે પૂર્ણદંડવાળા વર્ણો સાથે જોડાય છે, ત્યારે તેનું બેમાંથી એક જ પાંખિયું રહે છે. તેથી 'ત્ર - ન્ર - મ્ર - વ્ર - સ્ર' વગેરે લખાય છે. (જુઓ પાનું ૧૯)

—અરુણોદય ન. જાની

૩૪. 'ગ્ + ર'ને 'ગ્ર' આમ ઉપર-નીચે જોડીને લખાય તો એની લંબાઈ વધી જાય છે. એ લંબાઈ ઓછી કરવા માટે 'ર'ને આડો કરીને 'ગ્ર' આવી રીતે જોડવાનું શરૂ થયું. શરૂશરૂમાં એ 'ગ'ની સહેજ નીચે લખાતો થયો, પણ પછી 'ગ'ને જોડીને 'ગ્ર' આવી રીતે લખાવા માંડ્યો.

ગુજરાતી લિપિના અક્ષરો દેવનાગરી લિપિની જેમ ડાબેથી જમણે લખાતા હોવાથી, આડો કરીને જોડાતા 'ર'ને જમણી બાજુએ રહેલા તેના મુખભાગથી લખવાનું શરૂ કરવાને બદલે ડાબી બાજુના છેડાથી માંડીને લખવાનું શરૂ થયું. તેથી તેનો આકાર ધીમે ધીમે ઊંધા ચોગડા જેવો થઈ ગયો; જેમ કે, 'ગ્ર'

પછી કાળક્રમે 'ર'ના મુખનો વળાંક 'ગ'ના દંડના છેડાના વળાંકમાં ભળી જવાથી 'ર'ના ડાબી બાજુના છેડાનો ભાગ જ શેષ રહ્યો, જે અત્યારે પૂર્ણદંડવાળા વર્ણોમાં '/' આવા ચિહ્નરૂપે જોડાય છે; જેમ કે, **નમ્ર, અગ્ર, પ્રેમ** વગેરે.

જ્યારે દંડ વગરના 'છ - ટ - ઠ - ડ - ઢ' વર્ણોમાં તે અદ્યાપિ મુખભાગ સહિત '∧' આવી રીતે જોડીને લખાતો જોવા મળે છે; જેમ કે, 'છ્ર - ટ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર' વગેરે.

—અરુણોદય ન. જાની

૩૫. 'ર'ના ચિહ્નને 'ફ'ના દંડની નીચેના ગોળાર્ધમાં ફ્ર આવી રીતે જોડીને લખવું અથવા એવાં બીબાં બનાવવાં તે યોગ્ય નથી.

—અરુણોદય ન. જાની

૩૬. દેવનાગરી લિપિનો 'ह' દંડવાળો હોવાથી તેની સાથે 'ર'નું '/' આવું ચિહ્ન 'ह्र' આમ દંડ સાથે જોડાય છે. પરન્તુ ગુજરાતીમાં 'હ'નો પૂર્વાર્ધ ડગલાના 'ડ' અક્ષર જેવો હોવાથી તેની સાથે 'ર'ના ચિહ્નનું જોડાણ સરળ બનતું નથી. તેથી ગુજરાતીમાં 'હ્ + ર'નું 'હ્ર' આવું રૂપ બન્યું છે. (જુઓ પાનું ૫૧)

—અરુણોદય ન. જાની

૩૭. 'ર' વ્યંજનનાં 'C' (રેફ) અને '/' (આડો દંડ) આ બંને ચિહ્નોને 'ર'ના આદેશરૂપ માનવા જોઈએ.

'ન્ર - મ્ર - વ્ર' વગેરેમાં 'ર'ની આકૃતિને '્ર' આવી રીતે બદલાયેલી માનીએ તો 'હ્ર-છ્ર-ક્ર' વગેરેમાં તે ઘટશે નહિ, કારણ કે તેમાં 'ર'ની '્ર' આવી રીતે બદલાયેલી આકૃતિ નથી.

માટે સંયુક્તાક્ષરની નીચેની '/' આવી આડી લીટીને જ પૂર્ણ 'ર' માનીએ અને તેને 'ર'ના આદેશરૂપ માનીએ તેજ યોગ્ય લાગે છે.

તેમ જ 'ન્ર - મ્ર - વ્ર' વગેરેમાં બે અક્ષરોને 'મ્ર' આવી રીતે સીધી લીટીમાં જોડાયેલા માનવાને બદલે ——

છ્ર ←ઉપર } તીરથી બતાવ્યા મુજબ
←નીચે } ઉપર-નીચે જોડાયેલા માનવા જોઈએ.

આમાં 'છ' આખો લખાયેલો હોવા છતાં નીચેના 'ર'ના સંયોગને કારણે તે ઉચ્ચારણમાં અડધો જ ગણાય છે. જેમ 'ધિટ્ઠ'માં ઉપરનો 'ટ' આખો લખાયેલો હોવા છતાં અડધો મનાય છે તેમ.

—આચાર્ય જગચ્ચન્દ્રસૂરિ

૩૮. 'ર'ના સ્થાને આવતાં '/' આવા ચિહ્નને અપભ્રષ્ટ કે આદેશરૂપ માનવા કરતાં તેને વૈકલ્પિક ચિહ્ન માનવું તે વધારે શાસ્ત્રીય છે. 'ર'નું બીજું વૈકલ્પિક રૂપ '^' આવું છે.

—અરુણોદય ન. જાની

૩૯. 'મ્ર' પછી 'મ્ર' અને છેવટે '/' આવું ચિહ્ન તે 'ર' વ્યંજનના આદેશરૂપ બન્યું એમ સમજાવી શકાય, જે 'ન્ર-મ્ર' વગેરેમાં જોવા મળે છે. તેમાં '/' આવા ચિહ્નરૂપ 'ર' વ્યંજનનું સ્થાન નીચે જ ગણાય. એટલે આમાં અક્ષરો ઉપર-નીચે જોડાયેલા છે એમ માનવું જોઈએ.

—જયંત કોઠારી

૪૦. 'ર'ને માટેના 'ᑕ' અને '/' આ બે ચિહ્નો આપણને બ્રાહ્મી લિપિના જ અકબંધ મળ્યા છે. તે 'ર'ના આદેશરૂપ નથી.

**—કે. કા. શાસ્ત્રી**

૪૧. હાલના 'ર'નું સ્વરૂપ બ્રાહ્મી લિપિમાં 'ᑦ' (જમણેથી ડાબે જતું) આવું હતું. ઈતર વ્યંજનોને દંડ ('।')નો આધાર છે, જે આ વ્યંજનને નથી. તેથી તેને અડધો બનાવવા માટે આડો કાપવામાં આવતાં તેના 'ᑕ' અને '/' આવા બે ભાગ થયા. ઉપરનો 'ᑕ' આવો અડધો ભાગ અક્ષરના મથાળે મુકાય છે. (ગુજરાતીમાં તે રેફ તરીકે ઓળખાય છે.) અને નીચેનો '/' આવો અડધો ભાગ પૂર્ણદંડવાળા વર્ણોના દંડ સાથે નીચેના ભાગમાં 'ત્ર - મ્ર - વ્ર' આવી રીતે જોડાય છે. (આ જ્ઞાન મને પૂ. કે. કા. શાસ્ત્રી પાસેથી પ્રાપ્ત થયું છે.)

**—ગોપાલકૃષ્ણ મોદી**

૪૨. 'ર' વ્યંજનના 'ᑦ' આવા બ્રાહ્મી સ્વરૂપમાંથી 'ᑕ' અને '/' આવા બે અંશો થયા એ વાત બરાબર છે.

**—અરુણોદય ન. જાની**

૪૩. 'ર' વ્યંજનનું અર્ધું સ્વરૂપ મરાઠીમાં અને બંગાળી ભાષામાં '‿' આવા સ્વરૂપે છે; દા૦ત૦, **વર્‍હાડ** (વર્હાડ), **સૂર્‍યા** (સૂર્યા) વગેરે. પરન્તુ ભારતની ઈતર લિપિઓમાં તે દેખાતું નથી. રેફકાર ('ᑕ') એ આજના 'ર' વ્યંજનનો ઉપરનો અડધો ભાગ છે. તે પછીના વ્યંજનના મથાળે મુકાય છે. તે જે વ્યંજનના મથાળે મુકાય છે, તેની પૂર્વે તેનું ઉચ્ચારણ થાય છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૪૪. જોડાક્ષરના પેટમાં રહેલી ને જમણેથી ડાબી તરફ નીચે આવતી ત્રાંસી રેખા, એ આખા 'ર'નું જોડાક્ષરની રચના વખતનું, પરંપરાથી પ્રાપ્ત થયેલું અને સ્વીકારાયેલું સ્વરૂપ છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૪૫. 'ટ-ઠ-ડ-ઢ-દ-હ'માં જ્યારે 'ર'નું ચિહ્ન ઉમેરવાનો પ્રસંગ આવે છે ત્યારે નિયમાનુસાર તેનું સ્વરૂપ 'ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર-દ્ર-હ્ર' આવું બને છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૪૬. 'શ્ચ'માં દેવનાગરી લિપિના 'श्च'નું અર્ધગુજરાતીકરણ છે. 'શ્ચ' કરતાં 'શ્ચ' વધુ સ્વાભાવિક અને સરળ છે. —કે. કા. શાસ્ત્રી

૪૭. 'શ્ચ' આમ લખવામાં 'શ્ય'ની ભ્રાન્તિ થવાનો સંભવ છે 'શ્ચ' આમ લખાય તેમાં વાંધો નથી. —અરુણોદય ન. જાની

૪૮. જોડણીની સુગમતા ખાતર 'શ'ના દંડરહિત 'શ' આવા અડધા ભાગને ઊભાને બદલે '' આમ આડો કરવામાં આવ્યો હોય અને પછી એની આકૃતિ ઊંધા ચોગડા (૪) જેવી થઈ ગઈ હોય એમ સંભવે છે.

—અરુણોદય ન. જાની

૪૯. અડધા 'શ'ના વિકલ્પ તરીકે ઊંધા ચોગડા જેવી '૪' આ આકૃતિ જોડાક્ષરોની સુવિધા ખાતર પ્રાચીન કાળથી વપરાય છે. આપણને તે વારસાગત પ્રાપ્ત છે. (જુઓ પાનું ૨૧)

—ગોપાલકૃષ્ણ મોદી

૫૦. '૪' એ તાલવ્ય 'શ'નું રૂપાન્તર છે અને તેનો ઉપયોગ મુખ્યત્વે 'શ'ના સંયુક્તાક્ષરોની રચના પ્રસંગે થાય છે. આટલું સમજીએ તો '**વિશ્વનાથ**'ને બદલે આપણે જરૂર '**વિશ્વનાથ**' લખીશું. (જુઓ પાનું ૨૨)

—ગોપાલકૃષ્ણ મોદી

૫૧. 'શ્રી - શ્રે - શ્લા - શ્વ'માં પૂર્વ 'શ'ના ડાબા અવયવનો ઊંધા ગુજરાતી ચોગડા જેવો મરોડ પ્રયોજાવો શરૂ થયો છે. આ સ્વરૂપ આજદિન સુધી પ્રચારમાં રહેલું જોવા મળે છે. (જુઓ પાનું ૨૧)

—પ્રવીણચન્દ્ર ચીમનલાલ પરીખ

૫૨. 'ણ'નો '' આવો અંશ અને ડગલાનો 'ડ' આ બેના સંયોગથી ગુજરાતીમાં 'હ' બતાવાયો છે.

ગુજરાતી લિપિના 'હ' કરતાં દેવનાગરી લિપિનો આવા આકારવાળો 'ह' વધારે શાસ્ત્રીય છે.

ह←આ દેવનાગરી લિપિના 'હ'ની તીરથી બતાવેલી ઊભી લીટીને દંડ કહેવાય છે. પછીનો અક્ષર તે દંડની સાથે જોડાય છે; દા૦ત૦, હ્ન, હ્મ, હ્ય, હ્લ, હ્વ વગેરે.

'હ્ર' આમાં 'હ'ના પૂર્વાર્ધના દંડ સાથે 'ર' જોડાયો છે. 'હ'ની સાથે 'ર' તેના એક પાંખિયાવાળા અને બે પાંખિયાંવાળા '/', '^' આ બંને ચિહ્નરૂપે નીચેના ભાગે પણ જોડાય છે; જેમ કે, હ્ર, હ્ર

'હ્ર-હ્ર-હ્ર' પૈકી પ્રથમ જોડાણ શાસ્ત્રીય છે. બાકીનાં બે પ્રચલિત રૂપો છે. રૂઢ રૂપ કરતાં શાસ્ત્રીય રૂપ વધુ ગ્રાહ્ય છે. (જુઓ પાનું ૫૧)

**—અરુણોદય ન. જાની**

૫૩. 'હ્ર' અને 'હૃ' આ 'ર' વ્યંજન સાથેનાં અને 'ઋ' સ્વર સાથેનાં 'હ'નાં મૂળ સ્વરૂપો છે. ગુજરાતીમાં અજ્ઞાન અને ઉતાવળને કારણે હાથના લખાણમાં દોષયુક્ત જોડાણવાળો આવો 'હ્ર' સંયુક્તાક્ષર વપરાય છે. મારા દોરેલા અક્ષરોમાં 'હ'ના મૂળ વળાંક ઉપર વિકૃતિ લાવ્યા સિવાય આવશ્યક સંયુક્તાક્ષરો હું બનાવી શક્યો છું. આમાં મૂળ મરોડને સહેજ પહોળો કરવો પડે છે.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૫૪. 'હ'યુક્ત જોડાક્ષરોમાં અક્ષરોનું જોડાણ સીધી લીટીમાં માનવું કે ઉપર-નીચે માનવું તે વિચારણીય બાબત છે.

જો 'હ'ની સાથે જોડાયેલા 'ન-વ' આદિ અશરોનો દંડ 'હ'ની હરોળમાં રહેતો હોય તો જોડાણ સીધી લીટીમાં મનાય.

જો 'હ' પૂરો થયા પછી 'ન-વ' આદિ અક્ષરો તેની એકદમ નીચે જોડાતા હોય તો જોડાણ ઉપર-નીચે મનાય.

પરંતુ 'ન-વ' આદિ અક્ષરોનો દંડ 'હ'ની હરોળમાં રહેતો નથી. 'ન-વ' આદિ અક્ષરો તેની એકદમ નીચે પણ જોડાતા નથી.

તેથી 'હ' યુક્ત જોડાક્ષરોમાં અક્ષરો સીધી લીટીમાં પણ નહિ અને ઉપર-નીચે પણ નહિ, પરન્તુ એક અક્ષરના (ગર્ભમાં) પેટમાં બીજો અક્ષર એવી વિશિષ્ટ સ્થિતિ છે. (જુઓ પાનું ૪૮)

**—જયંત કોઠારી**

૫૫. અમારા ટાઈપના ફાઉન્ટ(સટ)માં 'હ' વ્યંજન અર્ધો નથી. મૉનોટાઈપયન્ત્રના આગમનના પરિણામે 'હ' આવા આકારનો અર્ધો 'હ' વ્યંજન દાખલ થયો છે અને તે 'ણ - ન - મ - ય - લ - વ' સાથે જોડવા કેટલાક વાપરે છે, પણ તે શાસ્ત્રશુદ્ધ નથી.

**—ગોપાલકૃષ્ણ મોદી**

૫૬. *સંસ્કૃત અને ગુજરાતીમાં 'ર' અને 'હ'ના સંયુક્તાક્ષરોની યાદી મોટી છે.* પ્રાકૃત લોકો '**પ્રહ્લાદ**'નું ઉચ્ચારણ '**પ્રલ્હાદ**' કરે છે. પૂનામાં '**બ્રાહ્મણ**'નું ઉચ્ચારણ કેટલાક અજ્ઞ પ્રાકૃતજનો '**બ્રામ્હણ**' કરે છે અને તેવી જ રીતે લખાયેલું-છપાયેલું પણ વાંચવામાં આવે છે.

આથી આવા સંયુક્તાક્ષરોની યાદી આપણે સ્પષ્ટ રીતે આપવી જોઈએ અને તેનાં બીબાં પણ હંમેશાં મળી રહેવાં જોઈએ. આપણે એટલો આગ્રહ ટાઈપ ફાઉન્ડ્રીવાળાઓ પ્રત્યે રાખવો પડશે. **—ગોપાલકૃષ્ણ મોદી**

૫૭. **'પ્રહ્લાદ'** અને **'બ્રાહ્મણ'** શબ્દમાં **'હ'** મહાપ્રાણ છે. તેની સાથે અલ્પપ્રાણ એવા **'ણ - ન - મ - લ'** વ્યંજનો જોડાય છે ત્યારે ઉચ્ચારણમાં તકલીફ પડે છે. તેથી ઉચ્ચારણસૌકર્ય ખાતર લોકો **'પૂર્વાહ્ન'**ને બદલે **'પૂર્વાણ્હ'**, **'મધ્યાહ્ન'**ને બદલે **'મધ્યાન્હ'**, **'બ્રાહ્મણ'**ને બદલે **'બ્રામ્હણ'** અને **'પ્રહ્લાદ'**ને બદલે **'પ્રલ્હાદ'** એમ પ્રથમ અલ્પપ્રાણ પછી મહાપ્રાણ બોલે છે અને તેમ જ લખે છે. પણ જોડણીની દૃષ્ટિએ તે અશુદ્ધ હોવાથી લખતી વખતે તો **'પૂર્વાહ્ન, મધ્યાહ્ન, બ્રાહ્મણ, પ્રહ્લાદ'** એમ શુદ્ધ જ લખવું જોઈએ.

**—નટવરલાલ યાજ્ઞિક**

૫૮. **'હ'**યુક્ત જોડાક્ષરોમાં ખૂબ ધ્યાન આપવું જરૂરી છે. જોડાક્ષરની આદિમાં રહેલા **'હ'**ના ઉચ્ચારણમાં પડતી તકલીફને કારણે લોકો તેનું ઉચ્ચારણ પછી કરે છે અને લખતી વખતે પણ જોડાક્ષરમાંના અક્ષરો બોલવાના ખોટા ક્રમે જ લખે છે; દા૦ત૦, **'બ્રહ્મ, પ્રહ્લાદ, આહ્લાદ, અષ્ટાહ્નિકા'**ને બદલે **'બ્રમ્હ, પ્રલ્હાદ, આલ્હાદ, અષ્ટાન્હિકા'** વગેરે.

આવી ખોટી જોડણી કરવાની ભૂલ મરાઠી વિદ્વાનો પણ કરે છે અને આપણે પણ કરીએ છીએ. **—અરુણોદય ન. જાની**

૫૯. **'પ્રલ્હાદ'** અને **'આલ્હાદ'** એ ધ્વનિપરિવર્તન અશાસ્ત્રીય છે. માત્ર બેદરકારીને લીધે આ ભૂલ થઈ છે. એ ભૂલ લાંબા સમય સુધી ચાલુ રહેવાને કારણે ધ્વનિપરિવર્તન પ્રક્રિયા સ્વીકારાઈ છે અને પાણિનિના **'व्यत्ययो बहुलम्'** જેવી સ્વચ્છન્દ છે. **—નટવરલાલ યાજ્ઞિક**

૬૦. ગુજરાતીમાં **'પ્રહ્લાદ'**ને બદલે કેટલીકવાર **'પ્રલ્હાદ'** બોલાય છે તે જોડણીની ભૂલ નથી. પરન્તુ તે વ્યત્યયની અર્થાત્ ધ્વનિપરિવર્તનની પ્રક્રિયા છે.

**—ઈશ્વરલાલ ર. દવે**

૬૧. ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવી છે. સંસ્કૃતની શાસ્ત્રીયતા અને શુદ્ધતા તરફ વિદ્વાનોએ લોકોનું ધ્યાન દોરતા રહેવું જોઈએ. ઉચ્ચારણ પ્રમાણે **'પ્રલ્હાદ'** લખાય તો પણ શુદ્ધ રૂપ **'પ્રહ્લાદ'** છે એમ જાણવું તો જોઈએ જ. **—નટવરલાલ યાજ્ઞિક**

૬૨. ગુજરાતીમાં અત્યારે (ળ) કૌંસમાં બતાવ્યા મુજબ લખાતા 'ળ'ને બદલે તેનું સ્વરૂપ 'ળ' આવું લાંબા દંડવાળું સ્વીકારવું યોગ્ય લાગે છે. (જુઓ પાનું ૫૩)

દેવનાગરીનો 'ळ' અર્ધદંડવાળો છે. ગુજરાતીમાં તેનો મરોડ પૂર્ણદંડ સાથેનો બને છે. પરિણામે આરંભનો ભાગ નાનો થવા પામ્યો છે.

અડધા 'ળ'નું સ્થાન નક્કી કરવું પડશે. કપાયેલા 'ળ'ના છેડાને ઉપર ઊંચે લઈ જઈને 'ય'ના મુખની સાથે જોડવાને બદલે ('ય'ની) નાભિ સાથે જોડાય એમ સમજાવવું પડશે; દા૦ત૦, 'ળ્ય' —ગોપાલકૃષ્ણ મોદી

૬૩. આ પ્રકરણમાં લેખક તરફથી કરવામાં આવેલું અડધા 'ળ્-ળ'નું સૂચન ખૂબ જ આવકાર્ય છે. (જુઓ પાનું ૫૨) —અરુણોદય ન. જાની

૬૪. 'द्ध' અને 'द्भ'માં 'द् + ध' અને 'द् + भ' છે, પણ 'ध् + द' અને 'भ् + द' નથી. પ્રથમ દૃષ્ટિએ જોતાં આંખને પ્રથમ 'ध' અને 'भ' દેખાતા હોવા છતાં વાસ્તવિક રીતે 'द'ના દંડ સાથે 'ध' અને 'भ' જોડાતાં 'द' અડધો બને છે અને 'द'નો નીચેનો દંડ 'ध-भ' સાથે જોડાતાં 'ध-भ' આખા બની જાય છે. તેથી 'द्' અડધો અને 'ध-भ' આખા સમજવાના છે. (જુઓ પાનું ૩૧, ૩૪)

પ્રથમ 'ध-भ' હોવાનો નેત્રભ્રમ થાય છે, પણ તે વાસ્તવિક નથી. 'द् + ध', 'द् + भ' આદિમાં (—द) કૌંસમાં તીરથી બતાવેલો 'द'નો ગોળાર્ધ વધુ પહોળો કરી તેની નીચે 'ध-भ' द्ध, द्भ' આવી રીતે જોડાય તો પ્રથમ 'द' જ દેખાશે અને પછી જ 'ध-भ' દેખાશે. આમ થવાથી નેત્રભ્રમનું નિવારણ થશે. 'द'માં 'द'ના અર્ધદંડવાળા 'अ' સાથે 'ग' જોડાય છે; જેમ કે, अद्भुत. તેથી 'द्' અડધો સમજવાનો છે. —અરુણોદય ન. જાની

૬૫. 'द्द, द्म, द्ध, द्व, द्य, प्र, त्र, त्त, क्ष' આ જોડાક્ષરને બદલે 'द्‌द, द्‌म, द्‌ध, द्‌व, द्‌य, प्‌र, त्‌र, त्‌त, क्‌ष' આમ ખોડાના ચિહ્ન સાથે અને મૂળ આકૃતિમાં જોડીને જોડાક્ષરો લખવાની પ્રચારઝુંબેશ અમુક વર્ગ તરફથી ચલાવવામાં આવી રહી છે. પરન્તુ ઋષિમુનિઓએ ખૂબ ચિંતન કરીને આવા પ્રયોગોમાંથી 'प्र, त्र' વગેરે જોડાક્ષરો નક્કી કરીને જે પ્રગતિ સાધી છે તેની આનાથી અવગતિ થશે. —અરુણોદય ન. જાની

૬૬. 'ઘ-ધ', 'થ-ય', 'પ-ય', 'ચ-મ' આ અક્ષરો જ્યારે સંભ્રમ કરાવનારા બને છે, ત્યારે તેમાં દોષ લિપિનો નથી હોતો, પરન્તુ સ્પષ્ટપણે લેખકનો જ હોય છે. —ગોપાલકૃષ્ણ મોદી

# ટિપ્પણી ૪

૧. પ્રશ્ન — ત્રણ અક્ષરવાળા જોડાક્ષર 'ર્ય'માં વચ્ચે રહેલો 'ર' (રેફ) અડધો છે અને બે અક્ષરવાળા જોડાક્ષર 'દ્ર'માં રહેલો 'ર' (રેફ) આખો છે. આમ છતાં તે બંને માટેની નિશાની '/' આવી એક જ સરખી છે, તો અડધા 'ર'નો અને આખા 'ર'નો ભેદ કેવી રીતે જાણી શકાય ?

ઉત્તર — (૧) જેમ તાલવ્ય 'શ'ને બીજા વ્યંજન સાથે જોડતી વખતે તેને વિકલ્પે ઊલટાવી ઊંધા ચોગડા જેવો કરી આપણે 'ઈશ્વર, વિશ્વ' આવી રીતે લખીએ છીએ તેમ 'ર'ને પણ બીજા વ્યંજન સાથે જોડતી વખતે પ્રથમ તેને '~' આમ આડો કરીને પછી ઊંધા ચોગડા ('૪') જેવો કરવામાં આવે છે; દા૦ત૦, 'છ્ર'. ઊંધા ચોગડા જેવા આકારમાંથી કાળક્રમે વચ્ચેનો મીંડાવાળો ભાગ નીકળી જવાથી 'ર' (રેફ)નું '^' આવું ચિહ્ન પ્રચલિત બન્યું.

દેવનાગરી લિપિના પૂર્ણદંડવાળા 'क'ની સાથે 'ર'નું ચિહ્ન જોડતાં તેનું 'क्र' આવું બે પાંખિયાંવાળું સ્વરૂપ થતું. પણ પછી તેનું જમણી બાજુનું પાંખિયું 'क'ના દંડમાં ભળી જવાથી 'क्र' આમ એક પાંખિયાપૂર્વક લખાવા માંડ્યું. 'क्र' ની જેમ જ પૂર્ણદંડવાળા 'ख्र, ग्र, घ्र' વગેરે બધા જ વર્ણોમાં, '/' આવા એક પાંખિયાપૂર્વક જ 'ર' (રેફ) લખાવા માંડ્યો. તેથી એક પાંખિયાવાળું ચિહ્ન જ રેફવાચક બની ગયું. પરન્તુ 'છ - ટ - ઠ - ડ - ઢ' જેવા અર્ધદંડિત વર્ણોમાં તે '^' આવું બે પાંખિયાંવાળું જ રહ્યું.

દેવનાગરીના 'द'નો દંડ સહેજ આડો રહેતો હોવાથી આડા કરાયેલા 'ર'નાં બે પાંખિયાંમાંથી એક પાંખિયું 'द'ના દંડમાં ભળી ગયેલું 'द्र' આમ સ્પષ્ટ જણાઈ આવે છે. (द्र←અકારવાચક દંડ) કૌંસમાં તીરથી બતાવ્યા મુજબ 'દ્ર'માં નીચેનો દંડ અકારવાચક હોવાથી '^' આવા બે પાંખિયાંવાળા ચિહ્ન દ્વારા (ર્^અ = ર્ + અ = ર) કૌંસમાં બતાવ્યા મુજબ આખો 'ર' સમજાય છે.

'ર્ય' જોડાક્ષરમાં વચ્ચે રહેલા 'ર'માંથી 'અ' સ્વરનો લોપ થઈ પછી તેનું 'ય' સાથે જોડાણ થવાથી 'ર' અડધો થઈ ગયો છે. તેથી 'ર' (રેફ) અડધો છે કે આખો તે તો જોડાક્ષરમાં તેના વચ્ચેના જોડાણ ને ઉચ્ચારણ દ્વારા જ સમજવું રહ્યું. આવા પ્રસંગોમાં ઘણું કરીને 'ર'નું જોડાણ 'ય' વર્ણની સાથે જ હોય છે. 'द' વગેરે વર્ણો સાથે 'द्र' આવી રીતે જોડાયેલો 'ર' (રેફ) આખો જ છે; દા૦ત૦, 'द् + ર (રેફ) = द्र'. આમાં 'द्' ખોડો છે અને 'ર' આખો છે એમ બતાવવા 'द्र्' આમ ખોડાની નિશાની પૂર્વક લખવું પડે.

'ર' (રેફ) પછી અન્ય કોઈ પણ વ્યંજન આવતાં, 'ર' (રેફ) તેના શિર પર ચઢે છે; દા૦ત૦, વર્ગ, વર્ય વગેરે. પરન્તુ આ 'ર' અર્થાત્ રેફની પૂર્વે અર્ધવ્યંજન હોય ત્યારે તે 'ર' (રેફ) પછીના વ્યંજનના શિર પર ચડતો નથી.

આવા પ્રસંગે ઘણું કરીને ઉત્તરવર્તી વ્યંજન તરીકે **'ય'** હોય છે; દા૦ત૦, **અ-ગ્-ર્-ય = અગ્ર્ય, દા-રિ-દ્-ર્-ય = દારિદ્ર્ય** વગેરે.

'ર' (રેફ) જ્યારે પદને અંતે હોય ત્યારે જ ખોડો લખાય છે; દા૦ત૦, **પુનર્, પિતર્, માતર્** વગેરે. પણ એના પછી સ્વર આવે તો પૂરો લખાય, વ્યંજન આવે તો માથે ચડી જાય અને એની પૂર્વના વ્યંજન સાથે જોડાક્ષર તરીકે હોય તો **'પ્ર', 'વ્ર'** વગેરેની જેમ '/' આવા ચિહ્નરૂપે દર્શાવાય છે.

'/' આવા ચિહ્નરૂપ અર્ધો 'ર' પૂર્ણદંડવાળા વર્ણોમાં રહેલા (પૂર્ણદંડના)અકાર-સૂચક **'અ'** સાથે મળીને આખો બની જાય છે; દા૦ત૦, **અગ્ર, નમ્ર, પત્ર** વગેરે.

**'શ્ર્ય'** જોડાક્ષરમાં બીજા ક્રમે રહેલો અડધો 'ર', પ્રથમ ક્રમે રહેલા અડધા **'શ'**ની સાથે જોડાયેલો હોવાથી તેનું ઊર્ધ્વગમન થતું નથી અને તે ઉત્તરવર્તી અર્થાત્ ત્રીજા ક્રમે રહેલા **'ય'** સાથે જોડાઈ જાય છે. તેથી તેમાં '/' આવા ચિહ્નરૂપે રહેલો 'ર' અડધો બોલાય છે. સ્વર પછી અડધો 'ર' એટલે '<u>ᒣ</u>' આવો શીર્ષસ્થ રેફ, સંયુક્ત વ્યંજન **'શ્ + ર્'**માં અર્થાત્ **'શ્ર્'**માં રહેલો 'ર' પછીના **'ય'** સાથે જોડાતાં તે '/' આમ એક પાંખિયાથી લખાય છે અને અડધો બોલાય છે. તે જ્યારે પૂર્ણદંડવાળા વ્યંજનના અકારસૂચક દંડ સાથે જોડાય છે ત્યારે આખો બોલાય છે.

**—અરુણોદય ન. જાની**

ઉત્તર—(૨) **'ર્ય'** જોડાક્ષરમાં વચ્ચે રહેલો 'ર' અડધો છે, જ્યારે **'દ્ર'** જોડાક્ષરમાં છેડે રહેલો 'ર' આખો છે. આમ અડધા અને આખા અર્થાત્ વ્યંજનાંત અને સ્વરાન્ત આ બંને પ્રકારના 'ર્-ર' માટેનું '/' આવું ચિહ્ન તો અડધાઆખાના ભેદ વગરનું સમાન જ છે, તેનું મુખ્ય કારણ એ છે કે સામાન્યતયા 'ર' (રેફ) પછી **'ય'** આવે તો **'કાર્ય'** વગેરેની જેમ 'ર' (રેફ) **'ય'**ના માથે ચડી જાય છે. કારણ કે પૂર્વમાં સ્વર છે. પણ **'દરિદ્ર'** વગેરે શબ્દોમાં જે **'દ્+ર'**નો જોડાક્ષર છે એ સંપૂર્ણ (ફક્ત સ્વર વિનાનો)**'દ્ર્'**, **'ય'** પ્રત્યયની સાથે જોડાય છે. તેથી **'દારિદ્ર્ય'** બને છે. અહીં જો માત્ર સ્વર પછી આવતા 'ર' સાથે જ જોડાક્ષર હોત તો **'દારિર્ય'** થઈ જાત. અર્થાત્ 'ર' (રેફ), પછીના **'ય'** વ્યંજનના શિરે ચડી જાત. એટલે એકલા 'ર' સાથે નહિ, પણ **'દ્ર્'** સાથે **'ય'**નો જોડાક્ષર છે. તેથી **'દ્ર'**માંથી માત્ર અકારસૂચક દંડરૂપ **'અ'** સ્વર કાઢતાં જે **'દ્ર્'** આટલો અંશ બાકી રહે છે તેની સાથે **'ય'**નું જોડાણ થાય છે. માટે અડધા 'ર'નું ચિહ્ન '/' આવું આખા 'ર'ના ચિહ્ન જેવું જ રહે છે.

**—મુનિ જયસુંદરવિજય**

ઉત્તર — (૩) ઉપર-નીચેના ક્રમે સંયુક્ત અક્ષરોમાં ઉપરનો પૂર્ણ વ્યંજન પણ અડધો ગણાય છે; દા૦ત૦, ડ્ડ, ક્ક વગેરે. તેમ 'ર'ના '/' આવા ચિહ્નની બાબતમાં સમજીએ તો પણ વાંધો નથી. માટે જ 'ર્ય'માં આ રીતે જોડાણ છે, પણ 'ર્ય'માં એવું નથી. કારણકે 'ર્ય'માં અક્ષરોનું જોડાણ ઉપર-નીચે છે, જ્યારે 'ર્ય'માં અપેક્ષાએ 'ય'ની સાથે 'ર'નું જોડાણ સીધી લીટીમાં ગણાય. બાકી '/' આવા ચિહ્નરૂપ 'ર'ને પૂર્ણ સમજવામાં વાંધો નથી. એને ખોડો ન ગણવો, પણ ઉપર-નીચેના ક્રમના કારણે ઉચ્ચારણમાં તે અડધો કે આખો રહેશે.

— આચાર્ય જગચ્ચન્દ્રસૂરિ

૨. 'ક્ષ' અને 'જ્ઞ' અનુક્રમે 'ક્ + ષ' અને 'જ્ + ઞ'ના સંયોગ દર્શાવતા વિશિષ્ટ વર્ણો છે. 'તાર્ક્ષ્ય' અને 'સૌજ્ઞ્ય' શબ્દમાં રહેલા 'ર્ક્ષ્ય' અને 'જ્ઞ્ય' જોડાક્ષરમાં અનુક્રમે ચાર અને ત્રણ અક્ષરો જોડાયા હોવા છતાં, 'ક્ષ' અને 'જ્ઞ'ને વિશિષ્ટ વર્ણો તરીકે સ્વીકાર્યા હોવાથી, તેને અનુક્રમે ત્રણ અને બે અક્ષરોના જોડાક્ષર માનવા ઉચિત છે. (જુઓ પાનું ૪૦)

— અરુણોદય ન. જાની

૩. શ્રી + અંક = 'શ્ર્યંક' એમ સાચું લખાય છે, પણ 'અગ્ર્ય'માં 'અગ્ર્ય' એમ ખોટું લખવાનો પ્રઘાત પડી ગયો છે. આમાં વ્યંજનક્રમ 'ગ્ + ય્ + ર' નથી, પણ 'ગ્ + ર્ + ય' છે. (જુઓ પાનું ૬૩)

— અરુણોદય ન. જાની

૪. 'ર્ય' વાળું લખાણ શાસ્ત્રીય છે. ભલભલા પણ 'ર્ય'ના સ્થાને 'ર્ય' લખવાની ભૂલ કરે છે. (જુઓ પાનું ૬૪) — અરુણોદય ન. જાની

૫. રેફ પછી 'હ' સિવાયનો કોઈ પણ વ્યંજન આવે તો તે વિકલ્પે બેવડાય છે; દા૦ત૦, વર્ગ-વર્ગ્ગ, વર્ય-વર્ય્ય પણ 'અર્હ' શબ્દમાં રેફ પછી 'હ' આવતો હોવાથી 'હ' બેવડાતો નથી. — અરુણોદય ન. જાની

૬. ઊર્ધ્વ, ધાર્ષ્ટ્ય, કાર્ષ્ણ્ય, તાર્ક્ષ્ય આદિમાં રેફ પછીનો વ્યંજન વિકલ્પે બેવડાય છે, પણ સામાન્ય રીતે રેફ પછી વિકલ્પે બેવડાતા વ્યંજનને સરળતા ખાતર ન બેવડાવતાં ઊર્ધ્વ, ધાર્ષ્ટ્ય, કાર્ષ્ણ્ય, તાર્ક્ષ્ય એવાં જ રૂપો પ્રચલિત થયાં છે. (જુઓ પાનું ૮૧)

— અરુણોદય ન. જાની

સંખ્યાંક 'પ' અને પગના 'પ'ની સાથે ષટકોણના 'ષ'નું આંશિક સામ્ય છે. પરન્તુ મહત્ત્વનો ભેદ એ છે કે પાંચડો અને પગનો 'પ' ચાંચવાળો હોય છે, જ્યારે 'ષ' ચાંચ વગરનો હોય છે.

ઉત્તર ગુજરાતની કેટલીક પ્રાથમિક શાળાઓમાં બાળકોને 'ષ' શીખવતી વખતે (પગનો) 'પ' ફાડિયો 'ષ' એમ બોલાવીને શીખવવામાં આવે છે પણ એથી ઉપર બતાવેલો મહત્ત્વનો ચાંચ અંગેનો ભેદ ભુલાઈ જવાની શક્યતા જન્મે છે.

દેવનાગરીમાં સંખ્યાંક '૫', પગનો 'પ' અને ષટકોણનો 'ષ' આ ત્રણેય આપોઆપ જુદા તરી આવે છે. ગુજરાતીમાં આ ત્રણેય વર્ણો દેવનાગરીમાંથી જ ઉદ્ભવ્યા હોવા છતાં તેમાં રહેલો ભેદ પ્રથમથી જ સ્પષ્ટપણે ન બતાવાય તો આકૃતિ સંબંધે ભૂલ થવા સંભવ છે.

— રતિલાલ સાં. નાયક









# ટિપ્પણી ૫

૧. રેફ અંગે પાણિનિ-વ્યાકરણના **'रोगाख्यायां ण्वुल् बहुलम्'** (૩-૩-૧૦૮)એ સૂત્ર ઉપર બે વાર્ત્તિકો આપ્યાં છે: ૧. **'वर्णात् कारः'** આ વાર્ત્તિકથી **'અ, ક'** વગેરે વર્ણો માટે **અકાર, કકાર** એવા શબ્દો બને છે. ૨. **'रादिफः'** (રાદ્ ઈફ:) આ બીજા વાર્ત્તિકથી **'ર'** વ્યંજનને **'કાર'**ને બદલે **'ઈફ'** પ્રત્યય લાગે છે. તેથી **ર + ઈફ = 'રેફ'** શબ્દ બને છે.

તત્ત્વબોધિનીકાર જ્ઞાનેન્દ્ર સરસ્વતી **'ઈફ'** પ્રત્યયને વિકલ્પે સિદ્ધ કરી, **'ર'**ને માટે **'રકાર'** એવો શબ્દપ્રયોગ પણ શુદ્ધ છે એમ જણાવે છે.

**જૈન** વૈયાકરણો સારસ્વત અને હેમચંદ્રાચાર્યજી પણ **'રદિફો વા'** એમ **'ઈફ'** પ્રત્યય વિકલ્પે કહે છે. તેમના મતે **'રેફ'** અને **'રકાર'** એમ બંને પ્રયોગોને સમર્થન મળે છે. (જુઓ પાનું ૮૬)

**—અરુણોદય ન. જાની**

૨. **'ર'** પછી વ્યંજન આવે તો 'जलतुम्बीन्यायेन रेफस्योर्ध्वगमनम्' અર્થાત્ પાણીમાં **નીચે** દબાવી રાખેલી તૂંબડી, દબાણ છૂટી જતાં તરત જ કૂદીને સપાટી પર આવી **જાય છે**, તેમ **'અર્ક'**માંનો **'ર્'** કૂદીને સપાટી ઉપર અર્થાત્ શિરોરેખા ઉપર આવી **જાય છે** અને પછીના વ્યંજનના અર્થાત્ **'ક'**ના માથા ઉપર જઈને રહી જાય છે; જેમ કે, **અર્ક, કર્ક, ધર્મ, કર્મ** વગેરે. (જુઓ પાનું ૮૬)

**—અરુણોદય ન. જાની**

૩. **'ધર્મ'** શબ્દમાં **'ર્મ'** જોડાક્ષર જ છે. **'હરિઃ ગચ્છતિ'**માં સંધિથી વિસર્ગનો **'રેફ'** થઈ **'હરિર્ગચ્છતિ'** થાય છે ત્યારે જલતુમ્બી ન્યાયથી **'રેફ'**નું ઊર્ધ્વગમન થતાં, અડધો રેફ શિરોરેખાની સપાટી ઉપર આવી જાય છે અને તેને પછીના વર્ણની ઉપર દર્શાવાય છે; જેમ કે, **'હરિર્ગચ્છતિ'**. આમાં **'ર્ગ'** જોડાક્ષર છે. (જુઓ પાનું ૮૬)

**—અરુણોદય ન. જાની**

૪. **'ર્મ'** વગેરે રેફવાળા જોડાક્ષરોમાં પણ અક્ષરો ઉપર-નીચે જ જોડાય છે. સામાન્ય રીતે **'ઉદ્+ભવતિ'**માં ખોડા **'દ્'**ની સાથે પછીનો આખો અક્ષર જોડાય છે; દા૦ત૦, **ઉદ્ભવતિ.** જ્યારે અડધો **'રેફ'** શિરોરેખાની ઉપર રહે છે અને તેને જોડાયેલો અક્ષર નીચે રહે છે.

**—અરુણોદય ન. જાની**

૫. **‘ર’ વ્યંજન બ્રાહ્મીલિપિમાં ‘ ’ આવો હતો. આજે વ્યંજન ઉપર જે રેફ ચડે છે, તે તેનો ઉપરનો અડધો ભાગ છે અને વ્યંજનની નીચે જે ‘/’ આવી ત્રાંસી રેખા કરાય છે, તે તેનો નીચેનો અડધો ભાગ છે.** પછી ‘^’ આ વિકાસ થયો. (જુઓ પાનું ૯૦)

**—કે. કા. શાસ્ત્રી**
**—હરિવલ્લભ ભાયાણી**
**—ગોપાલકૃષ્ણ મોદી**

૬. આપણી લિપિમાં ‘ર’ (રેફ) તેની પછીના વ્યંજનનું જોડાણ દર્શાવવા તે **વ્યંજન** ઉપર ચડાવવામાં આવે છે. આ વ્યવસ્થા પણ ઉચ્ચારણ સ્ખલન પ્રેરતી જોવા મળે છે; જેમ કે, **આદર્શ કે આર્દશ, પુનર્લગ્ન કે પુર્નલગ્ન.** લિપિની આવી આવી અપૂર્ણતાઓ ઉચ્ચારણ સ્ખલનને જન્મ આપે, જે ભાષા પરિવર્તનનું કારણ બને.

**—રમણલાલ પાઠક**

૭. રેફને અખંડ અક્ષર ઉપર મૂકવાની રૂઢિ જરા ભ્રામક લાગે એવી નથી? એથી ઉચ્ચારણ સ્થાનથી રેફ ઘણો દૂર ખસે છે.

**‘આર્ટ્સ’** એમ લખવું એ અત્યાર સુધીના નિરૂપણ મુજબ શાસ્ત્રીય ગણાય. જેનું ઉચ્ચારણ પહેલું એ અક્ષર પહેલો આવે એમાં કશું ખોટું નથી. (પા૦ ૮૮)

**—જયંત કોઠારી**

૮. **‘આર્ટ્સ’, ‘વર્ક્સ’, ‘વર્ડ્ઝ’** વગેરે અંગ્રેજી શબ્દો આવી જ રીતે લખવા હિતાવહ છે.

**—કે. કા. શાસ્ત્રી**

૯. **‘આર્ટ્સ’** વગેરે અંગ્રેજી શબ્દો આ પ્રમાણે લખાય તે બરાબર છે.

**—ઈશ્વરલાલ ર. દવે**

૧૦. **‘આટ્ર્સ’, ‘વક્ર્સ’, ‘વડ્ર્ઝ’** વગેરે અંગ્રેજી શબ્દો આમ છેલ્લા અખંડ અક્ષર ઉપર રેફ મૂકવા પૂર્વક લખવા એ શાસ્ત્રીય રીતે સાચું હોવા છતાં લોકોને તેમાં આખા **‘ટ - ક - ડ’**ની ભ્રાન્તિ થાય છે. તેથી વ્યાવહારિક દૃષ્ટિએ **‘આર્ટ્સ’** આમ વચલા અડધા અક્ષર ઉપર રેફ મૂકવા પૂર્વક લખાય તે ક્ષમ્ય ગણવું જોઈએ.

ખરું જોતાં **'આર્ટ્સ', 'વર્ક્સ', 'વર્ડ્ઝ'** આમ ઉપર-નીચે જોડીને લખાય તે જ યોગ્ય છે. પરન્તુ જોડાક્ષર ઉપર-નીચે લખવા જતાં તેની લંબાઈ વધી જતી હોવાથી **'આર્ટ્સ, વર્ક્સ, વર્ડ્ઝ'** એમ લખવાનું પ્રચલિત થયું છે.

મરાઠી લોકો આવા અંગ્રેજી શબ્દો **'આર્ટસ્, વર્કસ્, વર્ડઝ્'** એમ છેલ્લા અક્ષરને ખોડો કરવા પૂર્વક લખે છે. (જુઓ પાનું ૯૧)

**—અરુણોદય ન. જાની**

૧૧. **'આર્ટ્સ, વર્ક્સ, વર્ડ્ઝ'** વગેરે અંગ્રેજી શબ્દોમાં વચલા **'ટ્-ક્-ડ્'** આમ ખોડાના ચિહ્ન સાથે લખાય તો તેમાં કોઈને આખા **'ટ-ક-ડ'**ની ભ્રાન્તિ થવાનો સંભવ રહે નહિ.

**—લેખક**

૧૨. ગુજરાતીમાં પણ અર્ધો **'ર'** છે; દા૦ત૦, **'કુસુમો ખર્યાં'**. મરાઠીમાં **'સૂર્યા'** (સૂર્યા)માં જેવો **'ર'** બોલાય છે, તેવો જ **'ર'** આમાં બોલાય છે.અર્ધ **'ર-હ'** પછી **'ય'** આવે તો અર્ધ **'ર-હ'**નું ઉચ્ચારણ મૃદુ બને છે; દા૦ત૦, **'ખર્યાં'**માં **'ગર્વ'**ની માફક અર્થાત્ **'ગર્+વ'** બોલાય છે તેમ **'ખર્+યાં'** બોલાતું નથી, પણ **'ખર્યાં'** એમ **'ર'**નું પોચું ઉચ્ચારણ થવાથી **'ખ'**નો **'અ'** ગુરુ બનતો નથી. **'કહ્યું'**માં **'કહ્+યું'** બોલાતું નથી. **'હ'**નું પોચું ઉચ્ચારણ થવાથી **'ક'**ને ગુરુત્વ આવતું નથી. તેથી જ કેટલાક લોકો **'ખર્યાં'**ને બદલે **'ર'**માં હ્રસ્વ **'ઇ'** ઉમેરીને **'ખરિયાં'** એમ બોલે છે. તેવી જ રીતે **'હ'**માં પણ હ્રસ્વ **'ઇ'** ઉમેરીને **'કહિયું'** બોલે છે. **ગમ્યું, મળ્યું** વગેરેમાં પણ **'ગમ્+યું'** અને **'મળ્+યું'** બોલાતું નથી. તેથી પૂર્વનો **'અ'** ગુરુ બનતો નથી. હ્રસ્વ **'ઇ'** ઉમેરીને **ગમિયું, મળિયું** એમ પણ બોલાય છે.

**—અરુણોદય ન. જાની**

# ❀ ટિપ્પણી ૬ ❀

૧. અનુસ્વાર અને અનુનાસિક આ બે સંજ્ઞાઓ અંગે વિદ્વાનોમાં ગેરસમજ પ્રવર્તે છે. એનું કારણ તે બંને વચ્ચેના તાત્ત્વિક ભેદનું અજ્ઞાન જ છે. અનુનાસિક એ માત્ર સ્વરોનો જ ધર્મ છે. વ્યંજનોમાં માત્ર **'ઙ - ઞ - ણ - ન - મ'** અનુનાસિક છે અને **'લ'** અમુક સંજોગોમાં અનુનાસિક બને છે. અનુનાસિકના ઉચ્ચારણમાં મુખ અને નાસિકા એ બંને સ્થાનો સંયુક્ત રીતે ભાગ ભજવે છે. તેનું ઉચ્ચારણ કરતી વખતે હવાનો કેટલોક ભાગ તે તે સ્થાનમાંથી નીકળે છે અને થોડો ભાગ નાકમાંથી નીકળે છે. આમ **'नासिकाम् अनु'** અર્થાત્ નાસિકાને અનુસરીને ઉચ્ચારણ થવાથી તેને **અનુનાસિક** એવી સંજ્ઞા અપાઈ છે.

અનુસ્વાર એ વ્યંજનની સંજ્ઞા છે, સ્વરની નહિ. ખોડો **'મ્'** પદને અંતે આવે તો તેનો અનુસ્વારરૂપી આદેશ (Substitrate) થાય છે, જો તેની પછી વ્યંજન આવે તો; દા૦ત૦, **હરિમ્ વન્દે = હરિં વન્દે।** પણ જો પદાન્ત **'મ્'** પછી સ્વર આવે તો તે ખોડો **'મ્'** પછીના સ્વર સાથે મળી આખો થઈ જાય છે; દા૦ત૦, **જલમ્ અપિ = જલમપિ। જલમ્ ઇચ્છતિ = જલમિચ્છતિ।** ઇત્યાદિ.

અપદાન્ત અનુસ્વાર પછી **'ક-ચ-ટ-ત-પ'**એ વર્ગનો વ્યંજન આવે ત્યારે, પછી આવનાર વ્યંજનના વર્ગનો અનુનાસિક વર્ણ અનુસ્વારનો આદેશ બને છે. સંસ્કૃતમાં તે નિત્ય 'ફરજિયાત' છે, વૈકલ્પિક નથી. તેથી **'કુઙ્કુમ, ચઞ્ચલ, પણ્ડિત, દન્ત, ચમ્પક'** એમ જ લખાય. પણ **કુંકુમ, ચંચલ** એમ અનુસ્વાર સાથે લખાય નહિ. જો પદને અંતે અનુસ્વાર હોય તો અનુસ્વારનો પરસવર્ણ આદેશ અર્થાત્ તે તે વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે; દા૦ત૦, **'ત્વં કરોષિ'** એમાં **'ત્વઙ્કરોષિ'** અથવા **'ત્વં કરોષિ'** એમ વિકલ્પ છે.

અનુસ્વાર પછી **'ય - ર - લ - વ'** અથવા **'શ - ષ - સ -હ'** આવે તો અનુસ્વારમાં ફેરફાર થતો નથી, પરન્તુ તેનું ઉચ્ચારણ વિશિષ્ટ પ્રકારનું બને છે; દા૦ત૦, **'સિંહ'**નું ઉચ્ચારણ **'સિમ્હ'** ન થતાં **'સિઉંહ'** એવું થાય છે. આનું અનુકરણ કરીને લોકો **'ચન્દ્ર'** શબ્દનું પણ **'ચઉન્દ્ર'** એવું ખોટું ઉચ્ચારણ કરે છે.

**આંખ, આંધળો, વાંક, વાંધો, ઊંઘ, દહીં** વગેરે શબ્દોમાં **'આં', 'ઊં', 'ઈં'**માં **'આ-ઊ-ઈ'** અનુનાસિક છે. તેને અનુસ્વાર સમજી ખાસ કરીને મરાઠી લોકો **'આન્ધળો, વાન્ધો'** એવું ખોટું પરસવર્ણ ઉચ્ચારણ કરે છે. હિન્દીભાષીઓ **'સિંહા'**નું **'સિન્હા'** લખે છે ને તેમ ઉચ્ચારે છે, તે પણ ખોટું છે.

હિન્દીમાં **'હંસ'** (ઉચ્ચારણમાં **'હઉંસ'**)ને **'હન્સ'** કહે છે તે ખોટું છે. **'હિંસા'** શબ્દમાં અનુસ્વાર છે, તેથી તેનું **'હિન્સા'** ઉચ્ચારણ ખોટું ઠરે છે.

હિન્દીમાં હઁસના ('હસવું' ક્રિયાપદ) શબ્દમાં **'હ'**માં રહેલો **'અ'** અનુનાસિક છે. તેથી 'હઁસના' લખવામાં આવે છે. સંસ્કૃત અને હિન્દીમાં અનુનાસિક માટે 'ँ' અર્થાત્ ચન્દ્રબિન્દુ અને અનુસ્વાર માટે '•' અર્થાત્ મીંડું એવાં પૃથક્ ચિહ્નો છે. ગુજરાતીમાં અનુનાસિક ચિહ્નોનો ઉપયોગ થતો નથી. તેથી કાં તો શ્રી બ૦ ક૦ ઠાકોરે સૂચવેલાં ચિહ્નો, અનુસ્વાર માટે '૦' અર્થાત્ પોલું મીંડું' અને અનુનાસિક માટે '•' અર્થાત્ નક્કર મીંડું અપનાવવાં જોઈએ. અથવા 'ँ' અને '૦' આ પ્રાચીન ચિહ્નો દ્વારા ભેદ બતાવવામાં આવે તો ઉચ્ચારણમાં સુવિધા અને શાસ્ત્રીયતા પ્રવર્તે.

અનુનાસિકને અનુસ્વારનો પ્રકાર માની અનુસ્વારના તીવ્ર અને મંદ અથવા પ્રબળ અને નિર્બળ એવા ભેદ માનવા તે અશાસ્ત્રીય છે.

અનુસ્વારની વિશિષ્ટતા એ છે કે તે જે અક્ષરની સાથે બોલાય છે, તેના મથાળે લખાય છે; દા૦ત૦, **'હરિમ્'** શબ્દમાં **'રિ'** અક્ષર પછી **'મ્'** બોલાય છે તેથી **'હરિં'** લખાય છે.

## સંસ્કૃતમાં ખોડા 'મ્-ન્'ના અનુસ્વાર બનવા અંગેના નિયમો

૧. **'मोऽनुस्वारः'** અર્થ : પદના અંતે આવેલા ખોડા **'મ્'**નો જો તેની પછી વ્યંજન હોય તો અનુસ્વાર થાય છે. પણ એના પછી સ્વર કે વ્યંજન ન હોય અર્થાત્ તે છેડે જ રહેલો હોય તો ખોડો **'મ્'** જ લખાય છે; દા૦ત૦, **હરિમ્ વન્દે।** અહીં **'હરિમ્'**ના **'મ્'** પછી વ્યંજન આવવાથી તેનો અનુસ્વાર થઈ તે એની પૂર્વના અક્ષરના માથે લખાય છે. બાળકોને બારાખડીમાં પણ શિખવાય છે કે **'ક'**ને માથે મીંડું **'કં'**. જ્યાં ખોડા **'મ્'** સાથે વાક્ય પૂરું થતું હોય અર્થાત્ વાક્યને અંતે **'મ્'** હોય તો તેનો અનુસ્વાર થતો નથી; દા૦ત૦, **વન્દે હરિમ્।** **'મ્'** પછી સ્વર આવે તો એ સ્વર **'મ્'**માં ભળી જાય છે; દા૦ત૦, **મ્+અ=મ, મ્+આ=મા, મ્+ઈ=મિ** વગેરે.

૨. **'नश्चापदान्तस्य झलि'** અર્થ : ખોડો **'ન્'** પદને અંતે ન હોય અર્થાત્ શબ્દની વચ્ચે હોય અને તેના પછી **'झल्'** અર્થાત્ સ્વર, અનુનાસિક અને **'ય - વ - ર - લ'** સિવાયના વર્ણો આવે તો તેનો અનુસ્વાર થાય છે; દા૦ત૦, **મનાન્સિ = મનાંસિ**

૩. **'अनुस्वारस्य ययि परसवर्णः'** અર્થ : અનુસ્વાર પછી **'यय्'** અર્થાત્ સ્વર અને **'શ - ષ - સ - હ'** સિવાયના વ્યંજનો આવે તો તે અનુસ્વારનો પર-સવર્ણ થાય છે. એટલે કે તેની પછી જે વ્યંજન આવ્યો હોય, તે જે

વર્ગનો હોય તે વર્ગનો અનુનાસિક અનુસ્વારને બદલે મુકાય છે; દા૦ત૦, **'કુંકુમ, ચંચલ, પંડિત, ચંદ્ર, ચંપક'** આમાં અનુસ્વાર પછી અનુક્રમે **'ક-ચ-ટ-ત-પ'** વર્ગના વ્યંજનો હોવાથી તે વર્ગના **'ઙ-ઞ-ણ-ન-મ'** એ અનુનાસિકો થાય છે. આમાંનો 'ઙ' પૂર્ણદંડરહિત હોવાથી **'कुङ्कुम'** એમ ઉપર-નીચે જોડીને લખાય છે. બાકીના **'ઞ - ણ - ન - મ'**ને દંડરહિત બનાવીને તેની સાથે પછીના વર્ણોને જોડવામાં આવે છે; દા૦ત૦, **ચઞ્ચલ, પણ્ડિત, ચન્દ્ર, ચમ્પક**

૪. **'वा पदान्तस्य'** અર્થ : પદને અંતે આવેલા અનુસ્વારનો પર-સવર્ણ વિકલ્પે થાય છે; દા૦ત૦, **મૂકં કરોતિ – મૂકઙ્કરોતિ, તં તથા – તન્તથા**

આમ અનુસ્વારનો સંબંધ પૂર્વ વર્ણ સાથે હોવાથી તેને પછીના વર્ણના માથે મૂકવો તે ખોટું છે. **'બન્ધ'**ના સ્થાને **'બધં'** લખાય તો તે **'બધમ્'** થશે.

**'દવાખાનું'** શબ્દમાં અંતે રહેલું મીંડું એ અનુસ્વાર નથી, પણ અનુનાસિક છે.

**'ઉ'** સાદો છે અને **'ઉઁ'** અનુનાસિક છે. ગુજરાતીમાં **'આંખ'** વગેરે શબ્દોમાં પણ અનુનાસિકને બદલે અનુસ્વાર મુકાય છે. અનુનાસિક સ્વરધર્મ છે અને અનુસ્વાર વ્યંજનધર્મ છે.

**ઘઉં** શબ્દમાં અન્ત્ય **'ઉઁ'** સ્વર અનુનાસિક છે. તેથી તેનું **'ઉઁ'** એવું અનુનાસિક ઉચ્ચારણ થવું જોઈએ. પરન્તુ અન્ત્ય સ્વરના અનુનાસિકનો રણકો તેની પૂર્વમાં આવેલા **'ઘ'**માં રહેલા **'અ'** ઉપર આવતો હોવાથી **'ઘઁઉ'** એવું તેનું ઉચ્ચારણ થાય છે. આમાં અનુનાસિકત્વનું સ્થળાન્તર થાય છે.

**'દહીં'** શબ્દમાં પણ અન્ત્ય **'ઈં'** અનુનાસિક છે. સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે **'દધિ'** શબ્દનો અન્ત્ય **'ઇ'** વિકલ્પે અનુનાસિક બને છે. તેથી તેના **'દધિ'** અને **'દધિઁ'** એવાં બે રૂપ થાય છે. ગુજરાતીમાં **'ધ'**નો **'હ'** થઈ જવાથી **'દહીં'** શબ્દ બન્યો. આમાં પણ પૂર્વ વર્ણ ઉપર અનુનાસિકની છાયા પડવાથી **'દઁહી'** કે **'દઁઈ'** એવું ઉચ્ચારણ સંભળાય છે. ઉપરનાં બંને ઉદાહરણોમાં અન્ત્ય અનુનાસિકનું પૂર્વસ્વર તરફ સ્થળાન્તર થાય છે. **— અરુણોદય ન. જાની**

૨. **'ઙ - ઞ - ણ - ન - મ'** આ પાંચ વ્યંજનોનું ઉચ્ચારણ કરતી વખતે વાયુનો થોડો ભાગ નાસિકા વાટે પસાર થતો હોવાથી અનુનાસિક વ્યંજનો, નાસિક્ય વ્યંજનો તરીકે ઓળખાય છે.

**અંગ, સંચય** ઈત્યાદિ શબ્દોમાં (સસ્વર વ્યંજનને કારણે) સ્વરને માથે બિંદુ મુકાય છે. સ્વરસહિત એ બિંદુનું ઉચ્ચારણ કરતી વખતે (એ નિઃસ્વર હોવાથી) વાયુનો કેટલોક ભાગ નાસિકામાંથી પસાર થાય છે. વ્યાકરણમાં આ બિંદુને અનુસ્વાર કહે છે. **'ઙ - ઞ - ણ - ન - મ'** આ પાંચ અનુનાસિક વ્યંજનોના સ્થાને ગુજરાતીમાં આ બિંદુ સસ્વર વ્યંજનોના માથે વિકલ્પે મુકાય છે; દા૦ત૦, **અઙ્ગ-અંગ, સઞ્ચય-સંચય, ઘણ્ટ-ઘંટ, શાન્ત-શાંત, કુમ્ભ-કુંભ**

## અનુસ્વારના પ્રકાર

ઉચ્ચારણની રીતે અનુસ્વાર પ્રબળ (તીવ્ર) પણ હોઈ શકે અને નિર્બળ (મંદ) પણ હોઈ શકે. **અંગ, સંચય, ઘંટ, શાંત, શંભુ** વગેરેમાં ઉચ્ચારણની રીતે અનુસ્વાર પ્રબળ છે; **કૂંડાળું, પાંચમ, ખાંડ, દાંત, કૂંપળ** વગેરે શબ્દોમાં ઉચ્ચારણની રીતે અનુસ્વાર નિર્બળ છે.

પ્રબળ અનુસ્વારનું અનુનાસિકમાં રૂપાન્તર થઈ શકે છે, પણ નિર્બળ અનુસ્વારનું અનુનાસિકમાં રૂપાન્તર થઈ શકતું નથી; દા૦ત૦, **અંગ-અઙ્ગ, સંચય-સઞ્ચય,** પણ **પાંચમ, દાંત** વગેરે.

હિન્દીમાં પણ **'આઁખ, ઊઁટ'** વગેરેમાં ચન્દ્રબિંદી **(ઁ)** વપરાય છે તે નિર્બળ અનુસ્વારનું સૂચક ચિહ્ન છે. સાક્ષર બ૦ ક૦ ઠાકોરે પ્રબળ અનુસ્વાર માટે પોલું મીંડું (જેમ કે, બળવઁત) '०' અને નિર્બળ અનુસ્વાર માટે નક્કર બિંદુ (જેમ કે, પાંચ) '•' લખવા માંડેલું, પણ એ પ્રથા અમલી બની નહિ.

અનુસ્વારનું અનુનાસિકમાં રૂપાન્તર કરવા માટે વ્યાકરણવિષયક પ્રાથમિક સમજણની જરૂરત રહે છે. વળી અનુનાસિક લખવામાં સમય પણ વધુ લાગે છે અને એ થોડું કઠણ પણ પડે છે. આને લીધે ગુજરાતીમાં અનુનાસિકને બદલે અનુસ્વાર અર્થાત્ મીંડું મૂકીને લખવાની પ્રથા જ વધુ પ્રચલિત બની લાગે છે. (જુઓ પાનું ૯૩)

**—રતિલાલ સાં. નાયક**

૩. ગુજરાતીમાં માથે મીંડાનાં ઉચ્ચારણ બે પ્રકારનાં છે: (૧) વર્ગીય અનુનાસિક વ્યંજનનું પછીના વ્યંજન સાથે જોડાણ અને (૨) સ્વરનું માત્ર નાસિક્ય ઉચ્ચારણ; દા૦ત૦, **'નિતાંત'** એટલે **'નિતાન્ત',** પરંતુ **'તાંતણો'** (ત્+આં+તણો). આ પ્રમાણે લખાતા શબ્દો પણ ઉચ્ચારણના ગોટાળા જન્માવે છે.

**'અંશતઃ'**માં રહેલા માથે મીંડાનું ઉચ્ચારણ સ્પષ્ટ નહિ પકડાવાથી સરકારી અમલદારો, જાહેર કાર્યકરો વગેરે **'અશન્ત'** એમ બોલવા લાગ્યા. દા૦ત૦, **'અંશતઃ મદદવાળાં કુટુંબો'**ને બદલે **'અશન્ત મદદવાળાં કુટુંબો'** એવો પ્રયોગ કરવા લાગ્યા.

ગુજરાતીમાં ગવાતી માતાજીની આરતીમાં ખાસ અને હવે તો સામાન્ય વ્યવહારમાં પણ લોકો **'સંવત'**ને બદલે **'સવન્ત'** બોલે છે. **'સવન્ત સોળે પ્રગટ્યાં મા રેવાને તીરે'.** આનું કારણ સામાન્ય વર્ણવ્યત્યયનું સ્ખલન પણ ગણાવી શકાય. પરન્તુ તો (**'વ'**ના સંસર્ગવાળા) **'મ'**નો **'ત'**ના સંસર્ગથી **'ન'** થઈ ગયો એમ ઘટાવવું પડે. વધુ સંભવિત તો એ છે કે આરતી વાંચીને શીખવામાં આવતી હોવાથી માથે મીંડાનો લિપિગત ગોટાળો ઉચ્ચારણમાં પ્રવેશ્યો.

**—રમણલાલ પાઠક**

૪. ગુજરાતીમાં **'ચન્દ્ર'**, **'ચમ્પક'** આદિને બદલે **'ચંદ્ર'**, **'ચંપક'** વગેરે લખવું શાસ્ત્રીય નથી. અનુસ્વારને બદલે પછીના વ્યંજનના વર્ગનો અનુનાસિક જ આવવો જોઈએ. આને પર-સવર્ણ કહે છે. **'ચન્દ્ર'** અને **'ચમ્પક'** શબ્દોને **'ચંદ્ર'** અને **'ચંપક'** એમ અનુસ્વાર પૂર્વક લખનારાઓ બોલતી વખતે **'ચમ્દ્ર'** અને **'ચન્પક'** એમ કેમ બોલતા નથી?

**'ચંદ્ર'** અને **'ચંપક'** આદિના સ્થાને **'ચન્દ્ર'** અને **'ચમ્પક'** એમ તે તે વર્ગના અનુનાસિક અક્ષર સાથે લખાય તે શાસ્ત્રીય તો છે જ, ઉપરાંત ઉચ્ચારણ પ્રમાણેનું પણ છે. ગુજરાતીમાં સર્વત્ર અનુસ્વારવાળું લેખન કાંઈક અરાજકતાવાળું છે. (જુઓ પાનું ૯૩)

**—અરુણોદય ન. જાની**



# ટિપ્પણી ૭

૧. (અ + ઉ + મ્ = ઓમ્) **'અ + ઉ + મ્'** એવા અક્ષરોનું **'ૐ'** એ પ્રતીક છે. અર્થાત્ **'ઓમ્'** એવા મૂળ સ્વરૂપનું તે વૈકલ્પિક રૂપ છે. એને સંયોગ માનવો એ અજ્ઞાન છે.

આર્યસમાજીઓ **'ઓ૩મ્'** લખે છે તેમાં વચ્ચે **'૩'** વ્યંજન નથી, પણ (३ = ૩) ત્રણની સંખ્યાને સૂચવનારો દેવનાગરી લિપિનો અંક છે અને તે ત્રણ માત્રાવાળા પ્લુત સ્વરનો સૂચક છે.

વેદોમાં હ્રસ્વ સ્વરને માટે '१', દીર્ઘસ્વરને માટે '२' અને પ્લુત સ્વરને માટે '३' સંખ્યાંક મુકાય છે. **'ઓમ્'**માંનો **'ઓ'** પ્લુત સ્વર છે. પ્લુત સ્વરને સૂચવનારા ત્રગડા (३)ને **'ઓ'**થી સહેજ નીચે લખવો જોઈએ. તેને બદલે તેને જ્યારે **'ઓ'**ની લાઈનમાં જ લખવામાં આવે છે, ત્યારે તે પ્લુતસૂચક ત્રણની સંખ્યાને બદલે (ર્+ઊ=રૂ) દીર્ઘ 'ઊ'વાળા 'રૂ' વ્યંજનનો ભ્રમ કરાવનાર બની જાય છે.

**—અરુણોદય ન. જાની**

૨. બે કે બેથી વધુ વ્યંજનો જોડાય ત્યારે જ જોડાક્ષર બને છે. સ્વરો ભેગા મળે તો જોડાક્ષર ન કહેવાય. એને તો **'સંધિસ્વર'** અથવા **'સન્ધ્યક્ષર'** એવું નામ અપાયું છે. એથી **'ઓમ્'** જોડાક્ષર છે જ નહિ. વળી **'ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ'** એમ કહ્યું છે તેથી એ નિઃસંદેહપણે અક્ષર જ છે, પણ જોડાક્ષર નથી.

**—કેશવલાલ વિ. શાસ્ત્રી**

૩. પ્રાતિશાખ્યમાં 'ए-ऐ-ओ-औ' આ ચાર સ્વરોને સન્ધ્યક્ષર સંજ્ઞા આપવામાં આવી છે. એથી **'ઓમ્'** સન્ધ્યક્ષર છે, પણ જોડાક્ષર નથી. (જુઓ પાનું ૯૬)

**—કે. કા. શાસ્ત્રી**

૪. **'શ્રૃ'**ને બદલે **'શૃ'** લખવાનો પ્રચાર થાય એ જરૂરી લાગે છે. હિન્દીના વિદ્વાનો પણ **'શૃ'**ને બદલે **'श्रृ'** લખવાની ભૂલ કરે છે.

**—અરુણોદય ન. જાની**

૫. ગરબડનો પ્રત્યક્ષ અનુભવ **'दृ'** અક્ષર અંગે છે, તે દરવાજાના **'દ'**થી ભિન્ન વર્તાતો નથી. द् + ऋ = 'दृ' આવી આકૃતિવાળો હોય તો ગરબડ દૂર થાય ને ભેદ સ્પષ્ટ વર્તાય. (જુઓ પાનું ૯૭)

**—ગોપાલકૃષ્ણ મોદી**

## ટિપ્પણી ૮

૧. 'ર્‍રૂ' સાચું સ્વરૂપ છે. 'રૂ' એ 'ર્‍રૂ'નું ઉતાવળે લખવાના પરિણામે આવેલું અશાસ્ત્રીય સ્વરૂપ છે. એને ભલે સરકારે માન્ય કર્યું હોય તો પણ 'રૂ' સ્વરૂપ નિયમબદ્ધ ન હોવાથી અશાસ્ત્રીય છે.

—ગોપાલકૃષ્ણ મોદી

### મુદ્રણદોષ

૧. કારણવશાત્ ગુજરાતીના મુદ્રણમાં કેટલીક અરુચિકર પ્રથાઓ દાખલ થઈ ગઈ છે; દા૦ત૦ **'કો'** અક્ષર છાપતી વખતે **'કો'** આમ (માત્રાથી) કાનો જુદો છપાય છે. તેવી જ રીતે **'વંદેમાતરમ્'** છાપતી વખતે **'વ ંદેમાતરમ્'** આમ અનુસ્વાર **'વ'**ના દંડ ઉપર રહેવાને બદલે તેનાથી દૂર (**'વ'** અને **'દે'**ની વચમાં) છપાય છે.

બે માત્રાવાળા અક્ષરોના મુદ્રણમાં વાંચતી વખતે અશુદ્ધિ નજરે ચડે છે. વળી તૂટેલાં હ્રસ્વ ઇકાર ચિહ્નો ('િ')નો તો સુમાર જ નથી. તેમ જ **'રેફ'** અને **'અનુસ્વાર'** બે સાથે હોય ત્યાં **'ંર્'** આમ પ્રથમ અનુસ્વાર અને પછી રેફ છપાય છે; દા૦ત૦, **પર્યંક, પર્યંત** વગેરે.

મુદ્રણના આવા દોષો પરત્વે સારસ્વતોએ આગ્રહ ધરી સુધારા કરાવવા આવશ્યક છે. જો એક જ સારસ્વત કે ધર્મશાસ્ત્રી આ માટે આગ્રહ રાખી એનો અમલ કરવાની તૈયારી બતાવે તો આ માટેનો સુધારો સત્વરે દાખલ કરી શકાશે.

—ગોપાલકૃષ્ણ મોદી

૨. કાનો ('ા') અને અનુસ્વાર ('ં')નાં બીબાં અક્ષરોની સાથે જોડાયેલાં નહિ, પણ છૂટાં બનાવાતાં હોવાથી **'કો'**ને બદલે **'કો'** છપાય છે. આમાં કાનો **'ક'**થી જુદો પડે છે. તેવી જ રીતે **'વંદે'**ને બદલે **'વ ંદે'** છપાય છે. આમાં અનુસ્વાર **'વ'**થી જુદો પડે છે. (**'વ'**ના દંડ ઉપર છપાવાને બદલે **'વ'**ની બાજુમાં છપાય છે.) કાનો અને અનુસ્વાર અક્ષરની સાથે જ જોડાયેલા હોય એવાં બીબાં હવે બનતાં હોય એમ લાગતું નથી. વળી એ બીબાં ગોઠવનારની અણસમજ કે બેદરકારીનું પરિણામ પણ હોઈ શકે છે. બીબાં બનાવનારાઓ અને મુદ્રણાલયના માલિકો આ વાત ધ્યાનમાં લે તો જરૂર આ દોષ ટળે.

—નટવરલાલ યાજ્ઞિક

૩. **'ઋ - ઉ - ઊ'** આ સ્વરોનાં **'ૃ-ુ-ૂ'** આવાં ચિહ્નોને **'શૃ - શુ - શૂ - સૃ - સુ - સૂ'** આમ અક્ષરોના દંડની નીચે જોડવાને

બદલે **'શ્રા - શ્રુ - શ્રૂ - સ્રા - સ્રુ - સ્રૂ'** આવી રીતે પૂર્વના **'શ -સ'** આવા અંશ નીચે જોડીને આજકાલ અક્ષરોનાં બીબાં બનાવાય છે તે અશાસ્ત્રીય છે, માટે અપનાવવા યોગ્ય નથી.

**—અરુણોદય ન. જાની**

રાગમાં **'ગુણવંત'**ને બદલે **'ગુણવઉઁત'** ગવાય છે, એ અતિપ્રાચીન સામગાનમાંથી ઊતરી આવેલી રીત હશે. ગાનમાં આવા વધારાના અક્ષરના ઉમેરા અને વર્ણવિકારને સ્વાભાવિક કહેવા પડે એમ છે. (જુઓ પાનું ૧૦૪)

**—નટવરલાલ યાજ્ઞિક**

અંગ્રેજી ભાષાના ( Proof ) **'પ્રૂફ'** શબ્દના સ્થાને ગુજરાતી ભાષાનો **'છાપ'**, **'છાપશુદ્ધિ'** અથવા **'શોધન'** શબ્દ સ્વીકારી શકાય એવો છે.

**—લેખક**



# ઘૂંટીને શીખવા માટે કેટલાક મહત્ત્વના જોડાક્ષરોની છાપ

| | | | |
|---|---|---|---|
| ૧. | ક્+ક | ક્ક | કક્કો |
| ૨. | ક્+ત | ક્ત | ભક્ત |
| ૩. | ક્+ય | ક્ય | શક્ય |
| ૪. | ક્+ર | ક્ર | ચક્ર |
| ૫. | ક્+લ | ક્લ | શુક્લ |
| ૬. | ક્+વ | ક્વ | પક્વ |
| ૭. | ખ્+ત | ખ્ત-ખ્ત | પુખ્ત તખ્ત |
| ૮. | ઙ્+क | ઙ્ક | રઙ્ક |
| ૯. | ઙ્+ख | ઙ્ખ | શઙ્ખ |
| ૧૦. | ઙ્+ગ | ઙ્ગ | ગઙ્ગા |
| ૧૧. | ઙ્+ઘ | ઙ્ઘ | સઙ્ઘ |
| ૧૨. | ઙ્+મ | ઙ્મ | વાઙ્મય |
| ૧૩. | ઙ્+ક્ષ | ઙ્ક્ષ | કાઙ્ક્ષા |
| ૧૪. | છ્+વ | છ્વ | ઉચ્છ્વાસ |
| ૧૫. | જ્+જ | જ્જ-જ્જ | સજ્જ સજ્જ |
| ૧૬. | જ્+ય | જ્ય | રાજ્ય |
| ૧૭. | જ્+ર | જ્ર-જ્ર | વજ્ર વજ્ર |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | જ્+વ | જ્વ | જ્વર |
| ૧૯. | ઞ્+ચ | ઞ્ચ | ચઞ્ચળ |
| ૨૦. | ઞ્+જ | ઞ્જ | અઞ્જલિ |
| ૨૧. | ટ્+ટ | ટ્ટ | પટ્ટ |
| ૨૨. | ટ્+ઠ | ટ્ઠ | અટ્ઠ |
| ૨૩. | ડ્+ડ | ડ્ડ | ઉડ્ડયન |
| ૨૪. | ડ્+ઢ | ડ્ઢ | બુડ્ઢો |
| ૨૫. | ટ્+ય | ટ્ય | અકાટ્ય |
| ૨૬. | ઠ્+ય | ઠ્ય | અઠ્યાસી |
| ૨૭. | ડ્+ય | ડ્ય | અડ્યું |
| ૨૮. | ઢ્+ય | ઢ્ય | ચઢ્યું |
| ૨૯. | દ્+ગ | દ્ગ | ઉદ્ગમ |
| ૩૦. | દ્+ઘ | દ્ઘ | ઉદ્ઘાટન |
| ૩૧. | દ્+ધ | દ્ધ | ઉદ્ધાર |
| ૩૨. | દ્+દ | દ્દ | રદ્દી |
| ૩૩. | દ્+ભ | દ્ભ | ઉદ્ભવ |
| ૩૪. | દ્+મ | દ્મ | પદ્મ |
| ૩૫. | દ્+ય | દ્ય | વૈદ્ય |
| ૩૬. | દ્+ર દ્+ર | દ્ર – દ્ર | દ્રમક દ્રવ્ય |
| ૩૭. | દ્+વ | દ્વ | દ્વાર |
| ૩૮. | ઘ્+ન | ઘ્ન – ઘ્ન | વિઘ્ન વિઘ્ન |
| ૩૯. | ધ્+ન | ધ્ન – ધ્ન | બ્રધ્ન બ્રધ્ન |

| | | | |
|---|---|---|---|
| ૪૦. | ધ્+ય | ધ્ય | અર્ધ્ય |
| ૪૧. | ધ્+ય | ધ્ય | ધ્યાન |
| ૪૨. | ધ્+વ | ધ્વ | ધ્વજા |
| ૪૩. | ન્+ન | ન્ન – ન્ન | અન્ન પ્રસન્ન |
| ૪૪. | પ્+ત | પ્ત – પ્ત | આપ્ત તપ્ત |
| ૪૫. | પ્+ન | પ્ન – પ્ન | સ્વપ્ન સ્વપ્ન |
| ૪૬. | ય્+ય | ય્ય | ન્યાય્ય |
| ૪૭. | ફ્+ર | ફ્ર – ફ્ર | ફ્રાન્સ ફ્રી |
| ૪૮. | વ્+ય | વ્ય | દ્રવ્ય |
| ૪૯. | વ્+ર | વ્ર | વ્રજ |
| ૫૦. | શ્+ચ | શ્ચ | નિશ્ચય |
| ૫૧. | શ્+ન | શ્ન – શ્ન | પ્રશ્ન પ્રશ્ન |
| ૫૨. | શ્+ર | શ્ર | શ્રમ |
| ૫૩. | શ્+વ | શ્વ – શ્વ | અશ્વ વિશ્વ |
| ૫૪. | સ્+ર | સ્ર | સહસ્ર |
| ૫૫. | સ્+ત્+ર | સ્ત્ર | વસ્ત્ર |
| ૫૬. | હ્+ણ હ્+ણ | હ્ણ – હ્ણ | અપરાહ્ણ પૂર્વાહ્ણ |
| ૫૭. | હ્+ન | હ્ન | જહ્નુ |

| ૫૮. હ્+મ | ૫૯. હ્+ય | ૬૦. હ્+ર | ૬૧. હ્+લ  હ્+લ |
|---|---|---|---|
| હ્મ | હ્ય | હ્ર | હ્લ – હ્લ |
| બ્રહ્મ | કહ્યું | હ્રસ્વ | પ્રહ્લાદ  આહ્લાદ |

| ૬૨. હ્+વ | ૬૩. ળ્+ય | ૬૪. દ્+ર્+ય | ૬૫. દ્+ગ્+ર |
|---|---|---|---|
| હ્વ | ળ્ય | દ્ર્ય – દ્ર્ય | દ્ગ્ર |
| વિહ્વળ | ફળ્યું | દારિદ્ર્ય  દારિદ્ર્ય | ઉદ્ગ્રાહણી |

## કેટલાક મહત્ત્વના અક્ષરોની છાપ

| ૧. દ્+ઋ | ૨. શ્+ઋ | ૩. હ્+ઋ |
|---|---|---|
| દૃ – દૃ | શૃ – શૃ | હૃ |
| દૃશ્ય  દૃષ્ટિ | શૃંગાર  શૃંગાર | હૃદય |



## ॐ દેવનાગરીમાં જોડાક્ષરોની વિભાવના ॐ

(ગુજરાતીમાં જોડાક્ષરોની વિભાવનાના વિશિષ્ટ ઉપલક્ષ્યમાં)

મુદ્રણ પ્રસંગે અક્ષર એક દૃશ્યઘટક છે. દરેક અક્ષરનું આધ્યાત્મિક મૂલ્ય છે. પરન્તુ તેનો સાહિત્યસંબંધે અથવા બૌદ્ધિકસમ્બન્ધે કોઈ વિશિષ્ટ અર્થ હોઈ શકે નહિ. તેનું અતિ મહત્ત્વનું મૂલ્ય ઉચ્ચારણ પરત્વે છે. તેથી અક્ષરને ઘોષનું સ્વરૂપ દર્શાવતી સંજ્ઞા એવું કહે છે. આ અક્ષરનો એક દૃશ્ય અનુસંધાનમાં પણ મહત્ત્વનો અર્થ હોઈ શકે. અથવા તેનું આગવું સૌન્દર્ય પણ હોઈ શકે, જેનું અત્યન્ત મહત્ત્વ છે. કારણ કે એ અક્ષરમાંથી જ્યારે જોડાક્ષર નીપજે છે ત્યારે તે એક સંપૂર્ણ ધ્વનિઘટક હોવાથી તે જોડાક્ષરનું સ્વરૂપ એક સંપૂર્ણ ધ્વનિઘટકના મહત્ત્વને પ્રતિપાદન કરી શકે. તેમાં વાચકને સંભ્રમ ન જ થાય તે પ્રકારનું તેનું સ્વરૂપ સ્પષ્ટ અને સુબોધ હોવું જોઈએ.

જોડાક્ષર એક ધ્વનિઘટક છે, તે કલ્પના અથવા ભાવનાના અનુસંધાનમાં જો આપણે ઊંડો વિચાર કરીશું તો આપણે જોઈશું કે બધા જ જોડાક્ષરો એક અર્ધા વ્યંજન તથા એક પૂર્ણ વ્યંજનથી નથી જ બનતા. આમાં કેટલાક પ્રસંગે ચારથી પાંચ વ્યંજનો એકત્રિત થયેલા આપણે જોઈશું. આને પરિણામે જ એક નિયમ ઊપસી આવે છે કે ગમે તે થાય પણ તે જોડાક્ષરનું સ્વરૂપ સ્પષ્ટ અને સુબોધ હોવું જ જોઈએ. તેમાં ક્લિષ્ટતા ન જ હોવી જોઈએ. આનાથી પણ વિશેષ એક નૂતન વિચાર પ્રગટે છે કે આ જોડાક્ષર એવો હોવો જોઈએ કે જે બને તેટલા સાંકડા સ્થાનમાં સમાવી શકાય અને તેમ છતાં તેમાં ક્લિષ્ટતા પ્રવેશે નહિ, વળી તે દુર્બોધ પણ થાય નહિ. આના પરિણામે જે વ્યંજનો પોતાની સાથે જ જોડાતા હોય છે, ત્યાં તેની રચના વિશિષ્ટ પ્રકારે થાય છે. ઉદાહરણરૂપે च्च, ज्ज, न्न, छ्छ, क्क, फ्फ આનું મહત્ત્વ સમજ્યા સિવાય આજે મુદ્રણમાં જોવા મળતી च्च, न्न, ल्लની ક્લિષ્ટતા આંખે વળગે છે.

આના પરિણામે જે બંધુઓ મુદ્રણના ઉપયોગ માટે અક્ષરરચનાનું કાર્ય કરે છે, તેમના માથે એક મહત્ત્વના કર્તવ્યનો ભાર આવે છે કે તેઓ આ સર્વ નિયમો સમજીને પોતાનું કૌશલ્ય દાખવે.

આપણી લિપિમાં અને તેમાં પણ દેવનાગરીમાં, માનવમુખમાંથી ઉચ્ચારાતા બધા જ શબ્દોનું આલેખન કરવાની ક્ષમતા છે. પૂર્વકાળમાં જ્યારે ધાતુનાં બીબાં વપરાતાં હતાં ત્યારે જે સંકટ હતું તે હાલના ગણકયન્ત્રના યુગમાં રહ્યું નથી. હવે આપણને પ્રત્યેક જોડાક્ષર માટે ભિન્ન ચાંપની આવશ્યકતા નથી, તેથી સામાન્ય નેવું ચાંપના ફલકથી સર્વ અક્ષરોની યોજના થઈ શકે છે.

ગુજરાતીના સંદર્ભમાં વિચારતાં આપણે સ્પષ્ટ સ્વરૂપે જોઈ શકીએ છીએ કે મોટા ભાગના દેવનાગરી અને ગુજરાતી વ્યંજનોમાં સામ્ય છે. થોડું પરિવર્તન

ગુજરાતીના કેટલાક વ્યંજનોમાં પ્રવેશ્યું છે. પરન્તુ તેનું સામ્ય પણ સમજાય છે. ગુજરાતી લિપિએ જોડાક્ષરની રચના માટે દેવનાગરીના નિયમો અપનાવ્યા છે.

સંયુક્તાક્ષરોની રચનાની વિચારણાના પ્રસંગે આપણે સૌએ એક મહત્ત્વના પ્રશ્નને ધ્યાનમાં લેવો પડશે. સંભવ છે કે સામાન્યજનોના લક્ષમાં આ વાત નહીં આવી હોય. અત્રે અમારો નિર્દેશ તાલવ્ય ‘**શ**’ અને જોડાક્ષર રચવા માટે પરંપરાથી આપણને મળેલા વૈકલ્પિક ‘**શ**’ તથા ચાંચવાળા ‘**ચ**’ પરત્વે છે. ‘**શ**’ માટે ‘**શ**’નો વિકલ્પ **શ્ર, શ્ચ, શ્વ** જેવા સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવા જોડાક્ષરોની રચના માટે છે. ચાંચવાળા ‘**ચ**’નો ઉપયોગ ‘**ક, ટ, ઠ,** ડ, ઢ, હ’ના જોડાક્ષરોની રચનામાં સહાય કરવા માટે છે.

અત્રે એક બીજી વાતનો નિર્દેશ પણ આવશ્યક છે. પરંપરા દ્વારા પ્રાપ્ત થયેલા કેટલાક જોડાક્ષરોનું સ્વરૂપ પ્રથમ દષ્ટિએ વિસૂત્રી અથવા ક્રમવિરુદ્ધનું ભાસે છે. કારણ કે નવા વિદ્યાર્થીને તેમાં રહેલા ભિન્ન ભિન્ન વ્યંજનોને ઓળખવામાં કષ્ટ પડે છે. આના ઉદાહરણરૂપે **क्त, द्य, ह्म** દર્શાવી શકાય.

જો આપણે જોડાક્ષરોની રચના માટેના પાયાના નિયમોનો અભ્યાસ કરીશું તો આપણને સમજાશે કે જે વ્યંજનોને જમણા ભાગ પર દંડ રહેલો છે તેને કાઢી નાખવાથી તેમાંથી અર્ધા વ્યંજનનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે અને જોડાક્ષર રચવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે.

પરંતુ જ્યારે क, फ અને હિન્દીના ‘झ’નો પ્રશ્ન ઊઠે છે ત્યારે તે વ્યંજનની જમણી બાજુનો થોડો ભાગ કાપીને કે ઓછો કરીને તેનું અર્ધા વ્યંજનનું સ્વરૂપ બનાવાય છે અને વચ્ચે રહેલો દંડ જેમનો તેમ રહેવા દેવાય છે. આ પ્રકારે રચાયેલા જોડાક્ષરો પણ છેવટે ઓળખી તો શકાય છે જ. પરન્તુ સૌથી પ્રચંડ સંકટ ‘ङ, ट, ठ, ड, ढ’, ‘द’ અને ‘र’ તેમ જ ‘ह’ના અર્ધા વ્યંજનનું સ્વરૂપ સૂચવવા માટે ઉદ્ભવે છે. આમાંના કેટલાક, જો કોઈ વિકલ્પ ન જ મળે તો તે તે વ્યંજનની નીચે હલન્ત ચિહ્ન લગાડી દર્શાવવામાં આવે છે. આમ છતાં આ યોજના ‘ર’ જેવા વ્યંજન માટે સક્ષમ નીવડતી નથી.

વ્યંજન ‘ર’ સર્વ વ્યંજનોમાં સાંકડો છે. તેનો વર્ણ લાલ છે એમ કહેવાય છે; અને ઉષ્ણતામાન પણ બીજા વ્યંજનોથી અધિક છે. આ વ્યંજન અત્યંત સાંકડો હોવાથી દીર્ઘ કે હ્રસ્વ ઉકારના સ્વરચિહ્નો પણ તેની નીચે જોડાતા નથી. પરિણામે તે સ્વરચિહ્નો પણ તેના જમણા ભાગના પેટાળમાં યોજાય છે. વળી તેને ઊભો ચીરીને અર્ધો દર્શાવવાનું પણ શક્ય નથી. આને કારણે આ વ્યંજનનો વિકાસ અને પરિવર્તન શોધવું જરૂરી છે. આ વ્યંજનનું મૂળ સ્વરૂપ અત્યારે રશિયન લિપિના ‘**Я**’આર વ્યંજન જેવું માત્ર દંડ સિવાયનું અને અત્યારના સ્વરૂપ કરતાં ઊંધું હશે. તેના અર્ધા સ્વરૂપને દર્શાવવા તેને ઊભો ચીરી શકાય તેમ ન હોવાથી, વચ્ચેથી આડો કાપવામાં આવ્યો. પરિણામે

ઉપરનો અર્ધો ભાગ અંગ્રેજી મૂળાક્ષર 'C' (સી) જેવો બન્યો અને તેને ત્યાર પછી આવતા વ્યંજનને માથે લગાડી વાપરવાનું ઠરાવ્યું. આ રેફ 'ર' વ્યંજનનું અર્ધું સ્વરૂપ છે. ઉદાહરણરૂપે **વર્ણ, કર્ણ, મર્મ.** જ્યારે જોડાક્ષરોમાં દેખાતો ત્રાંસો ભાગ, જે વ્યંજનના પેટાળમાં મુકાય છે, તે પૂર્ણ 'ર' વ્યંજન છે. ઉદાહરણરૂપે **આ + મ્ + ર = આમ્ર.** માત્ર અર્ધા 'ર' વ્યંજન માટે મરાઠીમાં ‿ આવું એક સ્વરૂપ છે અને તેનો ઉપયોગ પણ થાય છે.

ગુજરાતી લિપિમાં **'ક, ફ, છ, જ, ઝ'** વ્યંજનોને અર્ધા દર્શાવવાનું કાર્ય દુષ્કર છે. દેવનાગરીમાં આ સંકટનો અનુભવ થતો નથી. અમારા મતે **'જ'** માટે જો આપણે દેવનાગરીનું સ્વરૂપ **'ज'** સ્વીકારીએ તો આ એક વ્યંજન પરત્વેનો પ્રશ્ન ઊકલી શકે છે. આમ કરવાથી **જ + ઈ = જીનું** અનિયમિત સ્વરૂપ પણ નહિ રહે અને તેના અર્ધા સ્વરૂપ માટે **'ज्'** પણ મળશે. તથા જોડાક્ષર **'ज्ञ'** પણ સરળતાથી રચી શકાશે. **'ક, છ, ઝ'**ના જોડાક્ષરો બનાવવા માટે ત્યાર પછી આવતો વ્યંજન તે તે વ્યંજનની નીચે જ મુકાય. આ સૂચન પણ દેવનાગરીના નિયમના અન્વયે જ છે, તેથી અશાસ્ત્રીય નહિ ગણાય. આમ કરવાથી **'ક'**ના જોડાક્ષરો **ક્વ, ક્લ, ક્ન, ક્ન્ય, ક્ક** બનશે અને **ક્ર, ક્ષ** પહેલાની જેમ જ રહેશે. પરિણામે **'ફ'**ના જોડાક્ષરો માટેના પ્રશ્ન પરત્વે ફેરવિચારણા કરવી પડશે. આજના સમયે **'ફ'**ના આકારમાં પરિવર્તન લાવવાનું કાર્ય એક દુઃસાહસ છે.

આપણે આગળ જોયું કે વ્યંજન **'ર'**ના આડા બે ભાગ થયા. એનો ઉપરનો ભાગ રેફ કહેવાયો અને નીચેનો ભાગ **'ર'** સાથે બનતા જોડાક્ષરોમાં ત્રાંસી લીટી સ્વરૂપ આવ્યો. આ ત્રાંસી લીટીને સંપૂર્ણ **'ર'**નું સ્વરૂપ સમજવાનું છે. આમ કરવાથી **મ્ + ર = મ્ર** બને છે.

આજ પ્રકારે ઓછામાં ઓછું સ્થાન રોકી **'ન'**ના પણ જોડાક્ષર બને છે. આ પ્રકાર આપણે **ક્ન, ગ્ન, મ્ન** ઇત્યાદિમાં જોઈએ છીએ.

આગળ દર્શાવ્યું છે કે **'ङ, ट, ठ, ड, ढ, द'** અને **'ह'** માટે કોઈક પ્રસંગે હલન્ત ચિહ્નનો ઉપયોગ થાય છે. પરન્તુ એટલું તો આપણે અવશ્ય નોંધવું જોઈએ કે દેવનાગરી લિપિમાં હલન્ત ચિહ્નનો ઉપયોગ છૂટથી થતો નથી. હલન્ત ચિહ્નનો ઉપયોગ શબ્દના પ્રારંભે કે મધ્યમાં ન થાય. તેનો ઉપયોગ માત્ર શબ્દના અંતે જ થઈ શકે એવો નિયમ છે. લિપિ સુધારણાના પક્ષકારોએ ઉતાવળે એમ તોડ કાઢ્યો કે જોડાક્ષરોની સંખ્યા ઘટાડવા માટે હલન્ત ચિહ્નનો ઉપયોગ કરી તે પ્રશ્નનો ઉકેલ લાવવો. આ અવિચારી પગલાનું પરિણામ હવે આપણે જોઈ રહ્યા છીએ. આ જ ભૂલના પરિણામે શાળામાં ભણતાં આપણાં બાળકોનાં ઉચ્ચારણો અશુદ્ધ થતાં જાય છે. જો કોઈ **'ટ્ટૂ'**ને **'ટ્‌ટૂ'** સ્વરૂપે અને **'પદ્મ'**ને **'પદ્‌મ'** સ્વરૂપે મુદ્રણમાં ઉપયોગ કરે તો બાળકો અજ્ઞાનવશ

તેનું ઉચ્ચારણ '**ટટ્ટૂ**' અને '**પદમ**' કરે તેમાં આશ્ચર્ય શું? અમે તો અત્રે એટલું જ નિવેદન કરી શકીએ કે બાળકોની આ અશક્તિ માટે તેમનો અણઘડ શિક્ષકવર્ગ વધારે દોષિત છે.

હવે આપણે આપણી મૂળ વિચારધારા પર આવીએ. જોડાક્ષરની રચના માટે શક્ય હોય ત્યાં સુધી તો જ્યાં દંડ હોય ત્યાં દંડ હટાવીને પંક્તિરૂપે-એક જ રેખામાં જોડાક્ષરો રચવા. આ યોજના જે વ્યંજનોના અંતે દંડ છે, તેના માટે પૂર્ણતયા યોગ્ય છે. પરન્તુ 'क, फ, द' નું જેવું સ્વરૂપ છે તેવું જ રાખી, તેના પછી આવનારો વ્યંજન તેના પૂર્ણરૂપે આ વ્યંજનની હેઠળ મૂકવો. 'क,फ,द'ના સર્વે જોડાક્ષરો આ પ્રકારે રચાયા છે: **क्क, क्र, क्ल, क्व; फ्क, फ्र, फ्ल; द्ग, द्घ, द्ध, द्ब, द्भ, द्र, द्व**

મહાપ્રાણ 'ह'ને આ નિયમ અનુકૂળ થતો નથી તેથી તેના જોડાક્ષરોની રચના પ્રસંગે, જે વ્યંજન 'ह' સાથે જોડાય છે તે વ્યંજનને આખેઆખો તેના પેટાળના ભાગમાં દર્શાવવામાં આવે છે. ઉદાહરણરૂપે **ह्न, ह्म, ह्य, ह्र, ह्ल, ह्व** પરન્તુ'ह्' આ પ્રકારે અર્ધા 'હ'નું સ્વરૂપ ઉપજાવવું તે પૂર્ણતયા અશાસ્ત્રીય છે.

અત્યારના કાળમાં આ જોડાક્ષરોની સંખ્યા પરત્વે ભય સેવવાનું કારણ નથી. યન્ત્ર આ સંખ્યાની સંભાળ લઈ શકે તેમ છે. પરન્તુ આ નિયમોને લક્ષમાં રાખી બાળકોને શિક્ષણ અપાય તો તેમની સ્મૃતિ પર ભાર પડશે એવો ભય પણ અસ્થાને છે. સત્ય એ છે કે યોગ્ય શિક્ષણ મળતાં બાળકોનું ઉચ્ચારણ માત્ર જોડાક્ષરો પરત્વે નહિ, પરન્તુ હ્રસ્વ-દીર્ઘ સ્વરોનું ઉચ્ચારણ ઇત્યાદિ પરત્વે પણ શુદ્ધ બનશે. આ યોજના પાર પાડવાનું કામ કુશળ શિક્ષકો જ કરી શકે.

**—ગોપાલકૃષ્ણ મોદી**



## 'જોડાક્ષરવિચાર' લેખમાં મુખ્ય સહાયક વિદ્વદ્વર્ય

### ડૉ. અરુણોદય ન. જાનીનો સંક્ષિપ્ત પરિચય

**નામ** - અરુણોદય (ઉર્ફે હરિપ્રસાદ) નટવરલાલ જાની, એમ.એ., પીએચ.ડી., ડિ.લિટ્.; નિવૃત્ત નિયામક: ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ (પ્રાચ્ય વિદ્યામંદિર) મ.સ. યુનિ., વડોદરા. **જન્મ** - તા. ૨૦-૧૧-૧૯૨૧

**અભ્યાસ** - (મુંબઈ યુનિવર્સિટી સંલગ્ન) બરોડા કૉલેજમાં ઈ.સ. ૧૯૪૪ બી.એ. ફર્સ્ટ ક્લાસ, ઈ.સ. ૧૯૪૬ એમ.એ. ફર્સ્ટ ક્લાસ, ઈ.સ. ૧૯૪૫ કાવ્યતીર્થ ફર્સ્ટ ક્લાસ, ઈ.સ. ૧૯૫૪ પીએચ.ડી. મુંબઈ યુનિવર્સિટી, ઈ.સ. ૧૯૬૮ ડિ.લિટ્. મુંબઈ યુનિવર્સિટી, ઈ.સ. ૧૯૫૭-૫૮ હામ્બુર્ગ યુનિવર્સિટી (પશ્ચિમ જર્મની)માં પ્રો. ડૉ. લુડવિગ આલ્સડોર્ફ પાસે જર્મન રિસર્ચ પદ્ધતિનો અભ્યાસ તથા પ્રાકૃત આદિ ભાષાઓનો તેમ જ ગ્રીક અને લૅટિન ભાષાનો અભ્યાસ, ઈ.સ. ૧૯૭૩ આમન્ત્રણ મળતાં જર્મનીગમન અને ત્યાંની યુનિવર્સિટીઓમાં ત્યાંના ઇન્ડોલૉજીના પ્રૉફેસરો સાથે વિચાર-વિનિમય.

**નોકરી** - ઈ.સ. ૧૯૪૭થી ૧૯૫૧ લેક્ચરર, મા.ના. કૉલેજ-વીસનગર (ઉ.ગુ.), ઈ.સ. ૧૯૫૧થી ૧૯૬૧ સિનિયર લેક્ચરર, આર્ટ્સ ફેકલ્ટી, (મ.સ. યુનિ.)-વડોદરા, ઈ.સ. ૧૯૬૧થી ૧૯૬૭ રીડર અને વિભાગાધ્યક્ષ, આર્ટ્સ ફેકલ્ટી, (મ.સ. યુનિ.)-વડોદરા, ઈ.સ. ૧૯૬૭થી ૧૯૮૦ પ્રૉફેસર અને વિભાગાધ્યક્ષ, આર્ટ્સ ફેકલ્ટી (મ.સ. યુનિ.)-વડોદરા, ઈ.સ. ૧૯૭૫થી ૧૯૮૧ નિયામક: ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, (મ.સ. યુનિ.)-વડોદરા

**નિવૃત્ત** — તા. ૩૦-૧૧-૧૯૮૧

**નિવૃત્તિ બાદ વિશિષ્ટ કાર્યો:** ઈ.સ. ૧૯૮૧થી ૧૯૮૪ ભારત સરકાર દ્વારા સિનિયર સ્કૉલર તરીકે અધ્યાપનકાર્યની સોંપણી, સંસ્કૃત મહાવિદ્યાલય-વડોદરા, ઈ.સ. ૧૯૮૪ ઑગસ્ટથી ડિસેમ્બર દરમિયાન ઝાંબિયામાં દત્ત સંપ્રદાયના પ્રચાર માટે આફ્રિકાગમન, ઈ.સ. ૧૯૮૫-૮૬ એપ્રિલથી એપ્રિલ, રિસર્ચ પ્રૉફેસર, વેદપુરાણ સંશોધન સંસ્થા-નૈમિષારણ્ય

**રાષ્ટ્રીય એવૉર્ડ** - તા. ૨૮-૩-૧૯૮૭ રાષ્ટ્રપતિ દ્વારા **'સર્ટિફિકેટ ઑફ ઑનર'** નામનો રાષ્ટ્રીય એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો.

**વિદ્વદ્વર્ય શ્રી અ. ન. જાનીનું આ વ્યાવહારિક જ્ઞાન તેમને સમ્યગ્જ્ઞાન-દર્શનચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિમાં સહાયક બને એ જ શુભાભિલાષા.**

**— પ્રકાશક**

## 'જોડાક્ષરવિચાર' નામક આ પુસ્તકની હસ્તપ્રત જોઈને ભાષાવિશારદોએ દર્શાવેલા
## કેટલાક અભિપ્રાયો

૧. **'જોડાક્ષરવિચાર'** લખાણ તૈયાર કરવામાં તમે કરેલી મહેનત ખૂબ જ અનુમોદનીય છે. આ લખાણ પુસ્તિકા રૂપે પ્રગટ થશે તો ધાર્મિકસૂત્રોનાં અને આગમોનાં પઠન-પાઠનમાં તેમ જ આત્મહિતકર અન્ય સાહિત્ય લખવા-વાંચવા-સમજવા ને ઉચ્ચારણ કરવામાં શ્રી સંઘને ખૂબ જ ઉપકારક બનશે.

**—પં. રત્નભૂષણવિજયજી ગણિવર**

૨. **'જોડાક્ષરવિચાર'** લખાણ ધ્યાનપૂર્વક વાંચ્યું. ચીવટપૂર્વક ઉપયોગી ને ઉત્તમ કાર્યો કરનારાઓની આ કાળમાં ઊણપ જણાય છે. આજકાલ છપાય છે ઘણું, પણ અક્ષરશુદ્ધિ માટે બહુ જ ઓછું ધ્યાન અપાય છે. છપાવનાર કેટલાક સંપાદકોને પણ શુદ્ધિ-અશુદ્ધિનો પૂરો ખ્યાલ હોતો નથી. આવી સ્થિતિમાં જોડાક્ષર વિષયક લખાણ પુસ્તિકારૂપે પ્રગટ થાય તો શ્રી સંઘને અને વિશેષ પ્રકારે શ્રમણસંસ્થાને લાભદાયી બને.

હિણક્ખરં અચ્ચક્ખરં વગેરે સૂત્રોચ્ચારના અતિચારો છે. તે અતિચારદોષોને ટાળવામાં આ **'જોડાક્ષરવિચાર'** લેખ નિઃશંક ઉપયોગી બનશે.

**—મુનિશ્રી જયસુંદરવિજયજી**

૩. ભાષાની વ્યવહારાંગતા સર્વવિદિત છે. ભાષાનો શુદ્ધ પ્રયોગ ગુણકર છે જ્યારે અશુદ્ધ પ્રયોગ હાનિકર છે, એ પણ અનુભવસિદ્ધ છે. લોકમાં, વેદમાં અને આગમમાં પણ શુદ્ધ પ્રયોગનો ભારે આગ્રહ રાખવામાં આવે છે.

લોકમાં 'यद्यपि बहु नाधीषे....' તથા 'वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते' ઈત્યાદિ ઉક્તિઓ પ્રચલિત છે. વેદ 'एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तश्च स्वर्गे लोके च कामधुग् भवति' ઈત્યાદિ સૂક્ત દ્વારા શુદ્ધ પ્રયોગને ઈહ અને પરલોકમાં સર્વેપ્સિતપ્રદ જણાવે છે. વળી આગમમાં 'ઘોસસમં, અહીણક્ખરં, અણચ્ચક્ખરં, અવ્વાઈદ્ધાક્ખરં' ઈત્યાદિ સૂત્રમાં ઉદાત્તાદિસ્વરયુક્ત, પરિપૂર્ણ અક્ષરો સહિત, અક્ષરોના વિપર્યાસ વિનાના સૂત્રની પ્રશંસા કરવામાં આવી છે.

આમ વ્યવહારમાર્ગ અને અધ્યાત્મમાર્ગ આ બંને માર્ગમાં ભાષાપ્રયોગની શુદ્ધિનો આદર સમાનપણે જોવા મળે છે.

બહુધા પ્રયોગમાં અશુદ્ધિઓ સંયુક્તાક્ષરોનાં ઉચ્ચારણ સમયે જોવા મળતી હોય છે. આ બાબતમાં જોવા મળતી શિથિલતાને દૂર કરવાના શુભ હેતુથી આ પુસ્તકનું નિર્માણ થયું છે. આ એક સન્નિષ્ઠ પ્રયાસ છે. પરન્તુ માત્ર પુસ્તકપ્રકાશનથી આ શિથિલતા નિર્મૂળ થઈ શકે નહિ. આ રોગને મૂળમાંથી કાઢવો હોય તો સર્વ પ્રથમ

સંસ્કૃત અને તન્મૂલક અન્ય ભાષાઓ પ્રત્યેનાં લોકનાં ઉપેક્ષિત વલણો અંગેનાં કારણોની શોધ આદરવી જોઈએ અને યથાપ્રયત્ને તેનું નિવારણ કરવું જોઈએ. ત્યાર બાદ આવાં પુસ્તકોને લોકો સ્વયં ઉપાદેય ગણશે એમાં સંશય નથી.

માત્ર જોડાક્ષરો કેવા હોય! એટલો જ આ પુસ્તકનો વિષય નથી રહ્યો, પરન્તુ તેને સ્પર્શતાં તમામ પાસાં જેવાં કે, સ્વર અને વ્યંજનની વ્યાખ્યા, 'હલન્ત'નું લક્ષણ, સ્વર અને વ્યંજન આદિનાં ઉચ્ચારણની પદ્ધતિ વગેરેની માર્મિક વિચારણા અત્રે પ્રસ્તુત છે. જેને કારણે મૂળ વિષયમાં સારી સ્પષ્ટતા થઈ શકી છે.

બીજી એક વસ્તુ આ પુસ્તકને અગત્યતા અર્પે છે. તે એ છે કે અનેક ભાષાશાસ્ત્રવિદોનાં નિખાલસ અને પ્રાસંગિક માર્ગદર્શનો તેમ જ ટિપ્પણીઓથી આ પુસ્તક સમૃદ્ધ બન્યું છે. જોડાક્ષરો વિશે માત્ર એક જૈન મુનિનું નહિ, પણ સમગ્ર ગુજરાતી વિદ્વાનોનું આ સહિયારું કાર્ય છે. અલબત્ત, પૂ. મુનિશ્રીનું ચિંતન, ચીવટ અને અથાક પરિશ્રમ તેમાં મુખ્ય છે. પૂ. મુનિશ્રીનો પ્રયાસ ખરેખર અભિવંદ્ય છે.

**—શ્રી પારદર્શી**

૪. પૂ. મુનિશ્રીનું **'જોડાક્ષરવિચાર'** લખાણ રસપૂર્વક નિહાળતાં ગુજરાતી ભાષા માટે ગવાયેલી ઉમાશંકર જોશીની કાવ્યપંક્તિનું સ્મરણ થઈ આવ્યું :

**જે જન્મતાં આશિષ હેમચન્દ્રની, પામી કૃપાળુ જિનસાધુઓ તણી—**

અર્થાત્ ગુજરાતી ભાષાનો જન્મ થયો ત્યારથી જ એને જિનસાધુઓની આશિષ મળતી રહી છે. માતા જેમ પુત્રની માવજત કરે છે, પુત્રને લાડકોડ સાથે ઉછેરે છે અને એનામાં સુસંસ્કારોનું સિંચન કરતી રહે છે, તેમ જિનસાધુઓએ ગુજરાતી ભાષાની માવજત કરી છે. ગુજરાતી સાહિત્ય રચીને ગુજરાતી ભાષાને લાડકોડ સાથે ઉછેરી છે અને સંસ્કારો સીંચ્યા છે.

પૂ. **મુનિશ્રી** હિતવિજયજી મહારાજ સાહેબે પણ **'જોડાક્ષરવિચાર'** નામનું પુસ્તક લખીને પોતાની કૃપાળુ વૃત્તિ સાર્થક કરી બતાવી છે.

મગજનું દહીં કરીને, એ દહીંની છાશ બનાવીને એ છાશમાંથી તારવેલું નવનીત એટલે જ **'જોડાક્ષરવિચાર'** ગ્રન્થ. ભાષા અંગેનું આ ચિંતન સર્વસાવદ્યત્યાગી મુનિઓ કરી શકે? આ પ્રશ્ન અસ્થાને છે. ભાષાની અશુદ્ધતા એ મૃષાવાદ છે. આવો મૃષાવાદ સાવદ્ય કહેવાય. એ સાવદ્યનો ત્યાગ જૈન મુનિના પ્રયાસે થતો જાય એ આવકાર્ય જ ગણાય. અશુદ્ધ ભાષાનો પ્રયોગ કરવો નહિ, બીજા પાસે કરાવવો નહિ અને કરનારને અનુમોદન આપવું નહિ, આ ત્રણ પ્રતિજ્ઞા સાધુજીવનનાં વ્રતોમાં અંગ તરીકે જોડાયેલી જ છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા મહાપુરુષો પણ ગુજરાતી ભાષાનાં તમામ ક્ષેત્રે પ્રદાન કરી જ ગયા છે. આથી પૂ. મુનિશ્રીનો આ પ્રયાસ અનધિકાર ચેષ્ટા તો નથી જ નથી. પરંતુ કલિકાલ સર્વજ્ઞની પરંપરામાં પ્રાપ્ત થયેલી અધિકારમુદ્રા ધરાવનાર સાધિકાર ચેષ્ટા છે.

આ પુસ્તક માત્ર વાંચવા માટેનું નથી, વસાવવા માટેનું પણ નથી. આ પુસ્તક તો અભ્યાસ માટેનું છે. અભ્યાસ માટે અપેક્ષિત સરળ ભાષા આ પુસ્તકનું જમા પાસું છે. ખરેખર તો આ પુસ્તકનો સ્વાધ્યાય થવો જોઈએ અને પ્રતિવર્ષ એનું પઠન-પાઠન-મનન કરવું જોઈએ. પૂ. મુનિશ્રી પાસે આવાં સ્વાધ્યાયપાત્ર પુસ્તકો લખવાની શક્તિ છે. તે ગુજરાતી ભાષા માટે ગૌરવની વાત ગણાય. પૂ. મુનિશ્રીના સબળ અને સફળ પ્રયત્નને હૃદયનાં અભિનંદન. **— શ્રી મહાયાત્રી**

૫. ગુજરાતી લિપિનો સ્વતન્ત્ર વિકાસ થયો છે, ત્યારે એમાંના જોડાક્ષરો પણ યથાનિયમ લખાય એવો પૂ. મુનિશ્રીનો પ્રયત્ન જોઈને ખૂબ આનંદ થયો. એક કરવા જેવું કામ કર્યું એનો વળી વિશેષ આનંદ

**— શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)**

૬. **'જોડાક્ષરવિચાર'** લખાણ જોયું. પૂ. મહારાજશ્રીએ આ કામ ઘણો પરિશ્રમ લઈને ખૂબ જ ચોકસાઈથી કર્યું છે. તે વિવિધ દૃષ્ટિએ ઉપયોગી અને વિચારપ્રેરક છે. લેખન-મુદ્રણ-ટંકનમાં જે રીતે ગુજરાતી સંયુક્ત વ્યંજનો રજૂ થાય છે, તેમાં રહેલી અસંગતિ કે અવ્યવસ્થા તરફ ધ્યાન ખેંચીને વિવિધ દૃષ્ટિએ તેનો શો ઉકેલ લાવી શકાય તે તેમણે સૂચવ્યું છે. આપણે ગુજરાતી ભાષાના સામાન્ય વ્યવહારમાં અને સાહિત્યમાં થતા પ્રયોગ બાબત, જોડણી બાબત અને લિપિના પ્રશ્નો બાબત સારી રીતે બેદરકાર રહ્યા છીએ. આ પ્રકારની વિચારણા આપણને ઘણી રીતે ઉપયોગી, વિચારપ્રેરક કે માર્ગદર્શક બની શકે. આમાં શાસ્ત્રીય, વ્યવહારુ અને પરંપરાગત પાસાંનો સુમેળ સાધી શકાય તો જ આવશ્યક સુધારા સમયસર કરી શકાય. અત્યારે મુદ્રણકળામાં ક્રાન્તિ આવી રહી છે. કમ્પ્યૂટરની સહાયથી અત્યંત ઝડપી અને ચોકસાઈવાળું મુદ્રણકાર્ય પ્રચલિત બનતું જાય છે. ત્યારે સમય તેમ જ શક્તિ બચે અને સુવિધા થાય તે રીતે ગુજરાતી લેખનમાં ઘટતા સુધારા કરવા ઈષ્ટ છે અને તે દિશામાં મુનિશ્રી હિતવિજયજીની વિચારણા ઘણી સહાયક બની શકશે.

**—ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)**

૭. જોડાક્ષર વિષયક લખાણ ધ્યાનપૂર્વક સાદ્યંત વાંચ્યું. લખાણ સ્પષ્ટ, સચોટ અને ખૂબ જ ઉપયોગી છે. તેમાં વિષયની રજૂઆત ખૂબ જ સુંદર રીતે થઈ છે. એનું પ્રકાશન જિજ્ઞાસુઓને સાચું માર્ગદર્શન આપનારું બનશે. ઠેર ઠેર તજ્જ્ઞોનાં મંતવ્યોથી મંડિત પુસ્તિકા સમાજમાં વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુઓને માનસિક ખોરાક આપી અત્યન્ત ઉપયોગી નીવડશે. જોડાક્ષરો અંગે આ એક ખૂબ જ આધારભૂત પુસ્તક બનશે.

**—ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)**

૮. પૂજ્ય મુનિવર્યશ્રી હિતવિજયજી મહારાજ સાહેબે તૈયાર કરેલા **"જોડાક્ષરવિચાર"** નામના પુસ્તકનું લખાણ વાંચીને મારા જેવા ભાષાવિષયના અધ્યાપકને અતિશય આનંદ થાય એ સ્વાભાવિક છે.

સામાન્ય રીતે અન્ય રોકાણોને કારણે અભિપ્રાયો લખવાનું મને ફાવતું નથી. પરન્તુ આ ગ્રન્થ વાંચ્યા પછી એના વિશે અભિપ્રાય લખવાની હું ના પાડી શક્યો નથી.

કોઈને પ્રશ્ન થાય કે જોડાક્ષર વિશે તો શું લખવાનું હોય? એના વિશે તે વળી કોઈ ગ્રન્થ હોઈ શકે ખરો? આવા પ્રશ્નો થવા તે સામાન્ય લોકો માટે સ્વાભાવિક છે. પરન્તુ પૂ. મુનિશ્રીનો આ ગ્રન્થ જોવાથી જોડાક્ષર જેવા નાનકડા વિષયમાં પણ કેટલા ઊંડા ઊતરી શકાય છે, તેની પ્રતીતિ થશે. તેઓશ્રીએ જોડાક્ષર જેવા વિષય ઉપર અભ્યાસપૂર્ણ ગ્રન્થ રચ્યો છે. આ વાંચીને મેં પ્રસન્નતા અનુભવી છે.

પૂજ્યશ્રીએ સંયુક્તાક્ષરના વિષયમાં સર્વગત અધ્યયન કરીને શાસ્ત્રીયદૃષ્ટિથી, વૈજ્ઞાનિક પદ્ધતિથી, સુવ્યવસ્થિત રીતે આ ગ્રન્થની રચના કરી છે. જોડાક્ષરોના વિષયમાં સ્વર અને વ્યજંનની વિચારણા તથા તેમાં પણ એક સાથે આવતાં બે, ત્રણ, ચાર કે વધુ વ્યંજનની વિચારણા અનિવાર્ય છે. પૂ. મુનિરાજશ્રીના આ ગ્રન્થમાં જોડાક્ષરોના સંયોજનની અને વર્ગીકરણની વિચારણા કરવા સાથે વ્યાકરણ અને ધ્વનિતંત્રની દૃષ્ટિએ તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જોડાક્ષરોનાં લેખન-ઉચ્ચારણમાં સામાન્ય લોકો અને સુશિક્ષિતો પણ કેવી ભૂલ કરે છે તે ઉદાહરણો આપીને એમણે સમજાવ્યું છે.

આ એક પ્રમાણભૂત અને વિદ્વદ્ભોગ્ય ગ્રન્થ છે. જોડાક્ષરોના વિષયમાં ગુજરાતીમાં આ પ્રથમ ગ્રન્થ છે, તેથી તે ખૂબ આવકાર્ય છે. ગુજરાતી વિષયના દરેક શિક્ષકે તેમજ કૉલેજ-યુનિવર્સિટીના અધ્યાપકે એક વાર તો અવશ્ય વાંચી જવા જેવો આ ગ્રન્થ છે.

**—ડૉ. રમણલાલ ચી. શાહ (મુંબઈ)**

૯. જોડાક્ષર વિષયક લખાણમાં જોડાક્ષરો અંગેની વ્યવસ્થિત વિચારણા કરવામાં આવી છે અને તે ખૂબ જ આવકારપાત્ર છે. આ લખાણમાં વિદ્વત્તાનો વ્યાપ અને ગહનતા સુપેરે પ્રતીત થાય છે. આ લખાણ પુસ્તકરૂપે પ્રગટ થશે તો એ ઘણું ઉપયોગી પ્રકાશન થશે.

**—ડૉ. ઈશ્વરલાલ ર. દવે (ભાવનગર)**

૧૦. જોડાક્ષર વિશેનું લખાણ વાંચી ગયો. પ્રસન્નતા અનુભવું છું. આવું સૂઝ અને સમય માગી લે તેવું કામ વિદ્વત્તાની દૃષ્ટિએ પણ સાર્થક થયું છે. **'જોડાક્ષરવિચાર'** લખાણ આપણી ગુજરાતી ભાષાના લિપિગત, ઉચ્ચારણગત ને વ્યાકરણના સિદ્ધાંતમય પ્રશ્નોને સુપેરે છણે છે, તેના ફળસ્વરૂપે મહત્ત્વના અંગભૂત જોડાક્ષરોની સમજ સ્પષ્ટ

થાય છે. અભિપ્રાયોની દૃષ્ટિએ પણ કેટલીક પાયાની ચર્ચાઓ થઈ છે. અભિલાષા સેવું છું કે, આ લખાણ દ્વારા અભ્યાસીઓને પ્રેરણા મળશે.

**—ડૉ. પ્ર. રા. તેરૈયા (રાજકોટ)**

૧૧. શિક્ષણમાં અને વ્યવહારમાં અત્યન્ત ઉપયોગી એવો **'જોડાક્ષરવિચાર'** લેખ વાંચીને આનંદ થયો.

આ લેખ માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને, ગુજરાતી ભાષાના અધ્યાપકોને, કૉલેજમાં ગુજરાતી અથવા તો ભાષાશાસ્ત્ર (વ્યાકરણ) શીખવતા અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને માર્ગદર્શક બને તેમ છે. આ લેખ સારી રીતે મુદ્રિત થઈ પ્રકાશિત થશે તો તે નિ:શંકપણે અનેકને ઉપયોગી થશે.

જોડાક્ષરની વ્યાખ્યા, પૃથક્કરણ, અક્ષર જોડવાના નિયમો ઇત્યાદિ બાબતો ઉપર આ લેખ સારો એવો પ્રકાશ ફેંકે છે. અત્યારે ગુજરાતી ભાષામાં જોડાક્ષરમાંના અક્ષરોના જોડાણ અંગે અત્યન્ત અરાજકતા પ્રવર્તે છે, ત્યારે જો આવા પ્રકારના લેખો અને તે માટેની ઝુંબેશ દ્વારા એકવાક્યતા લાવવામાં આવશે તો આપણી ભાષા માટે એ ઉપકારક બનશે.

જોડાક્ષરના વિષયમાં અત્યન્ત અભ્યાસપૂર્ણ અને ઉપયોગી લેખ લખવા બદલ અમે સહર્ષ અભિનન્દન-વન્દન પાઠવીએ છીએ.

આવી લેખનનસામગ્રી અવારનવાર મળતી રહેશે તો ગુજરાતી ભાષાની ઘણી મોટી સેવા થશે એવી આશા છે.

**—ડૉ. જનકભાઈ દવે (રાજકોટ)**
**—શ્રી ક્રાન્તિકુમાર જોશી (રાજકોટ)**

૧૨. અત્યન્ત કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલું **'જોડાક્ષરવિચાર'** લખાણ આપણી માતૃભાષાના લેખનની એક મહત્ત્વની બાબત ઉપર સમયોચિત પ્રકાશ ફેંકે છે. સામાન્ય વ્યક્તિ બોલતી વખતે પોતાની એક આગવી લઢણથી ઉચ્ચારણ કરે છે અને ઘણીવાર એ જ પ્રમાણે લખે છે. તેમાંય ખાસ કરીને જોડાક્ષરોની બાબતમાં ઠીક ઠીક પ્રમાદ જણાઈ આવે છે. જોડાક્ષરની પાછળ રહેલી ભૂમિકા અને કેટલાક સરળ નિયમોની જાણકારી હોય તો તેનાં ઉચ્ચારણ અને લેખનમાં શુદ્ધિ આવી શકે. એ દૃષ્ટિએ આ લેખ ગુજરાતી ભાષા માટે ઘણો ઉપયોગી થઈ પડશે.

**—ડૉ. વસંત પરીખ (અમરેલી)**

૧૩. પૂ. મુનિશ્રીનું **'જોડાક્ષરવિચાર'** લખાણ વાંચ્યું. વાંચતાં જ તેઓશ્રીએ કરેલા પરિશ્રમની પ્રતીતિ થઈ. અક્ષર, જોડાક્ષર, સ્વર અને વ્યંજનની ઓળખ ભાષાના જ્ઞાન માટેની પાયાની આવશ્યકતા છે. જોડાક્ષરના શુદ્ધ ઉચ્ચાર માટે તેમાં જોડાતા

અક્ષરોના અનુક્રમની સમજ સ્તુત્ય છે. એ સમજ વિના લખાણમાં અને ઉચ્ચારણમાં સહજ રીતે અશુદ્ધિ પ્રવેશે છે. વર્ણવિપર્યય ક્યારેક અશુદ્ધ પાઠને ઉત્પન્ન કરે છે. આ લખાણમાં જોડાક્ષરોના મરોડ તેમ જ રેફ વગેરેની આપવામાં આવેલી સમજ ધ્યાનમાં લેવાય તો ઉચ્ચારણશુદ્ધિ, શબ્દ-અર્થ બંનેનું જ્ઞાન સહજ બની જાય. આ લખાણની ખાસ વિશિષ્ટતા એ છે કે, એમાં ઠેકઠેકાણે ઉદાહરણો આપવામાં આવ્યાં છે. આ લખાણનું પુસ્તિકારૂપે પ્રકાશન, ગુજરાતી ભાષાનો અભ્યાસ કરનાર અને કરાવનાર સૌને ઉપયોગી બનશે.

**—ડૉ. વિનોદબાળા પ્રા. જાની (રાજકોટ)**

૧૪. **'જોડાક્ષર-વિચાર'** લખાણ મેં જોયું છે. એક સુંદર, વ્યવસ્થિત અને ઘણો ઉપયોગી પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**—પ્રા. જયંત એસ. કોઠારી (અમદાવાદ)**

૧૫. આપણે ત્યાં જોડણી-સુધારની સભાનતા હમણાંથી વધી રહી છે. આપણાં ઉચ્ચ કોટિનાં દૈનિકો શુદ્ધ જોડણી અને સારા આકર્ષક મરોડવાળા મુદ્રણ માટે મથવા લાગ્યાં છે. વળી ફોટો કંપોઝનાં બીબાં ક્યાંક ક્યાંક નવા મરોડ લઈ આવવા મથી રહ્યા છે, ત્યારે આ જોડાક્ષર વિષયક લખાણ અવશ્ય સમયસરની સાધનારૂપ બની રહેશે.

**—પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)**

૧૬. **'જોડાક્ષરવિચાર'** લેખ વાંચ્યો. પૂ. મુનિશ્રીનું આવું સત્ત્વશીલવિચારપ્રદાન ગુર્જરગિરાની દેહયષ્ટિને નિ:શંક વધુ સુંદર, સુઘડ ને કલામય બનાવશે. જોડાક્ષર-વિચારયાત્રા ઊર્ધ્વગામી અને ફલોન્મુખી બની રહે એ જ અભ્યર્થના.

**—પ્રા. જાદવભાઈ તુ. પટેલ (સાવરકુંડલા)**

૧૭. यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम्।
स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृच्छकृत्॥

અર્થ—હે પુત્ર, તારે બહુ ભણવું ન હોય તો પણ તું વ્યાકરણ તો જરૂર ભણ; જેથી સ્વજન-'શ્વજન' (કૂતરું), સકલ (બધું)-'શકલ' (ટુકડો) અને સકૃત્ (એકવાર)-'શકૃત્' (છાણ) ન થાય. અર્થાત્ વ્યાકરણ ભણવાથી જોડણીની ભૂલો અને તેથી અર્થનો ફેરફાર ન થાય.

ભાષાનું મૂળભૂત કાર્ય વિચારોની અભિવ્યક્તિ છે. તે માટે આપણે ધ્વનિઓનો પ્રયોગ કરીએ છીએ. આ ધ્વનિઓને છાપરૂપે સંઘરવા માટે લિપિનો ઉપયોગ કરાય છે. સંસ્કૃત અને તેમાંથી નિષ્પન્ન ભાષાઓમાં ભાષાનાં લિખિત સ્વરૂપ અને

ઉચ્ચારણ-પ્રણાલીમાં ઐક્ય હોય છે. આવું અંગ્રેજી જેવી ભાષામાં નથી. આ સંજોગોમાં શબ્દનિર્માણ કરતા લિપિસંકેતોમાં જેટલી ચોકસાઈ વધારે તેટલા પ્રમાણમાં ધ્વનિઉચ્ચારણ અને અર્થપ્રત્યાયનમાં શુદ્ધિ. વળી, ભાષાનાં ઉચ્ચારણમાં સ્વરભારની પણ મહત્તા છે. તે બે પ્રકારનો છે: બલાત્મકસ્વરભાર અને સાંગીતિકસ્વરભાર. પ્રથમ પ્રકારનો સ્વરભાર શાસ્ત્રીય સંસ્કૃત અને ગુજરાતીમાં અનુભવવા મળે છે; પરન્તુ તેને અંગેનો ચોકસાઈભર્યો અભ્યાસ થયો નથી. બીજા પ્રકારનો સ્વરભાર વેદની ભાષામાં છે. વેદના મન્ત્રોનું ઉચ્ચારણ સસ્વર થતું. સ્વરનું પ્રયોજન ઉચ્ચારણપરંપરા જાળવવા માટે થતું. ક્વચિત્ સ્વરોના સ્થાનફેરથી અર્થપરિવર્તન પણ થતું. જેમ કે, જઠ'રઃ = અગ્નિ અને જઠરઃ' = પેટ.

ગુજરાતી ભાષાનું કલેવર બંધાતું જાય છે. જો કે હજુ આ ભાષા બોલીઓની પકડમાંથી સર્વથા મુક્ત થઈ નથી. પ્રસારણનાં સાધનોનો વ્યાપ વધતાં આ ભાષાનું ચોક્કસ ઘાટવાળું સ્વરૂપ નિર્માણ થઈ રહ્યું છે. આ સંજોગોમાં **'જોડાક્ષરવિચાર'** લખાણ ઉપયોગી થશે. ભાષાશુદ્ધિ માટે અક્ષરોનો આકારપ્રકાર, જોડાક્ષરક્રમ વગેરેના જ્ઞાનની જરૂર છે. આ દિશામાં આપનું કામ વૈજ્ઞાનિક ચોકસાઈ યુક્ત છે.

ભાષામાં કેટલાક ધ્વનિઓના લિપિસંકેતો રહે છે. છતાં ઉચ્ચારણમાં તેનું અસ્તિત્વ લુપ્ત થાય છે. જેમ કે, **'ષ'** આ મૂર્ધન્ય ધ્વનિ, તાલવ્ય **'શ'**માં પરિવર્તન પામ્યો છે. તેવી જ રીતે **'ઙ - ઞ'** પણ **'ણ'** કે **'ન'**માં સમાયા છે. ભાષા સતત પરિવર્તન પામતી પ્રક્રિયા છે. આ સંજોગોમાં તેના ધ્વનિઓની સ્થિતિ ચોક્કસ સમયના અંતરે તપાસી જવી જોઈએ. ધ્વનિહ્રાસનો શોક કરવાની જરૂર નથી. ઘસારો અને નવનિર્માણ પ્રકૃતિના ખેલ છે. આ સત્ય ભાષાને પણ લાગુ પડે છે. લિપિ રૂઢિચુસ્ત છે. તે ભાષાને પકડવા ગમે તેટલી મથામણ કરશે તો પણ ભાષા તેનાથી આગળ નીકળી જવાની છે. આ સંજોગોમાં ક્યારેક આપણને લાગતી ઉચ્ચારણ-ગરબડ પરિવર્તનની પૂર્વસ્થિતિ પણ હોય છે. છતાં અરાજકતા કોઈ પણ સંજોગમાં જીવનમાં કે ભાષામાં પ્રશસ્ય નથી. ભાષાની શિસ્ત માટે જોડાક્ષરોનું ઉચ્ચારણ અને જોડાક્ષરમાં અક્ષરોના ક્રમનો બોધ જરૂરી છે

મને આશા છે કે પૂ. મુનિશ્રીનો **'જોડાક્ષરવિચાર'** નામનો નિબંધ ભાષાના સાચા સ્વરૂપની ઓળખમાં બહુ ઉપયોગી થશે.

**—પ્રા. જિતેન્દ્ર દેસાઈ (મોડાસા)**

૧૮. 'કલિકાલસર્વજ્ઞ' વિશેષણથી વિભૂષિત એવા જૈનમુનિ શ્રી હેમચન્દ્રાચાર્યજીએ નિજ ધર્મના શાસનગ્રન્થો લખવા ઉપરાંત 'કાવ્યાનુશાસન' તથા 'શબ્દાનુશાસન' જેવા શાસ્ત્રીય, વૈજ્ઞાનિક ગ્રન્થો રચીને જૈનમુનિપરંપરામાં એક ઉત્તમ તથા અભીષ્ટ પ્રણાલી એ પાડી છે કે, જૈનમુનિઓ ધર્મોપદેશ તથા તત્ત્વવિચાર ઉપરાંત સાહિત્ય, ભાષા અને વ્યાકરણના ક્ષેત્રે પણ મૂલ્યવાન સંશોધનકાર્ય બજાવી, ઉપયોગી પ્રદાન

કરતા રહ્યા છે. હેમચન્દ્રાચાર્યજી તો ગુજરાતી ભાષાવિજ્ઞાન તથા શબ્દવિજ્ઞાનના એક સમર્થતમ આદ્યપુરુષ થઈ ગયા; પરન્તુ એ પછીના મુનિઓએ પણ આ મહત્ત્વની કેડીને અનુસરતા રહી, ગુજરાતી ભાષાના શબ્દવિજ્ઞાન તથા વ્યાકરણના ક્ષેત્રે નૂતન દાર્શનિક કાર્ય બજાવ્યું છે. આમ તો સર્વધર્મપંથના સાધુ-સંતોએ સર્જનાત્મક સાહિત્ય અવશ્ય સર્જ્યું છે. પરન્તુ આવું વૈજ્ઞાનિક સંશોધનકાર્ય બજાવવામાં જૈનમુનિઓ કમ સે કમ આપણી ગુજરાતી ભાષામાં તો ઊગમકાળથી જ અગ્રણી રહ્યા છે.

હમણાં જૈનમુનિ શ્રી હિતવિજયજી મહારાજના આવા બે દાર્શનિક ગ્રન્થો વાંચવા પ્રાપ્ત થયા ત્યારે સ્વાભાવિક જ આનંદ થયો. સખ્ત પરિશ્રમ, નિરંતર ઉદ્યમ તથા ઊંડા સાવધાન અભ્યાસ વિના આવા ગ્રન્થો રચી શકાય જ નહિ. એક માર્મિક ઉક્તિ છે કે, 'शतं वद एकं मा लिख।' અર્થાત્ બોલવામાં ભલે સો વાત કરી નાખો પરન્તુ પૂરતા સત્યસંશોધન વિના એક શબ્દ પણ લખો નહિ! એ સુભાષિતને સતત દષ્ટિસમક્ષ રાખીને મુનિશ્રીએ આ કાર્ય સિદ્ધ કર્યું છે એમ સ્પષ્ટ સમજાય છે. આ બે ગ્રન્થો છે: **'શબ્દો બનાવવાની રીત અને સરળ શબ્દકોશ'** તથા **'જોડાક્ષરવિચાર'**.

મુનિશ્રી હિતવિજયજીએ **'જોડાક્ષરવિચાર'** ગ્રન્થમાં ભાષાશુદ્ધિ (શુદ્ધ ઉચ્ચારણ) માટે અક્ષરોના મરોડ, જોડાક્ષરોમાં અક્ષરોનો ક્રમ તથા અક્ષરોમાં રહેલી સાચી સંકેત-વ્યવસ્થા દર્શાવી છે, જે ભાષાશિક્ષણ માટે પાયાની અને ખૂબ જ મહત્ત્વની બાબત છે. તેઓશ્રીએ કરેલું જોડાક્ષરોનું વર્ગીકરણ વૈજ્ઞાનિક તથા ગ્રાહ્ય છે. વળી જોડાક્ષરોથી હાલમાં થતા ગોટાળા અને એ ટાળવા માટે ઉચિત રીતે લખવાની પદ્ધતિ યોગ્ય ઉદાહરણો સહિત સમજાવી છે. ટૂંકમાં, જોડાક્ષરોની તમામ ક્ષતિઓ અને મૂંઝવણો અહીં કાળજીપૂર્વક ચર્ચવામાં આવી છે. વળી એના શાસ્ત્રીય ઉકેલ પણ સૂચવવામાં આવ્યા છે.

મુનિશ્રી હિતવિજયજી જણાવે છે કે, જોડાક્ષરો લખવાની બાબતમાં હમણાં ભારે ગડબડ ચાલી છે. પૂર્વે આપણાં મુદ્રણાલયોમાં અક્ષરોનાં અને જોડાક્ષરોનાં બીબાં સાચાં જ વપરાતાં હતાં; પણ હવે એ કાળજી અદશ્ય બની ગઈ છે; પરિણામે ગોટાળા વળે છે.

મુનિશ્રીના પુરુષાર્થને બિરદાવતાં શ્રી ગોપાલકૃષ્ણ મોદી લખે છે કે, ફોટો ટાઈપ સેટિંગ પદ્ધતિ ત્વરાથી દાખલ થઈ રહી છે, ત્યારે આપણી લિપિ સંબંધી જૂના દોષો નિર્મૂળ કરવાની આપણને તક મળશે અને આ જ કારણે ગુજરાતી અક્ષરોના મરોડો દોરવાનું કામ ગુજરાતી લિપિના અને ભાષાના જાણકાર વર્ગે ભેગા મળીને ઉપાડી લેવું આવશ્યક છે. આમ નહિ બને તો પરદેશી યન્ત્રના ઉત્પાદકો આપણા માથે ખોટી લિપિ ઠોકી બેસાડશે.

**—પ્રા. રમણલાલ પાઠક (સુરત)**

૧૯. પ. પૂ. આ. ભ. શ્રી રવિચન્દ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબનું **'જોડાક્ષરવિચાર'** પુસ્તક ઊડતી નજરે જોતાં પણ મેં અમૃતનો આસ્વાદ માણ્યો છે. આગળ વધીને કહું તો મને આ પુસ્તક માથે મૂકીને નૃત્ય કરવાનું મન થયું છે. આવું અપૂર્વ ને અદ્ભુત પુસ્તક પ્રગટ કરવા બદલ હું પૂજ્ય મુનિશ્રીનાં ચરણોમાં નત મસ્તકે કોટિ કોટિ વંદન પાઠવું છુ.

**—પ્રા. રમણીકલાલ ખીમચંદ શાહ (ગોધરા)**

૨૦. જોડાક્ષર વિષયક હસ્તલિખિત પ્રત ધ્યાનપૂર્વક વાંચી. ગુજરાતી ભાષામાં જોડાક્ષર બાબતે અરાજકતા પ્રવર્તે જ છે. પરન્તુ આપશ્રીની હસ્તપ્રત વાંચ્યા બાદ લાગે છે કે, આ અરાજકતા મેં ધારી હતી એના કરતાં કંઈ ગણી વધારે છે. જોડાક્ષરો અંગેનું ચિંતન ગહન છે.

**—પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)**

૨૧. **'જોડાક્ષરવિચાર'** લખાણ વાંચીને અતિ આનંદ થયો. આ લખાણ ખરેખર ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, એમ સ્પષ્ટતયા પ્રતીત થાય છે. ભાષાશુદ્ધિ માટે અક્ષરોના મરોડ, જોડાક્ષરમાં અક્ષરોનો ક્રમ અને અક્ષરોની સાચી સમજ આવશ્યક છે. ભાષાશિક્ષણના પાયામાં આ વાત મહત્ત્વની છે. જોડાક્ષરોનું વર્ગીકરણ વૈજ્ઞાનિક ઢબનું અને પ્રતીતિકર છે. આ લખાણમાં બધા જોડાક્ષરોની પ્રચલિત લેખનશૈલી અને એનું શુદ્ધ સ્વરૂપ ઉદાહરણ દ્વારા સારી રીતે સમજાવવામાં આવ્યું છે. ઉપર-નીચે અને સીધી લીટીમાં લખાતા જોડાક્ષરોની વાત સરસ રીતે સમજાવી છે. વિષયની રજૂઆત સંક્ષેપમાં છતાં કોઈ પણ બાબત રહી ન જાય એની કાળજી રાખીને કરવામાં આવી છે એમ જોઈ શકાય છે. **'ઘ-ધ'** વચ્ચેનો તફાવત વિદ્યાર્થીઓ બરાબર સમજી શકે એ રીતે બતાવવામાં આવ્યો છે. ઘણાખરા અક્ષરોની સાથે જોડાતો 'ર' વ્યંજન લખાણમાં કેવી રીતે પ્રચલિત છે, તે પણ સરસ રીતે દર્શાવાયું છે. રેફનું સ્થાન શબ્દમાં અને જોડાક્ષરમાં ક્યાં હોવું જોઈએ એ વાત સુંદર રીતે સમજાવીને એને અંગેનો ભ્રમ નિર્મૂળ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રેફના સ્થાન વિશે આજે લખાણોમાં અને ઉચ્ચારણોમાં ઠીક ઠીક ગોટાળા જોવા મળે છે. **'શૃ-શ્રૃ'**નો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. **'દ્ર-દૃ'**ની બાબતમાં પણ જે વિશિષ્ટ ભેદ છે તે દૃષ્ટાંતો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાના અભ્યાસકોને અને વાચકોને આ લખાણ ઠીક ઠીક ઉપયોગી બની રહેશે.

જોડાક્ષર વિષયક આ પ્રયાસ પ્રશસ્ય અને અભિનંદનને પાત્ર છે. આત્મહિતૈષી જિજ્ઞાસુઓ માટે પ્રયત્ન કરવામાં આવ્યો હોવા છતાં આ લખાણ ગુજરાતી ભાષાની સાથે સંપર્ક રાખનારા આબાલવૃદ્ધ સૌ કોઈને ઉપયોગી બની રહેશે એ નિ:શંક છે. આ લખાણ પુસ્તિકારૂપે પ્રકાશિત થાય એવી અપેક્ષા અસ્થાને નથી-ઉચિત છે.

લખાણનું પ્રકાશન એના લેખકને ગૌરવપ્રદ બનશે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

**—પ્રા. જયંત ન. રાવળ (રાજકોટ)**

૨૨. **'જોડાક્ષરવિચાર'** લખાણ સારી રીતે જોયું. તેમાં જોડાક્ષરો અંગેનું સૂક્ષ્મ ચિંતન રજૂ થયું છે. વિષયની રજૂઆત સરળ ભાષામાં ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી છે. લેખનશૈલીમાં વિશદતા, નિખાલસતા, સરળતા અને નમ્રતાનાં દર્શન થાય છે. આ લખાણ પુસ્તિકારૂપે પ્રગટ થશે તો ગુજરાતી ભાષાના લેખનમાં જણાતા દોષો દૂર કરવામાં તે અવશ્ય સહાયક બનશે.

**—પ્રો. ડી. એલ. રાવળ (અમદાવાદ)**

૨૩. જોડાક્ષર વિષયક લખાણ ધ્યાનપૂર્વક વાંચ્યું. આખુંય લખાણ અવશ્ય છાપવા યોગ્ય છે, એટલું જ નહિ એ લખાણની નકલો પ્રાધ્યાપકો, લેખકો તેમ જ ગુજરાતી સાક્ષરોને મોકલીને તેમના પ્રત્યાઘાત જાણવા જરૂરી છે.

ગુજરાતીના સંયુક્તાક્ષરો પર દેવનાગરી સંયુક્તાક્ષરોની સ્પષ્ટ અને ઘેરી છાપ છે જ. સંયુક્તાક્ષરો એક વિશિષ્ટ અને મહત્ત્વનું તત્ત્વ છે, પરન્તુ આજે એ વિષયમાં અરાજકતા પ્રવર્તે છે. મુદ્રકના સંદર્ભમાં એમ કહી શકાય કે જોડાક્ષરોને અશુદ્ધ છાપવામાં મુદ્રકનું અર્ધદગ્ધ કે અલ્પજ્ઞાન અથવા અજ્ઞાન જ મુખ્ય ભાગ ભજવે છે. લેખક પોતાની પ્રતમાં અશુદ્ધ લખે તે જ જો મુદ્રક છાપે તો તે મુદ્રણ-વ્યવસાયનું અપમાન કરે છે. મુદ્રણ-વ્યવસાય પ્રત્યે, જે મુદ્રકને ગૌરવ નથી તેને આપણે મુદ્રક નહિ, પણ લક્ષ્મીપૂજક કહીશું.

**'ઙ - ઞ - ણ - ન - મ'** આ પાંચ અનુનાસિક વ્યંજનોના સંયુક્તાક્ષરોના ગુજરાતી મુદ્રણ અને ઉચ્ચારણમાં સ્પષ્ટ દોષ દેખાય છે. સંસ્કૃતના મુદ્રણમાં આવું બનતું નથી. **'ઙ્ક - ઙ્ખ - ઙ્ગ - ઙ્ઘ - ઙ્ન - ઞ્ચ - ઞ્જ'** આ સંયુક્તાક્ષરોનાં બીબાં બધે મળતાં નથી. વળી તેના ઉપયોગની ટેવ પણ છૂટી ગઈ છે. ઉચ્ચારણમાં **'હંસા'**ના સ્થાને **'હન્સા'** એવું અશુદ્ધ બોલાય છે, ત્યારે બહુ જ ઓછા લોકો એવા સરવા કાનવાળા હોય છે કે જેમના કાને આવા દોષ ચડે છે. હવે આ ટેવ ભુલાવવા સારસ્વતો ભગીરથ પ્રયત્ન કરે અથવા છેવટના પર્યાય તરીકે નછૂટકે **'હંસા'** જેવા શબ્દોમાં પોલું મીંડું વાપરવાનું અપનાવવામાં આવે.

**'ન્ + ન'** અને **'લ્ + લ'**ના સંયુક્તાક્ષરોમાં એકવાક્યતા નથી. **'ન્ન - લ્લ'** આમ ઉપર-નીચે જોડાય તો તે જગ્યા ઓછી રોકે છે. અને મુદ્રણમાં વધુ પડતી સફેદ જગા ખાલી રહેતી નથી. **'જ્ + જ'** માટે મારી દૃષ્ટિએ **જ્જ** આવો જોડાક્ષર ઉત્તમ છે. સંયુક્તાક્ષરોને જેમ બને તેમ ઓછી જગામાં સમાવી શકાય તેવી વિચારણા કરવી જરૂરી છે.

વ્યંજનાક્ષર 'ર' અને અંક 'ર' અર્થાત્ બગડો તથા વ્યંજનાક્ષર 'પ' અને અંક 'પ' અર્થાત્ પાંચડો પરત્વે પણ ભેદસૂચક ઉપાય શોધી કાઢવામાં આવે તે ઇચ્છનીય છે.

સંયુક્તાક્ષરોમાં અક્ષરોના જોડાણની વિચારણામાં 'દ્ + ઘ' અને 'દ્ + ધ'ના જોડાણનો પ્રશ્ન મહત્ત્વનો છે. હલન્ત (ખોડાનું ચિહ્ન) વાપરીને છૂટી જવાની ટેવને લીધે ઘણીવાર મુદ્રણમાં આપણે '**ઉદ્ઘાટન**' (ખોડા 'દ્' પૂર્વક) એમ વાંચીએ છીએ. ગુજરાતીમાં અડધો 'ઝ' કેમ લખવો તે માટે પણ સૂચના જરૂરી છે.

ફોટો ટાઈપ સેટિંગ પદ્ધતિ ત્વરાથી દાખલ થઈ રહી છે. આ પ્રસંગે આપણને આપણી લિપિ સંબંધી જૂના દોષો નિર્મૂળ કરવાની તક મળશે અને આ જ કારણે ગુજરાતી અક્ષરોના મરોડો દોરવાનું કામ, ગુજરાતી લિપિ અને ભાષાના જાણકાર વર્ગે ભેગા મળી ઉપાડી લેવું આવશ્યક છે; નહિ તો આ પરદેશી યન્ત્રના ઉત્પાદકો આપણા માથે વિકૃત લિપિ ઠોકી બેસાડશે અને આપણો અભણ મુદ્રકવર્ગ તેનો સહર્ષ સ્વીકાર કરી લેશે. નવાં યન્ત્રોમાં અક્ષરસંખ્યાનો બોજો નથી. યન્ત્રમાં યાદદાસ્ત-(Memory)ની ચાવીની યોજના છે. તેથી ત્રણ અક્ષરોનો (સ્વર સહિત) સંયુક્તાક્ષર તો સહેલાઈથી સમાવી શકાય તેમ છે. દા૦ત૦, ક્ષ્ણુ - દ્રુ - દૃ વગેરે.

મુદ્રણમાં આવતા દોષો માટે આપણો બીબાં ગોઠવનાર વર્ગ જેટલો દોષિત છે તેટલો જ દોષિત મુદ્રણાલયોનો માલિકવર્ગ પણ છે. આપણા દેશમાં આજ સુધી બીબાં ગોઠવનાર વર્ગ તૈયાર કરવા માટે અને તેને શિક્ષણ આપવા માટે ખાનગી કે સરકારી કોઈ જ વ્યવસ્થા નથી. જે વર્ગ અત્યારે મળે છે તે આપમેળે શીખેલો છે. તેને લિપિ સંબંધી વ્યવસ્થિત શિક્ષણ મળ્યું જ નથી.

આ પ્રસંગે આપણે સર્વે મળીને સ્વચ્છ અને સુસ્પષ્ટ જોડાક્ષરોની યાદી, તેને અંગેના પ્રચલિત દોષો દર્શાવવા પૂર્વક તૈયાર કરી શકીએ તો વિદ્યાદેવીની મોટી ઉપાસના કરી ગણાશે.

**—શ્રી ગોપાલકૃષ્ણ મોદી (મુંબઈ)**

૨૪. '**જોડાક્ષરવિચાર**' લખાણ વાંચ્યું. લખાણ માટે સાદર અભિવાદન. મોટા મોટા વિદ્વાનોનું પણ જે એક મહત્ત્વના વિષય પ્રત્યે ધ્યાન દોરાયું નથી, તે વિષય પરત્વે ધ્યાન આપીને આપે બાળસુલભ ભાષામાં જે પ્રકાશ પાડ્યો છે અને ખૂણે-ખાંચરે વેરવિખેર પડેલાં મોતીઓને વીણી લઈને જે '**જોડાક્ષરવિચારમાળા**' ગૂંથી છે, તે ખરેખર બધી દૃષ્ટિએ ઉપયોગી અને આવકારપાત્ર છે. ટૂંકમાં, આપશ્રીએ ખૂબ સુંદર વિષય પસંદ કરીને એને યોગ્ય રીતે ન્યાય આપ્યો છે.

**—પં. અંબાલાલ પ્રેમચંદ શાહ (અમદાવાદ)**

૨૫. **'જોડાક્ષરવિચાર'** નિબંધ વાંચ્યો. વિધાનોમાં બહોળો અનુભવ અને ઝીણવટભરી વિચારણા જણાઈ આવે છે.

**—શ્રી નટવરલાલ એસ. યાજ્ઞિક (અમદાવાદ)**

૨૬. ગુજરાતી જોડાક્ષરો વિશેનું લખાણ વાંચીને પ્રભાવિત થયો. આ વિષયમાં ઝીણવટથી કરવામાં આવેલો વિચાર અને એને માટે કરાયેલો પરિશ્રમ ખરે જ સરાહનીય છે.

**—શ્રી રતિલાલ બોરીસાગર (અમદાવાદ)**

૨૭. સૌજન્યધન્ય અને ખંતીલા પુરુષના હાથે લખાયેલું જોડાક્ષર વિષયક ઝીણવટભર્યું લખાણ શાળા-મહાશાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમ જ તાલીમાર્થીઓને ભારે ઉપયોગી નીવડશે એવી શ્રદ્ધા છે.

જોડાક્ષરો અંગેનું જે લખાણ છે, એ જેટલું છે તેટલું ખૂબ જ ઉત્તમ છે. જેટલું છે તેટલું તરત જ છાત્રભોગ્ય બનાવવા પ્રકાશિત કરી દેવું જોઈએ એમ માનવા મન જરૂર લલચાય છે.

નાગરી અને ગુજરાતી લિપિનું વાંછનીય અનુસન્ધાન અકબંધ રહે, છેવટે ભાવાત્મક એકતામાં એ મદદરૂપ નીવડે, લિપિશિક્ષણમાં એક શિક્ષણ-પદ્ધતિનો ભવિષ્યમાં વિકાસ થાય આ બધાં મહત્ત્વનાં કામ માટે લિપિ અને જોડાક્ષરનું પદ્ધતિસરનું તર્કશુદ્ધ ચિંતન અતિ આવશ્યક છે.

પૂ. મુનિશ્રીએ આ કામ કરવાનો સાર્થક પ્રયાસ કર્યો છે. તેમણે કરેલું જોડાક્ષરોનું વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ વર્ગીકરણ ખૂબ સ્તુતિપાત્ર છે.

મને લાગે છે કે આ લખાણ પુસ્તિકારૂપે પ્રગટ થવું જોઈએ અને ગુજરાતી શીખવતા શિક્ષકો, અધ્યાપકો, ગુજરાતી શિક્ષણપદ્ધતિને રાખીને પ્રશિક્ષણ પામતા શિક્ષણ-મહાવિદ્યાલયના તાલીમાર્થીઓ તેમ જ મહાવિદ્યાલયોમાં ગુજરાતી વિષય સાથે સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા છાત્રોને વહેંચવું જોઈએ.

**—શ્રી કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)**

૨૮. પૂ. મુનિશ્રીએ જોડાક્ષર વિષયક અત્યન્ત ઝીણવટભર્યું સંશોધન કરી આત્મહિતૈષી સાહિત્યપ્રેમી જિજ્ઞાસુ લોકોને અતિ ઉપયોગી એવું સાહિત્ય તૈયાર કરી આપ્યું છે તે ખૂબ જ અનુમોદનીય છે. આ કાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના કરવાપૂર્વક આનંદ અને ગૌરવ અનુભવું છું.

સાહિત્યપિપાસુઓ માટે **'જોડાક્ષરવિચાર'** ભારે ઉપયોગી ગ્રન્થ છે. ગુજરાતી વગેરે જે જે ભાષાઓ હું જાણું છું,તે બધી જ ભાષાઓ અત્યન્ત શુદ્ધ રીતે લખાવી-બોલાવી જોઈએ એ વાતનો હું હંમેશાં આગ્રહી રહ્યો છું. હું વિજ્ઞાનનો વિદ્યાર્થી હોવા છતાં મારા એ વિષયમાં પણ ભાષાશુદ્ધિનો મારો શોખ મને ખૂબ જ ઉપકારક બન્યો છે.

B.Ed. માં યુનિવર્સિટીમાં પ્રથમ કક્ષાએ આવવામાં મારી ભાષાશુદ્ધિએ જ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે.

વિશદ છણાવટ સહિતનું આ સુંદર લખાણ ગુજરાતી ભાષાની શુદ્ધિ માટે નિર્વિવાદપણે આશીર્વાદરૂપ નીવડશે.

**—શ્રી રસિકલાલ અ. શાહ (અમરેલી)**

૨૯. **'જોડાક્ષરવિચાર'** લખાણ ધ્યાનપૂર્વક વાંચ્યું. લખાણ તલસ્પર્શી અભ્યાસ બાદ લખાયેલું હોવાથી ખૂબ જ ઉપયોગી છે. ક્યા જોડાક્ષરમાં અક્ષરો કેવી રીતે જોડાય છે, તથા ક્યા જોડાક્ષરો ક્યા ક્યા અક્ષરોના બન્યા છે, તે સમજાવવાની રીત અનોખી છે. આ લખાણને છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવશે તો ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં જરૂર વધારો થશે.

**—શ્રી વિજુભાઈ એસ. શાહ (સિદ્ધપુર)**

૩૦. **'જોડાક્ષરવિચાર'** લખાણ વાંચીને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીની યાદ તાજી થઈ. ગુજરાતી વ્યાકરણશાસ્ત્રમાં આ પુસ્તિકા પણ મહત્ત્વનું અને મૂલ્યવાન પ્રદાન ગણાશે.

વ્યંજનસંયોગના નિયમોનું મૂલગ્રાહી સંશોધન કરીને આ પુસ્તિકામાં અનેકવિધ ઉદાહરણો સહિત રસપૂર્ણ શૈલીથી નિરૂપણ કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષા માટે ખૂબ જ પ્રેરક અને ઉપયોગી પ્રયાસ છે.

**—શ્રી નવલભાઈ એલ. જોશી (અમરેલી)**

૩૧. **'જોડાક્ષરવિચાર'** લખાણ જોયું. ખૂબ જ સરસ રીતે લખાયું છે. પ્રયાસ સ્તુત્ય છે.

**—શ્રી ભૂપતભાઈ વડોદરિયા (અમદાવાદ)**

૩૨. **'જોડાક્ષરવિચાર'** લખાણમાં જોડાક્ષરો અંગેની ઘણી વિગતો સંક્ષેપમાં સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ થયો છે. જોડાક્ષરોના પદ્ધતિસરના અભ્યાસ માટે આવશ્યક છે. જિજ્ઞાસુઓને માર્ગદર્શક બને એવી સુંદર રચના છે.

**—શ્રી મકનભાઈ માધવભાઈ રાંદેરી (નવસારી)**

**—શ્રી મગનભાઈ જેરામભાઈ પટેલ (નવસારી)**

૩૩. પૂ. મુનિશ્રીએ અસાધારણ મહેનત, મનન, ચિંતન અને અભ્યાસ કરીને તૈયાર કરેલો **'જોડાક્ષરવિચાર'** ગ્રન્થ જોયો. તમામ શૈક્ષણિક સંસથાઓએ તેમજ ભાષાવિદો, લેખકો અને અધ્યાપકોએ પણ આ પુસ્તક અવશ્ય વસાવવા યોગ્ય છે.

અમરકોષની જેમ જ આ પુસ્તકનું પણ મહત્ત્વ છે. આવા અત્યુપયોગી સુંદર ગ્રન્થનું નિર્માણ કરવા બદલ પૂ. મુનીશ્રીને હાર્દિક અભિનંદન.

**— શ્રી ચંદ્રેશ દેસાઈ (બોરસદ)**

૩૪. **'જોડાક્ષરવિચાર'** ગ્રન્થ જોયો. ખરેખર, ગુજરાતી ભાષાનો આ એક અમૂલ્ય ગ્રન્થ છે. પૂ. મુનિશ્રીની વ્યાકરણ પ્રત્યેની ઊંડી સૂઝ અને સભાનતા એમાં દૃષ્ટિગોચર થાય છે. સંયુક્તાક્ષર જેવા વિષયમાં ગહન અભ્યાસ અને ચિંતન કરીને શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક દૃષ્ટિના સુમેળથી ગ્રન્થરચના ખૂબ સુંદર અને રસભરપૂર બની છે. આ ગ્રન્થ ગુજરાતના શિક્ષણજગત માટે શ્રેષ્ઠ પ્રદાનરૂપ બની રહેશે. આત્મશ્રેયાર્થે આવા અભૂતપૂર્વ અદ્વિતીય સાહિત્યનું સર્જન કરવા બદલ તેઓશ્રીનાં ચરણોમાં આદરપૂર્વક મસ્તક ઝૂક્યા વિના રહેતું નથી.

**—શ્રી શાન્તિલાલ પટેલ (મહુધા)**

૩૫. My Perusal of the Write-up urges me to tell that it is worth its weight in gold. Gujarati being my mother tongue I wormly welcome.

(અર્થ : આ લખાણનું મારું અવલોકન મને એમ કહેવા પ્રેરે છે કે આ ગ્રન્થનું મૂલ્ય એના વજન પરિમિત સુવર્ણ જેટલું છે. ગુજરાતી મારી માતૃભાષા હોવાથી હું તેનું ઉષ્માસભર (હાર્દિક) સ્વાગત કરું છું.)

**—શ્રી જે. સી. બુચ (જૂનાગઢ)**

-Shree J. C. Buch (Junagadh)

૩૬. જોડાક્ષર વિષયક લખાણ જોયું. અમારા વિદ્વાન શિક્ષક શ્રી જે. સી. બૂચ **'જોડાક્ષરવિચાર'** લખાણથી અતિ પ્રભાવિત થયા છે. તેમણે તો એટલે સુધી કહ્યું કે, 'It is worth its weight in gold.'

**—શ્રી ભાલચંદ્ર એ. કિકાણી (જૂનાગઢ)**

૩૭. 'पदेन वाचा'मिति प्रमाणवाक्यमनुसृत्य जनानां वाणीविशुद्धिविधायकं शब्दोच्चारण-शब्दोल्लेखनादिसंशोधकं वाग्दोषविनाशकं गुर्जरगिराबद्धं ग्रन्थरत्नमिदं निर्मितं 'जोडाक्षरविचाराह्वयं' श्रीमता मुनिना हितविजयमहाराजमहोदयेन । यत्नेऽस्मिन् स्वीयश्रमणजीवनस्यामूल्यसमयः स्वपरोपकाराय सम्यगुपयुक्तः। ग्रन्थस्यास्य प्रकाशनेन आबालगोपालजना उपकृता भविष्यन्तीत्याशासे ।

**—पण्डितश्री गौरीशङ्करात्मज धनशङ्कर राजवैद्यः**

આ પુસ્તકના વેચાણમાં નિ:સ્વાર્થભાવે સહાયક બનનારા સજ્જનોનાં **પ્રાપ્તિસ્થાન**

## : મુખ્ય પ્રાપ્તિસ્થાન :

**વોરા બ્રધર્સ**

૩૬૨, હાજા પટેલની પોળનું નાકું, વીરભદ્ર હનુમાનવાળા મેડા ઉપર,
ટંકશાળ પાસે, કાળુપુર, **અમદાવાદ-૩૮૦ ૦૦૧.** ટે. નં. R. ૪૯૦૭૪૮

**રોહિતકુમાર ગોપાલકૃષ્ણ મોદી**

C/o., ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી, ૧૯૬-બી, ગીરગામ, ગાયવાડી,
**મુંબઈ-૪૦૦ ૦૦૪**, ટે. નં. ૩૫૪૩૩૨, ૩૮૬ ૩૪૦૫

---

## નીચેનાં પ્રાપ્તિસ્થાનો ટૂંક સમય માટે છે.

**ગુજરાત :**

નિમિષ મ. કાપડિયા,બ્રીજહાઉસ, ત્રિપાઠી પાન ઉપર, હાઈકોર્ટ સામે, **અમદાવાદ-૧** ● મફતલાલ ફૂલચંદ શાહ, પંચાલજી બિલ્ડિંગ, મિલનપાર્ક સોસાયટી પાસે, જવાહર ચૉક, વટવા રોડ, મણિનગર, **અમદાવાદ-૮** ● રાકેશ જનરલ સ્ટોર્સ, ૨૨, શ્રીધર શોપિંગ સેન્ટર, હરિપુરા, મણિનગર (પૂર્વ), **અમદાવાદ-૮** ● રાજેન્દ્રકુમાર અમૂલખરાય શાહ, ભાગ્યોદય સોસાયટી, પોપ્યુલર હોટલ સામે, બંગલા નં. ડી. બી. ૫૨, નરોડા, **અમદાવાદ-૨૮** ● વિનોદકુમાર શાંતિલાલ શાહ, ૫૦, જયાનંદ સોસાયટી, પ્રિયા ટોકિઝ પાસે, કૃષ્ણનગર (સૈજપુર), નરોડા રોડ, **અમદાવાદ-૪૫** ● જિતેન્દ્રકુમાર જૂઠાલાલ શાહ, સાબરમતી ડી કેબિન, ગીતાંજલિનગર ફ્લેટ, બ્લૉક નં. ઈ-૧૦, પહેલે માળે, સાબરમતી, **અમદાવાદ-૧૯** ● શરચ્ચન્દ્ર ત્રિભોવનદાસ શાહ, ૨૨૪-૧, વરસોડાની ચાલ, આબુવિહાર સામે, રામનગર, સાબરમતી, **અમદાવાદ-૫** ● ડૉ. સી. આર. વોરા, ૯૪, જીવનદીપ રો-હાઉસ, ઘોષા સોસાયટી પાછળ, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ, **અમદાવાદ-૫૪**, ટે. નં. ૪૯૦૭૪૮ ● કે. કે. શાહ, ૫૨, પવનસુત સોસાયટી, જ્ઞાનદા સોસાયટી પાછળ, જીવરાજ પાર્ક, **અમદાવાદ-૫૧** ● સુરેશચંદ્ર સાંકળચંદ શાહ, 'દર્શનમ્', અચલકુંજ પાસે, અલકાપુરી સોસાયટી પાછળ, **આણંદ** ● પરીખ દિનેશચંદ્ર નગીનદાસ, કાપડબજાર, **કપડવંજ** ● મહેતા ભોગીલાલ ડાહ્યાલાલ, C/o. મહેતા ડાહ્યાલાલ કોદરલાલ, જનરલ મરચન્ટ અને કમિશન એજન્ટ, **ખેડબ્રહ્મા** ● પ્રફુલ્લભાઈ એમ. પટેલ, મક્તૂવાડો, **ખંભાત** ● સતીશકુમાર રમણલાલ દંતારા, સ્ટેશનરીના વેપારી, ત્રણ દરવાજા, હાઈસ્કૂલ સામે, **ખંભાત** ● શાહ રમણીકલાલ ખીમચંદ, 'મૈત્રી' એ-૩, નવકાર એપાર્ટમેન્ટ, વર્ધમાન સોસાયટી, જૈન સોસાયટીની પાછળ, **ગોધરા** ● શાહ રમેશભાઈ કાન્તિલાલ બોરસદવાળા, વાસણના વેપારી, બજારમાં, **છાણી** ● પ્રો. કે. ડી. પરમાર, શ્રાવક પોળ, જૈન દેરાસર પાસે, **જંબૂસર** ● શાહ પ્રકાશચંદ્ર માણેકલાલ ભાટપુરવાળા, શ્રીમાળી વાગા, હનુમાન ફળિયું, **ડભોઈ** ● શાહ રમેશચંદ્ર મણિલાલ, સદર બજાર, **ડીસા** ● નવીનભાઈ હાલચંદભાઈ દેસાઈ, આચાર્ય: જનતા હાઈસ્કૂલ, આભૂ સંઘવીની પોળ, **થરાદ**

● દલપતભાઈ બી. દોશી, C/o. શ્રી શાંતિ જૈન પાઠશાળા, પત્થર સડક, **ધાનેરા** ● કનુભાઈ આંબલીવાળા, જૈન દેરાસર પાસે, **ધોલેરા** ● વોરા પોપટલાલ કેશવલાલ, પારેખ ફળી, **ધંધૂકા** ● એસ. દીપક કિરાણા સ્ટોર, વલ્લભભાઈના બાવલા પાસે, સ્ટેશન રોડ, **નડિયાદ** ● જયવીરભાઈ છોટાલાલ શાહ, ૨૦, અરિહંતનગર સોસાયટી, ધર્મવીર-કર્મવીર સોસાયટી પાસે, સિવિલ હૉસ્પિટલ રોડ, **નડિયાદ** ● દીપકકુમાર જી. શાહ (ઍડ્વોકેટ), **નરોલી** (વાયા ભિલાડ) ● ચંદ્રકાન્ત નગીનદાસ શાહ, C/o. પ્રિન્ટિંગ ઇંક, ૬૭૭-૩, ઝવેરી સડક, **નવસારી** ● વ્રજેશ બી. શાહ, C/o. ભરતભાઈ સ્વરૂપચંદ શાહ, જૈન દેરાસર પાસે, **નાપાડ** ● શાહ રતિલાલ મણિલાલ વકીલ, દોશીવટ બજાર, **પાટણ** (ઉ. ગુ.) ● રાજેશ એન. વાલાણી, ''અર્હમ્ કાર્યાલય'' જૈન પાઠશાળા, પત્થર સડક, પાલનપુર ● મહેતા હસમુખલાલ ચંદુલાલ, C/o. ચંદુલાલ શિવલાલ મહેતા, કટ્લરીના વેપારી, બજારમાં, **બરવાળા**(ઘેલાશા) ● હર્ષદરાય નગીનદાસ શાહ, 'લબ્ધિકુંજ', સરદાર બાગ સામે, **બારડોલી** ● શિરીષકુમાર રમણલાલ શાહ, નવગહ્વી, ભટ્ટવાડા, **બાલાસિનોર** ● પ્રો. કવીન શાહ, ૩-૧, માણેકશા અષ્ટમંગલ ફ્લેટ, આઈસ ફેક્ટરી સામે, વખારિયા બંદર રોડ, **બીલીમોરા** ● બલભદ્રભાઈ ઝવેરી, C/o. ઝંખના સિલ્વર આર્ટ, ટાવર રોડ, એલ. આઈ. સી. ઑફિસ નીચે, **બોરસદ** ● શેઠ સુરેશકુમાર જમનાલાલ, c/o સુવિધા ટ્રેડર્સ, જૂના પીઠામાં, **ભાભર** ● શાન્તિલાલ નારણભાઈ પટેલ, આચાર્ય: એમ. કે. એમ. હાઈસ્કૂલ, **મહુધા** (ખેડા) ● શાહ નરપતલાલ મુકનચંદજી, C/o. મહારાણી શૃંગાર સેન્ટર, જનતા સુપર માર્કિટ, **મહેસાણા** (ઉ. ગુ.) ● પ્રા. તુલસીભાઈ કા. પટેલ, ઉદયનગર સોસાયટી, બ્લૉક નં. ૧, પ્રશાંત સિનેમા પાસે, **મહેસાણા** ● પ્રા. જે. સી. દેસાઈ, એ-૧, અધ્યાપક નિવાસ, કૉલેજ કેમ્પસ, **મોડાસા** ● વિક્રમ ગભરુચંદ કોઠારી, ઘી બજાર, **રાધનપુર** ● શાહ જિજ્ઞેશકુમાર અરવિંદભાઈ, જૈન દેરાસર પાસે, **વડતાલ** ● મહેતા દિલીપભાઈ પોપટલાલ, કાપડના વેપારી, બજારમાં, **વડાલી** ● શાહ રસિકલાલ મણિલાલ, C/o. શાહ ઈલેક્ટ્રિક સ્ટોર, મહેતા પોળના નાકે, બૅન્ક રોડ, માંડવી પાસે, **વડોદરા-૬** ● રાજેશ એજન્સીઝ, ફત્તેપુરા, વારસિયા રોડ, પ્રતાપ બંગલા સામે, **વડોદરા-૬** ● શાહ પંકજકુમાર વનમાળીદાસ, C/o. પંકજ ગારમેન્ટ સ્ટોર, સ્ટેડિયમ રોડ, **વલસાડ** ● શાહ વસંતલાલ મોતીચંદ, ૫-એ, રવીન્દ્રનગર સોસાયટી, તિથલ રોડ, **વલસાડ** ● રવાણી બંધુ, બુકસેલર્સ - ડિસ્ટ્રિબ્યુટર્સ, **વલ્લભવિદ્યાનગર** ● ડૉ. ધીરુભાઈ એન. શાહ, એચ-૩, યુનિવર્સિટી સ્ટાફ કોલોની, **વલ્લભવિદ્યાનગર** ● શાહ વાડીલાલ કસ્તૂરચંદ, જૈન દેરાસર પાસે, **વાપી** ● શ્રેણિકકુમાર ભંવરલાલ, કન્યાશાળા પાસે, **વાંસદા** ● મહેતા ગિરીશકુમાર ધીરજલાલ, સાબ્બાવાસના નાકે, બુધા ઠાકરસીના ડેલામાં, **સાણંદ** ● વિજુભાઈ શાહ, દિનદયાલ સોસાયટી, બિન્દુ સરોવર રોડ, **સિદ્ધપુર** ● શાહ નરેશકુમાર શાન્તિલાલ, 'મુદ્રણસેવા', એમ-૩, શ્રદ્ધા એપાર્ટમેન્ટ, નાગર ફળિયું, પાણીની ભીંત, **સુરત-૧** ● હેમલ મ. કાપડિયા, C/o. હાઈફેશન જ્વેલર્સ, ૬-૮૬૦, છાપરિયા શેરી, મહીધરપુરા, **સુરત-૩** ● ગૌતમ સ્ટીલ સેન્ટર, વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ, અંબુભાઈની ચાલ, **સુરત-૬** ● ડૉ. ચંપકલાલ ઝવેરચંદ શાહ, ૩૦, કદમ્બપલ્લી સોસાયટી, ટિમલિયાવાડ, નાનપુરા, **સુરત-૧** ● મનહરલાલ વખારિયા, c/o. એરો ટ્રેડર્સ, વખારિયાવાડ, દેરાસર સામે, **હિંમતનગર**

**સૌરાષ્ટ્ર :**

રસિકલાલ અ. શાહ, જ્યુબિલી સામે, **અમરેલી** ● નીલેશકુમાર, C/o. શાહ જમનાદાસ મૂળચંદ, ખાઈ બજાર, **ઉના** ● કિરીટકુમાર આર. દવે, જોરાવર પરામાં, **ચૂડા** ● ચંદ્રેશકુમાર, C/o. પ્રાણલાલ પદમસી શેઠ, કંદોઈની નાતના વંડા સામે, જલાની જાર રોડ, **જામનગર** ● શાહ કનૈયાલાલ મોહનલાલ શિહોરવાળા, ચાંદી બજાર, બોરડી ફળી, મોરારબાગ જૈન ઉપાશ્રય સામે, **જામનગર** ● ભદ્રકુમાર લવચંદ ટોળિયા, નથુ કૃપારામના ડેલામાં, ઢાલ રોડ, **જૂનાગઢ** ● મહેતા રસિકલાલ કપૂરચંદ, લાતી, **જેસર** ● હેમંત ઉમાકાન્ત રાજ્યગુરુ, 'સમત્વમ્', ૧૪૪, શિવાજીનગર, **તળાજા** ● સૌભાગ્યચંદભાઈ, C/o. મહાદેવ સુંદરજી શાહ, **ધ્રાંગધ્રા** ● જયેન્દ્ર આર. શાહ, C/o. જંબૂદ્વીપ, તલાટી પાસે, પો. બૉ. નં. ૨૦, **પાલિતાણા** ● દેસાઈ વ્રજલાલ રતિલાલ, પરામાં, **બોટાદ** ● જશવંતભાઈ, C/o. લક્ષ્મી સ્ટવ ભંડાર, મહાત્મા ગાંધી રોડ, ભાયાણીના ડેલામાં, **ભાવનગર** ● 'મંગલમ્', વિમલ શૉ રૂમ, રાધનપુરી બજાર, **ભાવનગર** ● હરકીશન ચંદુલાલ શાહ, દેના બૅંક પાસે, તોરણિયો કૂવો, **મહુવા બંદર** ● ડૉ. પી. એસ. મહેતા, C/o. શાંતિલાલ શિવલાલ મહેતા, દફતરી શેરી, હીરાભુવન સામે, **મોરબી** ● પ્રા. જયંત ન. રાવળ, ૨૧-બ, શારદાનગર સોસાયટી, પંચાયતનગર પાસે, યુનિવર્સિટી રોડ, **રાજકોટ-૫** ● કિશોરભાઈ એ. મણિયાર, વૈશાલી શેરી નં. ૪, આમ્રપાલી સિનેમા પાસે, રૈયા રોડ, **રાજકોટ-૧** ● જનકભાઈ બી. શાહ, ૧, મિલ સોસાયટી, કૉલેજ પાછળ, **લીંબડી** ● વિક્રમ ભોગીલાલ શાહ, C/o. ન્યૂ ઍન્ડ ઓલ્ડ બુક સેન્ટર, મહાત્મા ગાંધી રોડ, **વેરાવળ,** ફોન : Ok ૦૨૮૭૬-૨૨૬૧૭/૨૨૧૮૫ ● શાહ પ્રેમચંદ ચતુરભાઈ, બજારમાં, **સાયલા** ● શિહોર વાસણ ભંડાર, **સાવરકુંડલા** ● પ્રા. જાદવભાઈ તુ. પટેલ, કર્મચારી સોસાયટી, ૩૭, અર્ચના, ગુરુકુળ પાસે, કૉલેજ રોડ, **સાવરકુંડલા** ● મહેશચંદ્ર સ્વરૂપચંદ શાહ, વાસણના વેપારી, દાણાપીઠ, **સિહોર** ● 'બંસી' ભાનુ ત્રિવેદી, ૨૦, ગાયત્રી પાર્ક, નવા જંક્શન રોડ, **સુરેન્દ્રનગર** ● ચંદ્રકાન્ત નંદલાલ, C/o. દલસુખભાઈ પ્રાગજીભાઈ, કટલરીના વેપારી, બજારમાં, **હળવદ**

**કચ્છ :**

વીરેન મૅચિંગ સેન્ટર, ચૉક ફળિયા, **ભૂજ** (કચ્છ)
● શાહ હરિલાલ દેવસી, 'પ્રકાશદીપ', સાગરવાડી પાસે, **માંડવી** (કચ્છ)

**મહારાષ્ટ્ર :**

રંજન પરમાર, ૩૧૧, રવિવાર પેઠ, **પૂના-૨** (મહારાષ્ટ્ર) ● ધ્રુવકુમાર હરજીવનદાસ, મૅનેજર : લાલબાગ જૈન ધર્મશાળા, સી. પી. ટૅંક, માધવબાગ પાછળ, મુંબઈ-૪ ● સૂર્યવદનભાઈ ઠાકોરદાસ ઝવેરી, ૫૮-ડી, કૃષ્ણનિવાસ, શીતલબાગ પાસે, વાલકેશ્વર રોડ, **મુંબઈ-૬** ● ભરત ક્લૉથ સ્ટોર, ૩૩૫, તેલંગ ક્રોસ રોડ, ઝવેરીનિવાસ પાસે, માટુંગા C. R. **મુંબઈ-૧૯** ● હસમુખલાલ કેસરીચંદ શાહ, આસરા બિલ્ડિંગ, પહેલે માળે, રૂમ નં. ૭, લક્ષ્મી એપાર્ટમેન્ટ પાછળ, ચીંચપાડા રોડ, કારટર રોડ નં. ૧, બોરીવલી (પૂર્વ), **મુંબઈ-૬૬**

**પરદેશ :**

Dinesh R. Shah, 37 Barons Court, Church Lane, Kings Bury, **LONDON** NW 98 AD (U.K.)

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ સાહેબના લેખન-સંપાદન દ્વારા
પ્રગટ થયેલાં પુસ્તકોની યાદી

★ ૧. ધનંજય કવિ-વિરચિતા
**ધનંજય નામમાલા સાર્થ** (પ્રથમાવૃત્તિ)
દ્વિતીયાવૃત્તિ અનેક વિશેષતાઓ સહિત પ્રગટ થશે.

★ ૨. ધનંજય કવિ-વિરચિતા
**ધનંજય નામમાલા મૂળ** (પ્રથમાવૃત્તિ)

★ ૩. **આપણી પાઠશાળા અને ઉચ્ચાર-વિચાર** (પ્રથમાવૃત્તિ)
દ્વિતીયાવૃત્તિ સુધારાવધારા સહિત પ્રગટ થશે.

૪. **શબ્દો બનાવવાની રીત અને સરળ શબ્દકોષ** (પ્રથમાવૃત્તિ)
જૂજ નકલો સિલકમાં છે.

★ ૫. **વિશ્વદર્શન:** લેખક: સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજા; (દ્વિતીયાવૃત્તિ) સંપાદક: પૂ. મુનિશ્રી હિતવિજયજી

૬. **ચૌદ સ્વપ્નોનું વર્ણન અને પ્રભુ મહાવીર જન્મ વાચન** (પ્રતાકાર) (ગુજરાતી અનુવાદ) (પ્રથમાવૃત્તિ) જૂજ નકલો સિલકમાં છે.

★ આવી નિશાનીવાળાં પુસ્તકો સિલકમાં નથી.



